સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 39 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ આશ્વિન સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૫ ઑક્ટોબર ૨૦૨૫, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩




## ન કોઈ વાંક, ન કોઈ ગુનો છતાં કૅપ્ટનપદેથી...

# રોહિતને ગડગડિયું

### ચાર આઈસીસી ફાઈનલમાં સ્થાન, બે ટ્રોફી અપાવનાર રોહિત પર હવે નિવૃત્ત થવાનું દબાણ: શુભમન હવે વન-ડેમાંય સુકાની

અમદાવાદ: આગામી ૧૯મી ઑક્ટોબરે ઑસ્ટ્રેલિયામાં શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે સિરીઝ માટે સિલેક્ટ થનારી ભારતીય ટીમનું સુકાન માર્ચ મહિનાની ચૅમ્પિયન્સ ટ્રોફીના ચૅમ્પિયન કૅપ્ટન રોહિત શર્માને જ સોંપવામાં આવશે એવું માનવામાં આવતું હતું, પરંતુ શનિવારે અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં સિલેક્શન કમિટીની જે બેઠક યોજાઈ એમાં ચોંકાવનારો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો જેમાં ૩૮ વર્ષના રોહિત શર્મા પાસેથી વન-ડે ટીમનું સુકાન આંચકીને ૨૬ વર્ષના શુભમન ગિલને સોંપવામાં આવ્યું હતું. તેના પર અત્યારે વન-ડેમાંથી પણ ઑસ્ટ્રેલિયા સિરીઝ દરમ્યાન નિવૃત્તિ લઈ લેવાનું દબાણ છે. રોહિત ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે, પરંતુ વન-ડેમાં રમવાનું તેણે ચાલુ રાખ્યું છે તો પણ કેમ તેની પાસેથી કૅપ્ટન્સીની જવાબદારી પાછી લઈ લેવામાં આવી એની ખૂબ ચર્ચા ક્રિકેટ

(જુઓ પાનું ૨) ▸▸




## નક્સલવાદીઓની મંત્રણાનો પ્રસ્તાવ નકાર્યો અમિત શાહે

જગદલપુર (છત્તીસગઢ) : કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે નક્સલવાદી સાતે વાતચીત કરવાની સંભાવનાને નકારી કાઢીને કહ્યું હતું કે નક્સલવાદીઓએ સરકારની આકર્ષક શરણાગતિ અને પુનર્વસવાટ નીતિ'નેસસ્વીકારીને તેમના હથિયારો હેઠાં મૂકવા જોઈએ.

છત્તીસગઢના બસ્તર જિલ્લાના વડા મથક જગદલપુરમાં 'બસ્તર દશેરા લોકોત્સવ' અને સ્વદેશી મેળા'ને સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે નક્સલવાદના દૂષણને જાકારો આફવા ૩૧ માર્ચ, ૨૦૨૬ની તારીખ નક્કી કરવાનાં આવી છે.

શાહે કહ્યું હતું કે અમુક લોકો

(જુઓ પાનું ૨) ▸▸

## એ કફ સિરપમાં મળ્યું ઝેરી તત્વ: બે રાજ્યમાં પ્રતિબંધ

જયપુર/ભોપાલ: મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લામાં કફ સિરપમાં અતિ ઝેરી રસાયણ ડાયઈથીલીન ગ્લાયકોલ (ડીઈજી)ની હાજરીને પ્રયોગશાળાના પરિક્ષણમાં અનુમોદન મળતાં મધ્ય પ્રદેશ સરકારે શનિવારે કોલ્ડરિફ કફ સિરપના વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો હતો. રાજ્યના ડ્રગ કન્ટ્રોલરે કહ્યું હતું કે તમિળનાડુના કાંચીપુરમ જિલ્લામાં શ્રીસન ફાર્માસ્યુટિકલ્સ દ્વારા ઉત્પાદિત સિરપ 'બિનધોરણ અને ખામીવાળું' સાબિત થયું હતું. આનો આધાર તમિળનાડુ ડ્રગ કન્ટ્રોલર ડિરેક્ટરેટે બીજી ઑક્ટોબરે કરેલા ટેસ્ટના રિપોર્ટમાં છે. બાળકોના મરણ પ્રકાશમાં આવતા મધ્ય પ્રદેશ સરકારે તમિળનાડુના સત્તાવાળાઓને દવા બનાવનારી ફાર્મા કંપનીની તપાસ

(જુઓ પાનું ૨) ▸▸

## બુરખામાં મતદાન કરનારી મહિલાની ઓળખની પૂરેપૂરી ચકાસણી કરો

### બિહાર ચૂંટણી પહેલાં ભાજપનો ચૂંટણી પંચને અનુરોધ

પટણા: ભારતીય જનતા પાર્ટીએ શનિવારે ચૂંટણી પંચને બિહારની ચૂંટણી બે તબક્કામાં યોજવાનો અને બુરખાધારી મહિલાની મતદાનમથકમાં વોટર આઈડી ફોટોગ્રાફ વડે ઓળખાણ યોગ્ય રીતે તપાસવાનો અનુરોધ કર્યો હતો. ભાજપે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ની જેમ લાંબી ચૂંટણી ન યોજવાનો અનુરોધ કર્યો હતો. જોકે ભાજપે બુરખા પહેરનારા

(જુઓ પાનું ૨) ▸▸

## આવો, અરબી સમુદ્રમાં બંદર બનાવો: મુનીરની અમેરિકાને ઑફર

લંડન: પાકિસ્તાને અમેરિકા સમક્ષ અરબી સમુદ્રમાં નવું બદર ઊભું કરવા ઑફર આપી છે. અખબારી અહેવાલ મુજબ પાકિસ્તાના લશ્કરના વડા અસીમ મુનીરે આવી ઓફર અમેરિકાના અધિકારીઓને આપી છે. દરખાસ્ત હેઠળ અમેરિકાના રોકાણકારો બલૂચિસ્તાન પ્રાંતના પાસની શહેરમાં એક પોર્ટ ટર્મિનલ બનાવશે અને એને સંચાલિત કરશે, જેથી

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં હૈદરાબાદના વિદ્યાર્થીની ગોળી મારી હત્યા

હૈદરાબાદ: અમેરિકામાં ગોળીબારની ઘટનામાં હૈદરાબાદના એક ભારતીય વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે. જેના મૃતદેહને સ્વદેશ લાવવાની ભૂતપૂર્વ પ્રધાન અને બીઆરએસ ધારાસભ્ય ટી. હરીશ રાવે માગ કરી છે.

આ ઘટના પર ચિંતા વ્યક્ત કરતાં હરીશ રાવે જણાવ્યું કે તેઓ અને પાર્ટીના અન્ય નેતાઓ અહીં શોકગ્રસ્ત પરિવારને મળ્યા હતા. તેમજ સંવેદના વ્યક્ત કરી હતી. રાવે એક્સ પર જણાવ્યું કે પીડિત ચંદ્રશેખર પોલે વધુ અભ્યાસ માટે ડલાસ જતાં પહેલા ભારતમાં બીડીએસનો અભ્યાસ પૂર્ણ કર્યો

(જુઓ પાનું ૨) ▸▸









## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૫-૧૦-૨૦૨૫ થી તા. ૧૧-૧૦-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ તુલા રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ તુલા રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર સિંહ રાશિમાંથી કન્યામાં તા. ૯મીએ પ્રવેશે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર કુંભ રાશિમાં રહે છે. તા. ૬ઠ્ઠીએ મીનમાં, તા. ૮મીએ મેષમાં, તા. ૧૦મીએ વૃષભમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના લે-વેંચના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નવી નોકરીનો પ્રારંભ થાય. તા. ૯, ૧૦, ૧૧ કામકાજ માટે શુભ જણાય છે. પ્રવાસ દ્વારા કારોબારના પ્રગતિના કામ સંપન્ન થશે. વેપાર વધશે. મહિલાઓને પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક કામકાજના નિર્ણયો સફળ થતાં જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ માટેની તકો અનુસરી શકશો. તા. ૫, ૬, ૧૦ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થશે. વેપારના કામકાજમાં પ્રગતિ થશે. નાણાં વ્યવસ્થા વધુ સક્ષમ બનશે. મહિલાઓને નાણાં વ્યવસ્થા જાળવવા માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરીમાં પ્રગતિની અનુભૂતિ થશે. તા. ૬, ૭, ૯ કાર્યક્ષેત્રે શુભ ફળદાયી બની રહેશે. નિજી કારોબારમાં પ્રગતિ થશે. મહિલાઓના પરિવારના સભ્યોમાં વૈચારિક મતભેદનો ઉકેલ આવેલો જણાશે. અધિકારીઓ દ્વારા મહિલાઓને નોકરીમાં સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા અનુભવશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચનો વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૬, ૭, ૯ નોકરી માટે લાભદાયી પુરવાર થશે. સ્વતંત્ર કારોબારમાં પ્રગતિ જણાશે. નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. નાણાં આવકના સાધનો મેળવશો. તા. ૬, ૯, ૧૦ કાર્યક્ષેત્રે સફળતાસૂચક છે. મહિલાઓને પરિવારજનોનો સુખદ અનુભવ થાય. પ્રસંગોની જવાબદારીમાં સ્વજનો ઉપયોગી થશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસમાં શિક્ષકની મદદ ઉપયોગી થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન રોકાણ, દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૫, ૯, ૧૦, ૧૧ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સંપન્ન થશે. જૂની ઉઘરાણીના નાણાંની વસૂલી પણ થાય. મહિલાઓના પડોશના સંબંધોમાં વિવાદો દૂર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સફળતાથી પરીક્ષાની પૂર્વ તૈયારીઓ સંપન્ન થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું કામકાજ એકંદરે ધનલાભ અપાવનારું પુરવાર થશે. નોકરી માટે તા. ૬, ૭, ૧૦, ૧૧ શુભ પુરવાર થશે. વેપારનો વિકાસ થશે. વેપારના મિત્રોમાં જૂનાં મતભેદો હળવા થશે. કુટુંબમાં સંબંધીઓ સાથે આર્થિક વ્યવહાર સરળતાથી સંપન્ન થશે. મહિલાઓના પડોશ સંબંધોમાં વિવાદો દૂર થશે. વિદ્યાર્થીઓના અભ્યાસ નિત્યપણે જળવાઈ રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરીના હસ્તગત કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને પરિવારજનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક કામકાજ સંપન્ન થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરીમાં તા. ૮, ૧૦, ૧૧ શુભ પુરવાર થશે. કુટુંબના સભ્યોમાં નાણાં વ્યવહાર સંપન્ન થશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજમાં પ્રગતિ જણાશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબીજનોનો પ્રસંગોપાત સહયોગ પ્રાપ્ત થતો જણાય. વિદ્યાર્થીઓને પરીક્ષાની પૂર્વતૈયારીઓમાં સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ સફળ થતાં જણાશે. નોકરી માટે તા. ૮, ૧૦, ૧૧ શુભ પુરવાર થશે. નોકરીના મિત્રોમાં સંપ જળવાઈ રહેશે. વેપારની પ્રવૃત્તિઓ વધશે. પ્રવાસ દ્વારા કુટુંબીજનો માટેના જવાબદારીના કામકાજ સંપન્ન થશે. મહિલાઓ આરોગ્ય જાળવણી માટે સફળ પ્રયત્નો આદરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સફળતાનો અનુભવ થાય.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૬, ૭, ૧૧ શુભ જણાય છે. નોકરીમાં યશ મેળવશો. ભાગીદારનો સહયોગ મેળવશો. અધિકારી દ્વારા કારોબારના કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. પ્રવાસમાં મહિલાઓને યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કાર્યપદ્ધતિને કાર્યદક્ષતા તથા અનુભવ પૂર્ણપણે ઉપયોગમાં લઈ શકશો. પ્રવાસ દ્વારા પરિવારના સભ્યોના કામકાજ સંપન્ન થશે. મુસાફરી એકંદરે શુભ પુરવાર થશે. નાણાં આવક વિશેની મૂંઝવણો દૂર થશે. વેપાર વધશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીઓમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસેત્તર પ્રવૃત્તિના કામકાજ સફળ બનતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણની તક મેળવી શકશો. નોકરીમાં સહકાર્યકરો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નોકરીમાં તા. ૬, ૧૦, ૧૧ સફળતાસૂચક છે. વેપારના મિત્રો ઉપયોગી થાય. વેપારમાં નવા નાણાંઆવકના સાધનો નિર્માણ થશે. મહિલાઓને સ્વજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિત થતાં જણાશે. પ્રવાસ દ્વારા શૈક્ષણિક જવાબદારીઓ પૂર્ણ થશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૫-૧૦-૨૦૨૫

ભારતીય દિનાંક ૧૩, માહે આશ્વિન, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન સુદ-૧૩

જૈન વીર સંવત ૨૫૫૧,માહે આશ્વિન, તિથિ સુદ-૧૩

પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ,માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭

મીસરી રોજ ૧૩મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭

નક્ષત્રઃ શતભિષા સવારે ક. ૦૮-૦૦ સુધી, પછી પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૫ સુધી (તા. ૬), પછી ઉત્તરાભાદ્રપદા

ચંદ્ર કુંભમાં મધ્યરાત્રે ક. ૨૪-૪૪ સુધી, પછી મીનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ સવારે ક. ૧૦-૩૦, રાત્રે ક. ૨૨-૫૫

ઓટઃ સાંજે ક. ૧૬-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૩ (તા. ૫)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન શુક્લ - ત્રયોદશી. પંચક. સૂર્ય મહાનક્ષત્ર હસ્તમાં, વાહન મોર.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, સૂર્ય-રાહુ-ગુરુ દેવતાનું પૂજન, વરુણદેવતા, અજૈક્યપાદ દેવતાનું પૂજન, ગાયત્રી જાપ હવન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, અષ્ટવસુદેવતાનું પૂજન, આભૂષણ, વાસ્તુ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ નવા વસ્ત્રો, આભૂષણ, નોકરી, વાહન, વિદ્યારંભ, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, બી વાવવું, વૃક્ષ રોપવા, વરુણદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, વાહન, બગીચો બનાવવો, ધજા, કળશ-પતાકા ચઢાવવી, માલ લેવો, રત્નધારણ.

આચમનઃ ચંદ્ર-રાહુ યુતિ શંકાશીલ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ બેવકૂફ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવના

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ

ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-મિથુન, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૫-૧૦-૨૦૨૫ થી તા. ૧૧-૧૦-૨૦૨૫

રવિવાર, આશ્વિન શુક્લ-૧૩, વિ. સં. ૨૦૮૧, તા. ૫મી ઑક્ટોબર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર શતભિષા સવારે ક. ૦૮-૦૦ સુધી, પછી પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૫ સુધી (તા. ૬), પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં મધ્યરાત્રે ક. ૨૪-૪૪ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. પંચક. સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

સોમવાર, આશ્વિન શુક્લ-૧૪, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૧ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, શરદપૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા, અગ્રહાયન નવાન્ન પૂર્ણિમા, કુલધર્મ, અન્વાધાન, કુમાર પૂર્ણિમા (ઓરિસ્સા), લક્ષ્મી વ. ઈન્દ્ર પૂજન (ઓરિસ્સા), પંચક, ભદ્રા બપોરે ક. ૧૨-૨૫થી ૨૨-૫૪. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, આશ્વિન શુક્લ-૧૫, તા. ૭મી, નક્ષત્ર રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૭ સુધી (તા. ૮) પછી અશ્વિની. ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૭ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ વાલ્મિકી જયંતી, જયેષ્ઠાપત્યનિરાજન, કાર્તિક સ્નાનારંભ, ડાકોરનો મેળો, પ્રતિપદા ક્ષય તિથિ છે. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૬-૪૯. પંચક સમાપ્તિ ક. ૨૫-૨૭, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિયોગ (પ્રવેશે વર્જ્ય), ૨૫-૨૭થી સૂર્યોદય. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, આશ્વિન કૃષ્ણ-૨, તા. ૮મી, નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૨-૪૪ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

ગુરુવાર, આશ્વિન કૃષ્ણ-૩, તા. ૯મી, નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૦-૦૨ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૨ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. શુક્ર કન્યામાં સવારે ક. ૧૦-૪૯, ભદ્રા સવારે ક. ૧૨-૩૭થી ૨૨-૫૪. સામાન્ય દિવસ

શુક્રવાર, આશ્વિન કૃષ્ણ-૪, તા. ૧૦મી, નક્ષત્ર કૃત્તિકા સાંજે ક. ૧૭-૩૦ સુધી પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૦-૫૩, કરક ચતુર્થી, કરવા ચોથ, દાશરથી ચતુર્થી, સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં રાત્રે ક. ૨૦-૧૩, વાહન હાથી (સંયોગિયું નથી). શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, આશ્વિન કૃષ્ણ-૫, તા. ૧૧મી, નક્ષત્ર રોહિણી બપોરે ક. ૧૫-૧૯ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક.૨૬-૨૩ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ (પ્રયાણે વર્જ્ય) સૂર્યોદયથી ક. ૧૫-૨૯. શુભ કાર્ય વર્જ્ય છે.

# કર્પૂરી ઠાકુરના 'જનનાયક' ખિતાબને 'ચોરવા' પ્રયાસ થઇ રહ્યો છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની આકરી ટીકા કરવાની સાથે તેમના પર આક્ષેપ કર્યો હતો કે અમુક લોકો (રાહુલ ગાંધી) કર્પૂરી ઠાકુરના 'જનનાયક' ખિતાબને 'ચોરવા' પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે બિહારમાં અગાઉ રાષ્ટ્રીય જનતા દળના શાસનકાળમાં શિક્ષણની પરિસ્થિતિ ઘણી નબળી હતી અને તેથી રાજ્યમાંથી લોકો મોટી સંખ્યામાં હિજરત કરી ગયા હતા. હાલમાં રાજ્યમાં નીતીશ કુમારના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર શિક્ષણને લગતી પરિસ્થિતિ સુધારવા અને વિકાસને માર્ગે ઝડપથી આગળ વધારવા માટે પ્રયાસ કરી રહી છે.

કૉંગ્રેસના અમુક કાર્યકરો રાહુલ ગાંધીને 'જનનાયક' તરીકે સંબોધે છે. 'જનનાયક'નો ખિતાબ મૂળ અન્ય પછાત જાતિ (ઓબીસી)ના નેતા અને બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કર્પૂરી ઠાકુરને અપાયો હતો.

મોદીએ યુવાનોના શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટેના અનેક પ્રૉજેક્ટ્સનું શનિવારે ઉદ્ઘાટન કર્યું હતું અને જણાવ્યું હતું કે બિહારની જનતાએ 'જનનાયક'નો ખિતાબ 'ચોરનારા' લોકોથી સાવચેત રહેવું જોઇએ.

વડા પ્રધાને જણાવ્યું હતું કે કર્પૂરી ઠાકુરને 'જનનાયક'નો ખિતાબ કોઇ સોશ્યલ મીડિયા પર નથી અપાયો, પરંતુ જનતાના પ્રેમને લીધે મળ્યો છે.

મોદી સરકારે ગયા વર્ષે સ્વ. કર્પૂરી ઠાકુરને 'ભારતરત્ન' ખિતાબ આપ્યો હતો. (એજન્સી)

# હવાઈ સીમાડા વધુ સલામત બનશેઃ એકે-૬૩૦ ઍર ડિફેન્સ તોપ ખરીદાશે

નવી દિલ્હીઃ ભારતીય લશ્કરે 'મિશન સુદર્શન ચક્ર' હેઠળ સરકારી માલિકીની 'એડવાન્સ્ડ વેપન ઍન્ડ ઇક્વિપમેન્ટ ઇન્ડિયા લિમિટેડ' પાસેથી છ 'એકે-૬૩૦ ઍર ડિફેન્સ ગન્સ (તોપ)' ખરીદવા માટેના ટૅન્ડર બહાર પાડ્યા હતા.

અગાઉ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા માટે 'મિશન સુદર્શન ચક્ર' હાથ ધરવાની જાહેરાત સ્વાતંત્ર્ય દિનના પ્રવચન વખતે કરી હતી.

સંરક્ષણ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય લશ્કરે 'એડવાન્સ્ડ વેપન ઍન્ડ ઇક્વિપમેન્ટ ઇન્ડિયા લિમિટેડ' પાસેથી છ 'એકે-૬૩૦ ઍર ડિફેન્સ ગન્સ' પ્રાપ્ત કરવા માટેની 'રિક્વેસ્ટ ફૉર પ્રપોઝલ' મોકલી હતી. આ તોપ ઝડપથી હરફર કરી શકે એવી ૩૦ મિલિમીટરના અનેક બૅરલ (નાળચા) સાથેની હોય છે અને તે ઘણી ઝડપથી તોપગોળા છોડી શકે છે.તેમણે જણાવ્યું હતું કે 'એકે-૬૩૦ ઍર ડિફેન્સ ગન્સ (તોપ)'ની મદદથી દુશ્મનોના ડ્રોન, રોકેટ, મિસાઇલનો આકાશમાં જ નાશ કરી શકાશે. આ તોપનો ઉપયોગ વધુ વસતિ ધરાવતા વિસ્તારો અને આંતરરાષ્ટ્રીય સરહદના રક્ષણ માટે કરાશે.

'એકે-૬૩૦ ઍર ડિફેન્સ ગન્સ (તોપ)' એક ટ્રૅલર પર બેસાડેલી હોય છે અને ઝડપથી હરફર કરી શકતા વાહનોની મદદથી તેને એક સ્થળેથી બીજા સ્થળે લઇ જઇ શકાય છે. આ તોપની મદદથી ચાર કિલોમીટર દૂર આકાશમાંની ચીજો (દુશ્મનોના ડ્રોન, મિસાઇલ વગેરે)ને તોડી પાડી શકાય છે અને તે એક મિનિટમાં ૩,૦૦૦ રાઉન્ડ છોડી શકે છે. (એજન્સી)

# રશિયાના યુક્રેન પર ભીષણ હુમલાઓમાં ટ્રેન, સ્ટેશન, પાવર ગ્રીડ ટાર્ગેટઃ 30 મોત

કીવઃ રશિયાએ તાજેતરના હુમલામાં યુક્રેનના પાવર ગ્રીડને નિશાન બનાવ્યું હતું. રશિયન ડ્રોન અને મિસાઇલોએ શનિવારે રાતભર પાવડ ગ્રીડ પર હુમલા કર્યા હતા. જેને સાડા ત્રણ વર્ષ કરતાં પણ વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેનિયન કુદરતી ગેસ પ્લાન્ટ પરનો સૌથી મોટો હુમલો ગણાવાઇ રહ્યો છે. આ જાણકારી યુક્રેનની એક ઊર્જા કંપનીએ આપી હતી. આ ઉપરાંત ઉત્તર યુક્રેનન સુધીમાં રશિયાએ હવાઇ હુમલો કરી પેસેન્જર ટ્રેન અને રેલવે સ્ટેશનને લક્ષ્ય બનાવ્યાં હતાં. આ હુમલામાં ૩૦ લોકોનાં મોત થયા હતા.

પ્રાદેશિક ઓપરેટર ચેર્નિહિવોબ્લેનેર્ગોના જણાવ્યા અનુસાર આ હુમલામાં રશિયન સરહદ નજીક આવેલા ઉત્તરીય શહેર ચેર્નિહિવ નજીકના પાવર પ્લાન્ટ્સને ભારે નુકસાન થયું છે. આ હુમલાને કારણે લગભગ ૫૦,૦૦૦ ઘરોમાં અંધારપટ છવાઇ ગયો હતો. ચેર્નિહિવ લશ્કરી વહીવટના વડા દિમિત્રો બ્રાયઝિન્સ્કીએ પુષ્ટિ કરી હતી કે શહેરમાં રાત્રે થયેલા રશિયન હુમલાને કરણે અનેક જગ્યાએ આગ લાગી હતી.

# પીઓકેમાં આખરે સરકાર અને વિરોધીઓ વચ્ચે સમાધાન

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં દિવસો સુધીની હિંસક અશાંતિ પછી, સરકાર અને વિરોધીઓએ શનિવારે ચાલી રહેલા પ્રદર્શનોને સમાપ્ત કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં.૨૯ સપ્ટેમ્બરના રોજ શરૂ થયેલી હડતાળને કારણે હિંસાએ પ્રદેશની શાંતિને ખોરવી નાખી હતી, જે પ્રદર્શનકારીઓની પ્રતિનિધિ સંસ્થા, જમ્મુ કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી (જેકેજેએએસી)ના અધિકારીઓ અને નેતાઓ વચ્ચેની વાટાઘાટો ભાંગી પડી હતી.

વિરોધીઓએ ૩૮ મુદ્દાનું ચાર્ટર જારી કર્યું હતું, જેમાં અધિકારીઓને વિનંતી કરવામાં આવી હતી કે તેઓ તેને સ્વીકારે નહીં તો તેઓ રસ્તા પર ઊતરશે. તેમણે આખરે એ જ કર્યું, જેના કારણે પોલીસ સાથે હિંસક અથડામણ થઈ જેમાં ત્રણ પોલીસ કર્મચારી સહિત ઓછામાં ઓછા ૧૦ જણ માર્યા ગયા હતા. વિરોધ પ્રદર્શનોમાં સેંકડો પોલીસકર્મીઓ અને નાગરિકો ઘાયલ થયા હતા.

# જાપાનનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન બનશે સાનાઈ તાકાઈચી

ટોક્યોઃ જાપાનના શાસક પક્ષે શનિવારે આર્થિક સુરક્ષા વિભાગનાં ભૂતપૂર્વ પ્રધાન સાનાઇ તાકાઇચીને પોતાના નવા નેતા તરીકે ચૂંટી કાઢ્યા હોવાથી તેઓ જાપાનનાં સૌપ્રથમ મહિલા વડાં પ્રધાન બનશે.

સ્ત્રી-પુરુષ સમાનતામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ખરાબ (ઘણો પાછળ) ક્રમ ધરાવતા જાપાનનાં વડાં પ્રધાન બનીને ૬૪ વર્ષીય સાનાઇ તાકાઇચી ઇતિહાસ રચશે. તેઓ જાપાનમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનારી રૂઢિચુસ્ત લિબરલ ડેમોક્રેટિક પાર્ટીનાં પ્રથમ નેતા બન્યા છે.

સાનાઇ તાકાઇચી ચીનના કટ્ટર વિરોધી ગણાય છે. પુરુષોનું વર્ચસ્વ ધરાવતા જાપાનના શાસક પક્ષમાંના બહુ ઓછા મહિલા નેતાઓમાં તેમનો સમાવેશ થાય છે. તેઓ બ્રિટનનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન માર્ગરિટ થેચરનાં પ્રશંસક છે અને જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો અબેના અનુયાયી મનાય છે.શાસક પક્ષના નેતા માટેની ચૂંટણીમાં તાકાઇચીએ ભૂતપૂર્વ વડા પ્રધાન જુનિચિરો કોઇઝુમીના દીકરા અને કૃષિ પ્રધાન શિન્જિરો કોઇઝુમીને હરાવ્યા હતા.તાકાઇચી વડા પ્રધાન શિગેરુ ઇશીબાના અનુગામી બનશે. જાપાનના શાસક પક્ષની સંસદના નીચલા ગૃહમાં બહુમતી છે. સંસદ ઑક્ટોબરના મધ્યમાં નવા વડા પ્રધાન માટે મતદાન કરશે.

દરમિયાન, તાકાઇચીએ જાપાન અને અમેરિકાના દ્વિપક્ષી સંબંધ વધુ મજબૂત બનાવવાની અને દક્ષિણ કોરિયા, ઑસ્ટ્રેલિયા તેમ જ ફિલિપાઇન્સની સાથેના સંબંધ વધારવા પગલાં લેવાની જાહેરાત કરી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### રોહિતને

જગતમાં થઈ રહી છે. આ નિર્ણયથી ઘણાંને આશ્ચર્ય થયું છે કારણ કે રોહિતની આગેવાની હેઠળ છેલ્લાં થોડા સમયમાં ટીમ ઈન્ડિયા આઈસીસીની ચાર સ્પર્ધાની ફાઈનલમાં પહોંચી હતી અને બે આઈસીસી ટ્રોફી જીતી હતી.

રોહિત શર્મા અને વિરાટ કોહલીને ૧૫ ખેલાડીઓની વન-ડે સ્ક્વૉડમાં સામેલ તો કરવામાં આવ્યા છે, પરંતુ શું ઑસ્ટ્રેલિયાની ટૂર તેમની શાનદાર કરીઅરમાં ફેરવેલ-સિરીઝ બની રહેશે એવી પણ વાતો થઈ રહી છે. વિરાટ હંમેશની માફક એવર-ફિટ ખેલાડી છે અને ફિટનેસની બાબતમાં તેના વિશે કંઈ જ નકારાત્મક સંકેતો નથી મળ્યા, પણ રોહિત, જેણે તાજેતરમાં વજન થોડું ઘટાડ્યું છે અને બેંગ્લૂરુમાં બીસીસીઆઇની ઍકેડેમીમાં પ્રૅક્ટિસ કરવા ઉપરાંત ફિટનેસ-ટેસ્ટ પણ આપી છે, તેના વન-ડેના ભાવિ વિશે કંઈ ચોક્કસ ન કહી શકાય. કારણ એ છે કે વન-ડેના આ વિશ્વવિક્રમી અને બૅટિંગ-લેજન્ડનું ફૉર્મ કદાચ સિલેક્ટરોને સતાવી રહ્યું હશે એટલે જ તેમણે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને અત્યારથી યુવાન ખેલાડીને (ગિલને) ટેસ્ટ ટીમ પછી વન-ડે ટીમનું પણ નેતૃત્વ સોંપી દેવાનું નક્કી કર્યું હશે.

ચીફ સિલેક્ટર અજિત આગરકર અને હેડ-કોચ ગૌતમ ગંભીરે એક પછી એક સિરીઝને સફળ બનાવવામાં પોતપોતાની રીતે યોગદાન આપવાનું હોય છે અને એવું મનાય છે કે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ પહેલાં તૈયાર કરવામાં આવી રહેલી ટીમમાં રોહિત અને વિરાટને સામેલ કરવા સંબંધમાં તેઓ ચોક્કસ નથી જણાઈ રહ્યા. બીજી એક ચર્ચા એવી પણ છે કે આગરકર-ગંભીર કદાચ એવું માને છે કે રોહિત અને વિરાટ (ટેસ્ટ તથા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લીધા બાદ હવે) વર્ષ દરમ્યાન ફક્ત એક ફૉર્મેટ (વન-ડે)માં તથા આઇપીએલ રમતા હોવાથી વન-ડે ટીમમાં પણ સ્થાન જમાવી શકે એમ નથી. ખાસ કરીને રોહિત ફિટનેસ જાળવી શકશે કે કેમ એ વિશે બન્નેને સંદેહ છે.

શુભમન ગિલ યુવાન છે અને તેને નેતૃત્વ સોંપીને બે વર્ષ પછીના વર્લ્ડ કપ માટેની ટીમ તૈયાર કરવા પર લક્ષ આપવામાં આવે તો આસાની રહે એવું પણ ચીફ સિલેક્ટર અને હેડ-કોચ માનતા હશે. જે કંઈ હોય, ભારતની છેલ્લે રમાયેલી વન-ડે ટૂર્નામેન્ટનો વિજેતા સુકાની (રોહિત) હવે પછીની શ્રેણીમાં કૅપ્ટન તરીકે નહીં, પરંતુ માત્ર એક ખેલાડી તરીકે મેદાન પર જોવા મળશે એનાથી તેના અસંખ્ય ચાહકો નિરાશ તો થશે જ. બે વર્ષ પહેલાં આઇપીએલમાં પણ આવું જ બન્યું હતું. મુંબઈ ઇન્ડિયન્સની કૅપ્ટન્સી રોહિત પાસેથી લઈને હાર્દિક પંડ્યાને સોંપવામાં આવી હતી ત્યારે રોહિતના અનેક ચાહકોનાં દિલ તૂટી ગયાં હતાં.

રોહિત શર્માએ પોતાની વન-ડે કૅપ્ટન્સી ગઈ! એ મુદ્દે કેવી પ્રતિક્રિયા આપી? એવું અમદાવાદમાં શનિવારે એક પત્રકારે પૂછતાં આગરકરે એટલું જ કહ્યું હતું કે ' એ મારી અને રોહિત વચ્ચેની વાત છે. અમે સિલેક્ટરો અને રોહિત વચ્ચેનો એ મુદ્દો છે. હા, અમે તેની પાસેથી વન-ડેનું સુકાન પાછું લઈ રહ્યા છીએ એ અમે તેને જાહેરાત કરતાં પહેલાં જણાવી દીધું હતું. બીજું, હવે વન-ડે બહુ ઓછી રમાય છે એટલે સ્કવૉડ નક્કી કરવા માટે ત્રણ ફૉર્મેટમાં ત્રણ અલગ કૅપ્ટનના પર્ફોર્મન્સ વિશે અવલોકન કરવું મુશ્કેલ કામ થઈ જાય.'

ઉલ્લેખનીય છે કે શનિવાર પહેલાં ટેસ્ટમાં ગિલ, વન-ડેમાં રોહિત કૅપ્ટનપદે હતો અને સૂર્યકુમાર ટી-૨૦ ટીમનું સુકાન સંભાળી રહ્યો છે. હવે ગિલ ટેસ્ટ તથા વન-ડેનો કૅપ્ટન છે અને સૂર્યા ટી-૨૦નો સુકાની છે. રોહિત હવે આંતરરાષ્ટ્રીય મૅચમાં કૅપ્ટનપદે નહીં જોવા મળે એ યુગ શરૂ થઈ જતાં જાણીતી હસ્તીઓની પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. ભૂતપૂર્વ ઑફ-સ્પિનર હરભજન સિંહે કહ્યું છે કે ' શુભમન ગિલને અભિનંદન. ટેસ્ટમાં તે ટીમ ઇન્ડિયાનું સુકાન બહુ સારી રીતે સંભાળી રહ્યો છે અને હવે તેને વન-ડેની કૅપ્ટન્સી પણ સોંપાઈ છે. જોકે સાચું કહું તો મને આ નિર્ણયથી આંચકો લાગ્યો છે. હું તો એટલું જ કહીશ કે રોહિતને તમે ટીમમાં સિલેક્ટ કરો તો કૅપ્ટન તરીકે જ કરો. સૌથી મોટું કારણ એ છે કે તેણે તેમને હજી થોડા મહિના પહેલાં જ ચૅમ્પિયન્સ ટ્રોફી અપાવી છે. વાઇટ-બૉલ ક્રિકેટમાં તે હંમેશાં ભારતીય ટીમ માટે આધારસ્તંભ બન્યો છે. કમસે કમ, ઑસ્ટ્રેલિયાની ટૂરમાં તેને સુકાન સોંપાવું જોઈતું હતું. ભાઈ, ૨૦૨૭નો વર્લ્ડ કપ હજી ઘણો દૂર છે.'

### એ કફ સિરપમાં

કરવાની વિનંતી કરી હતી. બાળકોના મરણ જે સિરપ પીવાથી થયા હતા એ બેચના નમૂના તપાસવામાં આવ્યા હતા. મધ્ય પ્રદેશ સરકરને શુક્રવારે સવારે અહેવાલ મળ્યો હતો. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે કોલ્ડરિફ કફ સિરપના નમૂનામાં ૪૮.૬ ટકા ડાયઈથીલીન ગ્લાયકોલ છે જેનાથી કિડની અને લીવર ખરાબ થઈ જાય છે.

દરમિયાન રાજસ્થાન સરકારે સ્ટેટ ડ્રગ કન્ટ્રોલરને સસ્પેન્ડ કર્યા છે અને જયપુરસ્થિત કાયસન્સ ફાર્મા દ્વારા જેનું ઉત્પાદન થાય છે એ દવાઓનું વિતરણ અટકાવી દીધું છે. તબીબી અને આરોગ્ય ખાતાએ નવા હુકમ ન અપાય ત્યાં સુધી કાયસન્સ ફાર્માની ૧૯ દવાનો પુરવઠો અટકાવી દીધો છે. મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માએ આ બાબતની તપાસ અને અસરકારક પગલાં લેવાનો આદેશ આપ્યો છે. આ હુકમને પગલે નિષ્ણાતોની સમિતિની તપાસ કરવા રચના કરવામાં આવી છે. આરોગ્ય પ્રધાન ગજેન્દ્ર સિંહે પણ લોકોના હિતનું રક્ષણ કરવા તપાસનો આદેશ આપ્યો છે. દરમિયાન કેરળના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે કહ્યું હતું કે રાજ્યના ડ્રગ્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટે રાજ્યમાં કોલ્ડરિફ કફ સીરપનું વેચાણ સ્થગિત કર્યું છે. સીરપના એક બેચની સમસ્યાના બીજા રાજ્યોથી આવેલા અહેવાલોને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. (એજન્સી)

### નકલસવાદીઓની

નકસલવાદી સાથે મંત્રણા કરવાનો અનુરોધ કરી રહ્યા છે. મંત્રણા કરવા જેવું છે કશું? મને સ્પષ્ટ કરવા દો કે છત્તીસગઢ અનેકેન્દ્ર સરકાર બસ્તર અને બધા નક્સલગ્રસ્ત વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આકર્ષક શરણાગતિ અને પુનર્વસવાટ નીતિ ઘડવામાં આવી છે. આગળ આવો અને તમારા હથિયારો હેઠાં મૂકો.ગૃહપ્રધાને વધુમાં કહ્યું હતું કે મેં સુપ્રસિદ્ધ દંતેશ્વરી મંદિરની મુલાકાત લઈને પ્રાર્થના કરી છે કે આવતા વર્ષના ૩૧ મે સુધી આખા બસ્તર વિસ્તારને 'લાલ આતંકવાદ'થી મુક્ત કરવાની સુરક્ષા દળોને તાકાત આપે. સુરક્ષા દળોએ બસ્તરની શાંતિને હથિયારો વડે ખલેલ પહોંચાડનારને સુરક્ષા દળો જડબાતોડ જવાબ આપશે. અમિત શાહે ઉમેર્યું હતું કે દિલ્હીમાંના અમુક લોકો એવી ગેરમાહિતી ફેલાવી છે કે નક્સલવાદનો જન્મ વિકાસ કરવા માટે થાય છે. જોકે હું મારા આદિવાસી ભાઈઓને એ કહેવા આવ્યો છું કે આખું બસ્તર વિકાસથી વંચિત રહી ગયું છે. આનું મૂળ કારણ નક્સલવાદ છે. (એજન્સી)

### બુરખામાં મતદાન

મહિલા મતદાતાનો મુદ્દો ઉઠાવતા તેના પર 'રાજકીય કાવતરા'નો આક્ષેપ કરવામાં આવ્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથેની મુલાકાત બાદ બિહારના ભાજપના વડા દિલિપ જૈસવાલે કહ્યું હતું કે અમે ચૂંટણી પંચને ચૂંટણી એક કે બે તબક્કામાં યોજવાની અને પ્રક્રિયા લાંબી ન રાખવાની વિનંતી કરી છે. અમે ખાસ કરીને બુરખા પહેરનારી મહિલાનો ચહેરો સંબંધિત એપિક કાર્ડ સાથે સરખાવાની માગણી કરી છે, જેથી સાચા મતદાતાઓ જ મતાધિકારનો ઉપયોગ કરે. કમિશનર રાજ્યની બે દિવસના પ્રવાસે છે અને ચૂંટણીની તારીખ જાહેર કરતા પહેલાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિને મળી રહ્યા છે. (એજન્સી)

### આવો, અરબી સમુદ્રમાં

પાકિસ્તાનના ક્રિટિકલ મિનરલ્સ (મહત્ત્વના ખનીજો) સુધી પહોંચવાનું આસાન બની જશે. અહેવાલ અનુસાર આ યોજના મુનીરને તેના સલાહકારોએ સપ્ટેમ્બરના અંતમાંની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ મુલાકાત પહેલાં બતાડી હતી. ટ્રમ્પ સાથેની મુનીરની મુલાકાત વખતે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ હાજર હતા. આ પ્રસ્તાવમાં બંદરનો ઉપયોગ લશ્કરી ગતિવિધિ માટે બંદરનો ઉપયોગ નહીં કરવાની શરત છે.

### અમેરિકામાં

હતો.તેમણે જણાવ્યું કે એલબી નગરનો દલિત વિદ્યાર્થી ચંદ્રશેખર પોલ બીડીએસનો અભ્યાસ પૂર્ણ કરીને ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા(ડલાસ) ગયો હતો. આ દુઃખદ ઘટના છે. વિદ્યાર્થી ચંદ્રશેખર પોલનું વહેલી સવારે બદમાશો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં મોત નીપજ્યું હતું.બીઆરએસ પ્રમુખ કે. ચંદ્રશેખર રાવના ભત્રીજા હરીશ રાવે તેલંગાણા સરકારને મૃતક વિદ્યાર્થીના મૃતદેહને સ્વદેશ પરત લાવવા માટે પગલાં લેવા વિનંતી કરી હતી.

# વસઈમાં મિત્રની હત્યા કરનારો આરોપી દ્વારકા નજીકથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માલિકે આપેલા ભોજનના રૂપિયા પરથી થયેલા વિવાદમાં વજનદાર વસ્તુના ઉપરાછાપરી ઘા કરી મિત્રની હત્યા કરનારા આરોપીને ગુજરાતના દ્વારકા નજીકથી પકડી પાડવામાં આવ્યો હતો. ઓખા બંદરે લાંગરેલાં ૨૦૦થી વધુ જહાજમાં તપાસ કર્યા પછી આરોપી એક જહાજમાંથી મળી આવ્યો હતો.

નાયગાંવ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સુનીલ ખરપત પ્રજાપતિ (૩૫) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના શહાદતપુરીનો વતની પ્રજાપતિ હાલમાં વસઈના કામણ વિસ્તારમાં ડોંગરીપાડા ખાતે રહેતો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ૭ સપ્ટેમ્બરે બનેલી ઘટનામાં દિલીપ સરોજની હત્યા કરવામાં આવી હતી. દિલીપ અને પ્રજાપતિ ફરિયાદી પ્રકાશ ચામરિયાની કંપનીમાં કામ કરતા હતા. ચામરિયાએ બન્નેના જમવાના ખર્ચ પેટેની રકમ આરોપી પ્રજાપતિના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરી હતી.

પોતાના હિસ્સાની રકમ પ્રજાપતિએ ન આપતાં દિલીપે તેની સાથે ઝઘડો કર્યો હતો. વિવાદ વકરતાં આરોપીએ ભારે વસ્તુથી દિલીપ પર હુમલો કર્યો હતો. માથા, ગરદન, બન્ને આંખ અને હાથ પર ગંભીર ઇજા સાથે દિલીપને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. જોકે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ઘટના બાદ ફરાર પ્રજાપતિની પોલીસે શોધ હાથ ધરી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પ્રજાપતિ દ્વારકાના ઓખા બંદરે હોવાની માહિતી પોલીસે મેળવી હતી. પ્રજાપતિ એક જહાજમાં સંતાઈને રહેતો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. ઓખા પહોંચેલી પોલીસની ટીમે બંદરે લાંગરેલાં ૨૦૦થી વધુ જહાજમાં તપાસ કરી આરોપીને તાબામાં લીધો હતો. ■

# નીચલી અદાલતના બે ન્યાયાધીશને હાઇ કોર્ટે કર્યા બરતરફ

મુંબઈ: ગેરવર્તણૂક અને અયોગ્ય વર્તન કરવા બદલ ભ્રષ્ટાચારના આરોપમાં નીચલી અદાલતના બે ન્યાયાધીશોને બોમ્બે હાઈ કોર્ટે બરતરફ કર્યા છે. ન્યાયતંત્રના અધિકારીઓની આ પ્રકારની વર્તણુક આઘાતજનક છે. એડિશનલ સેશન્સ જજ ધનંજય નિકમ અને સિવિલ જજ ઇરફાન શેખને બરતરફ કરવાનો નિર્ણય શિસ્ત સમિતિની તપાસ બાદ લેવામાં આવ્યો હતો. નિકમ પર લાંચનો આરોપ મૂકવામાં આવ્યો છે, જ્યારે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ હેઠળના કેસોની અધ્યક્ષતા કરનાર શેખ પર કથિત રીતે ભ્રષ્ટાચાર અને તપાસ દરમિયાન જપ્ત કરવામાં આવેલા માદક પદાર્થોનો દુરુપયોગ કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. શેખ વિરુદ્ધ હાઈ કોર્ટમાં દાખલ કરેલી અરજી હજી પેન્ડિંગ છે. હાઈકોર્ટે શુક્રવારે તેમને બરતરફ કરવાનો આદેશ આપ્યો હતો.

એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ છેતરપિંડીના કેસમાં જામીન આપવા માટે કથિત રીતે પાંચ લાખ રૂપિયાની લાંચની માંગણી કરવા બદલ સાતારા જિલ્લા અને સેશન્સ જજ નિકમ સામે કેસ નોંધ્યો હતો.

જાન્યુઆરીમાં તેમણે આગોતરા જામીન માટે હાઈ કોર્ટમાં અરજી કરી પોતે નિર્દોષ હોવાનો અને કેસમાં ફસાવવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. (પીટીઆઈ)■

# જાદુઈ એહસાસ...

## Vasstu World Manjushree

Vastushastra Consultancy & Solutions



Dr. Manjushree (Ph.D.)

ગત આર્ટિકલમાં મેં તમને `**જાદુઈ એહસાસ**' ની અનુભૂતિ વિશે કહ્યું હતું અને ધીમે ધીમે લોકોને પણ તેનો અનુભવ થઈ રહ્યો છે. આ જ રીતે ઘણા બધા લોકોને તે અનુભૂતિનો એહસાસ જોઈએ પણ છે.

આવી જ એક મહિલાએ મારો સંપર્ક કર્યો. તેને તેના ઘર માટે વાસ્તુ વિઝિટ જોઈતી હતી. આ મહિલા મુંબઈમાં જ એક ફ્લેટમાં તેના કુટુંબ સાથે રહેતી હતી. તેને બે બાળકો હતા, પતિનું એક્સિડેન્ટમાં મૃત્યુ થયું હતું. આ મહિલા એક શાળામાં શિક્ષિકા હતી. મોટા પુત્રએ બી.કોમ કરીને એમ.બી.એ. કર્યું હતું અને એક પ્રાઈવેટ કંપનીમાં તે જોબ કરતો હતો. આ મહિલાની સમસ્યા એવી હતી કે આ મોટો પુત્ર બહુ ગરમ મિજાજી, ચીડચીડિયો અને ગુસ્સાવાળો હતો. તેનો ગુસ્સો નિયંત્રણ બહાર જાય તો તેને કાબૂમાં લેવાનું મુશ્કેલ બનતું હતું.

નાનો પુત્ર 10માની બોર્ડની પરીક્ષા પાસ કરી ચૂક્યો હતો અને આગળ ભણવા માટે તેને કોઈ પણ પરિસ્થિતિમાં અમેરિકા જવું હતું. માતાની આર્થિક પરિસ્થિતિ એવી નહોતી કે પુત્રને ભણાવવા માટે અમેરિકામાં મોકલી શકે. માતાને કહેતો કે ઘર વેચી નાખ પણ હું ભારતમાં નહીં રહીશ. વાસ્તુશાસ્ત્રના દ્રષ્ટિકોણથી જોયું તો ઘરનું મુખ્ય પ્રવેશદ્વાર દક્ષિણ દિશામાં હતું. બંને પુત્રોના બેડરૂમ વાયવ્ય દિશામાં, એટલે કે, NWમાં હતા. કિચન અગ્નેય દિશામાં (SE) યોગ્ય હતું, પરંતુ ઘરનું મંદિર કિચનમાં જ અગ્નેય દિશામાં હતું અને મહિલાનો બેડરૂમ ઈશાન એટલે કે, NEમાં હતો.

ઘરનું એકંદર વાતાવરણ જોઈને માતાને વાયવ્ય દિશામાં, મોટા પુત્રને લિવિંગ રૂમના નૈઋત્ય, એટલે કે, SW દિશામાં અને નાના પુત્રને ઈશાન દિશામાં અને બેડરૂમમાં ઉત્તર- પૂર્વ દિશામાં મંદિર શિફ્ટ કરવા માટે કહ્યું.

ઘરમાં અન્ય કોઈ તોડફોડ વિના ફેરફાર કરવા કહ્યું અને તેમના પુત્રો વિશે પણ ચર્ચા કરી, પરંતુ તેમના પુત્રોને આ બાબત માનવામાં આવતી નહોતી. આથી તે બધા ઓફિસમાં મને મળવા માટે આવ્યા. મોટા પુત્રએ કહ્યું કે 'હું ઓફિસમાં બહુ કામ કરું છે, પરંતુ મને તેનું એપ્રિસિયેશન મળતું નથી. ઉપરાંત મને અન્યોનાં કામો પણ કરવાં પડે છે. જ્યારે હું ટોપ મેનેજમેન્ટ પાસે અમુક ડિમાંડ લઈને જાઉં છું ત્યારે તે માન્ય જ કરતા નથી, મારા કામ પર ક્યારેય ખુશ થતા નથી. ઊલટું વધુ એડિશનલ કામો આપે છે. રાત્રે બહુ મોડે સુધી રોકી રાખે છે.'

મેં તેને પૂછ્યું કે 'તમે ઘરે શું કામ કરો છો?' તેની પર તેણે ઉત્તર આપ્યો કે, 'નહીં, ઘરે બધાં કામ મા જ કરે છે.' મા પણ જોબ કરતી હતી, ઘરમાં રસોઈ, સાફસફાઈ, શોપિંગ બધાં જ કામો મા કરતી હતી. માની ઉંમર પણ વધતી હતી, પરંતુ મદદ તો દૂર એકાદ બાબત મળતી નહીં હોય તો તે માટે મા પર જ ગુસ્સો ઉતારતો.

મેં નાના પુત્ર અને માને બહાર જઈને બેસવા માટે કહ્યું. મોટા પુત્રને કહ્યું, 'મા એકલી છે, પિતા ગયા પછી બધી જવાબદારીઓ તેણે જ સંભાળી લીધી છે. આમ છતાં તમે તેની પર ગુસ્સો થયા કરો છો, તેને કોઈ પણ મદદ નહીં કરતાં તેની પર જ ગુસ્સો કરો છો, જેથી ટોપ મેનેજર્સ તમારી પર ક્રોધિત થાય છે, તમને પસંદ કરતા નથી અને એપ્રિસિયેટ પણ કરતા નથી. તમે ઘરનાં બધાં કામો મા પાસેથી કરાવી લો છો તેથી ઓફિસમાં અન્યોનાં કામો તમને કરવા પડે છે.'

આ પછી તેણે કહ્યું, 'આવું થોડું જ હોય છે, મેડમ' મેં કહ્યું, 'આવું જ હોય છે.' તેમને કહ્યું કે ચાલો થોડા દિવસ આપણે એક પ્રયોગ કરીને જોઈએ. ઘરમાં તમારાં કામો તમારે જ કરવાના અને માને તેના કામોમાં મદદ કરવાની અને તે પણ ગુસ્સો થયા વિના.

આ પછી નાના પુત્ર અને માને કેબિનમાં બોલાવ્યાં. તેને પછ્યું કે 'તને અમેરિકામાં જવું છે? તેની પર તેણે કહ્યું કે 'ત્યાં એજ્યુકેશન સારું છે અને સુરક્ષા પણ છે.' તેની પર મેં કહ્યું કે 'સુરક્ષા કયા પ્રકારની?' તેની પર તેણે કહ્યું કે, 'લાઈફની બધી સુરક્ષા.' તેની પર મેં પૂછ્યું કે 'તમે પોતાને ભારતમાં અસુરક્ષિત લાગે છે તો પછી તારી માનું શું? તેના વિશે કોઈ વિચાર કર્યો છે?' તેની પર તેણે તરત જ ઉત્તર આપ્યો કે 'માને પણ આગળ જતાં ત્યાં જ લઈ જઈશ.'

તેને પૂછ્યું, 'કેટલા ટકા માર્કસ આવ્યા 10મા ધોરણમાં?' અને 'આગળ શું કરવાનું નક્કી કર્યું છે?' તેની પર તેણે કહ્યું, '75 ટકા, અમેરિકામાં જઈને એ.આઈ. (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) માં ગ્રેજ્યુએશન કરીને કેનેડામાં સેટલ થવું છે.' તેની પર તેણે કહ્યું કે 'આટલો આગળનો વિચાર અગાઉથી જ કરી રાખ્યો છે, તને શું લાગે છે કે ભારતમાં કયું શિક્ષણ મળતું નથી? અહીં ગ્રેજ્યુએશન કરીને માસ્ટર્સ માટે તું ત્યાં જઈ શકશે, તો પછી હમણાં 10મા પછી તુરંત શા માટે?' તેણે તુરંત ઉત્તર આપ્યો, 'મારા બધા મિત્ર જઈ રહ્યા છે, જેથી કશું પણ થાય, મારે હમણાં જ જવું છે.' તેની પર તેને પૂછ્યું, 'તારા ઘરની હાલની આર્થિક પરિસ્થિતિ એવી નથી કે તારા મનની જેમ થાય, એક તો તને 10મામાં ફક્ત 75 ટકા માર્કસ આવ્યા છે. તેના કરતાં 12મામાં 95 ટકા માર્કસ મેળવ, જે પછી ત્યાં જવાનો વિચાર કર, તે માટે તને સ્કોલરશિપ પણ મળશે. આમ પણ તારી જન્મતારીખ અનુસાર મને અમુક બાબતોનો સંકેત મળી રહ્યો છે. આથી તું હમણાં જ જવાનો વિચાર મનમાંથી કાઢી નાખ.' તેની પર તેણે કહ્યું, 'એટલે કે, હું અમેરિકામાં જઈશ કે નહીં?' તેની પર તેને કહ્યું 'આ બધું તારા 12માના માર્કસ પર આધાર રાખે છે.'

આ પછી તે મહિલાને કહ્યું કે 'જે રીતે તમારા બધાની સૂવાની જગ્યા શિફ્ટ કરવા કહ્યું તે રીતે કરો, અન્ય પણ જે ફેરફાર કરવા કહ્યું છે તે બધા કરો. મંદિરમાં તમારી કુળદેવી, સ્વામી સમર્થ અને પંચમુખી હનુમાનનો ફોટો લગાવો, સ્વામી સમર્થના અખંડ નામસ્મરણનું ચેટિંગ મશીન લગાવો.' આ પછી મંદિરમાં તેમના મિસ્ટરનો ફોટો લગાવ્યો હતો તે કાઢવા કહ્યું અને મિસ્ટરના મૃત્યુની તિથિ અનુસાર શ્રાદ્ધકર્મ વગેરે કશું હોય ત્યારે જ તેમનો ફોટો મૂકવા માટે કહ્યું. આ જ રીતે પિતૃદોષ નિવારવા માટે અને અન્ય અમુક બાબતો માટે તેમને અમુક રેમેડીઝ કરવા સૂચિત કર્યું અને વાસ્તુશાસ્ત્રના માધ્યમથી તેમની લાઈફ અને ઘરનું વાતાવરણ કઈ રીતે સારું થશે તેનો વિચાર કરીને અમુક ઉપાયયોજના કરવા કહ્યું.

આજકાલના બાળકો પોતાની જવાબદારીઓથી દૂર જઈને વિચાર કરે છે. કોઈને કશી ફિકર નથી કે આપણી આજુબાજુમાં શું ચાલી રહ્યું છે, રાજ્યમાં શું ચાલી રહ્યું છે, દેશમાં શું ચાલી રહ્યું છે? જાણી લેવાની ઈચ્છા પણ નથી. આમ જોવા જઈએ તો આપણા દેશમાં શું ઓછું છે? ભારતમાં બધું જ છે. આ આપણા ભારત દેશમાં આપણે સૌથી વધુ સુરક્ષિત છીએ, પરંતુ આ દેશની સુરક્ષા આપણી યુવા પેઢી પર જ આધાર રાખે છે. બાળકોની આ માનસિકતા માટે કોણ જવાબદાર છે? જોકે આજકાલ ઘણી વાર માતા- પિતાનો જ આગ્રહ હોય છે કે બાળકોને બહાર મોકલવાના. આપણા દેશના યુવાનોની બ્રેન પાવરનો ઉપયોગ આપણા દેશ માટે નહીં કરવો જોઈએ? જે બાળકોએ IIT, IIM જેવી ઈન્સ્ટિટ્યૂટમાંથી TOP કર્યું છે તે NASAમાં જ જવાની ઈચ્છા રાખે છે. અમુક વિશિષ્ટ શિક્ષણ માટે બહાર વિદેશમાં જરૂર જવું જોઈએ, પરંતુ તે પછી ISROમાં કામ કરવાની માનસિકતા પણ ચોક્કસ હોવી જોઈએ.

આવી અનેક બાબતો પર અમારી ચર્ચા થઈ. બંને બાળકોએ શાંતિથી મારો વિચાર સાંભળી લીધો. આઠ દિવસ પછી મોટા પુત્રનો મને ફોન આવ્યો, 'મેડમ, તમે કહ્યા મુજબ માને મેં તેના કામમાં મદદ કરી, શાંતિથી તેની સાથે વ્યવહાર કર્યો અને શું ચમત્કાર થયો, મારા ટોપ મેનેજરે આજે મારા કામ બાબતે એપ્રિસિયેશન લેટર આપ્યું અને મને વહેલા ઘરે જવા પણ કહ્યું.'

બે મહિના પછી તે મહિલાનો ફોન આવ્યો કે નાના પુત્રના ભેજામાંથી અમેરિકા જવાનું ભૂત નીકળી ગયું છે. તે આગળનો અભ્યાસ કરવામાં મગ્ન થઈ ગયો છે. મને 'જાદુઈ એહસાસ' ની અનુભૂતિ કરાવવા માટે તમારો આભાર મેડમ!.

॥ શ્રી સ્વામી સમર્થ ॥

Vasstu World Manjushree

વાસ્તુ વર્લ્ડ મંજુશ્રી: +91 75107 69555, 80004 11158

ફોન નં.: 022- 6784 7601, 022- 6251 7841

`કૃષ્ણ કુંજ,' શિવાજી પાર્ક, દાદર (પ.), મુંબઈ-28

Follow us on

MARUTI SUZUKI ARENA

CELEBRATIONS JUST GOT BIGGER!

WITH GST BENEFITS AND LIMITED PERIOD FESTIVE OFFERS

VALID UNTIL 6th OCTOBER, 2025

| MODEL | S-PRESSO | ALTO K10 | CELERIO | WAGONR | SWIFT | DZIRE | BREZZA | ERTIGA | EECO |
|---|---|---|---|---|---|---|---|---|---|
| REDUCTION IN PRICE^ (₹) UP TO | 129 600 | 107 600 | 94 100 | 79 600 | 84 600 | 87 700 | 112 700 | 46 400 | 68 000 |
| NOW STARTING AT^ (₹) | 349 900 | 369 900 | 469 900 | 498 900 | 578 900 | 625 600 | 825 900 | 880 000 | 518 100 |
| ADDITIONAL FESTIVE OFFERS* (₹) UP TO | 67 500 | 72 500 | 81 423 | 88 290 | 87 855 | 35 000 | 55 370 | - | 52 500 |

BOOK NOW UP TO 100% PROCESSING FEE WAIVER ON CAR FINANCE#



ARENA SAFETY SHIELD

SCAN TO CONNECT TO SHOWROOM NEAR YOU

E-BOOK TODAY AT WWW.MARUTISUZUKI.COM

Contact us at 1800-102-1800

T&C available at dealership. Features/accessories vary by variant. Black glass shade on the vehicle is due to lighting effect. *Offers / Prices differ by variant/model/location/city and may change or end without notice. Includes consumer, exchange, and institutional/rural offers (where applicable) on select models. Offer values shown are maximums. Prices subject to GST rates as notified by the Government. ^Reductions and starting prices vary by variant. #Valid with select financiers, for personal-use vehicles only.

# ૧૦ ઑક્ટોબરે યોજાશે ઓબીસી મહામોરચોઃ માગણીઓ પૂર્ણ ન થતાં ઓબીસી સંગઠનો મક્કમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારના બીજી સપ્ટેમ્બરના નિર્ણયથી ઓબીસી અનામતને ફટકો પડશે એવી રજૂઆત કરીને ઓબીસી સંગઠનોએ મુખ્યમંત્રી સમક્ષ બે માંગણીઓ રજૂ કરી હતી. આ સરકારી નિર્ણય રદ કરવો અને ૨૦૧૪થી જારી કરાયેલા કુણબી પ્રમાણપત્ર અને જાતિ ચકાસણી પ્રમાણપત્ર પર શ્વેતપત્ર કરવો. કોંગ્રેસના વિધાનસભ્ય અને ઓબીસી નેતા વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું કે ૧૦ ઓક્ટોબરે નાગપુરમાં મહામોરચો યોજાશે કારણ કે સરકારે તમામ ઓબીસી સંગઠનોની આ માંગણીઓનો હકારાત્મક પ્રતિભાવ આપ્યો નથી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે તમામ ઓબીસી સંગઠનોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ ઓબીસી સંગઠનોના પ્રતિનિધિઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. બીજી સપ્ટેમ્બરે જારી કરાયેલ જીઆર ઓબીસી સમુદાયના અનામત અધિકારોને નુકસાન કરશે. ગ્રામ્ય સ્તરે ઘણી જગ્યાએ ખોદીને પ્રમાણપત્રો તૈયાર કરવામાં આવી રહ્યા છે, સંસ્થાઓ પર દબાણ લાવીને પ્રમાણપત્રો તૈયાર કરવામાં આવી રહ્યા છે. મરાઠવાડામાં બે સમુદાયો વચ્ચે મતભેદ સર્જાયો છે. વિદ્યાર્થીઓને શાળાઓમાંથી કાઢી મૂકવાનું શરૂ થયું છે. વિજય વડેટ્ટીવારે બેઠકમાં ચેતવણી આપી હતી કે જાતિ પ્રમાણપત્રોનું વિતરણ જે ઝડપે થઈ રહ્યું છે તેના કારણે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઓબીસી સમુદાયનું પ્રતિનિધિત્વ નહીં રહે. બીજી સપ્ટેમ્બરે લેવાયેલા સરકારી નિર્ણય બાદ રાજ્યમાં બાર ઓબીસી યુવાનોએ આત્મહત્યા કરી છે, જેના કારણે સમાજમાં અસુરક્ષાની લાગણી ઉભી થઈ છે કે તેમનું કોઈ ભવિષ્ય બચ્યું નથી. કેટલીક જગ્યાએ બે સમુદાયો વચ્ચે હિંસાની ઘટનાઓ બની છે. આનાથી મહારાષ્ટ્રમાં એક અંતર સર્જાયું છે. એટલા માટે અમે માંગણી કરીએ છીએ કે આ સરકારી નિર્ણય રદ કરવામાં આવે. અમે સરકારને વિનંતી કરી છે કે ૧૦ ઓક્ટોબરે કૂચ શરૂ થાય ત્યાં સુધીમાં નિર્ણય લેવામાં આવે અને સરકારી પ્રતિનિધિ કૂચમાં આવીને પોતાનું વલણ સમજાવે, એમ વડેટ્ટીવારે જણાવ્યું હતું.

# પીએમ મોદી મુંબઈ મુલાકાત વખતે પૂરગ્રસ્ત ખેડૂતો માટે રાહતની જાહેરાત કરેઃ રાઉત

પુણેઃ શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે શનિવારે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈની મુલાકાત દરમિયાન મહારાષ્ટ્રમાં તાજેતરના પૂરને કારણે નુકસાન પામેલા ખેડૂતો માટે સહાયની જાહેરાત કરવી જોઈએ.

પુણેમાં પત્રકારો સાથે વાત કરતા રાઉતે કહ્યું કે કેન્દ્ર સરકારે ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરવું જોઈએ.

રાઉતે કહ્યું હતું કે, ખેડૂતો માટે રાહત પેકેજ દિલ્હીથી જાહેર થવું જોઈએ. વડા પ્રધાને મુંબઈની મુલાકાત દરમિયાન પૂરગ્રસ્ત ખેડૂતો માટે સહાયની જાહેરાત કરવી જોઈએ.

તેમણે શિવસેનાના નેતા રામદાસ કદમ પર ૨૦૧૨માં પાર્ટીના સ્થાપક બાળ ઠાકરેના મૃત્યુની જાહેરાતમાં વિલંબ અંગેના દાવાઓ પર વધુ પ્રહાર કર્યા હતા.

રામદાસ કદમ ક્યારેય વિશ્વાસપાત્ર વ્યક્તિ નહોતા. ઉદ્ધવ ઠાકરેએ તેમને બે વાર વિધાન પરિષદમાં મોકલ્યા. નીલમ ગોર્હે અને કદમે પાર્ટીમાં શું યોગદાન આપ્યું છે? તેમણે ઉદ્ધવ ઠાકરેનો આભાર માનવો જોઈએ, એમ રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું હતું. રાઉતે કહ્યું હતું કે, હું બાળાસાહેબની અંતિમ ક્ષણો વખતે હાજર હતો. કદમનો દાવો એ વાતનું ઉદાહરણ છે કે કોઈ વ્યક્તિ પદ અને પૈસા માટે કેટલો નીચો જઈ શકે છે. જે લોકો પાર્ટી છોડી ગયા છે તેઓ ક્યારેય બાળાસાહેબ પ્રત્યે વફાદાર રહી શકતા નથી અથવા તેમને ખરેખર તેમનો માર્ગદર્શક વ્યક્તિ માની શકતા નથી.

# બે બાળકીનો વિનયભંગ કરવાના કેસમાં સિનિયર સિટિઝનને ત્રણ વર્ષની જેલ

થાણેઃ હાઉસિંગ કોમ્પ્લેક્સમાં બે બાળકીનો વિનયભંગ કરવાના કેસમાં થાણેની વિશેષ અદાલતે ૭૫ વર્ષના વૃદ્ધને ત્રણ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

સ્પેશિયલ જજ રુબી યુ. માલવણકરે આરોપી પ્રતાપમલ હંસરાજ કોઠારીને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો. આદેશની નકલ શનિવારે પ્રાપ્ત થઈ હતી.

વિશેષ સરકારી વકીલ વર્ષા ચંદાનેએ કોર્ટમાં જણાવ્યું હતું કે ૨૦૨૦માં દિવાળી વૅકેશન દરમિયાન ૧૨ વર્ષની બાળકી હાઉસિંગ કોમ્પ્લેક્સમાં આવી ત્યારે આરોપીએ તેની સાથે કુકર્મ કર્યું હતું. બાળકીએ આ બાબતે તેની માતાને જાણ કરી હતી. માતાની ફરિયાદ બાદ આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ એ જ પરિસરમાં રહેતી બીજી બાળકી સાથે પણ આવું કૃત્ય કર્યું હતું.

કોર્ટે બાળકીઓની સાક્ષી અને ઈલેક્ટ્રોનિક પુરાવાનો આધાર રાખ્યો હતો. ઉપરાંત, સીસીટીવી ફૂટેજને પણ આરોપીને કસૂરવાર ઠેરવવા માટે ધ્યાનમાં લીધા હતા.

કોર્ટે આદેશમાં અવલોકન કર્યું હતું કે વાસ્તવિકતાઓ અને સંજોગો પરથી તેમ જ કોર્ટમાં રજૂ પુરાવાઓ પરથી એવું જણાય છે કે આરોપી સોસાયટીમાં બાળકીઓ સાથે આવા ગુના કરવાની આદત ધરાવે છે.

સોસાયટીમાં છોકરીઓ સાથે આવું અયોગ્ય વર્તન કરીને આરોપીએ તેની ઉંમરના વૃદ્ધોને સમાજમાં સામાન્ય રીતે મળે છે તે આદર ગુમાવી દીધો છે અને તે સહાનુભૂતિને પણ લાયક નથી, એવું પણ કોર્ટે નોંધ્યું હતું.

કોર્ટે કોઠારીને કસૂરવાર ઠેરવી ત્રણ વર્ષના કારાવાસ અને પાંચ-પાંચ હજાર રૂપિયા બન્ને પીડિતાને ચૂકવવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# અનિલ પરબને કોર્ટમાં લઈ જવાની રામદાસ કદમની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (શિંદે) પક્ષના નેતા રામદાસ કદમે દશેરા રેલીમાં આરોપ લગાવ્યો હતો કે બાળાસાહેબ ઠાકરેના મૃત્યુ પછી, તેમના હાથના છાપ લેવા માટે તેમના પાર્થિવ શરીરને બે દિવસ માટે માતોશ્રીમાં રાખવામાં આવ્યું હતું. તેમના આરોપો બાદ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. દરમિયાન, શિવસેના ઠાકરે જૂથના નેતા અનિલ પરબે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને રામદાસ કદમ દ્વારા લગાવવામાં આવેલા તમામ આરોપોને ફગાવી દીધા હતા. તેમણે રામદાસ કદમ સામે માનહાનિનો દાવો કરવાની ચેતવણી પણ આપી હતી.

બીજી તરફ હવે રામદાસ કદમે ફરીથી અનિલ પરબના આરોપોનો જવાબ આપ્યો છે અને બદનક્ષીનો દાવો કરવાની ચેતવણી આપી છે. રામદાસ કદમે કહ્યું હતું કે તેઓ બાળાસાહેબ ઠાકરેના પાર્થિવ શરીરની સીબીઆઈ તપાસ કરાવવા માટે મુખ્ય પ્રધાન ફડણવીસને પત્ર લખશે.

રામદાસ કદમની પત્ની સામે અનિલ પરબે કરેલા આરોપોનો પણ જવાબ આપ્યો હતો. રામદાસ કદમે જણાવ્યું હતું કે, નમારી પત્નીએ આત્મદહન કર્યું નહોતું, પણ ચૂલો ફાટ્યો હતો.થ

મને લાગે છે કે અનિલ પરબ અડધો વકીલ હોવો જોઈએ. અનિલ પરબે પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાની બુદ્ધિ દર્શાવી છે. મેં દશેરાની રેલીમાં વાત કરી હતી, જેમાં મેં એક ડોક્ટરનો ઉલ્લેખ કર્યો હતો. તે ડોક્ટર બાળાસાહેબ ઠાકરેની સારવાર કરી રહ્યા હતા. તો શું અનિલ પરબ તે ડોક્ટર સામે પણ માનહાનિનો દાવો કરવા જઈ રહ્યા છે?

છેલ્લા પાનાનું ચાલુ

## રાજ્યમાં

નિમણૂંક કરવામાં આવી ત્યારે કાર્યક્રમમાં ભાવનાત્મક ક્ષણનો અનુભવ થયો હતો. 'અમને ગર્વ છે કે અનુષ્કાને ન્યાય મળ્યો,' એમ ફડણવીસે કહ્યું હતું. નાયબ મુખ્યમંત્રી અજિત પવારે કહ્યું, આજનો દિવસ મહારાષ્ટ્રના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. પારદર્શિતા દ્વારા ૧૦,૦૦૦થી વધુ ઉમેદવારોને નોકરી મળી છે. આ દિવસ રોજગાર ક્રાંતિની શરૂઆત છે. રાજ્યમાં સૌથી વધુ ઉમેદવારો, ૩,૦૭૮, કોંકણના છે, જ્યારે બાકીની નિમણૂકો વિદર્ભ, મરાઠવાડા, નાસિક અને પુણે પ્રદેશોમાં કરવામાં આવી છે.

## 'શક્તિ' વાવાઝોડુંઃ

ઊંચા ઉછળશે. તેથી માછીમારોને દરિયામાં નહીં જવાની સલાહ પણ આપવામાં આવી છે. ભારતીય હવામાન ખાતાએ શનિવારે પાંચ દિવસ માટે પોતાની આગાહી બહાર પાડી હતી, તેમાં જણાવ્યું હતું કે મુંબઈમાં આઠ ઑક્ટોબર સુધી છૂટાછવાયા હળવા વરસાદના ઝાપટાં પડી શકે છે. તો થાણે અને રાયગઢ જિલ્લાઓમાં પણ સમય દરમ્યાન છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે. જોકે પાલઘરમાં આઠ ઑક્ટોબરના ભારે વરસાદની શક્યતા છે.

કોલાબા વેધશાળાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે અરબી સમુદ્રમાં નિર્માણ થઈ રહેલું વાવાઝોડું હજી પણ મુંબઈથી દૂર છે, તેથી હાલમાં મહારાષ્ટ્રના આંતરિક વિસ્તારો સહિત મુંબઈમાં ભારે વરસાદ પડવાની કોઈ શક્યતા નથી. જોકે આગામી અઠવાડિયા સુધી ઝરમર ઝરમર વરસાદ ચાલુ રહેશે. શનિવારે સવારના મહારાષ્ટ્ર સરકારે 'શક્તિ' વાવાઝોડાને ધ્યાનમાં રાખીને તમામ જિલ્લા પ્રશાસનને તૈયાર રહેવા માટેની સૂચના બહાર પાડી હતી. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તમામ જિલ્લા પ્રશાસને તેમની ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિસ્ટમને તૈયાર રાખવી પડશે. દરિયાકાંઠા અને નીચાણવાળઆ વિસ્તારોમાં નાગરિકોના સ્થળાંતરની યોજના તૈયાર રાખવાની રહેશે.

## વર્સોવા-ભાયંદર

આઠ, ગોરાઈ ડમ્પિંગ ગ્રાઉન્ડ, ગોરાઈ ખાડી પરિસર, એક્સર મેટ્રો સ્ટેશન પરિસર, કાંદળપાડા મેટ્રો સ્ટેશન પરિસર, દહિસર (પશ્ચિમ)માં આનંદ પાર્ક જેવા સ્થળો પર ઈન્સ્પેકશન કરીને પ્રોજકટની માહિતી મેળવી હતી. ખાસ કરીને પ્રોજેક્ટ માટેના કાસ્ટિંગ યાર્ડ માટેની જમીન ઉપલબ્ધતા, બાંધકામ, સાઈટ પર જવા માટેના રસ્તા વગેરે બાબતે પણ તેમણે માહિતી મેળવી હતી. આ દરમ્યાન કમિશનરે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરને જોડનારા ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ ફેઝ-૩ (બી)માં અંતર્ગત ગોરેગામમાં દાદાસાહેબ ફાળકે ચિત્ર નગરીમાં બનાવવામાં આવનારી ટિવન ટનલની સાઈટનું પણ ઈન્સ્પેકશન કર્યું હતું. ટ્વિન ટનલના ખોદકામ માટે ટીબીએમ મશીન સાઈટ પર આવી ગયું છે અને તેના છૂટ્ટા ભાગ જાપાનથી આવી ગયા હોઈ તેને જોડવાનું કામ ચાલી રહ્યું છે. બીજા ટીબીએમના ભાગ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી આવવાના છે,હાલ લોન્ચિંગ શાફ્ટ ખોદવાનું કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ ગોરગામથી મુલુંડ ફક્ત ૨૫ મિનિટમાં અંતર પાર કરી શકાશે.

## પ્રખ્યાત દિવંગત

સંસ્કારમાં તેમના નજીકના પરિવારજનો, મિત્રો અને પ્રશંસકો હાજર રહ્યા હતા.

સંધ્યા શાંતારામ ફક્ત 'સંધ્યા' તરીકે જાણીતા હતા. અહેવાલો મુજબ, વી. શાંતારામ તેમને ફિલ્મ 'અમર ભૂપાલી' માટે કાસ્ટિંગ કરતી વખતે મળ્યા હતા. ૧૯૫૨માં, સંધ્યાએ આ ફિલ્મથી પોતાનું ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં તેમણે ગાયિકાની ભૂમિકા ભજવી હતી. એમ કહેવાય છે કે સંધ્યા તાલીમ પામેલાં નૃત્યાંગના નહોતાં અને તેથી 'ઝનક ઝનક પાયલ બાજે' ફિલ્મ માટે સહ-અભિનેતા ગોપી કૃષ્ણા પાસેથી તાલીમ લીધી હતી. આ ફિલ્મે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ જીત્યો હતો. ૨૦૦૯માં, આ અનુભવી સુંદરીએ ફિલ્મ 'નવરંગ'ની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે વી. શાંતારામ એવોર્ડ સમારોહમાં ખાસ હાજરી આપી હતી. તેની આખી કારકિર્દીમાં, દિવંગત અભિનેત્રીએ એવી ફિલ્મોમાં કામ કર્યું છે જેમાં 'અમર ભૂપાલી', 'પરછૈન', 'તીન બત્તી ચાર રસ્તા', 'ઝનક ઝનક પાયલ બાજે', 'દો આંખે બારહ હાથ', 'નવરંગ', 'સ્ત્રી', 'સેહરા અંગારા', 'સાહરાં', 'લખિત' બિન બિજલી', 'પિંજારા', અને 'ચંદનાચી ચોલી અંગ જલી'.

## ભાજપ પહેલીવાર

વહેંચણીમાં, ભાજપે ફરી એકવાર દબાણની રણનીતિનો ઉપયોગ કર્યો અને શિવસેનાને ફક્ત ૮૭ બેઠકો જ આપી હતી. લોકસભાની ચૂંટણી પછી, શિવસેના પણ વિધાનસભા ચૂંટણીમાં નાનો ભાઈ બની ગયો હતો. ઠાકરે નેતા હતા ત્યારે હંમેશા ૧૦૦થી વધુ બેઠકો પર લડતી શિવસેનાએ આ વખતે વિધાનસભામાં ફક્ત ૮૭ બેઠકો પર ચૂંટણી લડી હતી અને તેમાંથી ઘણી બેઠકો પર, શિંદેએ ભાજપમાંથી આયાતી નેતાઓને મેદાનમાં ઉતારવા પડ્યા હતા. શિંદેની સેનાએ કુડાળ-માલવણ, કન્નડ, અંધેરી-પૂર્વ, બોઇસર, ભિવંડી, મુમ્બાદેવી, પાલઘર, સંગમનેર, કરમાળા બેઠકો પર ભાજપના નેતાઓને ઉમેદવારો બનાવ્યા હતા.

લોકસભા અને વિધાનસભા ચૂંટણી પછી, ભાજપે બેઠક વહેંચણીમાં વધુ આક્રમક વલણ અપનાવ્યું છે. ભાજપે વિધાનસભા ચૂંટણીમાં બમ્પર સફળતા મેળવી છે. ભાજપ બહુમતી મેળવવાની ખૂબ નજીક હોવાથી, સાથી પક્ષો પર તેની નિર્ભરતા ઓછી થઈ ગઈ છે. તેથી, ભાજપ મ્યુનિસિપલ ચૂંટણીઓમાં પોતાની તાકાત બતાવવાની તૈયારી કરી રહ્યું છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં મહાયુતિમાં લડવાનું વલણ અપનાવ્યું છે. ત્યારબાદ, શિંદેએ સાવધાનીભર્યું વલણ અપનાવ્યું અને બેઠકોની વહેંચણી અંગે સૂચક ટિપ્પણી કરી છે. શિંદે સેના ઘણી બેઠકો લડવા કરતાં થોડી બેઠકો લડીને વધુ બેઠકો જીતવાનો પ્રયાસ કરશે.

શિવસેનાનો જન્મ મુંબઈમાં થયો હતો. તેથી, શિવસેનાના મુંબઈમાં ઊંડા મૂળ છે. મુંબઈમાં શિવસેનાના વર્ચસ્વને ધ્યાનમાં લેતા, શિવસેનાએ અત્યાર સુધી યોજાયેલી તમામ મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ભાજપ કરતાં વધુ બેઠકો લડી છે. તેથી, શિવસેના હંમેશા મુંબઈમાં મોટા ભાઈની ભૂમિકા ભજવી છે. પરંતુ આ વર્ષે, પહેલીવાર, મુંબઈ મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપ મોટા ભાઈની ભૂમિકા ભજવશે. ભાજપ આખરે શિવસેનાનું સ્થાન લેવામાં સફળ રહ્યું છે.

શિંદે જાણે છે કે મુંબઈમાં શિંદે સેનાની બહુ તાકાત નથી. વિધાનસભા ચૂંટણીમાં, ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ મુંબઈમાં ૧૦ બેઠકો જીતી હતી. જ્યારે શિંદે સેનાને ફક્ત છ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે ભાજપ ૧૫ બેઠકો જીતીને નંબર વન પાર્ટી તરીકે ઉભરી આવ્યો છે.

મુંબઈમાં ભાજપની વધેલી તાકાતને જોતાં, શિંદેએ તેમની મહાનતા સ્વીકારી છે અને ગૌણ ભૂમિકા સ્વીકારી છે. જ્યારે ઠાકરે બંધુઓનું જોડાણ અત્યાર સુધી નિશ્ચિત માનવામાં આવે છે, ત્યારે શિંદે મહાયુતિમાં બેકફૂટ પર આવી ગયા છે. ઠાકરેના જોડાણની અસર મુંબઈમાં જોઈ શકાય છે. શિંદેની સેનાને સૌથી વધુ ફટકો પડવાની શક્યતા છે. જો બાળાસાહેબના વારસદારો એક સાથે આવે છે, તો શિંદેને નુકસાન થશે. તેથી, શિંદેએ મુંબઈમાં મહાનગરપાલિકા માટે બેઠકોની ફાળવણીમાં ખૂબ કડક ન રહેવાનું વલણ અપનાવ્યું છે. તેઓ સ્ટ્રાઈક રેટ પર વધુ ભાર મૂકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## આજે મધ્ય રેલવે

લાઈન પર સવારે ૧૦થી સાંજે પાંચ વાગ્યા સુધી સીએસએમટીથી પનવેલ વચ્ચે બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમયે સીએસએમટીથી પનવેલ, બેલાપુર વચ્ચે અપ-ડાઉન લાઈન પર મેગા બ્લોક રહેશે. બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટી-વાશી વચ્ચે સ્પેશિયલ લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે.

ટ્રાન્સ હાર્બર લાઈન પર થાણે- પનવેલ વચ્ચે સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૪.૩૦ વાગ્યા સુધી મેગા બ્લોક રહેશે. બ્લોકના સમય દરમિયાન થાણેથી પનવેલ વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેનો બંધ રહેશે. જોકે થાણે-વાશી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે.

## ફાસ્ટટેગ

રૂપિયાનો ખર્ચ થશે. આનાથી ટોલ પ્લાઝા પર રોકડ વ્યવહારોમાં વધુ ઘટાડો થશે.

નવો નિયમ ૧૫ નવેમ્બરથી અમલમાં આવશે. આ ફેરફારથી ટોલ વસૂલીમાં સુધારો કરવામાં અને વાહનચાલકોની મુશ્કેલી ઘટાડવામાં મદદ મળશે. આ નવા નિયમથી મુસાફરી સરળ બનશે અને ટોલ સિસ્ટમ વધુ પારદર્શક બનશે.

## ફડણવીસ લાચાર

મહાન છે. જોકે, આ લોકોએ (ભાજપ) સમગ્ર વાતાવરણને દૂષિત કર્યું છે અને તેને નર્ક બનાવી દીધું છે. આ લોકોએ દેશની અંદર દિવાલો ઊભી કરી છે. હું વધુ બગાડ અટકાવવા માટે સખત મહેનત કરી રહ્યો છું.'

'મેં વારંવાર કહ્યું છે કે ભાજપ રાજ્યમાં કે કેન્દ્રમાં સરકાર ચલાવી શકતી નથી. નરેન્દ્ર મોદી સરકાર કાશ્મીર અને મણિપુરના મુદ્દાઓને ઉકેલવામાં નિષ્ફળ ગઈ છે,' એમ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને આરોપ લગાવ્યો હતો.

ભાજપ દેશને સરમુખત્યારશાહીના માર્ગે લઈ જઈ રહ્યું છે, એમ ઠાકરેએ ઉમેર્યું હતું.

ફડણવીસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, 'હું કોઈને પણ દુશ્મન માનતો નથી, વડા પ્રધાનને પણ નહીં. પરંતુ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, મુખ્યમંત્રી (ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ) પાસે પુષ્કળ બહુમતી હોવા છતાં 'હતબલ' (લાચાર) લાગે છે.

'ભ્રષ્ટાચારના અનેક કિસ્સાઓ હોવા છતાં, મુખ્ય પ્રધાન ભ્રષ્ટ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં લાચારી અનુભવે છે,' એવો દાવો તેમણે કર્યો હતો.

ઠાકરેએ એવો આરોપ લગાવ્યો હતો કે ફડણવીસ સરકાર ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત ખેડૂતોને મદદ કરવામાં નિષ્ફળ ગઈ છે.

૨૦૧૯ માં કોંગ્રેસ અને એનસીપી (એસપી) સાથેના જોડાણ પછી તેમણે હિન્દુત્વનો ત્યાગ કર્યો હોવાની ટીકાનો જવાબ આપતા, શિવસેના (યુબીટી) ના નેતાએ દાવો કર્યો કે ભાજપે મુસ્લિમોને ખુશ કરવા માટે 'સૌગાત-એ-મોદી' અભિયાન શરૂ કર્યું હતું.

'મને ભાજપ પાસેથી હિન્દુત્વ પર કોઈ પ્રમાણપત્રની જરૂર નથી. મારા દાદા (પ્રબોધનકર ઠાકરે) એક જાણીતા સુધારક હતા. 'અમારું હિન્દુત્વ પ્રગતિશીલ રહ્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

જો ભાજપ કરે તો તે અમર પ્રેમ અને અમે કરીએ તો તે લવ જેહાદ બની જાય છે! 'તમે કહો છો કે અમે કોંગ્રેસ સાથે ગયા એટલે હિન્દુત્વ છોડી દીધું. તો શું નીતિશ કુમાર હિન્દુત્વ સમર્થક છે? શું ચંદ્રાબાબુ હિન્દુત્વ સમર્થક છે?

મેં સૌગાત-એ-મોદી જેવું સાંભળ્યું હતું. શું તમે ક્યારેય સૌગાત-એ-નેહરુ, સૌગાત-એ-ઈન્દિરા ગાંધી વિશે સાંભળ્યું છે? સૌગાત-એ-મોદી આપનારા હિન્દુત્વના સમર્થક કેવી રીતે હોઈ શકે?, એવો સવાલ તેમણે કર્યો હતો.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ, ઓરી ફળિયા, હાલ ઘાટકોપરનાં લક્ષ્મીબેન દેવજીભાઈ પટેલ (ઉં. વ. ૮૪) સોમવાર તા. ૨૯-૯-૨૫ના રોજ દેવલોક પામ્યાં છે. તેઓ મહેશ અને મંજુલાબહેનનાં માતુશ્રી. લતાબેન અને મોહનભાઈનાં સાસુ. દિશાનાં દાદી તથા પ્રતીક અને બંકિમનાં નાની. તેમનું બારમું-પુષ્પાણી રવિવારે તા. ૧૨-૧૦-૨૫ના ૩.૦૦થી ૪.૦૦. સ્કૂલની બાજુમાં, પારસીવાડી, સાંઈબાબા મંદિરની બાજુમાં, ઘાટકોપર-વેસ્ટ.

**મેઘવાળ**

સ્વ. ગંગાબેન ધનજીભાઈ રાઠોડ (ઉં. વ. ૯૧) બુધવાર, તા. ૧-૧૦-૨૫ના રોજ અવસાન પામ્યાં છે. સંધ્યાકાળ પાઠ રવિવાર, તા. ૫-૧૦-૨૫ના રોજ ટ્રાન્ઝિટ કૅમ્પ ૧૩થબી, બીજા માળે, રૂમ નં. ૩૩, તાડવાડી.

**દશા સોરઠીયા વણિક**

દીપક હસમુખ મહેતા હાલ ઘાટકોપર તે સ્વ. હસમુખ કાંતિલાલ મહેતાના સુપુત્ર કવિતા દીપક મહેતાના પતિ (ઉં. વ. ૫૪) તે અનેરી કરન છેડા, નીરાલીના પિતાશ્રી. તે સોનલ જીજ્ઞેશ સાંગાણી, મીતા હિતેન શાહ, નીપા મિલન શાહના ભાઇ. અતુલ છોટાલાલ મહેતા, વિરેન તથા કલ્પેશ પ્રફુલભાઇ મહેતાના ભાઇ. તે કનૈયાલાલ પ્રભુદાસ કાચલીયા (આકોલા)ના જમાઇ તા. ૨-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૫-૧૦-૨૫ના ૪થી ૬. ઠે. ત્રિધા બેન્કવેટ, ૪થે માળે, સ્વામી નારાયણ મંદિરની ઉપર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**ઔદીચ્ય ઝાલાવાડી સહસ્ત્ર બ્રાહ્મણ**

ગામ ગાધકડા હાલ બોરીવલી ગં. સ્વ. દમયંતીબેન શશીકાંત પંડયા (ઉં. વ. ૮૭) તા. ૩-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભાનુશંકર જીવરાજ ઠાકરના દીકરી. ગામ રાજુલા જીતેશભાઇ, સ્વ. વિજયભાઇ, દીપ્તીબેનના માતુશ્રી. જાગૃતિબેન, રીટાબહેન તથા મુકુંદભાઇ જોશીના સાસુ. નીરવભાઇ, અંકીતભાઇ, પૂજાબેન તથા મીહીરભાઇના દાદી. સાગર તથા માનસીના નાની. સાદડી તથા લૌકિક પ્રથા બંધ છે.

**વિશા સોરઠીયા વણિક**

કોડીનાર નિવાસી હાલ મુંબઇ મોહનલાલ મગનલાલ શાહ (ઉં. વ. ૯૩) તા. ૩-૧૦-૨૫ના શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે મહેશ, મીલન, દિપ્તી, બીનાના પિતાશ્રી. કેયુરી, નિપા, શશી, જયદીપના સસરા. પ્રકૃતિ, જયના દાદા. ચરણ, સંયમ, કરણના નાના. પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૫ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી ભાનુશાલી**

કચ્છ ગામ મોટી ભાડાઇ નિવાસી હાલ મુલુંડ સ્વ. હેમલતા તથા લક્ષ્મીદાસ ગોરીના પુત્રવધૂ રેખાબેન (ઉં. વ. ૫૪) તે સંજયભાઇના ધર્મપત્ની. પૂર્વી અને પરીના માતોશ્રી. મનીષા નિલેશ દામાના નણંદ. સ્વ. જયાબેન તથા સ્વ. ધનજીભાઇ વાલજી બારુના (કચ્છ ગામ ખોમંડી) પુત્રી. સ્વ. જોસના દામજી બારુના બેન તા. ૧-૧૦-૨૫ બુધવારના રામશરણ પામેલ છે. સાદડી રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**૪૨ ગામ કડવા પાટીદાર**

મૂળ ગામ ભુવેલ તા. ખંભાત હાલ ગોરેગાંવ સ્વ. કિશોરભાઇ પ્રભુદાસ પટેલના પુત્ર મણીભાઇ પટેલ (ઉં. વ. ૮૯) તા. ૨-૧૦-૨૫ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે મધુબેનના પતિ. અંબુભાઇ, ગોરધનભાઇ, સ્વ. ગુણવંતભાઇ, ભાસ્કરભાઇ, વિમુબેન, વિનંતાબેન, કુસુમબેન તથા મીનાબેનના ભાઇ. દીપેશ, વૈશાલીના પિતા. મિત્સુ અને કશ્યપકુમારના સસરા. સ્વ.ભાઇલાલભાઇ જેકશનદાસ પટેલ (વટાદરા)ના જમાઇ. ઋષિલના દાદાજી. પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૫ સોમવારના ૫થી ૭. ઠે. સરદાર વલ્લભભાઇ પટેલ હોલ, એસ. વી. રોડ, જવાહરનગર, સીટી સેન્ટરની સામે, ગોરેગાંવ (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

અ. સૌ. મૃદુલા ચંદ્રેશ કાપડિયા (ઉં. વ. ૭૩) સ્વ. લક્ષ્મીબાઇ આનંદદાસના પુત્રવધૂ, ચંદ્રેશ આનંદદાસના પત્ની. સ્વ. હંસાબેન હરીદાસના પુત્રી. પ્રણય, પૂર્વીના માતા. રાધિકાના સાસુ. જયની, વિનયના દાદી. તા. ૪-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૫ના સાંજે ૫થી ૬.ઠે. સકર ભવન ૨૮/૧, આર. એ. કીડવાઇ રોડ, વડાલા વેસ્ટ.

**કચ્છી ભાટિયા (અંજારિયા)**

ગોપાલદાસ ઉદ્દેશી (ઉં. વ. ૯૬) સ્વ. મોતીબાઈ જેઠાભાઇના સુપુત્ર તા.૩/૧૦/૨૫ના શુક્રવાર શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જમનાબેનના પતિ. સ્વ. પ્રતાપભાઈ, સ્વ. રણછોડભાઈ, સ્વ. સંતોકબેન, સ્વ. મેનાબેન, સ્વ. નિર્મળાબેન ભાઈ, સ્વ. કલ્યાણજી ક્રેશવના જમાઈ. ગં. સ્વ. લતાબેન રોહિતભાઈ ટેપરાની પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૫/૧૦/૨૫ના રવિવાર ૪.૩૦ થી ૬. શ્રી સ્વામીનારાયણ મંદિર હોલ, સરિતા પાર્ક, ૯૦ ફિટ રોડ, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

જાનબાઈ દેરડીવાળા હાલ નાલાસોપારા, સ્વ. ચંપાબેન દુલેરાય પોપટલાલ કરવતના સુપુત્ર અશોક (ઉં. વ. ૫૬) તા. ૨૩/૯/૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે કિશોર, સ્વ. જીતેન્દ્ર, યોગેશના ભાઈ. પ્રીતિ કલ્પેશ કાપડિયા અને ધવલના કાકા. શેડુભારવાળા હાલ મુંબઈ હિમ્મતલાલ છગનલાલ મોદી તથા નવનીતલાલ છગનલાલ મોદીના ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**ઉમરેઠ વિશા ખડાયતા**

નવનીતલાલ ગોરધનદાસ ગાંધી (ઉં. વ. ૯૩) તા. ૨/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયાબેનના પતિ. સ્વ. મણીબેન મોહનભાઈ પટેલના જમાઈ. વીણાબેન, હેમંતભાઈ અને રાકેશભાઈના પિતાશ્રી. અશોકકુમાર, જ્યોતિબેન, બિંદુબેનના સસરા. નિધિ, હર્ષીલકુમાર, મોનાલી, હર્ષ અને ધ્રુવીના દાદા. ચિરાગ, કિંજલના નાના. પ્રાર્થનાસભા તા. ૬/૧૦/૨૫ના ૬ થી ૮. જી. એચ. હાઈસ્કૂલ, એમજી. રોડ, બોરીવલી ઈસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ લીંબડી હાલ મુંબઈ થાણા. પાર્થ જગડ (ઉં. વ. ૩૨) તા. ૩/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગિરીશ મહીપતલાલ જગડ તથા અ. સૌ. સોનલ જગાડના સુપુત્ર. તુષાર જગાડના ભાઈ. શિવમ, તુષાર જગડના કાકા, નિશાબેનના દિયર. અજીતભાઈ, દિવ્યા, ધર્મેન્દ્ર દિપાલી જગડ અને બીના યોગેશ બોસમીયાના ભત્રીજા. નટવરલાલ બાબુલાલ મર્થક, સુભદ્રા વર્મા તથા વર્ષાબેન જગડના ભાણેજ, કૃણાલ, ધવલ, ચૈતાલી, અંકીતા અડીયા, મૃણમયી, પ્રણવ, હર્ષ, હેમંત, જયંત, અર્જુન, જય, નિધિ, ડિમ્પલ, ધરા, અમી, દિપકના ભાઈ.

**શ્રી દશા સોરઠીયા વણિક**

બિલા નિવાસી હાલ ભાયંદર, શશીકાંત મીઠાણી (ઉં. વ. ૭૬) તા. ૨/૧૦/૨૫ના ગુરુવાર શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. સવિતાબેન અમૃતલાલ મીઠાણીના પુત્ર. ગં. સ્વ. કંચનબેન મીઠાણીના પતિ. વીણા વિમલ શાહ, અલ્પા નિલેશ સાંગાણીના પિતા. સ્વ. હિમંતભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. રમેશભાઈ અમૃતલાલ મીઠાણી, ભાનુબેન છબીલદાસ ગોરસીયા, ગ. સ્વ. અરુણાબેન કિશોરચંદ્ર જનાણી, હર્ષાબેન નવીનકુમાર મૂંજાસારા, રક્ષાબેન સતીશકુમાર ભૂપતાણીના ભાઈ. વૃજલાલ પ્રેમચંદ સાંગાણીના જમાઈ. પ્રાર્થનાસભા ૬/૧૦/૨૫ સોમવારના ૪ થી ૬. બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, સેક્ટર નંબર ૧૦,૧ લે માળે, મીરારોડ.

**વિશા સોરઠીયા વણિક**

શીલવાલા હાલ વસઈ, સ્વ. રંભાબેન અને સ્વ. કાંતિલાલ સુંદરજીના સુપુત્ર કીરીટભાઈ (ઉં. વ.૬૫) તા. ૨૮-૦૯-૨૫ના શ્રીજીચરણોમાં લીન થયા છે. સ્વ. ચેતનાબેનના પતિ. મેઘા અને માધવના પિતા. શશાંકના સસરા અને ઢ્રુશિતાના નાના. સ્વ. મહેશભાઈ, સ્વ. અશ્વિનભાઈ, સ્મિતાબેન, સ્વ. મુકેશભાઈના ભાઈ અને કોડીનારવાળા ભરતકુમાર પ્રભૂદાસ શાહના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ખોપાળાવાળા, હાલ વરંગલ, તેલંગાના સ્વ. વ્રજલાલ નંદલાલ દેસાઈના સુપુત્ર કિશોરભાઈ દેસાઈ (ઉં. વ. ૭૮), સ્વ. રેણુકાબેનના પતિ. મોહિત તથા ચિરાગના પિતા. બંસરી (તૃપ્તિ) અને કવિતાના સસરા. સ્વ. ચંદ્રકાંતાબેન, સ્વ. ચંપકલાલ, મંજુલાબેન, સ્વ. પુષ્પાબેન તથા નયનાબેનના ભાઈ. હુબલીવાલા સ્વ. મનસુખલાલ મહેતાના જમાઈ, શુક્રવારે તા. ૦૩-૧૦-૨૦૨૫ ના રોજ વરંગલ ખાતે શ્રીજીચરણ પામેલ છે.

# પારસી મરણ

સનોબાર અદિલ ભરૂચા (ઉં. વ. ૬૩) તા. ૪-૧૦-૨૫ના રોજ ગુજરી ગયા છે. તે અદિલ ડાલી ભરૂચાનાં પત્ની. તે મરહુમ કેકી મોરી અને મરહુમ મની મોરીનાં દીકરી. તે મેહરઝાદ અને અસ્તાદનાં મમ્મી. તે ફરિયાન ભરૂચાના સાસુ. તે હોર્મસ મોરી, પર્સી મોરી, મરહુમ રશ્ના કરંજિયાનાં બહેન. તે બેનાઝ કરંજિયાના આન્ટી. ઠે.૯/૪, પટેલ બિલ્ડિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ગામડિયા કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭.

હોમાય નરીમાન ગ્યારા તે મરહુમ નરીમાન ગ્યારાના ધન્યાની. તે મરહુમો ગુલામાય રતનશા હીલ્લુના દીકરી. તે પેરીન મુનશી, મહેરુ સુતરીયા ને મરહુમ હીલ્લા રતનશા હીલ્લુના બહેન. તે ખુશરુ કાવસજી ઇતાલીયાના ફૂઇ. તે કૈઝાદ મુનશી, વીસતાસપ મુનશી, પરીઝાદ સુતરીયા ને ફીરુઝી સુતરીયાના માસી. (ઉં. વ. ૯૦) રે. ઠે. બી-૭૨, વનશરી કો. હા. સો. એલ. ટી. રોડ, ડાયમન્ડ સિનેમા સામે, બોરીવલી (વેસ્ટ). ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૧૦-૨૫ના દીને બપોર ૩.૪૦ વાગે, બેહરામ બાગ, અગિયારીમાં છેજી.

# જૈન મરણ

પાલિતાણા નિવાસી હાલ કાંદીવલી સ્વ. ઉતમચંદ છોટાલાલ શાહના ધર્મપત્ની પદમાબેન (માતાજી) (ઉં. વ. ૭૩) તા. ૩-૧૦-૨૫ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. વિપુલ, અલ્પા કીર્તિકુમાર દોશી, બિના રુપેન કુમાર અમલાનીના માતુશ્રી. કેશ્મીના સાસુજી. સ્વ. મધુબહેન વિનોદરાય શાહ, રંજનબેન પ્રવીણચંદ્ર શાહના દેરાણી. રેખાબેન સુરેશચંદ્ર શાહ, મિનાક્ષીબહેન શશીકાંત શાહના જેઠાણી. સ્વ. વસુમતીબેન પ્રભુદાસ ગોસળીયાના ભાભી. મિલી, અમિ, કરણ, ઇશાન, પ્રથમના દાદી-નાની. પ્રાર્થનાસભા તા. ૫-૧૦-૨૫ રવિવારના બપોરે ૩.૩૦થી ૫.૩૦.ઠે. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વડિયા દેવડી નિવાસી હાલ નાલાસોપારા વર્ષાબેન જશવંતરાય ચુનીલાલ પંચમીઆના પુત્ર પારસ (ઉં. વ. ૫૦) તા. ૨-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પાયલના પતિ. ધ્રુવી, પ્રિયલના પિતા. તૃપ્તિ રતિલાલ, ફાલ્ગુની ભરતભાઇ મહેતાના ભાઇ. તે ભંવરલાલ બાબુલાલ ગુર્જરના જમાઇ. તે ચંદુભાઇ પ્રફુલભાઇ, વિનોદભાઇ, સુરેશભાઇ, મુકુંદભાઇ, સ્મીતાબેનના ભત્રીજા. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ બોરીવલી દિનેશભાઇ ભોગીલાલ મહેતાના ધર્મપત્ની કલ્પના બેન (ઉં. વ. ૬૪) તા. ૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. તે જીગર, મેઘનાના મમ્મી. તે વિરલ દોશી, મેઘા મહેતાના સાસુ. સરોજબેન લલિતકુમારના દેરાણી. ધન્યશ્રી, માનવના દાદી. પિયરપક્ષ વ્રજલાલ મોતીચંદ શાહ, ચોટીલાવાળાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૫ના સોમવારે સવારે ૧૦થી ૧૨. ઠે. પાવનધામ, મહાવીર નગર કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જર નિવાસી હાલ કાંદિવલી વેસ્ટ, રમેશચંદ્ર મોહનલાલ સંઘરાજકા (ઉં. વ. ૮૪) તા. ૩૦/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઇન્દુબેનના પતિ. વિરલ અને નિશાના પિતા. પ્રીતિના સસરા. સ્વ. ચુનીભાઈ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, રજનીભાઇ, સ્વ. નવીનભાઈ, સ્વ. મંજુબેન, સ્વ. પુષ્પાબેન, હર્ષાબેનના ભાઈ. અમૃતલાલ લક્ષ્મીચંદ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ૪૦૨, પંચશીલ રેસીડંસી, બી. વિંગ, સત્યનગર, કાંદિવલી વેસ્ટ.

**દેરાવાસી જૈન**

મહેસાણા નિવાસી હાલ વિલેપાર્લે ઈસ્ટ, નિલેશ વોરા (ઉં. વ.૬૧) તા. ૩/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. બિપીનચંદ્ર ખોડીદાસ વોરા અને મનોરમાબેન બિપીનચંદ્ર વોરાના સુપુત્ર. તે શ્રેયાબેનના પતિ. કુણાલના પિતા. રૂપા લલિતભાઈ વાણીના ભાઈ. સ્વ. પ્રેમિલાબેન સુમિતલાલ મેહતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

સમાઘોઘાના સુનીલ શાંતિલાલ ભેદા (ઉં. વ. ૫૭) તા.૩-૧૦-૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પુષ્પા અને હેમલતા શાંતિલાલના પુત્ર. મનીષાના પતિ. શ્વેતા, મયંકના પિતા. સ્વ. સુશીલના ભાઈ. સ્વ. દમયંતી, સ્વ. હેમલતા લક્ષ્મીચંદના જમાઈ. પ્રા : શ્રી માનવ સેવા સંઘ હોલ (સવાણી સભાગૃહ), સાયન (વે.). ટા. ૪.૦૦ થી ૫.૩૦.

કપાયાના પ્રભાવંતી નાગજી સંગોઇ (ઉં. વ. ૮૦) તા.૨-૧૦ના અવસાન પામેલ છે. સ્વ.ગંગાબાઈ શીવજી શામજી સંગોઇના પુત્રવધૂ. સ્વ. નાગજીના ધર્મપત્ની. હિતેશ, સ્વ. સમીરના માતા. ભાણબાઈ શામજી માણેકના પુત્રી. હરખચંદ, વડાલા તારામતી જાદવજી, અરૂણા મણિલાલ, રતાડીયા ગણેશવાલા હેમલતા લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હિતેશ સંગોઇ, બી-૧૦૧, વિક્ટરી પાર્ક, રોશન નગર, ચંદાવરકર રોડ, બોરીવલી (વે) ૯૨.

વડાલાના દામજી પુનશી શેઠીયા (ઉં. વ. ૯૩) તા. ૩-૧૦-૨૫ના આયખું પૂર્ણ કરેલ છે. પાનબાઈ પુનશી ઘેલાના સુપુત્ર. જવેરબેનના પતિ. નયના, ભરત, તરૂણના પિતાશ્રી. હરીલાલ, ગુંદાલાના લક્ષ્મીબેન મેઘજી ઘેલા, વડાલાના નિર્મળાબેન દામજી વેલજીના ભાઈ. સાડાઉના સુંદરબેન/રતનબેન પોપટલાલ આસગના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. તરૂણ શેઠીયા : એ-૨૦૩, રાજશ્રી એપા., રોયલ કોમ્પલેક્ષ, બોરીવલી-વે. મુંબઈ-૯૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# નવી મુંબઈ એરપોર્ટ પરથી ડિસેમ્બરથી ઉડાન ભરશે ઈન્ટરનેશનલ ફ્લાઈટ

નવી મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આઠમી ઓક્ટોબરે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું ઉદ્‌ઘાટન કરશે. આ એરપોર્ટનું નામ પ્રોજેક્ટના નેતા ડી.બી.પાટીલના નામ પર રાખવા માટે છેલ્લા કેટલાક દિવસોથી બેઠકો ચાલી રહી છે. મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રનું આ બીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હશે.

આ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ મહિનાની આઠમીએ થયા પછી પણ વાસ્તવિક ફ્લાઇટ ઓપરેશન ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં શરૂ થશે એવી સંભાવના છે.

ડિસેમ્બરમાં આ એરપોર્ટ પરથી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ ઉડાન ભરશે એવો દાવો સિડકોના મેનેજિંગ ડાયરેક્ટર વિજય સિંઘલે દાવો કર્યો છે.

મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં હવાઈ મુસાફરીની માંગ આગામી બે દાયકામાં ઝડપી ગતિએ વધવાની ધારણા છે.

૨૦૪૦ સુધીમાં આ માંગ વાર્ષિક ૧૫ કરોડ મુસાફરો સુધી પહોંચવાની ધારણા છે. હાલના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ (સીએસએમઆઈએ) એ દાયકાઓથી મુસાફરોને સારી રીતે સેવા આપી છે, પરંતુ તેની મહત્તમ ક્ષમતા વાર્ષિક સાડા પાંચ કરોડ મુસાફરો સુધી મર્યાદિત છે.

આ કારણસર નવા એરપોર્ટનું નિર્માણ સમયની માંગ હતી. સિંઘલે એવો દાવો પણ કર્યો હતો કે બંને એરપોર્ટ મુંબઈને વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર બનાવશે અને આ ક્ષેત્રની અર્થવ્યવસ્થા ઝડપી ગતિએ વધશે. ■

# બોરીવલીમાં પાઈપલાઈનમાં ગળતરઃ પાણીપુરવઠો ખોરવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલી (પૂર્વ)માં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પાસે ૪૨ ઈંચની પાઈપલાઈનમાં ગળતર થતા દહિસર વિસ્તારમાં પાણીપુરવઠો ખોરવાઈ ગયો હતો. પાલિકાના પાણીપુરવઠા વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધર્યા બાદ આજે પાણીપુરવઠો પૂર્વવત્ થશે એવો દાવો પાલિકા પ્રશાસન દ્વારા કરવામાં આવ્યો હતો.

આર-ઉત્તર વોર્ડના પાણી પુરવઠા વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે બોરીવલીમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર નેશનલ પાર્ક પાસે ૪૨ ઈંચની પાઈપલાઈનમાં ગળતર થયું હતું, તેને કારણ દહિસર પૂર્વ અને બોરીવલી પૂર્વના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો ખોરવાઈ ગયો હતો.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતુંકે ૪૨ ઈંચની પાણીની પાઈપલાઈનમાં આ ગળતર શુક્રવારથી થઈ રહ્યું હતું પણ શનિવાર સુધી જમીન નીચે રહેલી પાઈપલાઈનમાં ચોક્કસ કઈ જગ્યાએ ગળતર થઈ રહ્યું હતું તે શોધી શકાયું નહોતું. ભારે જહેમત બાદ જમીન નીચે પાઈપલાઈનમાં ગળતર મળી આવ્યા બાદ શનિવારથી સમારકામ ચાલુ કરવામાં આવ્યું હતું, જે રવિવાર વહેલી સવાર સુધી પૂરું કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. સમારકામ પૂરું થયા બાદ પાણીપુરવઠો પૂર્વવત્ થશે.

આર-વોર્ડના અધિકારીએ જણાવ્યું હતું કે પાઈપલાઈનમાં થયેલા ગળતરને કારણે દહિસર પૂર્વમાં આનંદ નગર, એન.એલ.કૉમ્પ્લેક્સ, શક્તિનગર,સી.એસ. કૉમ્પ્લેક્સ, બાભલિપાડા, વીર સંભાજીનગર, સી.એસ. રોડ, અવધૂતનગર, સુધિન્દ્રનગર જેવા વિસ્તારોમાં પાણી પુરવઠને અસર થઈ હતી. ■




# પૂજા ખેડકર, ડૉ. ઓમ્બાસે પ્રકરણ બાદ એમપીએસસીનું રાંડ્યા પછીનું ડહાપણ

## અરજી પ્રક્રિયામાં ઘણા ફેરફાર કરાયા

નાગપુરઃ યુપીએસસી પરીક્ષામાં આરક્ષણની જોગવાઇનો ગેરલાભ ઉઠાવનારાં પૂજા ખેડકરના બનાવ પછી હવે ડો. ઓમ્બાસે પ્રકરણની રાજ્યમાં ચર્ચા ચાલી રહી છે. સોલાપુર મહાપાલિકાના આયુક્ત ડો. સચિન ઓમ્બાસેએ જાતિના બનાવટી પ્રમાણપત્રના આધારે અનામતનો લાભ ઉઠાવી કેન્દ્રીય લોકસેવા આયોગ મારફત નોકરી (આઈએએસ) મેળવી હોવાની ફરિયાદની નોંધ લઈ કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેઈનિંગ (ડીઓપીટી) સચિવે રાજ્યના ચીફ સેક્રેટરીને પત્ર પાઠવી ડો. ઓમ્બાસેના સર્વ કાગળિયાની તપાસ કરી અહેવાલ રજૂ કરવાની સૂચના આપી હતી.

છેલ્લાં કેટલાક વર્ષોમાં ઉચ્ચ અધિકારીઓના દસ્તાવેજોની મૂંઝવણને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશને એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. એટલે એમપીએસસી માટે તૈયારી કરતા દરેક ઉમેદવાર માટે આ માહિતી ખૂબ જ મહત્વપૂર્ણ છે અને પરીક્ષા આપતા પહેલા અરજી પ્રક્રિયામાં કયા ફેરફારો કરવામાં આવ્યા છે તે જાણવું તેમના માટે મહત્વપૂર્ણ રહેશે. મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી) દ્વારા વિવિધ પોસ્ટ્સ માટે પ્રકાશિત જાહેરાત અનુસાર, ઉમેદવારો દ્વારા અપલોડ કરવામાં આવતા પ્રમાણપત્રો / દસ્તાવેજો / પુરાવા અંગેની વિગતો ૧૭ ઓગસ્ટ ૨૦૨૧ ની પ્રેસ રિલીઝમાં કમિશનની વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવી છે. ઉમેદવાર વિવિધ દાવાઓ અનુસાર ઓનલાઈન એપ્લિકેશન સિસ્ટમ દ્વારા ઉમેદવારની પાત્રતા જાણ્યા પછી જાહેરાત મુજબ લાયક હોય તો ચોક્કસ પ્રમાણપત્રો/દસ્તાવેજો/પુરાવા અપલોડ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

એમપીએસસીએ આ સંદર્ભે એક પરિપત્ર બહાર પાડ્યો છે. તદનુસાર, અરજી ફોર્મ ભરતી વખતે ઉમેદવારો દ્વારા સબમિટ કરવાના દસ્તાવેજોની યાદી પ્રકાશિત કરવામાં આવી છે.

આ યાદીમાં કુલ ૨૦ પ્રકારના દસ્તાવેજો છે. ઉમેદવારને એમપીએસસીની વેબસાઇટ પર પોસ્ટ કરેલી પ્રેસ રિલીઝ દ્વારા એસએમએસ, ઇ-મેઇલ દ્વારા વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવશે. ■

# પિકનિક પર ગયેલા એક પરિવારનાં ત્રણ દરિયામાં ડૂબ્યા

## ચાર ગૂમ, એકનો બચાવ

મુંબઈઃ સિંધુદુર્ગ જિલ્લામાં દરિયા કિનારા પર ફરવા ગયેલા એક જ પરિવારના ત્રણ લોકો દરિયામાં તણાઈ ગયા હતા. તો અન્ય ચાર લોકોનો કોઈ પત્તો લાગ્યો ન હોવાનું સ્થાનિક પોલીસે જણાવ્યું હતું. ૧૬ વર્ષની એક કિશોરીને બચાવી લેવામાં આવી હતી.

સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ શુક્રવારે સાંજે ચાર વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો, જેમાં મુંબઈથી ૪૯૦ કિલોમીટર દૂર આવેલા સિંધુદુર્ગના શિરોડા-વેલાઘર બીચ પર એક ગ્રૂપ ફરવા આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ એક જ પરિવારનાં આઠ સભ્યો અહીં બીચ પર પિકનિક માટે આવ્યા હતા, જેમાં બે સિંધુદુર્ગના કુડાલના બે સભ્યો હતો. જયારે અન્ય છ જણ કર્ણાટકના બેલાગાવીના હતા.

પરિવારના આઠેય સભ્યો શુક્રવારે સાંજના દરિયામાં અંદર તરવા માટે દાખલ થયા હતા પણ દરિયાની ઊંડાઈની અજાણ હોવાને કારણે તેઓ દરિયાના પાણીમાં અંદર તણાવા માંડયા હતા. પોલીસ અને સ્થાનિક ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

બચાવ ટુકડીએ ૧૬ વર્ષની કિશોરીને બચાવી લીધી હતી પણ શુક્રવાર મોડે સુધી રેસ્ક્યુ ઓપરેશન ચાલ્યું હતું પણ ચાર લોકોનો શોધ લાગી શક્યો ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. મૃતકોમાં ૩૪ વર્ષીય ફરીન ઈરફાન કિત્તુર, ૧૩ વર્ષના ઈબાદ ઈરફાન કિત્તુર અને ૧૬ વર્ષની નમીરા અફતાબ અખત્તરનો સમાવેશ થાય છે. ચાર લોકોનાં શનિવાર સુધી કોઈ પત્તો લાગ્યો નહોતો, જેમાં ૩૬ વર્ષના ઈરફાન મોહમ્મદ કિત્તુર, ૧૫ વર્ષના ઈકવાન ઈમરાન કિત્તુર, ૨૫ વર્ષના ફરહાન મનિયાર અને ૧૩ વર્ષના ઝીકાર નિરાસ મનિયારનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■

# દારૂ અને ડ્રગ્સનું વ્યસન માનસિક બીમારીઃ હાઈ કોર્ટ

## આરોપીના માનસિક સારવાર અને પુનર્વસન પર ભાર મુક્યો

મુંબઈઃ દારૂ અને નશીલા દ્રવ્યોનું વ્યસન માનસિક બીમારી છે તેની નોંધ લઈ બોમ્બે હાઈ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠે સમાજની સલામતીને ધ્યાનમાં રાખી ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિને જામીન પર મુક્ત કરતા પહેલા માનસિક સારવાર અને પુનર્વસનની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. પત્નીની કથિત સતામણી અને હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજીની સુનાવણી દરમિયાન હાઈ કોર્ટે ગયા અઠવાડિયે આ આદેશ આપ્યો હતો.

ન્યાયમૂર્તિ સંજય દેશમુખની ખંડપીઠે પ્રતિબંધ હોવા છતાં ગેરકાયદેસર શરાબ અને ડ્રગ્સની સરળતાથી મળી જાય છે એ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે પડોશી દેશો દ્વારા નવી પેઢીને પ્રતિબંધિત ડ્રગ્સ પૂરા પાડવામાં આવે છે. ખંડપીઠે સંબંધિત અધિકારીઓ અને જિલ્લા અદાલતોને નિર્દેશ આપ્યો છે કે તેઓ માનસિક આરોગ્ય સંભાળ અધિનિયમ, ૨૦૧૭ ની જોગવાઈઓનું કડક પાલન કરી આરોપીઓ સંપૂર્ણ સ્વસ્થ ન થાય ત્યાં સુધી માનસિક રીતે સારવાર કરે.

હાઈ કોર્ટે કહ્યું કે તમામ સંબંધિતો, પોલીસ, જેલ સત્તાવાળાઓ અને અદાલતો દ્વારા આનું પાલન કરવાથી ગુના ઘટશે અને સમાજ આવી વ્યક્તિથી મુક્ત થશે. આ પ્રક્રિયા ક્રિમિનોલોજી અને પેનોલોજી મુજબ સજાના સુધારાત્મક સિદ્ધાંતના ઉદ્દેશ્યને પૂર્ણ કરશે. પત્નીને પરેશાન કરવા અને હત્યા કરવાના આરોપમાં ધરપકડ કરાયેલા પ્રમોદ ધુલેની જામીન અરજીના જવાબમાં આ આદેશ આપવામાં આવ્યો છે. દારૂના વ્યસની હોવાથી ગેરવર્તણૂકના કારણે ધુલેને સીઆરપીએફમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો.

ખંડપીઠે જણાવ્યું હતું કે આવા માનસિક રીતે બીમાર લોકોને જામીન પર છોડી દીધા પછી તેઓ ગેરકાયદેસર કૃત્યો ચાલુ રાખે છે. યોગ્ય સારવાર અને પુનર્વસન વિના આવા લોકોને જામીન પર મુક્ત કરવાને બદલે, સમાજની સલામતીના હિતમાં તેમની માનસિક બીમારી માટે તેમની સારવાર કરવી ફાયદાકારક રહેશે.

આરોપીએ તેની અરજી પાછી ખેંચી લીધા બાદ હાઈકોર્ટે નાંદેડ જેલના અધિકારીઓને તેને મનોચિકિત્સક મૂલ્યાંકન અને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં લઈ જવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)■

## ગિરગામમાં વડાપાંઉની દુકાનમાં આગ

# સિલિન્ડરનો સ્ફોટ થતો બચી ગયો એટલે મોટી દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં શનિવારે સવારના વડાપાંઉની દુકાનમાં ગેસ સિલિન્ડરમાં ગેસ લિકેજને પગલે આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબેમાં આગમાં કોઈ જખમી થયું નહોતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ગિરગામમાં ખાદીલકર રોડ પર નાકોડા લાધા બિલ્ડિંગ નજીક વડાપાંઉ વેચનારાની દુકાન આવેલી છે. શનિવારે સવારના ૧૧.૪૫ વાગે વડાપાંઉના સ્ટોલમાં ગેસ સિલિન્ડરમાં ગળતર થયા બાદ અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. દસેક મિનિટમાં આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. સદ્‌નસીબે સિલિન્ડરનો સ્ફોટ થતા બચી જવાને કારણે મોટી જાનહાનિ ટળી હતી.

# ભિવંડીમાં ધર્મપરિવર્તનના પ્રયાસ બદલ યુએસના નાગરિક સહિત ત્રણની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં આવેલા એક ગામના રહેવાસીઓને બળજબરીથી ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવવાનો પ્રયાસ કરવા બદલ પોલીસે યુએસના નાગરિક સહિત ત્રણની ધરપકડ કરી હતી. એક ગામવાસીએ કરેલી ફરિયાદને આધારે ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. ભિવંડીના ચિંબીપાડા વિસ્તારમાં શુક્રવારની બપોરે એક ઘરની બહાર રહેવાસીઓને ભેગા કરીને આરોપીઓએ આવું કૃત્ય કર્યું હોવાનો દાવો ફરિયાદમાં કરાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એફઆઈઆર અનુસાર ખ્રિસ્તી ધર્મનાં પુસ્તકોનું ઘટનાસ્થળ પર હાજર મહિલા, પુરુષો અને બાળકોમાં વિતરણ કરાયું હતું અને તેમને પ્રેયર કરવાનું કહેવામાં આવ્યું હતું. આરોપીઓએ ગામવાસીઓને કથિત રીતે એવું પણ કહ્યું હતું કે ધર્મપરિવર્તન તેમની બીમારી સાજી કરશે, એમ પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે પોલીસે યુએસના નાગરિક જૅમ્સ વૉટ્સન (૫૮) સહિત વસઈના રહેવાસી સાંઈનાથ ગણપતિ સર્પે (૪૨) અને જેના ઘરની બહાર રહેવાસીઓને એકઠા કરી મીટિંગ થઈ હતી તે મનોજ કોલ્હા (૩૫)ની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)■

કચ્છી ભાટિયા (અંજારિયા)


(ઉ.વ. ૯૬)

**ગોપાલદાસ ઉદેશી (કાકુભાઇ ટિકિટવાળા)**

સ્વ. મોતીબાઈ જેઠાભાઈ ના સુપુત્ર. સ્વ.જમનાબેન ના પતિ. સ્વ. પ્રતાપભાઈ, સ્વ. રણછોડભાઈ, સ્વ. સંતોક બેન, સ્વ. મેના બેન, સ્વ. નિર્મલા બેન ના ભાઈ. સ્વ. કલ્યાણજી કેશવજીના જમાઈ. ગં.સ્વ.લતા બેન રોહિતભાઇ ટોપરાની ના પિતાશ્રી. રમેશ, અ.સૌ. જયશ્રી, કરન, અ.સૌ. રીમા અંકુર ગાજરીયા અને અ.સૌ. રિદ્ધિ ના દાદા. પ્રતીક, અંકિતના નાના. સ્વ. હરીશ, અનિલ, હર્ષદ, ગં. સ્વ. નલિની બેન, ગં. સ્વ. હંસાબેન, અ.સૌ. નીતા બેન અને અ.સૌ. વીણાબેન ના કાકા. તા. ૦૩.૧૦.૨૦૨૫ ને શુક્રવાર ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

**પ્રાર્થના સભાઃ તા. ૦૫.૧૦.૨૦૨૫, રવિવાર સાંજે ૪.૩૦ થી ૬ રાખેલ છે. સ્થળઃ શ્રી સ્વામિનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ ૭૭. લૌકિક વ્યવહાર બંધ છે. (સૌજન્યઃ શ્રીજી ટ્રાવેલ્સ)**













# બાળકીની બળાત્કાર બાદ હત્યાના આરોપીએ બીજી બાળકી સાથે પણ એવું જ કૃત્ય આચર્યું

## ભિવંડીમાં જ બનેલી ઘટના બાદ

## બિહાર ફરાર થવાની તૈયારીમાં રહેલો આરોપી પકડાયો

થાણેઃ છ વર્ષની બાળકીની બળાત્કાર બાદ હત્યાના કેસમાં પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયેલા આરોપીએ બીજી બાળકી સાથે પણ એવું જ હીચકારું કૃત્ય કર્યું હતું. સાત વર્ષની બાળકીનો ભોગ લીધા પછી બિહાર ભાગવાની તૈયારીમાં રહેલા આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ ભિવંડીમાં પહેલી ઑક્ટોબરે બનેલી ઘટનાના કેસમાં ૩૩ વર્ષના આરોપીની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી.

પડોશમાં રહેતી સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કર્યા પછી ગળું દબાવી તેની હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ બાળકીના મૃતદેહને ગૂણીમાં ભરીને ઘરમાં સંતાડ્યા પછી આરોપી ફરાર થઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ બાળકી શૌચાલયમાં જવા માટે ઘરેથી નીકળી હતી, પરંતુ ખાસ્સો સમય વીત્યા છતાં તે ઘરે પાછી ફરી નહોતી. પરિણામે વડીલોએ તેની શોધખોળ શરૂ કરી હતી.

કહેવાય છે કે શોધખોળ દરમિયાન બાળકી શૌચાલયમાં લઈ ગયેલી નાની બાલદી આરોપીના ઘર બહાર પડી હોવાનું પરિવારજનોને ધ્યાનમાં આવ્યું હતું. આરોપીના ઘરને બહારથી તાળું લાગેલું હતું. શંકાને આધારે તાળું તોડવામાં આવ્યું હતું. ઘરમાં ગૂણીમાં બાંધેલો બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. બાળકી સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાનું પ્રથમદર્શી જણાયું હતું. આ કેસમાં ફરાર આરોપી તેના વતન બિહારના મધુબની જવાની તૈયારીમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે પોલીસે છટકું ગોઠવી તેને પકડી પાડ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ આવા જ પ્રકારના કેસમાં ૨૦૨૩માં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ભિવંડીમાં જ છ વર્ષની બાળકીની બળાત્કાર બાદ હત્યા કરવામાં આવી હતી. એ કેસમાં ધરપકડ પછી આરોપીને થાણે સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. કેસની સુનાવણી વખતે કોર્ટમાં લવાયેલો આરોપી પોલીસ કસ્ટડીમાંથી ફરાર થઈ ગયો હતો. ત્યારથી પોલીસ આરોપીની શોધમાં હતી. (પીટીઆઈ) ■

# વિરાર લોકલમાંથી પડી ગયેલા જવાનનું મોત

## ટ્રેનોની ભીડે લીધો વધુ એકનો ભોગ

મુંબઈઃ મુંબઈની લોકલ ટ્રેનએ મુંબઈગરાની લાઈફલાઈન છે, પરંતુ અનેક વખત આ લાઈફલાઈન જ મુંબઈગરા માટે જીવલેણ સાબિત થાય છે. દરરોજ ટ્રેનની અડફેટે આવી જતા, ભીડ, ધક્કામુક્કીને કારણે ટ્રેનમાંથી પડી જતાં પ્રવાસીઓ મોતને ભેટે છે. આવી જ એક વધુ ચોંકાવનારી માહિતી સામે આવી છે જેમાં ટ્રેનમાં રહેલી ભીડને કારણે ટ્રેનમાંથી પડી જતાં ૩૧ વર્ષીય જવાનનું મૃત્યુ થયું હતું. આ જવાન ડ્યૂટી પૂરી કરીને ઘરે પાછો ફરી રહ્યો હતો, ત્યારે યુનિફોર્મમાં જ તેનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી અનુસાર શુક્રવારે સાંજે મીરા રોડ અને ભાયંદર સ્ટેશન વચ્ચે થયેલા એક અકસ્માતમાં મહારાષ્ટ્ર સુરક્ષા દળ (એમએસએફ)ના જવાન ગણેશ જગદાળે (૩૧)નું મૃત્યુ થયું હતું. ગણેશ જગદાળે દહીંસરથી નાયગાવ તરફ જઈ રહેલી વિરાર લોકલ ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા હતા. દરરોજની જેમ વિરાર ટ્રેનમાં રહેલી ભીડને કારણે દરવાજા પર ઊભા રહીને પ્રવાસ કરી રહેલાં ગણેશ જગદાળે સંતુલન ગુમાવતા ટ્રેનમાંથી નીચે પડી ગયા. તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ હોસ્પિટલમાં તેમને મૃત જાહેર કર્યા હતા.

**કપોળ મરણ**

જન્મઃ ૨૭-૦૫-૧૯૬૬



ગોવિંદ ચરણઃ ૦૨-૧૦-૨૦૨૫

**મનીષ ધીરજલાલ પારેખ**

(પાલીતાણા, હાલ મુંબઈ)

**આસો સુદ દશેરા તા. ૨ ઓકટોબર, ૨૦૨૫ના ગોવિંદ ચરણ પામ્યા છે.**

"શબ્દો નથી જડતા શું લખીએ શ્રધ્ધાંજલીમાં, અણધારી લીધી વિદાય ચાલ્યા તમે સ્વર્ગમાં અમારા સૌના પર વરસાવેલો તમારો સ્નેહ અમારા અંતરમાં સદાય મ્હેકતો રહેશે"

**શોકાતુર**

પત્નીઃ હર્ષા મનીષ પારેખ
પુત્રીઃ સિદ્ધિ અંકુર અગ્રવાલ પુત્રઃ નિમય મનીષ પારેખ
માતા-પિતાઃ સ્વ. વનીતાબેન - સ્વ. ધીરજલાલ અમૃતલાલ પારેખ
ભાઈ-ભાભીઃ રાજેશ ધીરજલાલ પારેખ - અ.સૌ. નમતા રાજેશ પારેખ
વેવાઈઃ ગોપાલ કૃષ્ણ અગ્રવાલ
સાસુ-સસરાઃ સ્વ. અનસુયાબેન- મનસુખલાલ વિઠ્ઠલદાસ સંઘવી (બાબરીયા ધારવાળા)
સાળા - અ.સૌ. જાગૃતી જીગ્નેશ સંઘવી
બેન - બનેવીઃ કોકીલાબેન વિનોદભાઈ શેઠ, નીલાબેન યોગેશભાઈ મહેતા, મયુરીબેન (દક્ષા) અરૂણભાઈ દેસાઈ, વર્ષાબેન રમેશભાઈ મહેતા
સાળીઃ મીના લલીતભાઈ મહેતા, રક્ષા સમીરભાઈ શાહ, કિરણ નૈનેશભાઈ સંઘવી
મોસાળઃ સ્વ. ઓધવજી નરસિહા શેઠ (સ્વ. મણીભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. વસંતભાઈ)
ભત્રીજીઃ તનીશા રાજેશ પારેખ
ભાણેજઃ નિશીતા જૈમિષ મોદી, રચના બિમલ પારેખ, ભાવી મહેતા, મીરા આનંદ શાહ, ભવ્યા ભાવિન મહેતા, કુંજલ ભાવિન સંઘવી, જીનલ પ્રતીક વોરા હીરલ વત્સલ શાહ, યાતિ ઋષિ મહેતા, હેતલ મીલીંદ દેસાઈ મુગ્ધા મિહીર મહેતા, શૈલી રાજ શાહ, શ્રુતિ આકાશ ત્રિપાઠી, આકાંશા શાલીન શાહ શૈલી કરણ સંઘવી, સાક્ષી સંઘવી

**પાર્થના સભા**

રવિવાર, ૫ ઓકટોબર, ૨૦૨૫, સાંજે ૪.૩૦ થી ૬.૩૦
જલારામ હોલ, એન. એસ. રોડ ૬, હાટકેશ સોસાયટી, જેવીપીડી સ્કીમ, વીલે પાર્લે (વેસ્ટ).

# ભારતનો વેસ્ટ ઈન્ડિઝ સામે નવો વિક્રમ, સૌથી ઓછા બૉલમાં પરાજિત કર્યું

## કૅરિબિયનો માત્ર ૫૩૬ બૉલનો સામનો કરી શક્યા અને અઢી દિવસમાં ખેલ ખતમ

અમદાવાદ: શુભમન ગિલના સુકાનમાં ભારતીય ટેસ્ટ ટીમે અહીં શનિવારે રોસ્ટન ચેઝના નેતૃત્વમાં રમવા આવેલી વેસ્ટ ઇન્ડિઝની ટીમને સિરીઝની પ્રથમ ટેસ્ટમાં માત્ર અઢી દિવસમાં હરાવીને મુકાબલાનો બહુ વહેલો અંત તો લાવી જ દીધો, ભારતીય ટીમે બન્ને દેશ વચ્ચેના ૭૭ વર્ષના ટેસ્ટ-ઇતિહાસમાં અનોખો વિક્રમ પણ રચ્યો છે. ભારત સામે વેસ્ટ ઇન્ડિઝ અત્યાર સુધીમાં કુલ ૧૦૧માંથી ૨૪ ટેસ્ટ હાર્યું છે, પરંતુ અમદાવાદની મૅચનું પરિણામ વેસ્ટ ઇન્ડિઝના માથે મોટો કલંક છે. તેઓ ભારત સામેની આ ટેસ્ટમાં કુલ મળીને પૂરી ૯૦ ઓવર પણ નહોતા રમી શક્યા જે નવો રેકૉર્ડ છે.

બીજી રીતે કહીએ તો કૅરિબિયનોએ આ ટેસ્ટમાં કુલ મળીને માત્ર ૫૩૬ બૉલનો સામનો કર્યો હતો. એ રીતે, બન્ને દેશ વચ્ચેના ઇતિહાસમાં કૅરિબિયનોએ સૌથી ઓછા બૉલ રમીને ભારત સામે પરાજય સ્વીકાર્યો.



### એશિયા કપના ઓવરડોઝ પછી તરત જ ટેસ્ટ-જંગ

અમદાવાદમાં ગુરુવારે સવારે હજી તો સિરીઝ શરૂ થઈ અને શનિવારે બપોરે પૂરી પણ થઈ ગઈ.

એશિયા કપમાં ભારતના રવિવાર, ૨૮મી સપ્ટેમ્બરના ચૅમ્પિયનપદ અને ત્યાર પછી ટ્રૉફીને લગતું જે નાટક પાકિસ્તાને કર્યું એના ઓવરડોઝમાંથી ક્રિકેટપ્રેમીઓ હજી માનસિક રીતે બહાર આવી રહ્યા હતા ત્યાં કૅરિબિયનો સામે ટેસ્ટ-શ્રેણી શરૂ થઈ ગઈ જેમાં અમદાવાદનું સ્ટેડિયમ મોટા ભાગે ઘણું ખાલી રહ્યું હતું. જોકે ટેસ્ટના રસિયાઓમાં ખૂબ રોમાંચ જોવા મળ્યો હતો.

### એક દાવથી વિજય, જાડેજા મૅન ઑફ ધ મૅચ

બીજી ઑક્ટોબરે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની ટેસ્ટ વેસ્ટ ઇન્ડિઝે પસંદ કરેલી બૅટિંગ સાથે શરૂ થઈ હતી. ભારતની બેસ્ટ-ટેસ્ટ ટીમ હતી, જ્યારે કૅરિબિયનોની ટીમ સેકન્ડ-ગ્રેડ હતી. તેમણે પ્રથમ દાવમાં ૧૬૨ રન કર્યા હતા જેમાં જસ્ટિન ગ્રીવ્ઝના ૩૨ રન હાઇએસ્ટ હતા. મોહમ્મદ સિરાજે ચાર, જસપ્રીત બુમરાહે ત્રણ અને કુલદીપ યાદવે બે વિકેટ લીધી હતી. ભારતે જવાબમાં ૫/૪૪૮ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો જેમાં ધ્રુવ જુરેલ (૧૨૫ રન), વાઇસ-કૅપ્ટન રવીન્દ્ર જાડેજા (૧૦૪ અણનમ) અને કે. એલ. રાહુલ (૧૦૦ રન) તેમ જ શુભમન ગિલ (૫૦ રન)ના સૌથી મોટાં યોગદાન હતાં. યશસ્વી જયસ્વાલે ૩૬ રન બનાવીને રાહુલ જોડે ૬૮ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. કૅપ્ટન રૉસ્ટન ચેઝે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ભારતે ૨૮૬ રનની સરસાઈ લીધી હતી. શનિવારે બીજી ઇનિંગ્સમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમ ફક્ત ૧૪૬ રનના સ્કોર પર આઉટ થઈ જતાં ભારતનો એક ઇનિંગ્સ અને ૧૪૦ રનથી વિજય થયો. જાડેજાએ ચાર, સિરાજે ત્રણ, કુલદીપે બે અને વૉશિંગ્ટને એક વિકેટ લીધી હતી. જાડેજાને ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ (મૅચમાં કુલ ચાર વિકેટ અને અણનમ ૧૦૪ રન) બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

### વેસ્ટ ઈન્ડિઝ સામેના ભારતના સૌથી વહેલા વિજય

(૧) ૪ ઑક્ટોબર ૨૦૨૫, અમદાવાદમાં વેસ્ટ ઇન્ડિઝનો કુલ ૫૩૬ બૉલ રમ્યા બાદ પરાજય

(૨) ૪ ઑક્ટોબર ૨૦૧૮, રાજકોટમાં વેસ્ટ ઇન્ડિઝનો કુલ ૫૯૩ બૉલ રમ્યા બાદ પરાજય

(૩) ૨૨ ઑગસ્ટ ૨૦૧૯, નૉર્થ સાઉન્ડમાં વેસ્ટ ઇન્ડિઝનો ૬૦૭ બૉલ રમ્યા બાદ પરાજય

(૪) ૧૪ નવેમ્બર ૨૦૧૩, વાનખેડેમાં વેસ્ટ ઇન્ડિઝનો ૬૧૪ બૉલ રમ્યા બાદ પરાજય

(૫) ૩૦ જૂન ૨૦૦૬, કિંગસ્ટનમાં વેસ્ટ ઇન્ડિઝનો ૬૧૯ બૉલ રમ્યા બાદ પરાજય

### કૅપ્ટન ગિલે જીત્યા પછી શું કહ્યું?

ભારતે બે મૅચની શ્રેણીમાં ૧-૦થી સરસાઈ લીધી છે. બીજી ટેસ્ટ શુક્રવાર, ૧૦મી ઑક્ટોબરથી દિલ્હીમાં રમાશે. ભારત આ સિરીઝ ૨-૦થી જીતી લેવા માટે ફેવરિટ ગણાય છે.

આ શ્રેણી પછી ભારતના કેટલાક ટેસ્ટ ખેલાડીઓ ઑસ્ટ્રેલિયાના વન-ડે તથા ટી-૨૦ પ્રવાસે જશે. કૅપ્ટન શુભમન ગિલે અમદાવાદમાં વિજય મેળવ્યા પછી કહ્યું, ‘ખરું કહું તો અમારા માટે આ પરફેક્ટ ગેમ હતી. મૅચમાં ભારત વતી ત્રણ સેન્ચુરી થઈ અને અમારી ફીલ્ડિંગ પણ સારી હતી. આ બધુ જોતાં ટીમ બાબતમાં મારી કોઈ જ ફરિયાદ નથી.’ ■

# અભિષેક બહેનનાં લગ્નમાં ન ગયો, કાનપુરમાં પહેલા જ બૉલ પર આઉટ થઈ ગયો



અમૃતસર/કાનપુર: ટી-૨૦નો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા એશિયા કપમાં હાઇએસ્ટ ૩૧૪ રનના સુપર-ડુપર પર્ફોર્મન્સ સાથે અને ભારતને ચૅમ્પિયન બનાવવામાં સૌથી મોટું યોગદાન આપીને ૨૯મી સપ્ટેમ્બરે સ્વદેશ પાછો આવ્યો અને બહેન કોમલ શર્માનાં લગ્નના દિવસની રાહ જોઈ રહ્યો હતો, પરંતુ તેણે એવી નિરાશા જોવી પડી કે એ વર્ષો સુધી તે નહીં ભૂલે. તેણે કોમલના મૅરેજ પહેલાંની હલ્દી તથા સંગીત સહિતના કાર્યક્રમોમાં હાજરી આપી હતી, પરંતુ લગ્નના દિવસે હાજરી આપવાને બદલે નૅશનલ ડ્યૂટીને ધ્યાનમાં રાખીને ક્રિકેટ મૅચ રમવા કાનપુર જતો રહ્યો હતો જેમાં તે પહેલા જ બૉલ પર આઉટ (ગોલ્ડન ડક) થઈ ગયો હતો.

કોમલ શર્માનાં લગ્ન લવિશ નામના યુવાન સાથે થયાં હતાં. કાનપુરમાં શુક્રવારે (ત્રીજી ઑક્ટોબરે) ઇન્ડિયા-એનો ઑસ્ટ્રેલિયા-એ સામે પરાજય થયો હતો. અભિષેક એમાં ઑસ્ટ્રેલિયાના પચીસ વર્ષના (ભારત માટે અજાણ્યા) જૅક એડવર્ડ્સ નામના પેસ બોલરના પહેલા જ બૉલ પર કૅચઆઉટ થઈ ગયો હતો.

કાનપુરની મૅચમાં પ્રભસિમરન સિંહ પણ એક રન કરી શક્યો હતો, જ્યારે એશિયા કપની પાકિસ્તાન સામેની ફાઇનલના સુપરસ્ટાર બૅટ્સમૅન તિલક વર્માએ ૯૪ રન કર્યા હતા, પરંતુ ભારતીય ટીમે ૨૪૬ રન કર્યા પછી વરસાદના વિઘ્ન બાદ ઑસ્ટ્રેલિયન ટીમે પચીસ ઓવરમાં એક વિકેટે ૧૬૦ રન બનાવવાનો નવો લક્ષ્યાંક એક જ વિકેટના ભોગે મેળવી લીધો હતો. ■

# અશ્વિનની ખોટ વર્તાય છે, પણ એક દિવસ તમને જાડેજા પણ મેદાન પર નહીં દેખાય: રવીન્દ્ર જાડેજા

## ‘બાપુ’એ એક અવૉર્ડ સાથે મેળવી બે મોટી સિદ્ધિ

અમદાવાદ: ઘરઆંગણે ૧૨ વર્ષમાં સતત ૧૮ ટેસ્ટ-સિરીઝ જીતવાના વિક્રમમાં રવિચન્દ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજા, બન્ને સ્પિનરના એકસરખા યોગદાન હતા, પરંતુ હવે માત્ર જાડેજા સ્ટેડિયમ ગજાવી રહ્યો છે, કારણકે અશ્વિન નિવૃત્ત થઈ ચૂક્યો છે અને ‘જડુ’ તરીકે જાણીતા જાડેજાએ શનિવારે અહીં ભારતને વેસ્ટ ઇન્ડિઝ સામે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી વિજય અપાવ્યા પછી અશ્વિન વિશે પૂછાતાં કહ્યું, ‘આપણે અશ્વિનને જરૂર મિસ કરી રહ્યા છીએ. ભારતીય ક્રિકેટમાં તેનું અનેરું યોગદાન રહ્યું છે. ભારતમાં ટેસ્ટ સિરીઝ હોય અને તે ન રમતો હોય એ કલ્પી પણ ન શકાય. એવું જ લાગ્યા કરે કે હમણાં તે બૉલ ફેંકશે. જોકે પછી વિચાર આવે કે તે તો રિટાયર થઈ ગયો છે. ભવિષ્યમાં તમે કહેશો કે જડુ નથી? કહેવાનો મતલબ એ છે કે કોઈ મારું સ્થાન લેશે. અશ્વિનની ખોટ વર્તાય છે, પણ એક દિવસ તમને જાડેજા પણ મેદાન પર નહીં દેખાય.’

જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં ૧૧મો મૅન ઑફ ધ મૅચ અવૉર્ડ જીતી લીધો. એ સાથે તેણે દ્રવિડની બરાબરી કરી હતી. ભારતીયોમાં હવે માત્ર સચિન (૧૪ અવૉર્ડ) તેમનાથી આગળ છે.

એક જ ટેસ્ટમાં સેન્ચુરી કરવા ઉપરાંત ચાર કે વધુ વિકેટ લેનારાઓમાં અશ્વિનની તેમ જ સર ગૅરી સોબર્સની બરાબરી કરી છે. સોબર્સ અને અશ્વિન બાદ હવે જાડેજાએ પણ ચાર મૅચમાં આ સિદ્ધિ મેળવી છે. બૉથમ (પાંચ ટેસ્ટમાં સેન્ચુરી અને ૪-પ્લસ વિકેટ) પહેલા નંબરે છે.

# આજે મહિલા વર્લ્ડ કપમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન જંગ

કોલંબો: મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોના મેદાન પર (બપોરે ૩.૦૦ વાગ્યાથી) જંગ થશે. પુરુષોના એશિયા કપમાં ગયા રવિવારે સૂર્યકુમારની ટીમે સલમાન આગાની પાકિસ્તાની ટીમને ધૂળચાટતી કરી ત્યાર પછી આજે હરમનપ્રીત કૌરની ટીમે ફાતિમા સનાની ટીમને નામોશી જોવડાવવાની છે.

કોલંબોમાં ગઈ કાલે વરસાદને કારણે શ્રીલંકા-ઑસ્ટ્રેલિયા મૅચ નહોતી રમાઈ એ જોતાં આજે ભારત-પાકિસ્તાનની મૅચમાં પણ મેઘરાજા વિઘ્ન ઊભા કરી શકે. મેન્સ ક્રિકેટની માફક મહિલા ક્રિકેટમાં પણ બીસીસીઆઇએ પાકિસ્તાની ટીમની કોઈ પણ ખેલાડી સાથે હાથ ન મિલાવવાની નીતિ રાખી છે. વન-ડે ક્રિકેટમાં પાકિસ્તાન સામે ભારત તમામ ૧૧ મૅચ જીત્યું છે. ■

# વન-ડે ટીમ જાહેર: ચૅમ્પિયન્સ ટ્રૉફી જીતનારી ચૅમ્પિયન ટીમમાં કરાયા પાંચ ફેરફાર

## ગિલ નવો કૅપ્ટન: રોહિત-વિરાટ ટીમમાં સામેલ, પણ જાડેજા-ચક્રવર્તીનાં નામ ગાયબ

અમદાવાદ: ઑસ્ટ્રેલિયામાં આગામી ૧૯મી ઑક્ટોબરે ભારતની જે વન-ડે સિરીઝ રમાવાની છે એ માટેની ટીમ શનિવારે અમદાવાદમાં નક્કી કરવામાં આવી હતી. શુભમન ગિલને ભારતનો નવો વન-ડે કૅપ્ટન બનાવવામાં આવ્યો છે અને શ્રેયસ ઐયરને વાઇસ-કૅપ્ટનની જવાબદારી સોંપાઈ છે. માર્ચમાં યુએઇમાં ભારત વન-ડેની જે ચૅમ્પિયન્સ ટ્રૉફી જીત્યું એ ટીમના પાંચ પ્લેયરના નામ નવી વન-ડેમાં ટીમમાં નથી.

રોહિત શર્મા પાસેથી વન-ડેના નેતૃત્વની જવાબદારી હવે પાછી લઈ લેવામાં આવી છે અને ગિલને ટેસ્ટ ઉપરાંત હવે વન-ડે ટીમ પણ સંભાળવાનું કહેવામાં આવ્યું છે.

રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ૨૦૨૪માં લગભગ એક સાથે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લીધી હતી અને આ વર્ષે તેમણે માત્ર પાંચ દિવસના અંતરમાં ટેસ્ટના રિટાયરમેન્ટની જાહેરાત કરી હતી. હવે તેઓ ભારત વતી માત્ર વન-ડેમાં રમતા જોવા મળશે.

### વન-ડે અને ટી-૨૦ સિરીઝ ક્યારથી?

ઑસ્ટ્રેલિયામાં ભારતીય ટીમ ૧૯-૨૫ ઑક્ટોબર દરમ્યાન ત્રણ વન-ડે રમશે અને ત્યાર પછી પાંચ ટી-૨૦ શ્રેણી શરૂ થશે.

શુભમન ગિલના સુકાનમાં જાહેર કરવામાં આવેલી નવી વન-ડે ટીમ એવી છે જેમાં ચૅમ્પિયન્સ ટ્રૉફીની ટીમના પાંચ પ્લેયર સામેલ નથી. રવીન્દ્ર જાડેજા તથા વરુણ ચક્રવર્તીના નામ ગાયબ છે. ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાને ઘૂંટણની આસપાસના સ્નાયુઓમાં દુખાવો છે અને એમાંથી હજી તે મુક્ત નથી થયો એટલે વન-ડે ટીમમાં તેનું નામ નથી. રિષભ પંતને ઇંગ્લૅન્ડમાં પગમાં ઈજા થઈ હતી અને હજી એમાંથી પૂરેપૂરો સાજો નથી થયો. જસપ્રીત બુમરાહને વન-ડે સિરીઝમાંથી આરામ આપવામાં આવ્યો છે.

**વન-ડે ટીમ:** શુભમન ગિલ (કૅપ્ટન), શ્રેયસ ઐયર (વાઇસ-કૅપ્ટન), કે. એલ. રાહુલ (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રોહિત શર્મા, વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, અક્ષર પટેલ, નીતીશ કુમાર રેડ્ડી, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

**ટી-૨૦ ટીમ:** સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), જિતેશ શર્મા (વિકેટકીપર), સંજુ સૅમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, નીતીશ કુમાર રેડ્ડી, શિવમ દુબે, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, રિન્કુ સિંહ અને વૉશિંગ્ટન સુંદર. ■

## વેપાર વાણિજ્ય

# સોનામાં સાપ્તાહિક ધોરણે ૩.૨૫ ટકાની આગઝરતી તેજી વચ્ચે નવરાત્રી-દશેરાની માગ શુષ્ક

## ઘણાં જ્વેલરોએ ગ્રાહકને આકર્ષવા વન ગ્રામ ગોલ્ડનાં આભૂષણો સેલની સ્કીમ, રોકાણલક્ષી છૂટીછવાઈ માગ

કોમોડિટી
રમેશ ગોહિલ

અમેરિકામાં ગત સપ્તાહથી અમલી બનેલું ગવર્મેન્ટ શટડાઉન અથવા તો સરકારી કામકાજો થંભી જવાને કારણે ગત સપ્તાહે અમેરિકાના કોઈ આર્થિક ડેટાઓની જાહેરાત નહોતી થઈ તેમ જ આ શટડાઉન કેટલું ચાલશે તે અંગે પણ અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૨૮-૨૯ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા અને યુક્રેન-રશિયા વચ્ચેનાં ભૂરાજકીય તણાવને કારણે વૈશ્વિક બજારમાં સોનામાં વન વે તેજીનું વલણ જળવાઈ રહેતાં ગત ગુરુવારે ભાવ ઔંસદીઠ ૩૮૯૬.૪૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચી ગયા હતા અને ભાવમાં સાપ્તાહિક ધોરણે ત્રણ ટકાનો ઉછાળો નોંધાયો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ ૧૪ વર્ષની ઊંચી સપાટી આસપાસ ઔંસદીઠ ૪૭.૯૬ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા.

વૈશ્વિક બજારમાં સોનામાં એકતરફી તેજીના માહોલમાં સ્થાનિક બજારમાં પણ આગઝરતી તેજી આગળ ધપી હતા. વધુમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણથી રૂપિયો સાપ્તાહિક ધોરણે સાત પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધવાને કારણે સોનાની તેજીને વધુ ઈંધણ મળ્યું હતું . ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૬મી સપ્ટેમ્બરનાં રૂ. ૧,૧૩,૨૬૨ના બંધ સામે સુધારાના અન્ટરટોને રૂ. ૧,૧૫,૨૯૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૧,૧૫,૨૯૨ની સપાટી અને ઉપરમાં રૂ. ૧,૧૭,૩૩૨ની નવી વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૩.૨૫ ટકા અથવા તો રૂ. ૩૬૯૨ની ઝડપી તેજી સાથે રૂ. ૧,૧૬,૯૫૪ના મથાળે બંધ રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બીજી ઑક્ટોબરે દશેરા અને ગાંધી જયંતી નિમિત્તે ઝવેરી બજાર સત્તાવાર ધોરણે બંધ રહી હોવાથી કામકાજના સત્ર માત્ર ચાર જ રહ્યા હતા.

દરમિયાન ગત સપ્તાહે સોનાના ખરીદી માટેનાં શુકનવંતા ગણાતા નવરાત્રી તેમ જ દશેરાના તહેવારો હોવાથી સોના-ચાંદીમાં માગ ખૂલે તેવો આશાવાદ સેવી રહ્યા હતા, પરંતુ બન્ને કિંમતી ધાતુઓમાં ઊંચી ભાવસપાટી જળવાઈ રહી હોવાથી અપેક્ષિત માગનો વસવસો રહ્યો હતો. અમુક સંગઠિત ક્ષેત્રનાં જ્વેલરોએ પ્રમાણમાં સારી માગનો અનુભવ કર્યો હતો, જ્યારે અમુક જ્વેલરોમાં શુકન પૂરતી લેવાલી જોવા મળી હતી. પ્રાપ્ત અહેવાલ અનુસાર ઘણાં જ્વેલરોએ ગ્રાહકોને આકર્ષવા માટે ‘વન ગ્રામ ગોલ્ડ’ના આભૂષણો માટે સ્કીમ રાખવાની સાથે સાથે મજૂરી ખર્ચમાં પણ ડિસ્કાઉન્ટ આપવા જેવાં પ્રોત્સાહનોની જાહેરાત કરી હતી. જોકે, નજીકના ભવિષ્યમાં સોના અને ચાંદીના ભાવમાં કરેક્શન જોવા મળે તેવી શક્યતા બહુ પાતળી હોવાને કારણે બન્ને કિંમતી ધાતુઓમાં ખાસ કરીને સિક્કાઓ અને લગડીમાં રોકાણલક્ષી માગ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વૈશ્વિક સ્તરે ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વ ભવિષ્યમાં હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદથી સલામતી માટેની અને રાજકીય તથા આર્થિક અનિશ્ચિતતાઓને લીધે ખૂલેલી હેજરૂપી માગ સોના અને ચાંદીની તેજી વેગ આપી રહી છે. જોકે, સોનાની સરખામણીમાં ચાંદીમાં મુખ્યત્વે ઔદ્યોગિક વપરાશકારોની માગ પ્રબળ રહેતાં તેજી વધુ ઝડપી રહી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે અમેરિકામાં ખાનગી રોજગારીનાં ડેટા સતત બીજા મહિનામાં બજારની અપેક્ષા કરતાં નબળાં આવવાની સાથે ફેડરલ રિઝર્વ શેષ વર્ષ ૨૦૨૫માં વધુ બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા સોનાની તેજીને ટેકો મળી રહ્યો છે. વધુમાં ગત સપ્તાહથી અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન અમલી થવાથી સરકારી કામકાજોમાં તથા નોન ફાર્મ પે રૉલ ડેટા, ફુગાવાના ડેટા સહિતનાં આર્થિક આંકડાઓની જાહેરાતોમાં વિલંબીત થવાથી ફેડરલ રિઝર્વ પણ વ્યાજદરમાં કપાત અંગે કે ભવિષ્યની નીતિનું વલણ સ્પષ્ટ કરવામાં અવઢવ અનુભવે અથવા તો ડેટાની ગેરહાજરીમાં સચોટ નિર્ણય લેવામાં મર્યાદિત અવકાશ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. એકંદરે હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૩૯૩૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી અને ઔંસદીઠ ૩૭૬૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેમ જણાય છે. તેમ જ સ્થાનિક સ્તરે પણ સોનામાં વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ જળવાઈ રહેતા સોનાના ઓનલાઈન વાયદામાં સપ્તાહ દરમિયાન ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૧૩,૮૦૦થી ૧,૨૦,૪૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

વૈશ્વિક સ્તરે ભૂરાજકીય જોખમો, અમેરિકાની રાજકોષીય અનિશ્ચિતતા અને ફેડરલ રિઝર્વની સ્વાયતત્તા અંગેની ચિંતા જેવા કારણોસર આગામી ટૂંકા સમયગાળામાં સોનામાં ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની ઉપર રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં એચએસબીસી બૅન્કે એક નોટ્સમાં જણાવતા ઉમેર્યું હતું કે કેન્દ્રવર્તી બૅન્કો તથા સંસ્થાકીય રોકાણકારોની લેવાલીને ટેકે વર્ષ ૨૦૨૬માં પણ તેજીનું વલણ જળવાઈ રહે તેમ જણાય છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર અમેરિકી શટડાઉન અને ફેડરલ દ્વારા વ્યાજદરમાં કપાતના આશાવાદ વચ્ચે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૩૩૮૪.૧૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે ગત ગુરુવારે ભાવ વધીને ઔંસદીઠ ૩૮૯૬.૪૯ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ સાપ્તાહિક ધોરણે ભાવમાં ત્રણ ટકાનો વધારો જોવા મળ્યો હતો. તેમ જ સોનાના ડિસેમ્બર વાયદામાં ભાવ આગલા બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૩૯૦૮.૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જો આગામી દિવસોમાં અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન લાંબા સમય સુધી ચાલશે તો સોનામાં મક્કમથી તેજીનું વલણ જળવાઈ તેવી શક્યતા છે, પરંતુ જો આશ્ચર્યજનક રીતે સરકારી કામકાજો પૂર્વવત્ થઈ જાય તો સોનાની તેજીને બ્રેક લાગે અને પીછેહઠ જોવા મળે તેવી શક્યતા કિટકો મેટલ્સનાં વિશ્લેષક જિમ વાઈકોફે વ્યક્ત કરી હતી. ■

# કોપરમાં પુરવઠાખેંચ અને માગને ટેકે આગળ ધપતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે કોપરનું ખનન કરતી ઈન્ડોનેશિયાની અગ્રણી કંપની ફ્રીપોર્ટ મેકમોરાનમાં ખનન કામકાજ થંભી જવાની સાથે કોપરમાં પુરવઠા ખેંચની સ્થિતિ સર્જાતા લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ટનદીઠ ૧૦,૦૦૦ ડૉલરની ઉપરની સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપરની આગેવાની બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૧ની તેજી આગળ ધપી હતી.

જોકે, આજે માત્ર ટીનમાં ગઈકાલના ઉછાળા પશ્ચાત્ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર તાજેતરમાં ચીનમાં પ્રોપર્ટી ક્ષેત્ર દબાણ હેઠળ હોવા છતાં સરકારે માળખાકીય ખર્ચમાં કરેલા આક્રમક વધારાને કારણે કોપરની વપરાશી માગ વધવાની શક્યતા ઉપરાંત સ્થાનિક સ્તરે ઈલેક્ટ્રિક વાહનો તરફ થઈ રહેલા બદલાવ અને ગ્રીડ મોર્ડનાઈઝેશન સહિતનાં ગ્રીન એનર્જી રૂપાંતરણને કારણે કોપરની માગ વધવાની શક્યતાએ કોપરની તેજીને ટેકો મળી રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે પરંપરાગત વાહનોની સરખામણીમાં ઈલેક્ટ્રિક વાહનોમાં કોપરનો વપરાશ ત્રણથી ચાર ગણો વધુ થતો હોય છે. આમ વૈશ્વિક તેમ જ સ્થાનિક પરિબળોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક બજારમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ વધીને રૂ. ૯૨૯, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને અનુક્રમે રૂ. ૮૩૫ અને રૂ. ૯૦૪, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૯૧૫ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૦૨૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૬૪૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૫૯૮, ઝિન્ક સ્લેબ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૨૯૭ અને રૂ. ૧૩૬૭ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૨૬૫ના મથાળે રહ્યા હતા.

જોકે, ગઈકાલે ટીનમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. ૨૧૦ના ઉછાળા પશ્ચાત્ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૪૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૭ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# સરકાર આયાતી તેલની જકાત વધારે તેવી શક્યતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૯ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી ભાવમાં એકંદરે ટકેલું વલણ રહ્યું હતું.

સરકાર તેલીબિયાંના ખેડૂતોને ટેકો આપવાની સાથે ખાદ્યતેલમાં આયાત નિર્ભરતા ઘટાડવા માટે ક્રૂડ અને રિફાઈન્ડ તેલ વચ્ચેની જકાતનો તફાવત જાળવી રાખીને ક્રૂડ પામતેલ સોયાબીન તેલ અને સનફ્લાવર પરની બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં ૧૦થી ૧૫ ટકા સુધીનો વધારો કરવાની વિચારણા કરી રહી હોવાનું બે સરકારી અધિકારીઓએ નામનો ઉલ્લેખ ન કરવાની શરતે એક પ્રસાર માધ્યમને જણાવ્યું હતું.

ગુજરાનાં ગોંડલ મથકે આજે મગફળીની ૧૭,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૯૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૮૦૦થી ૧૨૦૦માં અને રૂ. ૧૮૪૦માં થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, સિંગતેલના રૂ. ૧૩૩૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૯૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૨.૩ અબજ ડૉલર ઘટી

મુંબઈ: ગત ૨૬મી સટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૨.૩૩૪ અબજ ડૉલર ઘટીને ૭૦૦.૨૩૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે પણ અનામત ૩૯.૬ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૭૦૨.૫૭ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સમયગાળામાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો અથવા તો મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામત ૪.૩૯૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૧.૭૫૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ નવ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૮૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૮.૯ કરોડ ડૉલર ૪.૬૭૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, સપ્તાહ દરમિયાન માત્ર સોનાની અનામત ૨.૨૩૮ અબજ ડૉલર વધીને ૯૫.૦૧૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# ‘સ્વદેશી ’ ઝુંબેશ વાત - વિચાર સારા, પણ...



... પણ આપણી મર્યાદા પણ સમજવી પડશે... વિદેશની જાયન્ટ કંપનીઓએ જે રીતે એમની જાળ આપણા દેશમાં બિછાવી છે એને સમજીને ‘સ્વદેશી’ અપનાવતા પહેલાં તેના માટે પાયો તૈયાર કરવો પડે, સ્વદેશી ઉત્પાદનો દેશના બજાર પર છવાઈ જાય એવો માહોલ પેદા કરવો પડે... માત્ર ‘સ્વદેશી’ના નામે પ્રચારની રાજરમત ન ખેલાય!

આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બીજા દેશો પર નિર્ભરતાને દેશનો સૌથી મોટો દુશ્મન ગણાવીને ‘સ્વદેશી’નો નારો આપ્યો પછી શાસક પક્ષે દેશભરમાં ‘સ્વદેશી અભિયાન’ શરૂ કર્યું છે. ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિન એટલે કે ૨૫ ડિસેમ્બર સુધી ચાલનારી આ ઝુંબેશમાં ભાજપના કાર્યકરો દેશભરમાં દુકાનદારોને સ્વદેશી ઉત્પાદનો જ વેચવા અને લોકોને સ્વદેશી ઉત્પાદનો જ વાપરવા સમજાવી રહ્યા છે. સાહેબે કહ્યું એટલે પક્ષના કાર્યકર્તાઓ મચી પડ્યા, પણ આ ‘સ્વદેશી ઝુંબેશ’ને ખરા અર્થમાં ન લેવાય તો એ માત્ર રાજકીય ડ્રામા બનીને રહી જશે...

બીજી તરફ, ભારતીયો ખરેખર શુદ્ધ અર્થમાં સ્વદેશીને અપનાવે તો એમણે અત્યારે વાપરે છે તેમાંથી મોટા ભાગની વસ્તુઓ વાપરવાની બંધ કરવી પડે અને દુકાનદારોએ પોતાની દુકાનોને તાળાં મારવાં પડે કેમ કે ભારત પાસે ‘સ્વદેશી’ ના નામે ખાસ કંઈ જ નથી. વડા પ્રધાન મોદી પણ આ વાતથી બરાબર વાકેફ છે તેથી એમણે ‘સ્વદેશી’ની વ્યાખ્યામાં ભારતમાં ઉત્પાદન થતું હોય એવી ચીજોને સમાવી લીધી છે. ભારતીયો સંપૂર્ણપણે ‘સ્વદેશી’ને કેમ અપનાવી શકે તેમ નથી એ વાત સમજવા વિદેશી કંપનીઓના ભારતીય માર્કેટ પરના ભરડાને સમજવો જરૂરી છે. ભારતના બજારમાં સૌથી વધારે વર્ચસ્વ અમેરિકન અને જાપાનની કંપનીઓનું છે. અમેરિકન કંપનીઓમાં ઓનલાઈન સર્ચ એન્જિન ગૂગલથી શરૂ કરીને કોકા કોલા અને પેપ્સી જેવી સોફ્ટ ડ્રિંક્સ બ્રાન્ડસની ભારતમાં મોનોપોલી છે. અમેરિકાની એમેઝોન, સિટીબેંક, ફોર્ડ ઈન્ડિયા, અમેરિકન એક્સપ્રેસ, હેવલેટ પેકાર્ડ, આઈબીએમ, માઇક્રોસોફ્ટ કોર્પોરેશન, ઓરેકલ વગેરે કંપનીઓનો ભારત પાસે કોઈ વિકલ્પ નથી.

ભારતનું ઓટોમોબાઈલ અને ઇલેક્ટ્રોનિક્સ બજાર જાપાન અને દક્ષિણ કોરિયાની કંપનીઓની કબજે કરીને બેઠી છે. મોબાઈલ ફોનમાં અહીં આપણે ત્યાં એપલ અને સેમસંગ બે કંપનીની જ બોલબાલા છે. આમાં એપલ અમેરિકન કંપની છે, જ્યારે સેમસંગ દક્ષિણ કોરિયન છે.

જાપાનની સુઝુકી, હોન્ડા, સોની, પેનાસોનિક વગેરે બ્રાન્ડ્સનો ઈલેક્ટ્રોનિક્સ અને ઓટો સેક્ટરમાં દબદબો છે. હિટાચી, મિત્સુબિશી, તોશિબા, કેનન, ટોયોટા, યામાહા વગેરે જાપાની કંપનીઓ અલગ અલગ ક્ષેત્રોમાં મોનોપોલી ધરાવે છે. આજ રીતે કોરિયાની સેમસંગ, એલજી, હ્યુન્ડાઈ વગેરે કંપનીઓ પણ ભારતમાં છવાયેલી છે.

આમ તો જર્મની ટેક્નોલોજી જાયન્ટ છે તેથી સામાન્ય લોકો માટેની પ્રોડક્ટ્સ બહુ બજારમાં નથી દેખાતી, પણ મોટી જર્મન કંપનીઓ પર ભારત વરસોથી નિર્ભર છે. બોશ, બીએમડબલ્યુ, ફોક્સવેગન, સિમેન્સ અને મર્ક જેવી મોટી કંપની ભારતમાં ધૂમ કમાણી કરે છે.

ભારતમાં ડિફેન્સમાં સાધનો રશિયા, અમેરિકા અને ફ્રાન્સ પાસેથી આવે છે, પણ ફ્રાન્સ વધારે મદદ કરે છે. મોદી સરકાર સંરક્ષણ ક્ષેત્રે ‘મેક-ઇન-ઇન્ડિયા’ પહેલને કારણે ભારત આત્મનિર્ભર બની રહ્યું હોવાની વાત થાય છે, પણ વાસ્તવમાં આ આત્મનિર્ભરતા ફ્રાન્સની મદદને આભારી છે. રફાલ ફાઈટર જેટથી માંડીને સ્કોર્પિન સબમરીન સુધીનાં ઉત્પાદનો આપણે સીધાં ફ્રાન્સ પાસેથી ખરીદીએ છીએ. એ જ રીતે, બીજાં ઘણાં સાધન પણ ફ્રાન્સની મદદથી બને છે.

ચીનની કંપનીઓ ભારતમાં સીધો ધંધો બહુ કરતી નથી, પણ આપણે જે સ્વદેશી ઉત્પાદનોની વાત કરીએ છીએ એ ઉત્પાદનો માટે ભારત ચીન પર નિર્ભર છે. ભારતમાં નાના અને મધ્યમ ઉદ્યોગો ચીનના કાચા માલ પર નભે છે તેથી આ કંપનીઓ આપણને સ્વદેશીના નામે જે માલ આપે છે એ પણ સંપૂર્ણપણે સ્વદેશી નથી!

દુનિયાના કોઈપણ દેશમાં સૌથી મોટું બજાર ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્ઝ (FMCG)નું હોય છે. ટૂથપેસ્ટ, સાબુ, શેમ્પુ,કોલ્ડ્રિંક્સ વગેરે ઢગલાબંધ ચીજો FMCG કહેવાય છે. ભારતમાં પ્રોક્ટર એન્ડ ગેમ્બલ, કોલગેટ, હિંદુસ્તાન લીવર સહિતની મૂળ વિદેશી કંપનીઓ આ FMCG માર્કેટમાં રાજ કરે છે.

આ વાસ્તવિકતાને નજર સામે રાખશું તો એ જોતાં સમજાશે કે શુદ્ધ સ્વદેશી ભારત માટે શક્ય નથી. મોદી સરકારે ૨૦૨૦માં પણ સ્વદેશી ચળવળ શરૂ કરેલી. એ વખતે ગૃહ મંત્રી અમિત શાહે એલાન કરી દીધેલું કે, હવે પછી ભારતીય લશ્કરી કેન્ટિન્સમાં વિદેશી માલ જોવા નહીં મળે. માત્ર ને માત્ર ભારતીય ઉત્પાદનો જ વેચાશે. ભારતીય કંપનીઓને પ્રોત્સાહન આપવા માટે નિર્ણય લેવાયો હોવાનું અમિત શાહે ગર્વભેર જાહેર કરેલું, પણ ૧૦ દિવસમાં ગૂપચૂપ આ આદેશ પાછો ખેંચી લેવો પડ્યો હતો કેમ કે લશ્કરી કેન્ટિનો પાસે બાબા રામદેવનાં ઉત્પાદનો સિવાય બીજું કશું વેચવા માટે હતું જ નહીં.!

સરકાર અને પક્ષના સમર્થકોએ આ નવા ‘સ્વદેશી અભિયાન’ને ક્રાન્તિકારી ગણાવીને વખાણી રહ્યા છે,પણ ખરું પૂછો તો ભારતમાં સ્વદેશીનો વિચાર ઘણો જૂનો છે.


મહાત્મા ગાંધીએ સ્વદેશીના વિચારને લોકપ્રિય બનાવ્યો પણ ગાંધીજીના આગમનનાં વરસો પહેલાં ભારતમાં સ્વદેશી ચળવળ શરૂ થઈ ગઈ હતી. દાદાભાઈ નવરોજીએ ઓગણીસમી સદીમાં આ વિચાર આપેલો ને અલગ અલગ નામ હેઠળ દેશની જ વસ્તુઓ લેવાની ઝુંબેશો ચાલી જ હતી.

વડા પ્રધાને ‘સ્વદેશી’ની આહલેક જગાવીને સારું કર્યું, પણ આપણી સૌથી મોટી તકલીફ એ છે કે, આપણે આઝાદીનાં ૭૮ વર્ષ પછી પણ હજુ વિદેશી કંપનીઓ પર જ નિર્ભર છીએ. આપણી જરૂરિયાતની મોટા ભાગની વસ્તુઓ વિદેશી કંપનીઓ જ પૂરી પાડે છે. ભારત પાસે પોતાની કહેવાય એવી મોટી કંપનીઓ નથી તેથી ભૂતકાળમાં બન્યું એમ અત્યારનો સ્વદેશીનો નારો પણ એક રાજકીય ઝુંબેશ ન બની જાય એ જોવું રહ્યું...

‘સ્વદેશી’ અપનાવવું હોય તો પહેલાં તેના માટે પાયો તૈયાર કરવો પડે, સ્વદેશી ઉત્પાદનો દેશના બજાર પર છવાઈ જાય એવો માહોલ પેદા કરવો પડે. આવું તો નથી ભૂતકાળની સરકારો એ કરી શકી કે નથી છેલ્લાં આ ૧૧ વર્ષમાં શાસક પક્ષ કરી શક્યો...

## ટાગોર-મિત્રા સ્વદેશી ચળવળના પ્રણેતા

આઝાદીની લડત વખતે સ્વદેશી ચળવળ ઉગ્ર બની હતી. સામાન્ય માન્યતા એવી છે કે, મહાત્મા ગાંધીએ સ્વદેશી ચળવળ શરૂ કરી. વાસ્તવમાં ગાંધીજીના ભારતમાં આગમનના એક દાયકા પહેલાં ૧૯૦૫માં ભારતમાં સ્વદેશી ચળવળ શરૂ થઈ ગઈ હતી. ડિસેમ્બર ૧૯૦૩માં અંગ્રેજ સરકારે બંગાળના ભાગલા કરવાની જાહેરાત કરી તેની સામે ભારતીયોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. ત્યારે અંગ્રેજ સરકારે સત્તાવાર કારણ એ આપેલું કે, લગભગ ૮ કરોડની વસતિ ધરાવતું બંગાળ ખૂબ વિશળ હોવાથી તેનો વહીવટ કરવો અશક્ય છે. વાસ્તવિક કારણ એ હતું કે, બંગાળ અંગ્રેજ સરકાર સામેના અસંતોષનું કેન્દ્ર બની ગયું હતું. બંગાળમાં હિંદુ અને મુસ્લિમો એક થઈને અંગ્રેજો સામે લડતા હતા. બ્રિટિશ અધિકારીઓ અસંતોષને દબાવી ના શક્યા તેથી બંગાળના ભાગલા પાડવાનો નિર્ણય લેવાયો. પશ્ચિમ બંગાળમાં હિંદુઓ રહે અને પૂર્વ બંગાળમાં મુસ્લિમો રહે એ પ્રકારની ગોઠવણ અંગ્રેજો કરવા માગતા હતા, પણ બંગાળની પ્રજાએ તેનો ઉગ્ર વિરોધ કર્યો.



અંગ્રેજ સરકારે આ વિરોધને ના ગણકાર્યો એટલે ૭ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ કલકત્તાના ટાઉન હોલથી સ્વદેશી ચળવળ શરૂ કરવામાં આવી હતી. આ બેઠક રવીન્દ્રનાથ ટાગોર અને કૃષ્ણકુમાર મિત્રાએ બોલાવી હતી. આ ચળવળમાં અંગ્રેજોના માલનો બહિષ્કાર કરીને સ્થાનિક ઉત્પાદનો પર આધાર રાખવાનો નિર્ણય લેવાયો. ભારતીય વણકરો દ્વારા તૈયાર કરાતાં કપડાં અને ગ્રામોદ્યોગનાં ઉત્પાદનો બનાવવા માટે શ્રીમંત બંગાળીઓએ નાણાં અને જમીન દાનમાં આપી. તેના કારણે બંગાળમાં દરેક ઘરમાં સુતરાઉ કાપડનું ઉત્પાદન શરૂ થયું.

આ ચળવળે મરી પરવારેલી કોંગ્રેસને ફરી બેઠી કરી અને અંગ્રેજોને ભારતીયોની એકતાનો અનુભવ થયો. સ્વદેશી ચળવળ ઉગ્ર બનતાં ૧૯૧૧માં અંગ્રેજોએ બંગાળના ભાગલા રદ કરીને રાજધાની નવી દિલ્હી ખસેડી. આ રીતે સ્વદેશી ચળવળ ભારતના ઈતિહાસમાં અંગ્રેજો સામે પહેલી જીતનું કારણ બની હતી. ■



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# પૃથ્વીનો અંતિમ છેડો

પ્રવાસ મોટે ભાગે કશુંક નવું જોવા માટે કરવામાં આવે છે - નવું શહેર, સીમાચિહ્ન, ફેસ્ટિવલ વગેરે. પરંતુ અમુક વાર પ્રવાસ તમને એકંદરે સ્થળની પાર લઈ જાય છે. તે તમને નકશાના છેડે, દુરસુદૂર અંતરિયાળ સ્થળે લઈ જાય છે, જે પૃથ્વીના અંતિમ છેડા જેવું મહેસૂસ કરાવે છે. મેં એન્ટાર્કટિકામાં પગ મૂક્યો ત્યારે આનો પરિચય થયો હતો. ડ્રેક પેસેજ પાર કર્યા પછી ઊંચા-ઊંચા આઈસબર્ગ્સ, પેન્ગ્વિન્સની વસાહતો અને એવી શાંતિ કે જાણે બીજી દુનિયામાં પહોંચી ગયા હોઈએ, એવો અનુભવ થયો. આ માત્ર એક દેશની મુલાકાત નહોતી, પરંતુ અન્ય ગ્રહ પર પગ મૂક્યા જેવો અનુભવ હતો. અને એ ક્ષણે સમજાયું કે અમુક પ્રવાસ ખાલી ખાવા-પીવા કે સ્થળ જોવાની બાબત નથી, પરંતુ તમે દુનિયાને કઈ રીતે જુઓ છો તેની વ્યાખ્યા છે. તો આજે ચાલો, એક એવો પ્રવાસ કરીએ, જે આપણને ભારતથી દૂર, નકશાના છેડા પર અને કલ્પનાની મર્યાદાઓના છેડા પર લઈ જાય છે. પૃથ્વીના અંતિમ છેડાના દુર્લભ સ્થળોની વાત કરીએ, જ્યાં પ્રવાસ હોલીડે કરતાં વિશેષ બની જાય છે. એક પરિપ્રેક્ષ્યમાં બદલાવ.

**એન્ટાર્કટિકા - દક્ષિણીય છેડો**

જો પૃથ્વીના છેડા જેવું કશું મહેસૂસ કરાવતું હોય, તો તે એન્ટાર્કટિકા છે. મોટા ભાગના પ્રવાસીઓ માટે આ સફેદ ખંડમાં પહોંચવાનો વિચાર પણ સપના સમાન છે. અંતરિયાળ, અપ્રાપ્ય અને લગભગ અવાસ્તવિક. આમ છતાં, જે અહીં આવે છે તેઓ માટે આ પ્રવાસ કલ્પના કરતાંયે વધુ યાદગાર બની જાય છે. મારો પ્રવાસ સાઉથ અમેરિકામાં શરૂ થયો. જહાજ સર્જે વેવિલોવ પરથી ઉશુઆથી નીકળ્યો. ડ્રેક પેસેજ પાર કરવું પોતે જ એક સાહસ હતું. દક્ષિણીય મહાસાગર આપણી કસોટી લેતો અને યાદ અપાવતો કે આપણે ઘરથી કેટલા દૂર આવી ગયા છીએ. અને પછી એક સવારે ક્ષિતિજે આઈસબર્ગ્સ વચ્ચે ખુદ એન્ટાર્કટિકા દેખાયું. એન્ટાર્કટિકામાં પહોંચતાં જ સમજાયું કે આ સૌંદર્ય જોવાની બાબત નથી, પરંતુ જીવવાની છે. મેં બરફવાળાં પાણીમાં કાયાક ચલાવ્યું, ગ્લેશિયર્સ અને પેન્ગ્વિન્સની વચ્ચે શાંતિથી સરક્યો. મેં પોલાર પ્લંજનો અનુભવ કર્યો એટલું ઠંડુ પાણી કે શરીરની દરેક નસમાં આંચકો લાગ્યો, પણ આજે ગર્વથી કહી શકું છું કે ‘હું એન્ટાર્કટિકામાં તરી આવ્યો છું. મેં બરફાચ્છાદિત પહાડોમાં હાઈકિંગ કર્યું, જ્યાંથી નજારો એવો લાગતો જાણે પૃથ્વીનો અંતિમ છેડો હોય. આ સર્વ સાહસ વચ્ચે અહીંની શાંતિ અનોખી છે - ટ્રાફિક નહીં, બજારો નહીં, માનવી અવાજ નહીં; ફક્ત બરફની તિરાડો અને સમુદ્રી પક્ષીઓનો કલરવ. આહલાદક! એ ક્ષણે લાગ્યું કે આ ખંડ કોઈ એક દેશનો નથી, પરંતુ સમગ્ર માનવજાતનો છે - વિજ્ઞાન, શાંતિ અને પૃથ્વીના ભવિષ્ય માટે સાચવાયેલો. એન્ટાર્કટિકા હોલીડે નથી, એ એક અનુભવ છે, જે ઘરે આવ્યા પછીયે લાંબા સમય સુધી સાથ આપે છે - યાદ અપાવે છે કે પૃથ્વી પર હજુ પણ એવા પ્રદેશો છે, જ્યાં સમયનો સ્પર્શ નથી, જ્યાં નિસર્ગ હાવી છે અને આપણે ફક્ત મુલાકાતી છીએ.

**ન્યૂ ઝીલેન્ડ - પૂર્વીય છેડો**

જો એન્ટાર્કટિકા અન્ય ગ્રહ જેવો લાગે, તો ન્યૂ ઝીલેન્ડ સ્વર્ગના છેડા જેવો લાગે છે. એઓટેરોઆ તરીકે પ્રસિદ્ધ ‘લાંબા સફેદ વાદળોની ધરતી’ પેસિફિક મહાસાગરમાં પૂર્વ તરફ ફેલાયેલી છે. વસાહત વિનાની આ ધરતી એશિયા તરફથી સૌથી દૂરની છે. ભારતમાંથી પ્રવાસીઓ માટે તે ખરેખર દુનિયાની દૂરની બાજુ પર પહોંચ્યા જેવું લાગે છે. ન્યૂ ઝીલેન્ડને અસાધારણ બનાવે છે તેની વિવિધતા. એક જ પ્રવાસમાં બે ટાપુઓ - નોર્થ આઈલેન્ડ અને સાઉથ આઈલેન્ડ. નોર્થ આઈલેન્ડના વોલ્કેનિક લેન્ડસ્કેપ્સ, જિયોથર્મલ પૂલ્સ અને માઓરી સંસ્કૃતિ અને સાઉથ આઈલેન્ડના નાટકીય ફ્યોર્ડ્સ,



અલ્પાઈન પાસ અને અરીસા જેવા સરોવરો - સૌનું મિશ્રણ. મેં કેમ્પરવેન ટ્રિપમાં સવારનો ધુમ્મસથી ઢંકાયેલો સરોવર જોયો, રસ્તા બાજુ ભોજન બનાવતાં લોકો જોયા અને સાહસિકો રસ્તો લઈ સાહસની શોધમાં આગળ વધતાં જોયા. સાઉથ આઈલેન્ડનો મિલ્ફોર્ડ સાઉન્ડ - સ્થાનિકો જેને ‘નિસર્ગનું કેથેડ્રલ’ કહે છે - જ્યાં તીવ્ર ખડકો કાળા પાણીમાં ડૂબે છે અને ધોધ વાદળોમાંથી સીધાં વહે છે. નોર્થ આઈલેન્ડમાં જિયોથર્મલ ખીણ ઉકળતી ગંધક સાથે ધમધમે છે, જ્યારે માઓરી પરંપરા સંસ્કૃતિની ઊંડાણમાં લઈ જાય છે. ન્યૂ ઝીલેન્ડનું સૌંદર્ય તેના સ્થળોમાં નહીં, પરંતુ તેના લયમાં છે. જીવન અહીં ધીમું છે, નિસર્ગ અતિ નજીક છે અને દરેક ક્ષિતિજ જાણે કાને કહેશે -‘તમે પૃથ્વીના છેવટના છેડા પર છો

**અલાસ્કા - પશ્ચિમનું ફ્રન્ટિયર**

હું અલાસ્કા ગયો નથી, પરંતુ અમારી ચીફ પ્રોડક્ટ ઓફિસર સુનિલા ત્યાં ગઈ છે. તેની વાર્તાઓ દર્શાવે છે કે અલાસ્કા કેટલું વિશાળ અને અસાધારણ છે. ક્રુઝ દ્વારા જવાના બદલે તેણે રસ્તા અને રેલ માર્ગે પ્રવાસ કર્યો હતો, જેથી શહેરો, હિંસ્ર કુદરત અને ઈતિહાસને નજીકથી અનુભવ્યા. તેની ટ્રિપ ફેરબેન્ક્સથી શરૂ થઈ - સોનાના ધસારાનો વારસો ધરાવતું શહેર. અહીં આજે પણ સોનાની શોધ કરી શકાય છે અને ટ્રાન્સ-અલાસ્કન પાઈપલાઈનના પગેરા જોવા મળે છે. ફેરબેન્ક્સ શિયાળામાં નોર્ધર્ન લાઈટ્સ માટે પ્રસિદ્ધ છે અને ઉનાળામાં મધરાત્રિનો સૂર્ય અસ્ત થતો નથી. પછી ડેનાલી નેશનલ પાર્ક - નોર્થ અમેરિકાનું સૌથી ઊંચું શિખર. સુનિલાને ગ્લેશિયર નદીઓ પર રાફ્ટિંગ, વાઈલ્ડફ્લાવર મીડોઝમાં હાઈકિંગ અને સરોવર કિનારે મૂઝના અવિસ્મરણીય નજારા યાદ છે. શિયાળામાં અહીં ગ્લેશિયર પરથી ફ્લાઈટસીંગ અને પ્રખ્યાત આઈડિટેરોડ ટ્રેઈલ પર ડોગ સ્લેજિંગ જેવા સાહસો મળે છે. તાલકીત્ના - નાનું શહેર, જે એક વખત ‘મેયર બિલાડી’ માટે પ્રસિદ્ધ હતું. ઉનાળામાં આઈસક્રીમ સ્ટેન્ડ અને ફ્લાઈટ ટુર્સ અહીં ફરી જીવંત થાય છે. એન્કરેજ - અલાસ્કાનું સૌથી મોટું શહેર અહીં શહેરી જીવન અને કુદરતી હિંસ્રપણાનું અનોખું સંમિશ્રણ છે. છ પર્વતમાળાઓથી ઘેરાયેલું, ગ્લેશિયર્સના દ્વારવાળું, મોલ્સ અને મ્યુઝિયમ્સ ધરાવતું આ શહેર સાંસ્કૃતિક કેન્દ્ર અને આઉટડોર એડવેન્ચર માટે પ્રવેશદ્વાર છે. અહીં અલાસ્કાના સ્થાનિક ઈનુપિયાત, યુપિક, એલ્યુટ, લિંગિટ, હૈડા અને એથાબાસ્કન લોકોના જીવન વિશે જાણકારી મળે છે. વ્હાઈટિયર - ફક્ત 280 રહેવાસીઓનું શહેર, જેમાંથી 200 એક જ ઇમારતમાં રહે છે. ટનલ મારફતે જ પહોંચાય છે. છતાં ક્રુઝીસ માટે મુખ્ય પ્રસ્થાન છે. અલાસ્કા રેલરોડ - ફેરબેન્ક્સથી એન્કરેજ અને એન્કરેજથી સેવાર્ડ સુધીની સવારી - માત્ર પરિવહન નહીં, પરંતુ કુદરતના મહાકાવ્યમાં ફરતો ઝરૂખો છે. અલાસ્કાની વાર્તા ઈતિહાસથી પણ રસપ્રદ બને છે. યુ.એસ.એ.એ 1867માં રશિયાથી ફક્ત 7.2 મિલિયન ડોલરમાં અલાસ્કા ખરીદ્યું હતું. ત્યારે તેને ‘સેવાર્ડની મૂર્ખાઈ’ કહેવાતું, પરંતુ આજે તે સૌથી સમજદાર સોદામાં ગણાય છે. અલાસ્કામાં બાલ્ડ ઈગલ્સ, બ્રાઉન બેર્સ, કેરિબાઉના ઝુંડ અને સરકતી વ્હેલ્સ જોવા મળે છે. બજારોમાં બર્ચ સિરપ, અલાસ્કન જ્વેલરી અને કુદરતી ખજાનામાંથી બનેલા ઉત્પાદનો મળે છે.અલાસ્કા ફક્ત નકશા પરનું એક સ્થળ નથી - તે માનવ સાહસ, કસોટી અને અજાયબીનું પ્રતિક છે.

**કેનેડાનું આર્કટિક - જ્યાં નોર્ધર્ન લાઈટ્સ શરૂ થાય છે**

અલાસ્કા એક મહાકાવ્ય છે તો કેનેડાનું આર્કટિક એક શાંત કવિતા છે. નુનાવુત, યુકોન અને નોર્થવેસ્ટ ટેરિટરીઝ - તુંદ્રા, ગ્લેશિયર નદીઓ અને અનંત આકાશથી ભરેલા પ્રદેશો. ઉનાળામાં અવિરત દિવસનો પ્રકાશ અને શિયાળામાં નોર્ધર્ન લાઈટ્સનું નૃત્ય. અહીં કેરિબાઉ ઝુંડ, મસ્ક ઓક્સન, પોલાર બેર્સ અને વ્હેલ્સ રહે છે - અતિ કઠોર પરિસ્થિતિઓમાં. છતાં, આ ઈન્યુટ, ફર્સ્ટ નેશન્સ અને મેટિસ સમુદાયોની ધરતી છે, જેઓ સદીઓથી અહીં જીવી રહ્યા છે. તેમની પરંપરાઓ તેમને ધરતી, બરફ અને આકાશ સાથે જોડે છે. ફ્રેન્કલિનની ગુમ થયેલી નોર્થવેસ્ટ પેસેજ એક્સપીડિશન જેવી ઐતિહાસિક યાદો પણ અહીં જોડાયેલી છે. આજે પણ શોધખોરો એ જ જળમાંથી પસાર થાય છે. કેનેડાના આર્કટિક સુધી પહોંચવું ફક્ત પ્રવાસ નથી, એ એક પરિપ્રેક્ષ્ય છે જ્યાં સ્નો અને આઈસની શાંતિમાં ઊભા રહી પૃથ્વીના સાચા છેડા અનુભવી શકાય.

**અન્ય દુરસુદૂર ક્ષિતિજો**

દુનિયાના છેડાના પ્રવાસ હંમેશા કોમ્પાસના દિશામાં જ નથી. અમુક મહાસાગરો અને ખંડોમાં ગોપનીયતાની જેમ છુપાયેલા છે - અંતરિયાળ, પવનથી વહી ગયેલા અને અવિસ્મરણીય. પેટાગોનિયા - દક્ષિણ અમેરિકા - જ્યાં પહાડીઓ તીક્ષ્ણ દાંતની જેમ ઊભી છે, ગ્લેશિયર્સ સરોવરોમાં તૂટે છે અને હવાઓ ખુલ્લા મેદાનોમાં સુસવાટા કરે છે. મારા માતા-પિતા તાજેતરમાં જ 13 દિવસની ક્રુઝ પર અહીંથી પાછાં ફર્યા અને તેમની વાર્તાઓ દર્શાવે છે કે આ પ્રદેશ પ્રવાસ કરતાં વધારે એક મહાકાવ્ય છે. ઈસ્ટર આઈલેન્ડ (રાપા નુઈ) પેસિફિકમાં સૌથી અંતરિયાળ વસાહતવિહોણું ટાપુ. તેના મોઆઈ મૂર્તિઓ - સદીઓ જૂના રહસ્યો અને એકલતામાં ટકી રહેલી સંસ્કૃતિના મૌન સાક્ષી. હવાઈ - પેસિફિકના મધ્યમાં - જ્વાળામુખી ટાપુઓ, જ્યાં લાવા મહાસાગર સાથે ભેળાય છે અને પોલિનેશિયન પરંપરા જીવંત છે. બાજા કેલિફોર્નિયા - મેક્સિકો - જ્યાં રણના ખડકો સમુદ્ર સાથે મળે છે. વ્હેલ્સ અહીં હિજરત કરે છે અને કેક્ટસ રણના રક્ષકની જેમ ઊભા રહે છે. અહીંનું સૌંદર્ય પૃથ્વી કરતાં વધુ મંગળ જેવું લાગે છે. આ બધા સ્થળો દૂર છે, અલગ છે, પણ એક સમાનતા ધરાવે છે - એ તમને પરિચિતથી દૂર લઈ જાય છે અને ધરતીની નજીક લાવે છે.

**શું હું કશું ચૂકી ગયો છું?**

આ તો ફક્ત મારું પરિપ્રેક્ષ્ય છે. સ્વાલબાર્ડ, ગ્રીનલેન્ડ અને આઈસલેન્ડ જેવા સ્થળોનો સમાવેશ કરી શક્યો હોત. પરંતુ તમે કદાચ તે પહેલેથી જ જાણો છો. સત્ય એ છે કે ‘પૃથ્વીના છેડા નિરંતર છે’ - અને તે તમે તેમને કેવી રીતે વ્યાખ્યા કરો છો, તેના પર આધારિત છે. આ સ્થળો એ છે જેણે મને દુનિયાના છેડા પર હોવાનો અનુભવ આપ્યો. આ ફક્ત લાગણી નથી, પરંતુ જીવનની શુદ્ધ ઉજવણી છે. તો મળીશું આવતા સપ્તાહે...

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.



આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# આ આખું નાટક શા માટે?




***ઘણા એવા ય લોકો છે કે જેઓ***
***બીજાનો ભોગ લઈ ઉપર ચઢે છે.***

**મરીઝ**નો આ શેર રવિવારે જીતાયેલી અને પછી મીડિયા પ્લેટફોર્મ પર બહુ, સતત, લગાતાર, નિરંતર ગાજતી ફાઈનલના સંદર્ભમાં મુકીએ તો 'ઘણા લોકો'ની જગ્યાએ 'નાદાર પાકિસ્તાન' મુકવું યોગ્ય. આખો મુલ્ક જ નકવી જેવા ઉધારીયા, ચોર, નાદાર, ભ્રષ્ટ શાસકો અને એમના સાથીઓથી ભરેલો. અને જે કંઈ ન કરી શકે છતાં નામ બનાવાના અભરખા રાખતો હોય એ હંમેશાં સારું હોય એને કોસતો જ હોય... એ બહાને તો ધ્યાન અને ચર્ચામાં રહેવાય!!! ચંદ્રકાંતને આ આદત ઘણી... કોલમોમાં એસ્ટાબ્લીશમેન્ટને ઉતારી પાડવાના એમના પ્રયત્નો રહેતા જ. એને લીધે તે વખતના વાચકવર્ગવાળા થોડાક એના ચાહક થવા માંડ્યા, અને પછી તો નવેનવી હામપ્રાપ્ત, 'ફેનફેર' વધવા માંડ્યો. એમાં નુકસાન થયું એના વાર્તાવિલાસને. ભુલાઈ જ ગયા... એ બધા પાત્રો, અથવા તો 'અચ્છા! એ આ ય લખે છે?' ના પ્રશ્નાર્થમાં તણાઈ ગયા.

તો મૂળ વાત... પાકિસ્તાન કે એના ક્રિકેટપટુ (જો એમને ગલી ક્રિકેટપટુ કહીએ તો વધુ યોગ્ય?) ગમે એટલા પ્લેન પાડવાના કે આંખથી 'શૃંગાર' માટે કમરામાં આવવાના ને એય ચશ્મા પાછળથી ઇશારા કરે તો ય પીટાવાનું મુકદ્દર છે પાકિસ્તાનનું. બિચારો શાહબાઝ શરીફ શું કરી શકવાનો? નકવી નામનો નપાવટ નસીબમાં લખાયો હોય ત્રણ ત્રણ ઠેકાણે ત્યાં... કેતન ગાંધીએ કહેલી એક કહેવત શાહબાઝને કેવી લાગુ પડે છે! 'મૂળમાં મુળજી જ કાણા ને ઉપરથી બે ડોશીની ઇચ્છા' કેતન! સ્વર્ગમાં આનંદ પામ.

કોઈ યુગ, બુગ, જુગ, છે જ નહીં. હા, એ નામની મદારીની ડુગડુગીઓ છે. પણ જૂના સમયની એક વાત સાચી કે બધે... બધે જ દુર્જનોનું રાજ (વર્ચસ્વ) વધતું જાય છે. ભારત આટલું સશક્ત હોવા છતાં ક્રિકેટનો દુશ્મન નકવી એશિયન ક્રિકેટ કાઉન્સીલનો ચેરમેન કઈ રીતે બન્યો? જવા દો 'ઉંઘતા ઝડપાયા' જેવી બકવાસ કહેવતો... ઉંઘો છો શા માટે? ૧૪૫ કરોડની જનસંખ્યાના તમે એશિયા પૂરતા અને એસીસી પૂરતા પ્રતિનિધિ છો. હવે તો બંગડીઓ છોડો! કડાં પહેરો! છુંદણા ત્રોફાવો મર્દાનગીના! પણ નહીં કરો તમે આમાંનું કાંઈ... મનોરંજન અને ટાઈમપાસ સિવાય બીજા કશાયની, ક્રિકેટમાંથી આશ ન રાખતી પ્રજા ય આ સમજે છે. ઘાયલ કહે છે એમ

***પૂછ નહીં આમ કેમ ચાલે છે***
***ચાલવા દે તું જેમ ચાલે છે***

પુલવામામાં ૨૬ હણાયા. તરત તો કરંટ લાગ્યો હોય એવી દેશની ચામડીમાં ગતિ આવી. ખાસ બિહાર જઈ મર્દાના વક્તવ્ય અપાયા ને પૂલો તોડાયા ને રસ્તા ભંગાયા ને દોષો દેવાય ને ટાઢા પડાયા... ને પછી? પછી પાછી પાની? અને એ ય આવી? કે ક્રિકેટ મેચના માંચડા ઊભા કરાયા ને હેન્ડશેક હસ્તધૂનન પાછા ઠેલાયા ને ટ્રોફીના અસ્વીકારના નાટક આકારાયા. બેવકૂફ સમજો છો અમને? હું આ લખવાને કાબેલ છું, ક્રિકેટનો કીડો હોવા છતાં ત્રણમાંથી એક પણ match મેં નથી જ જોઈ. જાણું છું આ બધી રાજકારણ અને ક્રિકેટકારણની ખલાનાયકીઓ. અમેરિકા અને યુરોપમાં ફૂટબોલ આટલું બધું પોપ્યુલર ક્યારથી બનવા માંડ્યુ, જાણો છો? ૧૯૨૮થી ૧૯૩૨ની, પહેલા વિશ્વયુદ્ધે ઊભી કરેલી તડામાર મંદી પછી લોકોની પાસે ખાવાનું ન હોય એ વાત ભુલવા લોકો રમતના સમાચાર તરફ દોરાય. રમતના મેદાનમાં તો એ વખતેય પ્રવેશી શકે ફક્ત પૈસો. પણ રમતની ખબરો અને અફવાઓ સાંભળી ગરીબડો ભૂખ એટલો વખત ભૂલી શકે. એ જ હાલત છે ને આજે?! મફત રાશનને લીધે ભૂખનો તો સવાલ નથી આજે, પણ અન્ય સુવિધાઓથી વંચિત સામાન્યજન અને અસામાન્યજન પણ વિચારતા બંધ થાય એટલે ઠોકો ક્રિકેટ એમના લમણે. કે પછી જય મંદિર, જય મસ્જિદ, જય પથ્થર...ભાડમાં જાય ઈન્સાન... છો પેદા થતા રહે, જીવે અને મરે સાલાઓ.

ભગત સિંહ, સુખદેવ, રાજગુરુ હવે થવાના નહીં. Reels અને Twitter અને Android કે Iphoneમાંથી પ્રજા માથું ઉંચકે તો ને?! પણ ભલું થજો આ બધાયનું કે કદાચ બુથ પર આ બધાનું કામણ કામ કરી જાય અને બદલાવ લાવે/આવે.

**સવાલો પૂછવા પડશે, જવાબો આપવા પડશે**
**હવે ગેંગેં કે ફેંફેં નહીં, હિસાબો આપવા પડશે.**
***હવે જો આવવું હો તો લઈને આવજો ચહેરો***
***ઉભેલા દ્વારપાળોને નકાબો આપવા પડશે***
**શોભિત દેસાઈ**

***એક વો હૈ જો રોટી બેલતા હૈ***
***દૂસરા વો હૈ જો રોટી પકાતા હૈ***
***તીસરા વો હૈ જો રોટી સે ખેલતા હૈ***
***યે તીસરા આદમી કૌન હૈ,***
***મેરે દેશ કી સંસદ મૌન હૈ.***
**ધૂમિલ**

***એક વો હૈ જો ક્રિકેટ ખેલતા હૈ***
***દુસરા વો હૈ જો ક્રિકેટસે કમાતા હૈં***
***તીસરા વો હૈ જો ક્રિકેટમે સિયાસત ધકેલતા હૈ***
***ચૌથા વો હૈ જો ભૂખ મિટાને ઈન સબકો ઝેલતા હૈ***
***યે ચૌથા આદમી કૌન હૈ, ક્રિકેટકી કારોબારી મૌન હૈ***
**શોભિત દેસાઈ**

આવતા રવિએ વાત આગળ વધશે.
આજે આટલું જ. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

'સર, આજે રાતે નવ વાગે. એ ટુ ઝેડ ન્યૂઝ ચેનલ પર સનસનાટી મચાવી દેતાં આ સમાચાર જોઇ લેજો.'

એ ટુ ઝેડ ટીવી ચેનલના રિપોર્ટર સંજુની ધમકીને ગળી જઇને ડો. શાહે કહ્યુઃ 'એક મિનિટ બેસો.'

ડૉ. શાહ બહાર ગયા. થોડીવાર રહીને સોલંકીની સાથે પાછા ફર્યા. સોલંકી ખુરસી ખેંચીને બાજુમાં બેસી ગયો. ડૉ. શાહે ઓળખાણ કરાવી. 'સોલંકી, બીએમસી હેલ્થ ઓફિસર.'

'કેમેરા ઓન કરો.' સોલંકીએ કહ્યું.

'એક રાતે બે જણ એક યુવતીને હૉસ્પિટલને પગથિયે મૂકીને જતા રહ્યા હતા? કોણ હતા એ લોકો.?'

'કોણ મૂકી ગયું એની હજી ખબર પડી નથી.' ડૉ. શાહે જવાબ આપ્યો.

'એ યુવતી બહેરી-મુંગી છે?' સંજુએ પૂછ્યું.

'અરે એ બોલતી હો નથી ને હાંભળતી હો નથી એ જ તો રામાયાણ છે.'

'એટલે કોણ મૂકી ગિયું એની ખબર કેમની પડે.' સોલંકીએ કહ્યું.

'તમે પોલીસને જાણ કરી છે?'

'ના, કારણ કે એ હાલમાં કોરોનાની સારવાર હેઠળ છે ને મારી એક ડૉક્ટર તરીકે પહેલી ફરજ સારવાર કરવાની છે, પોલીસ કારવાઇ નહીં. હું તમારી ચેનલના માધ્યમ દ્વારા આ મૂક-બધીર યુવતીને અમારી હૉસ્પિટલમાં મૂકી જનારા લોકોનો આભાર માનું છું કે તમે એને અમારી હૉસ્પિટલમાં પહોંચાડી. કોરોના કલંક નથી. કદાચ તમે ભલે એને અછૂત ગણીને કાળી રાતે ચોરીછૂપીથી પગથિયે મૂકીને જતા રહ્યા. હવે ધોળે દિવસે એને લેવા જરૂર આવજો. તમારી અમાનત અમારી પાસે સલામત છે.' ડૉ. શાહે સનસનાટી મચાવવાના ઇરાદે આવેલા ચેનલવાળાનું સુરસુરયું કરી નાખ્યું.

રિપોર્ટર સંજુએ હવે મિસ એક્સના સગાઓને શોધવામાં મદદ કરવી પડશે. નેગેટીવ સ્ટોરી માટે આવેલી ચેનલે હવે પોઝિટિવ ન્યૂઝ આપવા પડશે. જોકે, રિપોર્ટર સંજુના મનમાં હજીય સનસનાટી મચાવવાનું ભૂત ધૂણી રહ્યું હતું.

'સર, અમારે એ યુવતીનું બાઇટ લેવું છે.'

'અલ્યા ભાઇ, એ મૂંગી-બેરી બાઇ તમને બાઇટ આપહે કઇ રીતે મને જરા ફોડ પાડીને કેવની. અને બીજી એક વાત. એને કોરોના થેયલો છે. સોલંકી અકળાઇને બોલ્યો.

'સર, અમે દૂરથી શૂટ કરીશું. પ્લીઝ સર.' સંજુનો આખો સૂર બદલાઇ ગયો.

જોકે હજીય મિસ એક્સનો વીડિયો ઉતારીને હલચલ મચાવવાનો એનો કીડો સળવળતો હતો...

'હું ટમને મારી હૂરટી ભાષામાં કેઉં છું કે કોરોનાના દરદી પાહેં ડૉક્ટરો અને નર્સો સિવાય કોઇને જવાની પરવાનગી ની મલે. તમારા ભેજામાં ઉતયરું કે કે મારી અસ્સલ હુરટીમાં હમજાવું' ડૉ. શાહે સભ્યભાષામાં વાત કરવા સોલંકીનો હાથ દબાવ્યો.

'તમે આજ રાતે આટલું પ્રસારણ કરી દો તો જ તમને એનો વીડિયો ઉતારવા દઇશ. ફરી આવવા જેવા સંબંધ રાખવા કે નહીં એ તમે નકકી કરજો. અને હા, આવા કપરા સંજોગોમાં તમારી પાસેથી પોઝિટિવ સ્ટોરીની આશા છે' ડૉ. શાહે ફોનનું રિસિવર ક્રેડલ પર મૂકતા કહ્યું.

સંજુ અને હેગડે જવા માંડ્યા. સોલંકી એમને વળાવવા ગયો. ગેટ પર બેઠેલા મિશ્રા પાસે પહોંચ્યા ત્યારે એણે કહ્યુંઃ 'હેગડે, મિશ્રાજી પાસે સીગારેટ તો ની મલે પણ તમાકુથી કામ હાલતું હોય તો આપે. અને હા, જી. જી. હૉસ્પિટલમાં બહુ બધા લેટેસ્ટ તબીબી સાધનો હો છે. ઇન્જેક્શનો હો આવી ગેયલા છે અને સ્ટાફ હો સારો છે અને હા, યુવતીનું રીલ ચેનલ પર આખો દા'ડો ચલાવ્યા કરજો. જેથી યુવતીના સગાવ્હાલાઓને એને ડોડતા લેવા આવે.

*****************

કેશુકાકા કિસને આપેલો સોલંકીનો મોબાઇલ નંબર લઇને ફોન જોડવા લાગ્યા. સતત એન્ગેજ ટોન આવ્યો, પણ અકળાયા નહીં. આખી રિંગ વાગી ગઇ ત્યાં સુધી રાહ જોઇ.

'ઇ નંબર જોઇને સામેથી કરશે.' કિસનને કહ્યું. એ નિર્મલને મળવાની કેશુકાકાની તાલાવેલી જોઇ રહ્યો હતો. સામેથી ફોન ન આવ્યો. ઘણો સમય પસાર થઇ ગયો એટલે કિસને જ કેશુકાકા પાસેથી મોબાઇલ લઇને ફોન જોડ્યો.

> **'સતકર્મ કરતા રહીને મન મગન રાખીએ તો જીવનમાં કોઈ ગમ નહીં રહે.'**

'હેલ્લો' સાંભળતા જ કિસને પોતાની ઓળખાણ આપી : 'સોલંકી સાહેબ, હું હેલ્થવેલ કેમિસ્ટમાંથી કિસન ગજેરા બોલું છું.' કેમિસ્ટ સાંભળીને સોલંકીને કોઇ મહત્ત્વની વાત લાગી.

'હા બોલોને ભાઇ, હું વાત છે?'

'આપની હૉસ્પિટલમાં કોઇ નિર્મલ પરીખને એડમિટ કર્યા છે?'

'હા, છેને એડ્મિટ છે.'

દરમિયાન વોર્ડબોયે સોલંકીને કહ્યું. તમને ડો. શાહ બોલાવે છે.

સોલંકીએ ફોન કાપી નાખ્યો. કિસને હેલો હેલો કર્યું. કિસને ફરી ફોન લગાવ્યો, પણ સોલંકીએ ઉપાડ્યો નહીં.

'શું થયું?' કેશુકાકાથી ન રહેવાયું.

'નિર્મલ પરીખ જી.જી. હૉસ્પિટલમાં છે, પણ એણે ફોન કાપી નાખ્યો ને હવે ઉપાડતા નથી. કોઇ ઇમરજન્સી આવી ગઇ લાગે છે.' કિસને કહ્યું અને કેશુકાકાનું મન ચકરાવે ચડી ગયું.

'ઇમરજન્સી નિર્મલ માટે તો નહીં હોય ને?' એ બોલ્યા.

'પપ્પા, હૉસ્પિટલમાં માત્ર નિર્મલ એક જ દરદી નથી. બીજા પણ છે.'

'હા પણ, મારો તો એ એક જ છે'

******************

જયમાલા રમેશને લઇને હૉસ્પિટલે ગઇ. જયમાલાના હસબંડ તરીકે સૌએ એને આવકાર્યો. ડૉ. શાહે વોર્ડબોય ગોપાળને બોલાવીને રમેશને સાથે રાખીને એને કામ શીખવવાની ભલામણ કરી.

ડૉ. સાળુંખેના શબ્દો હતાઃ 'માણસે એકવાર મણિકર્ણિકા ઘાટ પર જઇને ભડભડ બળતી ચિતાઓ જોવી જોઇએ. મૃત્યુને નિકટથી જોવાનો અને જીવનના સત્યને નિરખવાનો આ સૌથી સરળ માર્ગ છે. રમેશ, સતકર્મ કરતા રહીને મન મગન રાખીએ તો જીવનમાં કોઇ ગમ નહીં રહે.'

રમેશને સમજાઇ ગયું કે ડૉ. સાળુંખેએ જીવન, મૃત્યુ અને કર્મનો આ પાઠ શા માટે ભણાવ્યો. રમેશને મળનારો સૌથી છેલ્લો માણસ સોલંકી હતો.

'આ તારી નોકરી નાહીં અલ્યા, સેવા કરવાની તને મળેલી તક છે. આ તક બધાને નહીં મળતી.' સોલંકીએ એની પીઠ થપથપાવી. રમેશ કાંઇ બોલ્યો નહીં માત્ર હાથ જોડ્યા.

*****************

આગલે દિવસે જયમાલાએ રાતપાળી પતાવીને ઘરે પહોંચ્યા પછી રમેશને નોકરીની વાત કરી ત્યારે એણે બહુ આનાકાની કરી હતી.

'મારી કોઇ લાયકાત નથી, કોઇ ડિગ્રી નથી.' એણે કહી દીધું હતું.

'હૉસ્પિટલમાં લાયકાત વિના કરી શકે એવા ઘણા કામો છે.' જયમાલાએ દલીલ કરી હતી.

'મને કોરોનાનો ડર લાગે છે. હું એવા દર્દીઓને ન અડું...મને ચેપ લાગી જાય.' સાંભળીને જયમાલાને સમસમી ઉઠી.

'રમેશ, તું આ શું બોલે છે. હૉસ્પિટલમાં કામ કરનારા અમારામાંથી હજી સુધી કોઇ મર્યું નથી અને......હું ઘરે આવું પછી મારી સોડમાં ભરાઇને મારી છાતી પર હાથ મૂકતી વખતે તને ચેપનો ડર નથી લાગતો...?' એણે ઓશિકું રમેશ તરફ ફેંકીને બહારના રૂમમાં જઇને સૂઇ જવાનું કહ્યું.

જીભ લપસી ગયા પછી ફરી મોંમાં ગોઠવાઇ જાય, પણ શબ્દોને પાછા વાળી નથી શકાતા. રમેશના મનમાં હતું તે જીભ પર આવી ગયું.

જયમાલાને ક્યાંય સુધી ઊંઘ ન આવી. એને યાદ આવી ગયું એ દશ્ય જ્યારે એણે મિસ એક્સના ગળામાંથી સેમ્પલ લીધું હતું. એ વખતે પોતાને લાગેલા ભયનો વિચાર કરવા લાગી. મૃત્યુનો ભય સહજ છે તો એને અતિક્રમી જવાનું પણ સહજ હોવું જોઇએ. રમેશને કોતરી રહેલી એકલતાની પીડા, દારૂની લત અને દીકરીના ઝુરાપામાં કોરોનાનો ભય ઉમેરાયો હતો. એણે રમેશને મનાવવા, એના કમજોર વિચારોમાંથી પાછો વાળવાનો મક્કમ નિર્ધાર કર્યો. એ ઊભી થઇ. છુટા વાળનો ઢીલો અંબોડો વાળ્યો. બહાર આવીને રમેશની બાજુમાં સુઈને એના વાળમાં હાથ ફેરવવા લાગી.

'હું તને ફોર્સ નથી કરતી. તું ટ્રાય કરી જો. ન ફાવે તો છોડી દેજે, પણ તું ભયમુક્ત થઇ જા.'

*****************

ડૉ. ત્રિવેદી ડો. શાહની કૅબિનમાં પ્રવેશ્યા ત્યારે ત્યાં ડૉ. સાળુંખે અને સોલંકી હાજર હતા.

'સારું થયું તમે પણ આવી ગયા. એક સારા સમાચાર છે. તોસિલિઝુમેબ ઇન્જેક્શન અસરકારક છે. ત્રણ દરદીઓ સાજા થયા છે.' ડૉ. શાહે ખાનામાંથી એક ઇન્જેક્શન કાઢીને બતાવતા કહ્યું.

'સર, ત્રણ સાજા થયા, પણ એની સામે મરનારાનો ગઇ રાતનો આંકડો વીસ છે.' ડૉ. ત્રિવેદી બોલ્યા.

'સરકારના પ્રયાસોથી ઝેડિયસ ફાર્મા કંપનીએ સ્વિટ્ઝર્લેન્ડની રોશોનોમ ફાર્મા કંપનીના સહયોગથી તોસિલિઝુમેબ ઇન્જેક્શન બનાવ્યા છે...અને આપણા પ્રયાસો દરદીઓને બચાવવાના છે.' ડૉ. સાળુંખેએ ઇન્જેક્શન પરની ડિટેલ વાંચતા કહ્યું.

'થેન્કસ ટુ સોલંકી આપણને ઇન્જેક્શનો જલદી મળ્યા છે.' ડૉ. શાહે કહ્યું.

ફોનની રીંગ વાગી. ડૉ. શાહે ફોન ઊંચક્યો.

'હેલો સોલંકી કો દિજિયે.' સામેથી અવાજ આવ્યો. ડૉ. શાહે સોલંકીને ફોન આપ્યો.

'હેલો' સોલંકી બોલ્યો....પછી 'ઠીક હૈ સર... ઓકે સર...' કહીને એણે ફોન મૂક્યો. બધા એની સામે જોતા હતા ત્યારે એણે કહ્યુંઃ 'બીજા થોડા ઇન્જેક્શનોનો લોટ લેવા જાઉં છું.'

******************

એ ટુ ઝેડ ચેનલે લગભગ આખો દિવસ મિસ એક્સના ન્યૂઝ પ્રસારિત કર્યા...એવી આશા સાથે કે ડૉ. શાહ મિસ એક્સને મળવાની પરવાનગી આપશે અને એનો વીડિયો ઉતારીને ફરી સનસનાટી મચાવી શકાશે. આ બાજુ, ડૉ. શાહે અને સોલંકીએ ન્યૂઝ જોયા...એવી અપેક્ષા સાથે કે ન્યૂઝ જોઇને મિસ એક્સનું કોઇ સગું આગળ આવશે, પણ એમના આશ્ચર્યની વચ્ચે કોઇ આવ્યું નહીં. કોઇએ મિસ એક્સને ઓળખતા હોવાનો દાવો કર્યો નહીં.

બીજે જ દિવસે સંજુ અને હેગડે મિસ એક્સને મળવાના ઇરાદે હાજર થયા. ડૉ. શાહે એમને બેસાડ્યા. બાજુમાં ગંભીર ચહેરે સોલંકી બેઠો.

'સર, મેં તમારી વાત માની. ચેનલ પર પેલી યુવતીના ન્યૂઝ ચલાવ્યા કર્યું. એના કોઇ સગાઓએ અમારી ચેનલનો સંપર્ક કર્યો નથી. હવે તમે અમને એને મળવા દો...પ્લીઝ.' સંજુએ કહ્યું.

'જુઓ, એની હાલત અત્યારે ગંભીર છે...હું પરવાનગી નહીં આપી શકું.'

'સર, અમે દૂરથી વીડિયો લઇશું......'

'અલ્યા તમે કોઇ વાટ હમજો કી ની હમજો. એક મૂંગી-બેરી છોકરી મરવા પડી છે ને એનો વીડિયો ઉતારવા છે. કોઇપણ ઘડીએ એ ટપકી પડહે. નીકળી પયડા કેમેરા લઇને સનસનાટી મચાવવા.' સોલંકી તાડુક્યો.

સંજુએ હેગડેની સામે જોયું. ડૉ. શાહે સોલંકીના ખભા પર હાથ મુક્યો. હેગડેએ સંજુને ઊભા થવાનો ઇશારો કર્યો. બંને ચૂપચાપ નીકળી ગયા.

'સર, તમે મસ્ત તુક્કો માયરો કે છોકરી ગંભીર હાલતમાં છે.' સોલંકી બોલ્યો.

'તમે પણ સારા ડાયલોગ માર્યા. હવે એ લોકો યુવતી ગંભીર હાલતમાં છે એવા ન્યૂઝ ચલાવશે.' ડો. શાહે કહ્યું.

'હા સર, ક્યારેક તુક્કો પણ તીર બની જાય. કદાચ એના હગલાઓ કોન્ટેક્ટ કરે.' સોલંકી બોલ્યો.

****************

એ સાંજે એટુ ઝેડ ચેનલ પર ન્યૂઝ પ્રસારિત થયા. જી. જી ભોય હૉસ્પિટલમાં રહસ્યમય યુવતી જીવનમરણ વચ્ચે ઝોકાં ખાય છે. બરાબર એ જ વખતે મુંબઈની એક ચાલમાં બેઠેલો એક જણ બોલ્યોઃ 'વો મરને વાલી હૈ.'

'મરને દે...હમારા પીછા છૂટ જાયેગા....હંમેશાં કે લિયે.'

(ક્રમશઃ)■


ચલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છ પ્રવાસની પૂર્વભૂમિકાઃ ગાંધીજીનું મુંબઈમાં ભાષણ...

**ગાંધીવાદી** શ્રી રમેશભાઈ સંઘવી દ્વારા સંપાદિત 'કચ્છમાં ગાંધીજી' પુસ્તકમાં તેઓ પ્રાસ્તાવિક શબ્દો કંઈક આ રીતે રજૂ કરે છે, 'ગાંધીજી જાણે ચારેય વર્ણના સમન્વિત પ્રતિનિધિ હતા. તેમની કચ્છ યાત્રામાં તેમને આ ચારે ભૂમિકા ભજવવાની આવી. તેમણે કચ્છની સમૃદ્ધિની વાત કરી, શરીર-શરિરી અને આત્મસત્તાની વાત કરી, તેમણે નિર્ભયતાનો બોધ આપ્યો અને અંત્યજો પોતાના ભાઈસમા છે અને કોઈનું પાયખાનું ઉપાડવામાં કે ગંદકી સાફ કરવામાં મને સંકોચ નથી તેમ કહ્યું. આમ ચારે વર્ણ કચ્છયાત્રામાં પ્રગટ્યા.

કચ્છના કેટલાક ભાઈઓ, ગાંધીજીને કચ્છ આવવાનું લાંબા સમયથી નિમંત્રણ આપતા રહેલા. અને ગાંધીજી બિહારની થકાવનારી સવા-દોઢ મહિનાની દીર્ઘયાત્રા-પુરુલિયા, ચાઈબાસા, રાંચી, ગયા, પટણા, ભાગલપુર, બંકા, ગીરીદહ, આરા, પુર્ણિયા, કટીહાર વગેરે પૂરી કરીને લખનઉ-સીતાપુર થઈને મુંબઈ પહોંચ્યા અને બીજે જ દિવસે 'રૂપાવતી' આગબોટમાં કચ્છ આવવા નીકળ્યા. તા. ૨૨ ઓક્ટોબર, ૧૯૨૫થી પૂરા ૧૫ દિવસ, ૪થી નવેમ્બર સુધી. આ વાતને સો વર્ષ થયાં એટલે થયું મહાત્મા ગાંધીજીની કચ્છ યાત્રાની આ શતાબ્દી વેળા આ મહામાનવનું સ્મરણ કરીએ. આ નિમિત્તે થનારા વિવિધ કાર્યક્રમો દ્વારા મુખ્યત્વે બાળકો અને યુવાનો પાસે પહોંચીએ અને તેમની સાથે સંવાદ કરીએ. જેમાં આજના સંદર્ભમાં ગાંધી અને ગાંધીકાર્યો અને સાથે આપણા નાગરિક જીવનનો વિમર્શ કરીએ. આ અનુષંગે પદયાત્રા, સાયકલયાત્રા, પ્રદર્શન, બાળમેળા, યુવાગોષ્ઠિ, નાટક અને એવા વિવિધ કાર્યક્રમો વિચાર્યા અને ક્રમશઃ શરૂ પણ કર્યા. આ પુસ્તક પણ આ યાત્રા અને તેની અસરોની વાત પહોંચાડવા માટે સંપાદિત કરવાનો વિચાર આવ્યો.'

જ્યારે ગાંધી મુંબઈથી કચ્છ આવવા નીકળવાના હતા એ દિવસે (ઓક્ટોબર ૨૧, ૧૯૨૫) તેમણે મુંબઈમાં ભાષણ આપેલું. ગાંધીજી સ્ટીમરમાં કચ્છ જઈ રહ્યા હતા. કર્ણાક બંદરના ધક્કા ઉપર જે મોટો સમૂહ તેમને વળાવવા આવ્યો હતો તેની સમક્ષ તેમણે આ ભાષણ આપ્યું હતું. તેનું અક્ષરશઃ વર્ણન નીચે રજૂ કર્યા છે જે તેમની કચ્છ પ્રત્યેની તાલાવેલી, આશા અને ધ્યેયનિષ્ઠાને રજૂ કરે છે.



તુણા બંદરે થી કચ્છની મુલાકાત પુરી કરીને બોટમા જામનગર તરફ ગાંધીજી રવાના થયા સાથે કાન્તિપ્રસાદ અંતાણીને લઈ ગયા. (૦૫ નવે. ૧૯૨૫)

મહાત્માજીએ કહ્યું કે 'તમારા પ્રાંતની મુલાકાત લેવા મને આમંત્રણ આપ્યું તે બદલ હું મુંબઈમાં વસતા કચ્છીઓ તથા કચ્છના લોકોનો આભાર માનું છું. હું કચ્છ શા માટે જઈ રહ્યો છું તેની મને ખબર નથી. કદાચ કચ્છી ભાઈઓનો પ્રેમ મને ત્યાં જવા ખેંચી રહ્યો હોય. મારે હૈયે સૌથી વધારે વહાલી કઈ બાબતો છે તે તમે સહુ જાણો છો, કશું કહેવા માગતો નથી. હું મૃત્યુની નજીક જઈ રહ્યો હોવા છતાં મારા આદર્શો અને મહત્ત્વાકાંક્ષાઓને કોઈ મર્યાદા નથી. હકીકતે તો હું જેમ જેમ મૃત્યુ તરફ જઈ રહ્યો છું તેમ તેમ મારી મહત્ત્વાકાંક્ષા વધુ વિશાળ અને ઉચ્ચ થતી જાય છે. તમને મારી વિનંતી છે કે તમે સૌ મારા પર આશીર્વાદ વરસાવો અને પ્રભુને એવી પ્રાર્થના કરો કે તેમને હું મારા આદર્શને અને કામને વળગી રહું એટલી શક્તિ અને હિંમત આપે. જતાં જતાં હું તમને યાદ આપવા માગું છું કે મારા દરેક કાર્યમાં હું સત્ય અને ધર્મ પ્રત્યેના પ્રેમથી દોરવાઉં છે. તમે મારા પ્રત્યે જે આતિથ્યભાવ દાખવી રહ્યા છો તે માટે તમારે પાછળથી પસ્તાવું પડે એવું કચ્છમાં હું કશું નહીં કરું એની હું તમને ખાતરી આપું છું.'

મહાત્માજીએ ઉમેર્યું કે 'મારે તુરતમાં જ આરામની જરૂર છે. અને કચ્છમાં એ મને મળશે એવી હું આશા રાખું છું. ચિંતાના બોજ તળે હું ભીંસાઈ રહ્યો છે. કચ્છના લોકોની ફરિયાદો અને તાત્કાલિક જરૂરિયાતો દર્શાવતા ઘણા પત્રો મને મળ્યા છે. એ વિષે હું કશું કહેવા માગતો નથી. માત્ર એટલું જ જણાવીશ કે જો એનો ઉપાય કરવામાં મને સફળતા ન મળે તો એને મારી બેદરકારીની નહીં પણ નબળાઈની નિશાની ગણી લેજો.'

શેઠ કાનજી જાદવજીએ મહાત્માજીના પ્રવાસ માટે બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપનીની સ્ટીમર એસ. એસ. રૂપાવતી ખાસ ભાડે રાખી હતી. ભાષણને અંતે મહાત્માજીને તેમની કેબિનમાં લઈ જવામાં આવ્યા. એમની મંડળીમાં સર્વશ્રી મહાદેવ દેસાઇ, વલ્લભભાઈ પટેલ, મણિલાલ કોઠારી અને જીવરાજ નેણસી હતા. મૂળ અંગ્રેજી, બોમ્બે ક્રોનિકલ તા. ૨૨-૧૦-૧૯૨૫, અક્ષરદેહ-૨૮, પૃષ્ઠ - ૩૧૪, ૩૧૫

ગાંધીજીની સો વર્ષ પૂર્વેની પ્રથમ અને અંતિમ કચ્છ યાત્રા અનોખી હતી. તા. ૨૨ ઓક્ટોબર સવારે દસેક વાગ્યે ગાંધીજી તેમના સાથીઓ મહાદેવભાઈ, સરદાર વલ્લભભાઈ, મણિભાઈ કોઠારી, આશર પરિવાર વગેરે સાથે માંડવી બંદરે ઊતર્યા. મહાદેવભાઇ એ પ્રસંગ વર્ણવતા લખે છે કે અમારો સંઘ ભૂંડાભૂખ દેખાતા માંડવી બંદર વચ્ચે, રસ્તામાં દ્વારકાધીશનાં દર્શન કરી અને દ્વારકા નગરીના નાગરિકોના અભિનંદન લઈ, ૨૨મી સવારે ઉતર્યો. આગબોટમાંથી દરબારી લોન્ચમાં, લોન્ચમાંથી મછવામાં અને મછવામાંથી બળદગાડામાં અમે કિનારે આવ્યા. ત્યારે માંડવીની બહેનોએ ગરબા ગઈને ગાંધીજીનું સ્વાગત કર્યું. શબ્દો હતાઃ ભલે આવ્યા સાધુડા! ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કેથાર્સિસ એટલે રમત-સ્પર્ધા-સિનેમા મારફત આક્રમકતાનું શુદ્ધિકરણ





કેન્દ્ર સરકારે દેશમાં તમામ પ્રકારની ઓનલાઈન મની ગેમ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. દેશમાં અસંખ્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ પર રોકડ ઇનામ જીતી શકાય તેવી રમત રમાડવામાં આવે છે. સરકારનો મત છે કે બાળકો અને યુવાનોમાં આવી રમતોનું વળગણ થઇ ગયું છે અને એમને આર્થિક તેમ જ માનસિક સ્વાસ્થ્યનું નુકસાન થઇ રહ્યું છે. ઘણાં રાજ્યોએ પોતપોતાની રીતે આવાં પ્લેટફોર્મ્સ પર નિયંત્રણો મૂક્યાં છે, જેના પરિણામે એક રાષ્ટ્રીય કાનૂનની જરૂર પડી હતી. આવી જ બીજી ચિંતા હિંસક વીડિયો ગેમ્સને લઈને છે. ભારતમાં યુવાનોમાં તેનું પણ મોટું વળગણ છે. રાજકીય પક્ષો સમય સમય પર તેના વધતા પ્રભાવ સામે ચેતવણી આપતા રહ્યા છે. મીડિયાએ પણ મનોરંજનના ઈરાદે પેશ થતી હિંસાની અસલ જીવનમાં કેવી અસર પડે છે.

તાજેતરના વર્ષોમાં દેશની સ્કૂલોમાં બનેલી હિંસક ઘટનાઓ માટે સ્ક્રીન પરની હિંસાને પ્રેરણા માનવામાં આવે છે. સમાજમાં પણ એક મોટો વર્ગ એવું માને છે કે મીડિયામાં આવતી હિંસા જોઇને યુવાનોમાં નકારાત્મકતા અને આક્રમકતા વધે છે.

અમુક અભ્યાસોમાં પણ એવાં તારણ નીકળ્યાં છે કે હિંસક વીડિયો ગેમ્સ યુવાનોમાં આક્રમકતા વધારે છે, પરંતુ ઘણા લોકો (અને મનોવિજ્ઞાન પણ) તેનાથી વિપરીત માને છે. હિંસક વીડિયો ગેમ્સ રમવાથી આક્રમક લાગણીઓ રિલીઝ થાય છે અને આક્રમક વ્યવહારમાં ઘટાડો થાય છે.

આ સમજવા જેવું છે. જનરલ અગ્રેશન મૉડેલ અને મૂડ મેનેજમેન્ટ થિયરી અનુસાર આક્રમક વીડિયો ગેમ્સ રમ્યા પછી ખેલાડીને 'સારું' લાગે છે, કારણ કે રમત દરમિયાન એની અંદરની આક્રમક લાગણીઓ, વિચારો અને મૂડનું કેથાર્સિસ થાય છે.

મનની દુનિયામાં આ 'કેથાર્સિસ' શબ્દ મજાનો છે. તે મૂળ ગ્રીક શબ્દ 'કથાર્સિસ' પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે 'શુદ્ધિકરણ' અથવા 'સફાઈ.' એરિસ્ટોટલે ગ્રીક નાટ્યકળાના સંદર્ભમાં લખ્યું હતું કે નાટકો જોવાથી દર્શકોમાં દયા, ભય અને ગુસ્સા જેવી નકારાત્મક લાગણીઓનું કથાર્સિસ થાય છે.

આધુનિક મનોવિજ્ઞાન કહે છે કે આપણી લાગણીઓને દિલના ઊંડાણમાં દબાવી રાખવી માનસિક સ્વાસ્થ્ય માટે ઉચિત નથી હોતી. આપણે ત્યાં એવું શીખવાડવામાં આવે છે કે જે વ્યક્તિ લાગણીઓ વ્યક્ત ન કરે તે મજબૂત મનની ગણાય છે, પરંતુ દબાયેલી લાગણીઓ માનસિક રીતે જ નહીં, શારીરિક રીતે પણ વ્યક્તિને પરેશાન કરે છે. લાગણીઓને વ્યક્ત કરી દેવાથી વ્યક્તિ હળવાશ અનુભવે છે. આ અભિવ્યક્તિને કેથાર્સિસ કહે છે. જરૂરી નથી કે તે બોલીને જ થાય... તમે કોઈક સર્જનાત્મક ક્રિયા કરીને પણ એવું કરી શકો. અમુક નિષ્ણાતો કહે છે વીડિયો ગેમ્સની હિંસા આ જ પ્રકારની અભિવ્યક્તિ છે. માણસો તેમના રોજિંદા જીવનમાં એટલી અડચણો અને પરેશાનીઓમાંથી પસાર થતા હોય છે જેનાથી તેમની અંદર નારાજગી, હતાશા અને ગુસ્સો ભરાતો રહે છે. એને અસલી દુનિયામાં કાઢવાનો કોઈ રસ્તો નથી હોતો એટલે એ સિનેમામાં, ઓનલાઈન દુનિયામાં ગેમ્સ દ્વારા વ્યક્ત કરે છે.

ભારતમાં સિનેમા (અને એમાંય ખાસ એક્શન ફિલ્મ) તેમ જ ક્રિકેટ આટલાં લોકપ્રિય હોવાનું કારણ એ છે કે લાખો

લોકો એમની અંદરની દબાયેલી લાગણીઓને સિનેમાની હિંસાને જોઇને અથવા ક્રિકેટ મેદાનની આક્રમક હરીફાઈમાં

રિલીઝ થતી જોઇને રાહત અનુભવે છે.

અમેરિકામાં એવા બે અભ્યાસ થયા હતા, જેમાં વીડિયો ગેમ્સનું વ્યસન હોય તેવા ખેલાડીઓના મૂડનું, બે અઠવાડિયા સુધી, રોજેરોજ ગેમ પહેલાં અને પછી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમાં એવું જાણવા મળ્યું હતું કે વીડિયો ગેમ્સ રમવાથી એમનો મૂડ બહેતર થયો હતો. બીજા અભ્યાસમાં, જેમાં વીડિયો ગેમ્સ હિંસક નહોતી એમાં એવું જાણવા મળ્યું હતું કે ખેલાડીઓની લાગણીઓ જૈસે થે હતી. અભ્યાસકર્તાએ તારણ કાઢ્યું હતું કે નકારાત્મક લાગણીને સ્ક્રીન પર 'મેચિંગ' મળવાથી તેનો પ્રભાવ નબળો પડી ગયો હતો, જે કેથાર્સિસની નિશાની છે.

આપણે ત્યાં લાખો સિનેપ્રેમીઓ એવું કહેતા હોય છે કે અઢી કલાકની મારધાડવાળી ફિલ્મ જોવાથી ટેન્શન ખતમ થઇ જાય છે. આપણે તેને 'ફ્રેશ' થવું કહીએ છીએ. મિત્રો એકબીજાને કહેતા હોય છે, ચાલો, ફિલ્મ જોઇને ફ્રેશ થઇ જઈએ. ફ્રેશ થવું એટલે આપણા મનને જબરદસ્તી પકડી રાખે તેવા અપ્રિય અથવા નકારાત્મક વિચારો કે લાગણીઓમાંથી મુક્ત થવું તે.

તમે જો સમાચાર વાંચ્યા હોય તો, તાજેતરમાં શાહરુખ ખાનને તેની 'જવાન' ફિલ્મમાં શાનદાર અભિનય માટે રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આપણે જે મુદ્દાની ચર્ચા કરીએ છીએ તેમાં આ આ ફિલ્મ લેટેસ્ટ ઉદાહરણ છે. આ ફિલ્મ બહુ મોટી હિટ સાબિત થઇ હતી. લોકોને કેમ એ જોવાની મજા આવી હતી? કારણ કે એમાં દેશની ભ્રષ્ટ વ્યવસ્થા સામે એક જવાન એની રીતે લડાઈ આદરે છે.

ભ્રષ્ટાચાર આપણા સમાજની એક કડવી વાસ્તવિકતા છે. દેશનો દરેક માણસ એના રોજિંદા જીવનમાં ચારેતરફ નાના-મોટા ભ્રષ્ટાચારને જુવે છે અને ખુદ તેનો ભોગ પણ બને છે, અને છતાં પણ એના જીવનની ગુણવત્તામાં તો કોઈ સુધારો થતો નથી. પરિણામે અંદર હતાશા અને ગુસ્સાની લાગણી રોજ બળવત્તર બને છે. એ જ્યારે એની એ લાગણીઓને કોઈ ફિલ્મમાં પ્રતિબિંબિત થતી જુવે અને ન્યાય થતો હોય તેવું અનુભવે ત્યારે એ વિજયની એક અંગત લાગણી સાથે થિયેટરમાંથી બહાર નીકળે છે. એક જમાનામાં દર્શકો અમિતાભનું 'એન્ગ્રી યંગ મેન' રૂપ જોઈને આવું અનુભવતા હતા! દર્શકને એવું લાગે જાણે એની સમસ્યાનું સમાધાન થયું છે અને એની લાગણીઓનું શુદ્ધિકરણ થયું છે.

અહીં એવું કહેવાનો ઈરાદો નથી કે હિંસા જોવી ઈચ્છનીય છે. મનોવિજ્ઞાન એવું પણ કહે છે કે નિયમિતપણે હિંસા જોવાથી દર્શકોના મનમાં તેનું 'નોર્મલાઈઝેશન' થાય છે અને જે નોર્મલ લાગવા માંડે એનો અસલ જીવનમાં છોછ નીકળી જાય છે. દાખલા તરીકે, કાશ્મીરના યુવાનો માટે હિંસાનો સહારો લેવો એટલા માટે સહજ બની ગયો છે, કારણ કે એ બધા તેની વચ્ચે મોટા થયા છે એટલે હિંસાના પરિચયથી વ્યક્તિગત રીતે આક્રમકતા આસાન બની જાય તે સાચું, પરંતુ તેની વિરોધી દલીલ એવી છે કે માણસોની નકારાત્મક લાગણીઓને જો કાલ્પનિક અથવા મનોરંજનના માધ્યમથી રિલીઝ મળતી ન હોત તો સમાજમાં કેટલા મોટા પાયે આક્રમકતા હોત!

આ કારણથી જ તમામ ક્રિકેટ સ્પર્ધાઓમાંથી ભારત-પાકિસ્તાનની મેચો વખતે જ સૌથી વધુ ઉત્તેજના અને ઉત્સાહ હોય છે કારણ કે અસલ જીવનમાં એકબીજા માટેની નફરત આ રીતે ચેનલાઈઝ થાય છે. અસલી યુદ્ધ પોષાય તેમ નથી હોતું એટલે આપણે ક્રિકેટનો સહારો લઈએ છીએ. એ જ રીતે, અસલ જીવનમાં આપણે ભ્રષ્ટ રાજકારણીઓ અથવા અત્યાચારી પોલીસનું કશું ઉખાડી શકતા નથી એટલે પડદા પર આપણો હીરો એમનો ખાત્મો બોલાવે તો આપણે અંગત રીતે હાશ અનુભવીએ છીએ.

એરિસ્ટોટલના વખતમાં રાજાઓ સ્ટેડિયમમાં પશુઓને લડાવીને આનંદ લેતા હતા. આજે તે આપણે રમતનાં મેદાનો અને સિનેમાના પડદા પર કરીએ છીએ.■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# આવો, નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ)ના સુધારાને સમજી લઈએ ...

**નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ)એ જાહેર જનતા માટેની પેન્શન સ્કીમ છે, જેમાં તાજેતરમાં સરકારે નોંધપાત્ર સુધારા કર્યા છે, જેનું લક્ષ્ય મહિલાઓ અને ગિગ વર્કર્સને તેમાં આકર્ષવાનું પણ છે. આ સ્કીમ સમજવી દરેક માટે મહત્ત્વની છે**

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીએ 'એનપીએસ'માં તાજેતરમાં સીમાચિહ્નરૂપ સુધારો કર્યો છે.

પીએફઆરડીએ એ બિન-સરકારી ક્ષેત્રના સબ્સ્ક્રાઇબર્સ માટે મલ્ટિપલ સ્કીમ ફ્રેમવર્ક (એમએસએફ) રજૂ કર્યું છે. આ ઉપરાંત, નિયમનકારે સોના અને ચાંદીના એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઇટીએફ), વેન્ચર કેપિટલ, ખાનગી ક્રેડિટ અને વૈકલ્પિક રોકાણ ભંડોળ (ઓલ્ટરનેટ ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ)ને મંજૂરી આપીને, ડેટ અને ઇક્વિટી પરથી પેન્શન ફંડ રોકાણના ફલકને વધુ વિસ્તૃત કરવા વિચારણાનો નિર્દેશ આપ્યો છે.

નિયમનકારે ઉપાડ મર્યાદાને કોર્પસના ૬૦% થી વધારી ૮૦% કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ૮૦% ઉપરાંતનું બાકીનું ૨૦% કોર્પસ એન્યુઇટી પ્લાન માટે ફાળવવામાં આવશે. સબ્સ્ક્રાઇબર્સ ૧૫ વર્ષ પછી અથવા નિવૃત્તિ સમયે એનપીએસમાંથી એક્ઝિટ થઇ શકશે. જોકે એમને ૮૫ વર્ષની વય સુધી એમના એનપીએસ એકાઉન્ટને ચાલુ રાખવાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે.

## કસ્ટમાઈઝ્ડ યોજનાઓ :

૧ ઓક્ટોબરને 'એનપીએસ' દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તે દિવસથી બિન-સરકારી એનપીએસ સબ્સ્ક્રાઇબર્સ તેમના ફાળાની ૧૦૦% સુધીની ફાળવણી ઇક્વિટી માટે કરી શકશે. વધુમાં હવે એક જ કાયમી નિવૃત્તિ એકાઉન્ટ નંબર-પરમેનન્ટ રિટાયરમેન્ટ અકાઉન્ટ નંબર (પ્રાન) હેઠળ વિવિધ સીઆરએસએ (સેન્ટ્રલ રેકોર્ડ-કીપિંગ એજન્સીઓ), જેવી કે પ્રોટેન, કેમ્સ અને કે ફિનટેકમાં બહુવિધ યોજનાઓ પસંદ કરી શકે છે. આવી નવી સ્કીમ્સની પસંદગીમાં કોર્પોરેટ કર્મચારીઓ, સેલ્ફ-એમ્પ્લોયડ વ્યક્તિઓ કે ડિજિટલ અર્થતંત્ર (પ્લેટફોર્મ-આધારિત) કામદારો જેવા રોકાણકારો પોતાની પસંદગી પ્રમાણે કસ્ટમાઇઝ્ડ યોજનાઓમાં રોકાણ કરી શકશે. પરિણામે આવી વ્યક્તિઓ એક જ ખાતા હેઠળ બહુવિધ પેન્શન યોજનાઓનું સંચાલન કરી શકશે, જે એમને નિવૃત્તિ આયોજનમાં વધુ પસંદગી, સુગમતા અને પારદર્શિતા પ્રદાન કરશે. આ દરેક નવી યોજના, જે દરેક પેન્શન ફંડ મેનેજર દ્વારા પૂરા પાડવામાં આવતા હાલના સ્કીમ (સામાન્ય યોજનાઓ) વિકલ્પો ઉપરાંતના હશે અને તેમાં ઓછામાં ઓછા બે પ્રકાર હશે - એક મધ્યમ જોખમનો વિકલ્પ અને બીજો ઉચ્ચ જોખમનો! ઉચ્ચ જોખમ વિકલ્પોમાં વર્તમાન ૭૫% ની તુલનામાં ૧૦૦% સુધી ઇક્વિટી એક્સપોઝરની મંજૂરી હશે. રોકાણકાર વિવિધ પેન્શન ફંડ્સની જૂની યોજનાઓમાં રોકાણ કરવાને બદલે એમએસએફ (મલ્ટિપલ સ્કીમ ફ્રેમવર્ક) હેઠળ નવી યોજનાઓ પસંદ કરી શકશે.

વાર્ષિક ધોરણે એયુએમના અંદાજે ૦.૩૦%ના ખર્ચની મર્યાદા હશે અને નવા સબ્સ્ક્રાઇબર્સ




લાવતા પીએફ માટે વધારાનું ૦.૧૦% પ્રોત્સાહન પણ હશે. જો કોઈને નવી યોજનાની કામગીરી પસંદ ન પડે તો એમએસએફ સબ્સ્ક્રાઇબર્સને વિવિધ યોજનાઓ વચ્ચે સ્વિચ કરવાની સુગમતા પણ અપાશે. જો કોઈ રોકાણકાર ૧૫ વર્ષ પૂરા થાય તે પહેલાં એમએસએફ હેઠળ નવી યોજનામાંથી સ્વિચ કરવા માગે છે, તો સ્વિચ ફક્ત સંબંધિત પેન્શન ફંડની 'સામાન્ય યોજના'માં જ કરી શકાશે. ૧૫ વર્ષનો સમયગાળો પૂર્ણ થઈ જાય તે પછી ગ્રાહક પ્રતિબંધો વિનાની યોજનાઓમાં મુક્તપણે આગળ વધી શકે છે. કરલાભો ચાલુ રહેશે

અહીં નોંધનીય છે કે, એનપીએસ નોંધપાત્ર કરલાભો આપવાનું ચાલુ રાખે છે. સબ્સ્ક્રાઇબર દ્વારા કરવામાં આવેલા યોગદાન પર પગારના ૧૦% અથવા કુલ આવકના ૨૦% સુધી કપાતનો લાભ મળે છે, જે ૧.૫ લાખ સુધી મર્યાદિત છે. વધુમાં, એનપીએસ યોગદાનમાં વધારાના અઢી લાખ રૂપિયા માટે પણ કપાત ઉપલબ્ધ હોવાથી કુલ વ્યક્તિગત લાભ વાર્ષિક ૨ લાખ રૂપિયા સુધી થાય છે. કર્મચારીના એનપીએસ ખાતામાં નોકરીદાતાના યોગદાન પર પણ કર મુક્તિ મળે છે - પગારના ૧૦% સુધી, અથવા નવા વ્યક્તિગત કર માળખાં હેઠળ કર્મચારીઓના કિસ્સામાં ૧૪% સુધી. વધુમાં ખાતું બંધ કરતી વખતે અથવા એનપીએસમાંથી બહાર નીકળતી વખતે, વ્યક્તિને આવા ખાતામાંથી પ્રાપ્ત થતી રકમના ૬૦% પર કરમુક્તિ મળે છે. એનપીએસ ખાતામાંથી આંશિક ઉપાડના કિસ્સામાં કર્મચારી ૨૫% યોગદાન પર કર મુક્તિ મેળવવા માટે પણ પાત્ર છે.

## સ્કીમમાં બદલાવ શું છે?

હાલની એનપીએસ યોજનાઓ મૂળભૂત રીતે બધા માટે એક સમાન જ છે. નિયમનકાર હવે આ નવા પગલાં દ્વારા તેને બદલવા માગે છે. પેન્શન ફંડ્સ વ્યક્તિ-આધારિત, વય-આધારિત, અથવા પસંદગી-આધારિત અભિગમો અપનાવી શકે છે. મહિલાઓ, કૃષિ કામદારો, ગિગ વર્કર્સ અથવા કોર્પોરેટ્સ જેવી ચોક્કસ શ્રેણીઓ માટે અલગ અલગ યોજનાઓ શરૂ કરી શકે છે. આવી યોજનાઓની સંખ્યા પર કોઈ મર્યાદા નથી - રોકાણકારો તેમની જરૂરિયાતો અનુસાર ઉચ્ચ, મધ્યમ અને ઓછા જોખમવાળા વિકલ્પોમાં તેમના યોગદાનને વિભાજિત કરી શકે છે.

પ્રારંભિક તબક્કામાં, નવી પેન્શન યોજનાઓમાં ઇક્વિટી એક્સપોઝર ૧૦૦% હોવાની અપેક્ષા છે. આ હાઇબ્રિડ પ્રોડક્ટની જેમ કાર્ય કરશે, જ્યાં સંપત્તિ ફાળવણીનું સંચાલન સબસ્ક્રાઇબર નહીં પણ ફંડ મેનેજર દ્વારા કરવામાં આવે છે. બજારની સ્થિતિ પર આધાર રાખીને, ફંડ મેનેજર્સ પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરશે, જે અસરકારક રીતે એવા સબ્સ્ક્રાઇબર્સ માટે ચિંતામુક્ત રોકાણ વિકલ્પ પ્રદાન કરશે.

## યુવા રોકાણકારોનું આકર્ષણ...

બિન-સરકારી સબ્સ્ક્રાઇબર્સ માટે એનપીએસમાં ૧૦૦% ઇક્વિટી ફાળવણીને મંજૂરી આપવી એ નિઃશંકપણે યુવાન રોકાણકારો માટે આકર્ષક લાગે છે કેમ કે એમને બુલ માર્કેટનો જ અનુભવ હોવાથી તેને ધ્યાનમાં રાખીને ૧૦૦% ઇક્વિટીનો આ પ્રસ્તાવ સ્વીકારે પણ એમાં જોખમો પણ છે. ઇક્વિટી સ્વાભાવિક રીતે અસ્થિર હોય છે, અને ૧૦૦% ઇક્વિટી ફાળવણી સમગ્ર એનપીએસ નિવૃત્તિ ભંડોળને બજારના ભરોસે છોડે છે. મોટા ઘટાડાથી ગભરાઇને અયોગ્ય સમયે વેચાણની સંભાવના પણ રહે છે. ઇક્વિટી હંમેશાં વધુ ઊંચું વળતર આપે એવું નથી એવી ચેતવણી અમુક નિષ્ણાતોએ આપી છે. જોકે મ્યુચ્યુઅલ ફંડ્સની તુલનાએ એનપીએસમાં ફાયદો એ છે કે તેમાં ઓછા ખર્ચ છે, અને વધુ અગત્યનું, તેનું લોક-ઇન એને શિસ્તબદ્ધ રોકાણ સાધન બનાવે છે.

જોકે જોખમ હંમેશાં ઉંમર સાથે જોડાયેલું નથી. ૬૦ વર્ષની વ્યક્તિ હજુ પણ ૮૦-૧૦૦% ઇક્વિટી એક્સપોઝર સાથે સાનુકૂળ હોઈ શકે છે, જ્યારે ૨૫ વર્ષની ઉંમરના વ્યક્તિને જોખમ લેવાની ભૂખ ન પણ હોય એવું ફંડ મેનેજર વર્ગનું માનવું છે. ટૂંકમાં ૧૦૦% ઇક્વિટી ફાળવણી સાથેની નવી યોજનાના પ્રકારો ઇક્વિટી-લિંક્ડ મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા જ જોખમો ધરાવશે. જો કે, ભૂતકાળના ડેટા પર નજર કરીએ તો, મધ્યમથી લાંબા ગાળાના સમયગાળા દરમિયાન એસેટ ક્લાસ તરીકે ઇક્વિટીએ સતત ફુગાવાને મ્હાત કર્યો છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# માનવ સહવાસ વગર ૩૩ વર્ષ નિર્જન ટાપુમાં વસવાટ









નામ Mauro morandi. હા, માઉરો મોરાંદી. દેખીતી રીતે એકદમ સાધારણ, સજ્જ અને સામાન્ય માનવી. કોઈ તકલીફ નહીં પણ વિચારવંત ને સંવેદનશીલ ખૂબ જ. આને લીધે બની ગયા એકદમ હટકે અને વિશિષ્ટ. આ માઉરોભાઈ ૩૩ વર્ષ એક જ સ્થળે રહ્યા. એ પણ એક ટાપુ પર. આમાં કંઈ ખાસ ન લાગે પણ સાવ એકલા રહ્યા. ન પરિવાર, ન દોસ્ત. આવું શા માટે જીવ્યા? કેવી રીતે રહી શક્યા? કારણ શું હતા?

દ્વિતીય વિશ્વયુદ્ધમાં આશ્રયસ્થાન તરીકે વપરાતા ઈટાલીના સાર્ડિનિયા પાસેના બુડેલી નામના ટાપુ પર મોરાંદી જંગલી પંખી અને પંખીઓના સહવાસમાં રહ્યા હતા. ત્યાં શા માટે ગયા? તેઓ ભયંકર હદે વધી રહેલા કન્ઝ્યુમરિઝમ (ગ્રાહકવાદ) અને અસહ્ય બનતા જતા સમાજથી કંટાળી ગયા હતા. આથી તેઓ ૧૯૮૯માં દરિયાઈ માર્ગે પોલેનેશિયા જઈ રહ્યા હતા. જે કેટામરાનમાં નીકળ્યા હતા એ ખોટવાઈ જતાં તેઓ નજીકના બુડેલી ટાપુ પર રહેવા જતા રહ્યા. એની પાછળનું મૂળ કારણ સમાજથી દૂર રહેવાની અદમ્ય ઈચ્છા.

અલબત્ત, બુડેલી ટાપુ પર રહેવાનું જરાય આરામદાયક કે સુખદાયક નહોતું. એક જમાનાના શેલ્ટર તરીકે ત્યજી દેવાયેલા ટાપુ પર જેવું તેવું કાચું ઘર બનાવી લીધું. હવામાન અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને તેમણે સોલાર એનર્જી સિસ્ટમ બનાવી. એક સામાન્ય ચુલા થકી તેઓ ઘરમાં ગરમાવો રાખતા હતા.

તથાકથિત સમાજથી દૂર રહેવા માટે એકલા રહેવાનું પસંદ કરનારા માઉરો મોરાંદીએ ટાપુના કેરટેકર એટલે કે રખેવાળની નોકરી કરી લીધી. તેમની જવાબદારી આખા ટાપુને સાફ રાખવાની અને એના પર્યાવરણની જાળવણી કરવાની હતી. આ કામ એમણે ખૂબ ધગશ, મહેનત, આનંદ અને ઉત્સાહ સાથે કર્યું.

આ બધા વચ્ચે માઉરો રહે સાવ એકલા-અટુલા. કોઈ સાથે ન સંબંધ, ન વાતચીત. તેઓ પોતાને નસીબદાર માનતા હતા કે બુડેલીનો રખેવાળ નિવૃત્તિને આરે હતો એટલે એ નોકરી પોતાને મળી ગઈ. તેઓ પંખીને જુએ, પ્રાણીઓ સાથે રમે. ટાપુને સાફ-સ્વચ્છ રાખવાની કામગીરી નિભાવતા જાય. સાથોસાથ ટાપુ પર આવનારા પર્યટકોને પર્યાવરણ વિશે સમજાવે, જાગૃત કરવા પ્રયત્નશીલ રહ્યા.

માઉરો મોરાંદીને નહોતી બહારની ધમધમાટ કરતી દુનિયા યાદ આવતી કે નહોતી માનવીઓની ગેરહાજરી ખૂંચતી. તેઓ શાંતિ અને નિરવતાથી ટેવાઈ ગયા. કહો કે એને માણવા માંડ્યા હતા. પોતાને એકલા કે બિચારા નહોતા સમજતા. તેમને એકલતા ગમતી હતી, ખૂબ જ ગમતી હતી. એમના જીવનની આ ઘટમાળ સતત ૩૨-૩૩ વર્ષ ચાલતી રહી.

પરંતુ કોઈ ક્યાં કાયમી હોય છે કે કાયમ માટે ટકી રહે? ૨૦૨૧માં એમના જીવનમાં અણધાર્યો વળાંક આવ્યો. ઈટાલીની સરકારે બુડેલી ટાપુને નેચર પાર્ક જાહેર કરી દીધો. માઉરો મોરાંદીની ઈચ્છાનું ઈટાલીના અધિકારીઓ સામે બે ફદિયા ય ન ઊપજ્યા. તેને પોતાની ૩૩ વર્ષની એકલાતાના સાથી સમાન બુડેલી ટાપુ છોડવો પડ્યો.

ત્રણ દાયકા ઉપરાંત લગભગ નિર્જન ટાપુ પર એકલા-એકાંકી રહેનારા ૮૦ વર્ષનો પુરુષ આધુનિક સમાજમાં ફરીથી ગોઠવાઈ શકે? મોરાંદી ભૂતકાળમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. એમાંથી મળેલ નિવૃત્તિ ભથ્થામાંથી તેમણે સાર્ડિનિયાના લા મદાલેનામાં એક નાનકડું એપાર્ટમેન્ટ લીધુંઃ ત્રણ દાયકાથી વધુ સમય કાચા ઘરમાં શાંત-સુખી જીવન વિતાવનારા માઉરોને કેવું લાગ્યું હશે? એમના જ શબ્દો આ બધાનો ક્યાં, ક્યારેય અંત આવે છે. એનું જીવતું જાગતું ઉદાહરણ હું પોતે છું. તમે કાયમ બધું ફરીથી શરૂ કરી શકો છો, પછી ભલેને ઉંમર ૮૦ વર્ષથી વધુ હોય. કારણકે હજી એવી ઘણી બાબત હોય છે જે તમે અનુભવી શકો છો. હું ખુશ છું અને જીવન જીવવા અને આધુનિક સગવડોનો ફરીથી આનંદ માણી રહ્યો છું.

આ સુખ-સુવિધા વચ્ચે માઉરોને વધુ એક સુખદ સરપ્રાઈઝ મળી. ૨૦૨૧ના મે મહિનામાં નવા સ્થળ-ઘરમાં રહેવા ગયા બાદ યુવાનીના દિવસોની પ્રેમિકા મળી ગઈ. એટલું જ નહીં, માઉરોની સાથે રહેવા ય આવી ગઈ! માઉરોએ પોતાના ટાપુના જીવન પર પુસ્તક લખ્યું ને સોશ્યલ મીડિયા પર પણ અનુભવ-ફોટા મૂકતા રહ્યા, પરંતુ

એક અકસ્માતને લીધે તેમને સસારીના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. અને આ અનોખા જીવે ઉત્તર ઈટાલીના મોડેનામાં અંતિમ શ્વાસ લીધા.

પશ્ચિમી મીડિયાએ માઉરો મોરાંદીને રોબિન્સન ક્રુઝો ગણાવ્યા. આમ તો કોઠાસૂઝ અને પ્રયાસો થકી પોતાની રીતે જીવન જીવનારા માનવીને રોબિન્સન ક્રુઝો ગણાવાય છે. હકિકતમાં ડેનિયલ ક્રુઝોની નવલકથા રોબિન્સન ક્રુઝોના મુખ્ય પાત્ર પરથી આ નામ આવ્યું છે. એનો નાયક જહાજ ડૂબી જવાથી વેનેઝુએલા અને ત્રિનિદાદના દરિયાના નિર્જન ટાપુ પર કેદીઓ, વિદ્રોહીઓ અને નરભક્ષીઓનો સામનો કરતાં કરતાં ૨૮ વર્ષ વિતાવ્યા હતાં. આ કાલ્પનિક નાયકનો રેકોર્ડ વાસ્તવિક હીરોએ તોડી નાખ્યો એ કેવી રસપ્રદ બાબત? ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# હવે પ્રભુ જો મુજ પ્રેમ વાંછે આવે તે ભલે લયલા બનીને

ગઝલ એટલે દિલના સ્પંદન અને શબ્દનું સંવનન. કાવ્યમાં હૃદયની સંવેદના તો હોય છે પણ ગઝલમાં સવિશેષ પ્રમાણમાં હોય છે. એક જ શેરમાં પૂરતા લાઘવથી આખું ભાવવિશ્વ પ્રકટ કરવાનું હોય છે, એટલે સંવેદન સંયમ માગી લે છે. આજે આપણે એક જ સર્જકની વાત ન કરતા અનેકના અશ્આર માણીએ. એવો ઉપક્રમ રાખ્યો છે.

ગઝલ આત્મલક્ષી પ્રકાર છે. ગઝલના વિષય, આશય અને અભિવ્યક્તિ કવિના વ્યક્તિગત છે, અને છતાંયે સૌને સ્પર્શે છે એટલે વ્યક્તિથી પર અને પાર છે. ગઝલ શાયરના ભાવવિશ્વનું દર્પણ છે. ઊર્મિની સચ્ચાઈનો રણકો અને કલ્પનાસૃષ્ટિની મૌલિકતા શબ્દોમાં અવતરે તો જ દિલને સ્પર્શે ગઝલ જેટલી વાસ્તવિકતાની નજદીક જાય છે એટલી જ એ યથાર્થ નીવડે છે... ગઝલ છે ખાસ પ્રકારની બે તાબીઓનું - અંજપાનું બીજું નામ. ગઝલ જેટલી સર્જકના અંતરમાં ઊતરે છે એટલું જ એમાં નાવિન્ય આવે છે. ઉર્દૂ ગઝલના ઉદાહરણથી વાત સમજીએ તો જિગર મુરાદાબાદીનો આ શેર જોવો રહ્યો.

*અય શમ્મા તુજ પે યે રાત ભારી હૈ જિસ તરહ*

*હમને તમામ ઉમ્ર ગુજારી હૈ ઈસ તરહ.*

આપણે ત્યાં ઘાયલ સાહેબે શમાની ચોખટ પર પોઢી જતા પરવાનાની વાત કરી છે.



*પરવાના પોઢી જાય છે ચિર મૌનની ચાદર ઓઢીને*

*હે દોસ્ત, શમાની ચોખટ પર ઓલાઈ જવામાં લિજ્જત છે*

ગઝલના સત્ત્વ અને તત્ત્વની વાત આપણા ગઝલકારોના શબ્દોમાં સમજીએ તો મર્મ પકડાઈ શકશે જેમ કેઃ

*ચાહું તો જિંદગીને ફરીથી બનાવું હું*
*પણ એ ફરી બગાડવા ફુરસત નહીં રહે*
-મરીઝ

*મીઠાં સમણા વસમા શૂળ*
*મારી ગઝલોના બે મૂળ*
- ઘાયલ

*દશ્ય સર્જાય મોંઘું મિલનનું અને*
*સાથિયા ચાંદ-સૂરજના પૂરે ગઝલ*
*દોર ગોઝારો જામે વિરહનો અને*
*રાતના ઘોર સન્નાટે ઝૂરે ગઝલ*
-શૂન્ય પાલનપુરી

શૂન્ય વિરહને ગોઝારો કહે છે. આમ પણ ગઝલમાં મિલન મોકાઓ ઓછા અને વિરહની વેદના વધારે જોવા મળે છે. વિરહથી ઉદ્ભવતાં દુઃખો, વેદના, નિરાશા, ઝંખના ગઝલ નિર્માણની સામગ્રી બને છે. શૃંગારના બે કાવ્ય સ્વરૂપ અલંકારશાસ્ત્રમાં છે-મિલન અને વિરહ. શંભોગશૃંગાર અને વિપ્રલંભશૃંગાર. કોઈ પોતાનું દિલમાંથી જતું રહે ત્યારે દીવાલો પણ રડતી હોય છે. ઘર ખાવા ધાય છે. આવી આત્મીયતાની વાત મનોજ ખંડેરિયા આ રીતે કરે છેઃ

*આત્મીયતાથી દીવાલથી ખરખર ખરી પડી*
*ઓચિંતા ઘરમાં સાવ અટૂલા થઈ ગયા*

અત્યારની ગઝલને વિષયનો છોછ નથી. એટલે કે ફક્ત મિલન કે વિરહની વાતથી ગઝલ આગળ નીકળી ગઈ છે. પણ આખરે માનવજીવનમાં આ બે વાત મહત્ત્વની છે એટલે મનોજ અટૂલા થઈ ગયાનું કહે છે તો ભગવતીકુમાર શમા સાંજના શામિયાણામાં આવતા સ્મરણની વાત આ રીતે કરે છે.

*ઉદાસી આ સૂરજની આંખે ચડી છે*
*તમારા વિના સાંજ ડૂસકે ચડી છે.*

આ વાત મનહર મોદી જુદી રીતે કરે છેઃ

*ખૂબ અઘરું હોય છે અંદર જવું*
*એકલા બળબળ થવાનું હોય છે.*

ગઝલમાં આજે પણ મિલન-વિરહ સ્થાયીભાવ છે અને તેથી જ એ શારીરિક છે, માનસિક છે પણ ગઝલ ત્યાં જ અટકતી નથી.

ગઝલ બાહ્ય અર્થમાં માશૂક-આશિકની વાત છે તેને ઈશ્કે-મિજાજી કહેવાય છે. સૂફી તત્ત્વજ્ઞાનની પરંપરામાં ગઝલ તો ઈશ્કે-હકીકી છે તેનો આંતર રંગ છે. વાત પ્રિયતમાને સંબોધીને કહેવાય છે તે તેના આધ્યાત્મિક અર્થમાં પરમપ્રિયતમ પરમાત્માને ઉદ્દેશીને કહેવાતી હોય છે. આપણા સમર્થ કવિ સુંદરમ્ યાદ આવે છેઃ

*હવે પ્રભુ જો મુજ પ્રેમ વાંછે*
*આવે ભલે તે લયલા બનીને*

ગઝલ સમ્રાટ શયદાએ લોકબોલીને ગેયછંદોમાં કંડારીને લોકોના દિલોદિમાગ સુધી પહોંચાડવાનું અને સાથે સાથે ગઝલના સાહિત્યિક સ્વરૂપને સિદ્ધ કરવાનું કામ કર્યું. એમના અનુગામીઓ એ હોંશેહોંશે ગઝલના સ્વરૂપને વળગીને મજબૂત પ્રદાન કર્યું. ગુજરાતી ગઝલમાં નવી દૃષ્ટિ લાવવા માટે આ શેર કહ્યો હશે!:

*યુગ યુગથી સકળ આ વિશ્વ એનું એ જ નિહાળું છું*

*હવે કોઈ નવી દૃષ્ટિ આપો નયન માટે*

ગુજરાતી ગઝલનું આજનું સ્વરૂપ અહીંથી શરૂ થાય છે. ગુજરાતી ગઝલને પોતીકાપણું આપવા માટે અત્યારસુધીમાં અથાગ પ્રયત્નો થયા છે અને હવે ગઝલનો એટલે આધુનિક ગઝલનો કાફલો આગળ વધી રહ્યો છે. ગઝલ દિલની જબાનમાં લખાય છે એટલે એમાં તર્ક ન આવે. રેશનલ દલીલ ચાલે નહીં કારણ કે વાત દિલની છે, દિમાગી નથી. આમાં ઊર્મિનું ઐશ્વર્ય છે, લાગણીની નમણાશ છે. કલાપીએ ભલે કહ્યું હોય કેઃ

*પ્રેમને કારણો સાથે સંબંધ કાંઈ એ નથી*

*કારણ પ્રીતનું પ્રીતિ! પ્રેમની લક્ષ્મી તે બધી*

જો કે સાવ અકારણ પણ કશું બનતું નથી અને તેથી જ ઘાયલ કારણ આપ્યા વગર કારણ આપીને કહે છે કેઃ

*કાજળ ભર્યા નયનના કામણ મને ગમે છે*
*કારણ નહીં જ આપું કારણ મને ગમે છે*

મને નખશિખ સુંદર કૃતિ ગમે છે. ગમવાં પાછળ અનેક પાસાંઓ છે. ફ્રોસ્ટ કહે છે કે કેટલીક કૃતિઓ પરિચયમાં આવતા જ ગમી જાય છે અને ત્યારે લાગે છે કે આને ક્યારેય ભૂલી શકાશે નહીં.

ગઝલ સામાન્ય વાતચીત નથી પણ અરબીમાં એની વ્યાખ્યા પ્રમાણે એ 'સુખન અઝ માચૂક ગુફતન' છે એટલે માશૂક સાથેની ગુફતગૂ છે.

માશૂક એટલે પ્રિયતમા

ઊંચા અર્થમાં માશૂક એટલે પરમ પ્રિયતમ પરમેશ્વર

હરીન્દ્ર દવેએ એટલે જ કહ્યું છેઃ

*જીવન પુસ્તક મહીં આ પ્રેમ પણ અંતિમ વચન ક્યાં છે*

*બધી દીવાનગીના મૂળમાં લયલા નથી હોતી*

ફરીથી કવિ ફ્રોસ્ટ યાદ આવે છેઃ 'આઈ હેવ લવર્સ ક્વોરલ વીથ ધ વર્લ્ડ' આવી મુગ્ધતાની મૃદુ જમીન પર ધીરે ધીરે સમજણનો છોડ પાંગરે છે જે ભાવુકતાની અને પરિપક્વતાની વચ્ચે સેતુ બને છે...

આમ કૃતિની ભાષા, અભિવ્યક્તિની નજાકત, કલ્પનની તાઝગી, અનુભૂતિનું ઊંડાણ, મૌસિકી અને બયાનનો અંદાઝ ગમી જાય છે અને પ્રેમ કલ્ટીવેટેડ બને છે.

ઘાયલના શબ્દોમાં કહું તોઃ

*થતાં તો થઈ ગયો તો ઘડી સંગ શબ્દનો*
*પણ આ જુઓ જતો જ નથી રંગ શબ્દનો*

કાવ્ય, જગત અને જીવન એક તાંતણે બંધાયેલ છે જીવનમાં દરેક સવાલોના જવાબો સીધી રીતે નથી મળતા પણ મળે છે જરૂર. એક સૂફી સંતે કહેલી વાત યાદ આવે છે.

*સાહેબ કે દરબારમેં કમી કાહુકી ના હી*
*બન્દા મૌજ ન પાવહી, ચૂક ચાકરી માહિ*

આપણા શરૂઆતના ગઝલકારોએ ક્યારેક તો કહેવત બની ગઈ છે એવી પંક્તિઓ આપી છે જેમ કેઃ

કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે. કલાપીની વાત કરીએ તો એમનો પ્રખ્યાત શેર આપણાં હૈયે અને હોઠે રમતો રહે છેઃ

*જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની*

*આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની*

નજર ઠરે છે ફરતી નથી અને નજર ઠરે તો જ યાદ વહેતી થાય. આપણે ગુજરાતી ગઝલના નજર ઠરે એવા મુકામોની સફર ચાલુ રાખીશું. ■

* * *

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# એક નર્સે કેટલાય દર્દીઓને સુખનો પાસવર્ડ આપ્યો!

## છેલ્લાં ૪૦ વર્ષ દરમિયાન સેંકડો વ્યક્તિઓના અંતિમ સમયની સાક્ષી બનેલી નર્સ બેલિન્ડા માર્ક્સ પાસેથી આ પ્રેરણા લેવા જેવી છે...

ઇન્ટરનેટ પર ઇંગ્લેન્ડની એક અનોખી નર્સ વિશે વાંચીને વાચકો સાથે તેની વાત શેર કરવાની ઇચ્છા થઈ. જુદાજુદાં માધ્યમોમાંથી તેના વિષે માહિતી એકઠી કરીને વાચકો સમક્ષ મૂકું છું.

ઇંગ્લેન્ડના વેસ્ટ યોર્કશાયરની 'સ્યૂ રાઇડર મેનરલેન્ડસ હોસ્પાઇસ' (હૉસ્પિટલ)માં નર્સ તરીકે ફરજ બજાવતી ૬૨ વર્ષીય બેલિન્ડા માર્ક્સનું કામ મૃત્યુ પામી રહેલા લોકોને મદદ કરવાનું છે. તેણે સેંકડો વ્યક્તિઓને શાંતિપૂર્ણ રીતે અને ગરિમા સાથે મૃત્યુ સુધી પહોંચવામાં મદદ કરી છે.



બેલિન્ડા સાડા ચાર દાયકા અગાઉ નર્સ બની હતી તેણે ગાયનેકોલોજી અને ડિસ્ટ્રિક્ટ નર્સિંગમાં કામ કર્યું. એ પછી તે એડવાન્સ્ડ ક્લિનિકલ પ્રેક્ટિશનર બની હતી. છેલ્લાં ૪૦ વર્ષ દરમિયાન તે સેંકડો વ્યક્તિઓના અંતિમ સમયની સાક્ષી બની છે. તે લોકોને તેમના અંતિમ સમયમાં તેમની ઈચ્છાઓ અનુસાર દુનિયામાંથી વિદાય લેવા માટે મદદરૂપ બને છે. મનોરોગી દર્દીઓને અથવા તો ડિમેન્શિયાને કારણે (એટલે કે ભૂલી જવાની બીમારીને કારણે) એકલા પડી ગયેલા દર્દીઓને મદદ કરવાનું કામ પણ બેલિન્ડા કરે છે. તેમના જીવનનો અંતિમ સમય તો બહુ ખરાબ હોય છે. એટલે તે તેમની વધુ કાળજી લે છે.

બેલિન્ડાની ફરજ લોકોને મૃત્યુ અગાઉ મદદરૂપ બનવાની છે. તે લોકોને મૃત્યુ માટે માનસિક રીતે તૈયાર કરે છે તે તેમની સાથે તેમને ગમતી વાતો કરે છે અને સાથેસાથે તે જીવનનું સત્ય પણ સમજાવે છે કે અહીંથી જવાનું છે એ નિશ્ચિત છે. તે તેમને કહે છે કે 'મૃત્યુ નિશ્ચિત જ છે તો એ અગાઉ તમે તમને ગમતી પ્રવૃત્તિ કરીને જાઓ અથવા ગમતાં વાતાવરણમાં પૃથ્વી પરથી વિદાય લો.'

બેલિન્ડા કહે છે કે 'હું ક્યારેય કોઈને કોઈ વાત ભારપૂર્વક કહેતી નથી. કેટલાક એવા દર્દીઓ હોય છે જે હૉસ્પિટલમાં મૃત્યુ પામવા ઈચ્છે છે તો કેટલાક દર્દીઓ એવી ઇચ્છા વ્યક્ત કરતા હોય છે કે અમારે અમારા ઘરે મરવું છે. જેનું મૃત્યુ નજીક હોય એવી વ્યક્તિની સાથે બેલિન્ડા તે વ્યક્તિના કુટુંબના સભ્યો સાથે પણ હળીમળી જાય છે. દર્દી અને તેમના કુટુંબના સભ્યો વચ્ચે અંતર થઈ ગયું હોય તો એ ઓછું કરવાની તે કોશિશ કરે છે.

બેલિન્ડા કહે છે કે 'નર્સનું કામ માત્ર ઇન્જેક્શન કે દવા આપવાનું જ નથી હોતું, પરંતુ દર્દીઓને બધી રીતે સંભાળવાનું હોય છે. તેની સૌથી અગત્યની ફરજ દર્દીઓની લાગણીઓ સમજીને તેની સંભાળ લેવાની છે.'

બેલિન્ડા જેની સંભાળ લઈ રહી હતી એવા એક વૃદ્ધ દર્દીના ત્રણ દીકરા હતા, પરંતુ એ દરરોજ ઝઘડતા હતા કે 'પિતાની વધુ જવાબદારી કોણે લેવી જોઈએ, કોણે પિતાજી સાથે રહેવું જોઈએ.' તે વૃદ્ધ દર્દીએ એક વાર ભીની આંખે બેલિન્ડા સાથે વાત કરી. તેણે કહ્યું, 'મારે હૉસ્પિટલમાં નથી મરવું. મારા ઘરમાં - મારા બેડરૂમમાં જ મારી અંતિમ ક્ષણો પસાર કરવી છે...'

બેલિન્ડાએ એક સાંજે તે વૃદ્ધ દર્દીના કુટુંબના બધા જ સભ્યોને ભેગા કર્યા અને તેમને કહ્યું કે 'તમારા પિતાની ઈચ્છા હૉસ્પિટલમાં નહીં, પરંતુ ઘરમાં અંતિમ ક્ષણો પસાર કરવાની છે.' પરિવારના સભ્યોને પહેલા તો આંચકો લાગ્યો. એ લોકો પિતાને ઘરે લઈ જવા ઇચ્છતા નહોતા, પરંતુ પછી તે બધા એ વાતે સહમત થયા. બેલિન્ડાને કારણે તે વૃદ્ધ દર્દીને અંતિમ ક્ષણે પોતાની પ્રિય જગ્યા એટલે કે પોતાના ઘરમાં પોતાના બેડરૂમમાં અંતિમ ક્ષણો પસાર કરવાની તક મળી. તેમને પોતાની પ્રિય જગ્યામાં શાંતિપૂર્વક મૃત્યુ પામતા જોઈને તેના દીકરાઓ રડી પડ્યા. તેમણે કહ્યું, 'અમે અમારા પિતાને માન ન આપી શક્યા, પરંતુ તમે અમારા પિતાને સાચું સમ્માન આપ્યું અને અપાવ્યું.'

બેલિન્ડા કહે છે કે 'દર્દી જો પથારી પર લાચાર બનીને, અસહાય બનીને પડ્યો હોય તો પણ તે માત્ર શરીર નથી. તે હજી પણ જીવંત મનુષ્ય છે. તેની પણ ઈચ્છાઓ છે, ભાવનાઓ છે તેનું પણ સ્વાભિમાન છે.' મૃત્યુ તરફ ધકેલાઇ રહેલા એવા દર્દીઓની ઈચ્છાઓ અને ભાવનાઓનો આદર કરીને તેમનું સ્વાભિમાન જળવાય એ રીતે તેમના છેલ્લાં દિવસો પસાર થાય એ માટે બેલિન્ડા કોશિશ કરે છે બેલિન્ડા તેના દર્દીઓના શરીરને સ્વચ્છ રાખવા માટે કાર્યરત રહે છે. તે તેમને મનપસંદ કપડાં પહેરાવે છે. દર્દીઓ ઈચ્છે તો તેમનું પ્રિય હોય એવું સંગીત પણ સંભળાવે છે. તે કહે છે કે 'મૃત્યુની નજીક હોય એવા દર્દીઓને ગમતું સંગીત સાંભળવા મળે, પરિવારના સભ્યો સાથે રહેવાની તક મળે તો તેનામાં ઉત્સાહનો સંચાર થાય છે. આવી નાની-નાની લાગતી વાત દર્દી માટે અંતિમ ક્ષણોમાં અણમોલ બની જાય છે.'

બેલિન્ડાની એક ૫૨ વર્ષીય પેશન્ટને ફેફસાનું કેન્સર થયું હતું. લીલી નામની તે સ્ત્રીનું કેન્સર છેલ્લાં સ્ટેજમાં હતું. લીલી દવાઓ અને સારવારથી થાકી ગઈ હતી. એક દિવસ તેણે બેલિન્ડાને કહ્યું, 'હવે મારું શરીર દવાઓથી જ જીવી રહ્યું છે. મારું મન તો પહેલેથી જ થાકી ગયું છે. મારી ઇચ્છા છે કે હું મૃત્યુ પામું ત્યારે મારી દીકરી મારી બાજુમાં હોય.'

બેલિન્ડાએ લીલીની ઇચ્છા વિશે તેની દીકરીને કહ્યું અને તેને સમજાવી કે 'તારે તારી માતાને ખુશ કરીને વિદાય આપવી જોઈએ.'

લીલીની દીકરીએ પોતાની મમ્મીનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, 'મમ્મી તું ડરીશ નહીં. અમે બધા તારી સાથે છીએ.' લીલીનું મૃત્યુ થયું ત્યારે તેની દીકરી તેની બાજુમાં બેઠી હતી. બેલિન્ડા પણ ત્યાં હાજર હતી. તેણે લીલીને ગમતું સંગીત વગાડ્યું. તેણે લીલીને ગમતા સુગંધી ફૂલોની વ્યવસ્થા પણ કરી હતી. લીલીના ચહેરા પર મૃત્યુની છેલ્લી ક્ષણોમાં પણ તેજ આવ્યું. જાણે લાંબી લડાઈ બાદ તેને શાંતિ મળી હોય એ રીતે તેણે શાંતિથી છેલ્લાં શ્વાસ લીધા.

બેલિન્ડા જેની સાક્ષી બની હતી એવો અન્ય એક કિસ્સો પણ જાણવા જેવો છે. એક ૧૧ વર્ષીય છોકરો બ્લડ કેન્સરથી પીડાઈ રહ્યો હતો. ડૉક્ટરોએ કહી દીધું હતું કે 'હવે આ છોકરા પાસે બહુ ઓછો સમય બચ્યો છે.' તે છોકરાનો જન્મદિવસ નજીક આવી રહ્યો હતો. તે છોકરો હવે થોડા સમયમાં મૃત્યુ પામશે એવું વિચારીને તેના પરિવારના તમામ સભ્યો અત્યંત દુઃખી અને વ્યથિત હતા, પરંતુ બેલિન્ડાએ તેમને સમજાવ્યું કે આપના હાથમાં જીવન અને મૃત્યુ નથી, પણ આપણે તમારા બાળકનો જન્મદિવસ યાદગાર બનાવવો જોઈએ. તેણે હૉસ્પિટલમાં જ તે છોકરાના જન્મદિવસની ઉજવણી કરી. તેણે બલુન્સ, ચોકલેટ કેક અને તે છોકરાના મનપસંદ કાર્ટુન કેરેક્ટર સાથેની કેકની વ્યવસ્થા કરી. તે છોકરો ખુશ થઈ ગયો અને હસતાહસતા બોલ્યોઃ 'આ મારી જિંદગીનો સૌથી બેસ્ટ બર્થ-ડે છે.'

ત્રણ દિવસ પછી તે છોકરો મૃત્યુ પામ્યો, પરંતુ તેના પરિવારને થયું કે મૃત્યુ અગાઉ અમારો છોકરો છેલ્લી ક્ષણ સુધી ખુશ રહ્યો હતો. બેલિન્ડા કહે છે કે 'એ ઘટનાએ મારા જીવનમાં અવિસ્મરણીય છાપ છોડી દીધી હતી.'

બેલિન્ડા કહે છે કે 'મૃત્યુ દુશ્મન નથી. દુનિયામાં મોટાભાગના લોકો મૃત્યુને જીવનના અંત કે જીવનની હાર તરીકે જુએ છે, પરંતુ મૃત્યુ હાર નથી. એ તો સફરની છેલ્લી સીડી છે. જો એ સીડીનું છેલ્લું પગથિયું ગૌરવપૂર્વક ચડી શકાય તો માણસ જીવન જીતી ગયો એવું કહી શકાય.'

બેલિન્ડા ઉમેરે છે કે 'દર્દીની અંતિમ ક્ષણોમાં તેની પીડા ઓછી થાય, તેની એકલતા દૂર થાય એવી કોશિશ કરીએ અને તેને ખૂબ પ્રેમ આપીએ એ જ તેની સાચી સેવા છે. મને આ કામની તક મળી એને હું મારું સદનસીબ ગણું છું. મેં કેટલાય લોકોને મૃત્યુ શાંતિપૂર્ણ રીતે અને ગરિમા પૂર્ણ રીતે મૃત્યુ પામવામાં મદદ કરી છે એ વાતનો મને આનંદ છે.'

બેલિન્ડા બીજી વ્યક્તિઓને તો મૃત્યુ માટે માનસિક રીતે તૈયાર કરવામાં મદદરૂપ બને છે, પરંતુ તે પોતે પણ એ વિશે સજાગ છે. તેણે અને તેના પતિએ તેમની વસિયત અને અંતિમસંસ્કારની યોજના અત્યારથી જ બનાવી લીધી છે. 'એક દિવસ અહીંથી જવાનું છે એ નિશ્ચિત જ છે એટલે એ વાસ્તવિકતા સ્વીકારીને મૃત્યુ માટે માનસિક રીતે સજ્જ રહેવું જોઈએ.' ■

* * *

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ફાફડા-જલેબીની ગાથા... ગુજ્જુઓનું આધાર કાર્ડ

*ટાઇટલ્સઃ તહેવાર ને વહેવારમાં લોજિક ના હોય. (છેલવાણી)*

હમણાં ૩ દિવસ પહેલા દશેરો ગયો ને લોકોએ એક જ મેસેજ મોકલે રાખ્યો કે-

'તમારી અંદરના રાવણને બાળો!' હવે અમારામાં કંસ છે કે હિટલર છે કે રાવણ એની બીજાંને કેવી રીતે ખબર પડે? પણ હા, 'રાવણ' નહીં પણ 'કુંભકર્ણ' તો અમારામાં ચોક્કસ છે એવું અમારી લાંબી ઊંઘને કારણે ઘરવાળાંઓ નાનપણથી સંભળાવે છે. અમે અંદરના એ ક્યૂટ કુંભકર્ણને જરાંયે ડિસ્ટર્બ કરવા માગતા નથી.

વળી કુંભકર્ણ એના ભાઈ રાવણથી વધારે સેંસિબલ હતો. રામ-રાવણનાં યુદ્ધમાં જયારે રાવણના એક પછી એક સૈનિકો મરી રહ્યાં હતા ત્યારે રાવણે ઢોલ-નગારાં વગાડીને કુંભકર્ણ જગાડયો અને લડવા કાજે ઉશ્કેરતા કહ્યું :

'ઊઠ કુંભકર્ણ, યુદ્ધમાં આપણી સેના, સ્વજનો હણાઈ રહયા છે ને તારે હજી ઉંઘવું છે?'

'મોટાભાઈ, એક સવાલનો જવાબ આપો તો યુદ્ધમાં ઝંપલાવું.' કુંભકર્ણે આળસ મરડીને કહ્યું,

'કયો સવાલ? જલ્દી બોલ.' રાવણ ભડક્યો.

કુંભકર્ણે પૂછ્યું, 'પહેલાં એ કહો કે મેં ઊંઘીને શું ખોઈ નાખ્યું? ને તમે જાગીને શું મેળવી લીધું?' રાવણ પાસે આ ફિલોસોફિકલ સવાલનો જવાબ નહોતો તો ૧૦માં-૧૨માંની પરીક્ષા હોય, અગત્યની મીટિંગ હોય, ટ્રેન પકડવાની હોય- છતાં પથારી ના છૂટતી હોય એવા સર્વ નિંદ્રાપ્રેમીઓ માટે કુંભકર્ણ- હીરો છે ને સદા રહેશે!

વળી રાવણનાં ૧૦ માથાં જોઇને સવાલો ઊઠે કે-લંકેશને બ્રશ કરવામાં કેટલો સમય લાગતો હશે? કેટલા લિટર શેંપૂથી ૧૦-૧૦ માથાં ધોતો હશે? પાણીપુરી ખાતી વખતે પહેલું મોઢું પાણીપુરી આરોગે પછી બીજું, પછી ત્રીજું એમ છેલ્લે ૧૦મું મોઢું પાણીપુરી ખાય ત્યાં સુધી પહેલા મોઢાંની શી હાલત થતી હશે? અથવા એક સાથે ૧૦ કન્યા મહેમાનની આરતી ઉતારતી હોય એમ ૧૦ પાણીપુરીવાળાઓ ૧-૧ મોંને ખવડાવતા હશે? સૂતી વખતે રાવણ, ડાબાં પડખે સૂવે તો ૫ માથાં અને જમણી તરફ સૂવે તો ૪ માથા આડા નહીં આવતા હોય? અને આ બધા વચ્ચે વચ્ચેના મેઇન માથાને ઊંઘ આવતી હશે? માથાના દુઃખાવા માટે ૧ગોળી લેતો હશે કે ૧૦?

દશેરાના દિવસે આપણે ત્યાં રાવણને બળતો જોવા માટે ભારે ભીડ ઉમટે છે. ૨૦૧૮માં અમૃતસરમાં દશેરાના દિવસે રાવણને બળતો જોવા ગયેલા લોકો રેલવે ટ્રેક પાસે ટ્રેન નીચે કચડાઇ મર્યાં હતા. વળી દર વરસે રાવણને બાળવા પાછળનું કારણ-



'ધર્મનો અધર્મ પર વિજય' એમ છે પરંતુ આપણે ત્યાં ભ્રષ્ટાચારનો કે નફરતી ઝનૂનનો રાવણ રાજકારણની રાખમાંથી નવા નવા સ્વરૂપે ફરી ફરીને જનમ્યે જ રાખે છે ને આપણે બાળી બાળીને થાકીએ તો યે એ મરતો જ નથી!

*ઇન્ટરવલઃ*
*તું કૌરવ, તું પાંડવ, મનવા..*
*તું રાવણ, તું રામ! (સુરેશ દલાલ)*

કહેવાય છે કે દશેરાના દિવસે ગુજરાતમાં કરોડના ફાફડા-જલેબી ખવાઇ જાય છે. એક રીતે દેશ હોય કે વિદેશ, ફાફડા- જલેબી ગુજ્જુઓની ઓળખ-આધાર કાર્ડ બની ગઈ છે.

'ફાફડા' શબ્દની વ્યુત્પત્તિ માટે કહેવાય છે કે ગુજરાતીઓ સવારે ઊઠીને હાંફળા-ફાંફળા થઈને જેને લેવા જતા એનું નામ 'ફાફડા' પડી ગયું. ફાફડા બનાવનાર ફાફડાના લોટના લૂવાને એક પાટલા પર મૂકી લાંબો ખેંચીને તળવા મૂકે છે.

આ પરથી એવું તારણ નીકળે છે કે ગુજરાતી પ્રજા લાંબું વિચારનારી પ્રજા છે . 'આજે ફલાણાં શેરના ભાવ આટલો છે તો આવતી કાલે કેટલો થશે?' -એવું વિચારવાની આખી પ્રવૃત્તિ પાટલા પર લાંબા વણીને ખેંચાતા ફાફડા પરથી કદાચ જન્મી હશે.

કોઈ રમતિયાળ કવિ 'લફડાં' અને 'ફાફડા' એ બે શબ્દ વચ્ચે પ્રાસ બનાવીને કવિતા લખી શકે... પણ આમ જોવા જઈએ તો લફડાં અને ફાફડા વચ્ચે એક જાતનો સંબંધ તો છે જ. જેમ ફાફડા ઠંડા થઈ જાય તો એમાં મજા નથી આવતી એમ લફડાં પણ જો જૂના થાય પછી એમાં બહુ રસ રહેતો નથી. વળી વધુ પડતાં ફાફડા ખાઈએ તો પેટ બગડે ને બહુ લફડાં હોય તો જીવન બગડે. ટૂંકમાં ફાફડા આપણને જાતજાતનું વિચારવા માટે પ્રેરણા આપે છે. ફાફડા આપણને સૌથી મોટી પ્રેરણા એ આપે છે કે 'આજે ફાફડાનો ભાવ કેટલો છે?' કારણ કે આજે જે ભાવ છે એ જ વર્તમાનનું સત્ય છે. આવતી કાલે જે ભાવ હશે એ માત્ર કલ્પના છે.' ઇન શોર્ટ, જો જીવનનું સત્ય સમજવું હોય તો આજના ફાફડાનો ભાવ સમજવો જોઈએ...અને આપણે વર્તમાનમાં જીવન જીવવાની ફિલોસોફી ફકત ફાફડા સમજાવી શકે છે. વળી સૌરાષ્ટ્ર બાજુ ગુજરાતીઓને ફાફડા સાથે મફતમાં મળતો પપૈયાનો સંભારો કે અમદાવાદમાં મળતી પીળી કઢી ફાફડા કરતાં યે વધારે વહાલી હોય છે. અમુક ફાફડા-પ્રેમીઓ ૧૦૦ ગ્રામ ફાફડા સાથે ૪ વાટકા જેટલી કઢી ખાઈ જતા હોય છે. ઘણાં તો ફાફડા લેવા જાય ત્યારે ચટણી માટે ડોલચું લઈને જાય. આમ ને આમ ચાલશે તો લોકો ૧૦૦ ગ્રામ ફાફડા સાથે ચટણી લેવા કમંડળ લઈને જાય તોયે નવાઇ નહી લાગે!

અમારો એક મુંબઇનો મિત્ર, અમદાવાદમાં ફાફડા લેવા ગયો. દુકાનવાળાં પાસે ૫૦૦ ગ્રામ ફાફડા માગ્યા. દુકાનવાળાએ કહ્યું, ફાફડા ખતમ થઈ ગયા. મિત્રએ કહ્યું, ભાઈ, સામે તો પડ્યા છે, તો કેમ ના પાડો છો?

લ્યા, ફાફડા તો છે પણ કઢી ખતમ થઈ ગઈ છે. દુકાનવાળાએ કહ્યું,

વાંધો નહિં. ખાલી ફાફડા આપી દોને.

ત્યારે દુકાનવાળાએ કહ્યું ભાઈ, તમે અમદાવાદનાં નથી લાગતા!

ઇનશોર્ટ, ફાફડા અને સાથે ફ્રીમાં મળતો સંભારો કે કઢી એ ગુજરાતીઓની કમજોરી છે (અને ઓળખ પણ !)

ભવિષ્યમાં જો કોઈ રાજકીય પક્ષ, રોજ સવારે માથા દીઠ ૨૫૦ ગ્રામ જલેબી-ફાફડા આપવાનું વચન આપે તો ભલભલી સરકાર ઉથલી શકે એવો એક ફાફડા પ્રેમીઓ તરીકે અમારો નમ્ર દાવો છે એવી વાસી દશેરાની વધામણી!

*એંડ-ટાઇટલ્સઃ*
*આદમઃ જલેબી-ફાફડા ખાધાં?*
*ઇવઃ કેમ... તેં પીધાં?* ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# દીકરા - દીકરીનું દેવું ચૂકવવા બીજી દીકરીને ફ્લેટ આપી દીધો ‘આઈ, તું રહે છે એ ઘર મને આપી દે.’

**મારી** દીકરી ચેરીએ ફોન પર આક્રોશભર્યા સ્વરમાં કહ્યું અને હું સ્તબ્ધ થઈ ગઈ. ‘દીકરી એટલે વ્હાલનો દરિયો’, ‘દીકરી એટલે કુદરતે આપેલો વ્હાલનો ખજાનો’, દીકરી એટલે દિલ સાથે જોડાયેલો એક અતૂટ તાર, દીકરી એટલે ઈશ્વરે કરેલું કન્યાદાન...’ આ અને આવા બીજા ઘણા રૂપક તમે વાંચ્યા - સાંભળ્યા હશે. મેં પણ વાંચ્યા કે સાંભળ્યા હતા. જોકે, ચેરીના ફોન પછી આ બધું પુસ્તકના પાનાં પૂરતું જ સીમિત હોય છે કે કેમ એવો વિચાર જરૂર આવી ગયો. જે દીકરીને વિષમ પરિસ્થિતિમાં પેટે પાટા બાંધી ઉછેરી, ભણાવી - ગણાવી ને પરણાવી એ જ દીકરી મને બેઘર કરવા માગતી હતી, પણ કેમ?

ફોન કરી આવા વેણ મારા કાનમાં ધગધગતું સીસું રેડાય એમ રેડી દીધા એના માટે એક સબળ આર્થિક કારણ જવાબદાર હતું. ‘મમ્મી, તારા દીકરા શાંગ્રિલે મારી પાસેથી ઉધાર પૈસા લીધા છે. નીતિન અને કલ્યાણી (મારી નાની દીકરી અને જમાઈ)ને મેં સાડા છ લાખ રૂપિયા આપ્યા છે. તકાજો કરવા છતાં એ લોકો મને મારા પૈસા પાછા નથી આપતા. હવે વ્યાજ સાથે રકમ વધી ૧૨ લાખ રૂપિયા થાય છે. પૈસા પાછા આપવાની એ લોકોની દાનત નથી લાગતી. એટલે તારું ઘર મને આપી દે.’ આગળ એ બોલી નહીં પણ એને આ ઘર મળે એટલે એ વેચીને પોતાની રકમ પાછી મેળવી લેવાનો એનો આશય હતો એ હું ન સમજી શકું એટલી ભોળી તો નહોતી.

મારું મન ચકરાવે ચડી ગયું. મારી દીકરી, મારું લોહી મારા માથા પરનું છાપરું આંચકી લેવા માંગતી હતી? મારો રતીભાર દોષ ન હોવા છતાં? એ ઘર માટે ફાંફાં મારી રહી હતી ત્યારે મેં જ એને સાચવી હતી એ વાત એ ભૂલી ગઈ? ફોન પર મને તારો દીકરો, તારી દીકરી એમ કહેતી દીકરી એના સગા ભાઈ - બહેન છે એ વિસરી ગઈ? ‘કર્ઝ’ ફિલ્મનું ‘પૈસા યે પૈસા, હો મુસીબત ના હો મુસીબત’ ગીત મને યાદ આવી ગયું. પૈસાના ખેલ કેવા કેવા હોય છે એના મેં અનેક અનુભવ કર્યા છે, પણ આ અનુભવ મને વ્યથિત કરી ગયો.

અલબત્ત, શું કરવું એની જરાય મૂંઝવણ ન થઈ. મારો ફ્લેટ નાનો હતો, વન રૂમ - કિચનનો. મહા મહેનતે, પાઈ પાઈ જોડી બનાવ્યો હતો. પણ કલરવવાળા ઘરમાં મારે કોઈ કકળાટ નહોતો જોઈતો. ભાઈ - બહેનના ઝગડા પર પૂર્ણવિરામ મુકાઈ જાય એ માટે મેં મારી દીકરીને ઘર સોંપી દેવાનું નક્કી કર્યું. મારી પોતાની એકમાત્ર મિલકત એવું એ ઘર ચેરીના નામ પર કરી દીધું અને શાંગ્રિલ તેમ જ કલ્યાણીનું બધું દેવું ચૂકતે કરી દીધું. હું ઘર વિનાની થઈ ગઈ. મારે જ મારો માળો વિખેરી નાખવો પડ્યો. રહેવાની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાથી દીકરીના ઘરમાં રહેવાનું ચાલુ રાખ્યું.

એક મુસીબતમાંથી માંડ બહાર નીકળી ત્યાં જાણે કે બીજી મુસીબત મારી રાહ જોઈ રહી હતી.

મારા પતિ માસ્તરનું અવસાન થયું હોવાથી એમની સાથે રહેતા શાંતા બહેન અને એમનો પુત્ર નોધારા થઈ ગયા. એટલે મારા બાળકો મા - દીકરાને મારી સાથે રહેવા માટે લઈ આવ્યા. મને એ જરાય નહોતું ગમ્યું, કારણ કે જે ભૂતકાળને સાપ જેમ કાંચળી ઉતારી કાયમ માટે ત્યજી દે એ રીતે માસ્તર સાથેના જીવનના દરેક હિસ્સાને, એની દરેક સ્મૃતિને વિસરી ગઈ હતી. મારા વર્તમાનમાં એ વસમા ભૂતકાળનો નાનો સરખો પડછાયો પણ ન પડવો જોઈએ એ મારી અદમ્ય ઈચ્છા હતી. જોકે, આપણું ધાર્યું કાયમ થાય એવું નથી હોતું. કમને પણ મારે ગઈકાલને પડખામાં રાખી વર્તમાનમાં જીવવાનું હતું. છૂટકો જ નહોતો.



શાંતા બહેનનો દીકરો હતો મોટો, પણ એની પાસે નહોતી કોઈ નોકરી કે નહોતો કોઈ કામધંધો. એટલે મારા દીકરાએ એને કાપડના વેચાણનો નાનકડો ધંધો ગોઠવી આપ્યો. કામકાજને નિમિત્તે બહાર લોકોને હળવા મળવાનું વધ્યું અને આવન જાવનમાં શાંતા બહેનના સુપુત્રને કોઈ પટેલની છોકરી સાથે પ્રેમ થઈ ગયો અને એની સાથે લગ્ન કરવા છે એવું તેણે નક્કી કરી લીધું. મારી કોઈ જવાબદારી નહોતી, પણ મારા દીકરાએ એના લગ્ન પણ કરાવી આપ્યા. આ બધું થયું એમાં રહેવાની વ્યવસ્થાની મુસીબત ઊભી થઈ. વન રૂમ - કિચનના ફ્લેટમાં હવે અમે ચાર રહેતા હતા અને એમાંથી એક નવ પરિણીત યુગલ. અગવડ પડે એ સ્વાભાવિક હતું. મારી પાડોશમાં એક મહિલા એકલી રહેતી હતી અને મને એની સાથે બહુ ફાવતું હતું. એટલે રાત્રે હું એમને ત્યાં સુવા જતી રહેતી અને આમ નવદંપતિને પોતાનો બેડરૂમ મળી ગયો. આમ પણ નાટક કે બીજા કોઈ શો માટે ઘરની બહાર ખાસ્સું રહેવું પડતું હતું એટલે વાંધો નહોતો આવતો.

ઘર મારા નસીબમાં નથી કે શું એ વિચારો મને ઘેરી વળ્યા. ખૂબ જહેમત કરી, પારાવાર મુસીબત ઉઠાવી મેં જોગેશ્વરીનું ઘર બનાવ્યું હતું, સજાવ્યું હતું. એ ઘરમાં કેટલાક વર્ષ રહ્યા પછી એક દિવસ મારે છોડીને ચાલી જવું પડ્યું હતું. ફરી સંઘર્ષ, ફરી મહેનત અને ફરી પાઈ પાઈ જોડી વન-રૂમ કિચનનો ફ્લેટ બનાવ્યો અને બાળકો વચ્ચેના પ્રોબ્લેમને કારણે મારે દીકરીના નામે કરવો પડ્યો. આ જાણે ઓછું હોય એમ એ જ ફ્લેટમાં હું રહેતી હતી જે ન રહેવા બરાબર હતું. વિધાતાના ખેલ કોઈ ક્યાં સમજી શક્યું છે? હજી આગળ શું શું જોવાનો વખત આવશે એ ક્યાં ખબર હતી?

જોકે, મારો દીકરો શાંગ્રિલ મારી અવદશા જોઈ વ્યથિત થયો હતો, પણ સ્વર્ગસ્થ પિતાની જવાબદારી પણ તેણે નિભાવવાની હતી. એના બધા પાસા સવળા પડી રહ્યા હતા અને તેણે દહિસર નજીક લિંક રોડ પર મોટો ફ્લેટ લીધો અને મારા રહેવાની વ્યવસ્થા ત્યાં કરી આપી. આજની તારીખમાં પણ હું દીકરાના જ ફ્લેટમાં રહું છું. એક એવી માન્યતા છે કે પરણ્યા પછી દીકરો વહુનો થાય અને માતા પિતા પ્રત્યે બેધ્યાન બની જતા વાર ન લાગે, જ્યારે સાસરે ગયેલી દીકરીને કાયમ માનું પેટમાં બળે અને એને મદદરૂપ થવા દોડતી આવે. જોકે, મારા કેસમાં સાવ ઊલટી ગંગા વહી રહી હતી.

આઘાત અને આંચકો એ બંનેને મારી સાથે કાયમ ખૂબ ફાવ્યું છે. એક સમસ્યામાંથી બહાર નીકળી હોઉં અને કોઈ વળાંકે બીજી સમસ્યા મારી રાહ જોતી હોય એવું મારા જીવનમાં ઘણી વાર બન્યું છે. પછી તો મને આઘાત અને આંચકાની એવી આદત પડી ગઈ કે એ ન થાય તો મને આશ્ચર્ય થાય. કિરણ સંપટના ‘સાચાબોલા જુઠાલાલ’ નાટક દરમિયાન સુનિતા સોનાવાલાએ કેવી સમસ્યા ખડી કરી હતી એની વિગતે વાત મેં ત્રણ હપ્તા પહેલા કરી હતી. નાટકનો મુંબઈમાં શો હતો ત્યારે સુનિતા થિયેટર પર આવી નિર્માતા કિરણ ભાઈને મળી અને પોતાની પાસે કામ નથી એટલે રોલ કરવા આપો એવી આજીજી કરવા લાગી. જોકે, નિર્માતા અને સાથી કલાકારો સહિત દરેક જણ એની વિરુદ્ધ હતા. સુનિતાને દરવાજો દેખાડી દીધો. જોકે, પછી મુકેશ રાવલ આવી નિર્માતાને કામ આપવા સમજાવી શક્યો અને સુનિતા ફરી ‘સાચાબોલા જુઠાલાલ’ની ટીમમાં જોડાઈ ગઈ. જોકે આ નિર્ણય કલાકારોને નહોતો રુચ્યો. હવે એને નાટકમાં તો લઈ લીધી હતી એટલે અમે બધા કામ પૂરતી વાત કરતા, બાકી એનાથી અંતર રાખીને રહેતા હતા.

એવામાં ૩૧ ડિસેમ્બરની પાર્ટીનો દિવસ આવ્યો. બીજા દિવસે એટલે કે પહેલી જાન્યુઆરીએ અમારે ગુજરાતની ટૂરમાં જવાનું હતું. એટલે સુનિતા મારી પાસે આવી અને મને કહેવા લાગી કે...■

## ચોપાટીની રેતીમાં બેસી બાળકોને તાલીમ

નાટક હોય કે સિનેમા કે બીજું કોઈ સ્વરૂપ હોય, કલાકાર સાથે તેણે ભજવેલું પાત્ર પણ જો સ્મરણમાં રહી જાય તો એ દર્જેદાર અભિનેતાનું પ્રમાણપત્ર છે. ગુજરાતી નાટ્ય સૃષ્ટિએ એવા અનેક કલાકારો જોયા છે જેમણે ભજવેલા કેટલાક પાત્રો પણ રસિકોના સ્મરણપટ પર અંકિત થઈ ગયા છે. વનલતા બહેન મહેતા એ પંગતમાં બેસે એવા કલાકાર હતાં. નવી ગુજરાતી રંગભૂમિનાં જાજવલ્યમાન અભિનેત્રી અને બાલ રંગભૂમિ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનારાં વનલતા બહેન પાસે ઇન્ડિયન એકેડેમી ઓફ આર્ટ્સનો નાટ્ય ડિપ્લોમા હતો. ભારત સરકારની અભિનયના પ્રશિક્ષણ માટે સ્કોલરશીપ પણ તેમને મળી હતી. મુંબઈની નવી ગુજરાતી રંગભૂમિના પ્રથમ શતપ્રયોગી નાટક ‘રંગીલો રાજ્જા’માં મુખ્ય ભૂમિકા ભજવવા ઉપરાંત ‘ધરા ગુર્જરી’, ‘માઝમરાત’, ‘અલ્લાબેલી’, ‘મંગલ મંદિર’, ‘સ્નેહનાં ઝેર’, ‘પૂનમની રાત’, ‘પૃથ્વીવલ્લભ’ સહિત અનેક ખ્યાતનામ નાટકોમાં વિવિધ પ્રકારની યાદગાર ભૂમિકા તેમણે ભજવી હતી. ‘રંગીલો રાજ્જા’ના હસમુખ બહેન, ‘સ્નેહનાં ઝેર’નાં નયના બહેન, ‘અલ્લાબેલી’માં દેવબાઈ, ‘ઘરનો દીવો’માં અરવિંદા, ‘પૃથ્વીવલ્લભ’માં મૃણાલ ગોરે... તેમના યાદગાર પાત્રો છે. પાત્રનો ઠસો ઊમટવાવાની તેમનામાં આવડત હતી. બાલ નાટ્ય પ્રવૃત્તિ માટે અફાટ પ્રેમ અને લાગણી હોવાથી ચોપાટીની રેતીમાં બેસી તથા બીજે ઠેકાણે ફરી અનાથ તથા કામદાર વર્ગનાં બાળકોને ગીત, સંગીત, નાટકની તાલીમ તેમણે આપી હતી. આ પ્રવૃત્તિના ફળસ્વરૂપે ગુજરાતી ટીવી સિરિયલ ‘મમતા’નું લેખન અને નિર્માણ થયું અને અમદાવાદ દૂરદર્શન પરથી તેનું પ્રસારણ થયું. આ ઉપરાંત બાળમાનસને સ્પર્શતા વિષયોને આવરી લેતી ‘પ્રેરણા’ ટી. વી. સિરિયલ દૂરદર્શન પર પ્રસારિત થઈ હતી. ૧૯૭૨માં ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટી માટે તેમણે ‘છોટે જવાન’ ફિલ્મ પણ બનાવી હતી. ■

કેનવાસ


અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ઝીંદગી કૈસી યે પહેલી હાયે.... !

**ગ્રીસમાં** અત્યારે કોરિન્થ નામનો પ્રદેશ છે. ગ્રીક પુરાણકથાઓ મુજબ એ પ્રદેશનો રાજા હતો સીસીફસ. સીસીફસ પરણેલો હતો, એમને ઘણાં સંતાનો હતા જે બધા ગ્રીક કથાઓમાં અમર થયા. ગ્રીક દેવતા ઝીયસે એક સ્ત્રીનું અપહરણ કરેલું. રાજા સીસીફસ એ સ્ત્રીના પપ્પાને તેની દીકરી ક્યાં છે એ કહી આવેલો. માટે ઝીયસ એની ઉપર ગુસ્સે થયેલા. વળી સીસીફસ ઘરડો થયેલો. મોતને હાથતાળી આપીને છટકી જવામાં એની માસ્ટરી આવી ગઈ હતી. એને ભયંકર શ્રાપ મળ્યો. એની ઉંમર, તેની અમર રહેવાની ઘેલછા અને આ શ્રાપના પરિણામ સ્વરૂપ એ એવી સ્થિતિમાં મુકાયો કે રોજ એણે એક પર્વત પર એક ખૂબ મોટો વજનદાર ચટ્ટાન જેવડો પથ્થર ચડાવવાનો. મહામહેનતે એ પર્વતની ટોચ ઉપર પહોંચે એવો તરત એ ભારે પથ્થર ગબડી પડે અને છેક નીચે પહોંચી જાય. સીસીફસે ફરીથી નીચે ઊતરવાનું અને તે વિશાળ પથ્થર ઉપર ચડાવવાનો. આ સાઈકલ ચાલતી જ રહે. કહેવાય છે કે આજ સુધી એ રાજા પથ્થરને પર્વતની ટોચ ઉપર ચડાવવાનું કામ કર્યે જ રાખે છે.

શાપિત માણસોની એ નિયતિ હોય છે કે તેની કોઈ નિયતિ નથી હોતી. પોતાની તાકાત કરતા વધુ મોટો પથ્થર ઊંચકવો પડે છે. એ વારેવારે ગબડી પડે છે. પથ્થર પણ કહ્યામાં રહેતો નથી. પણ એના સિવાય છૂટકો નથી. શું સીસીફસ આપણે બધા નથી? કોઈ અદૃશ્ય પથ્થરને આજના માણસે ઊંચકવાનો નથી આવતો? આપણો દરેક દિવસ આવો નથી જતો શું? સવારે એલાર્મ વાગે એવું ઊઠી જવાનું. એલાર્મથી ઉઠનારા માણસો તો નસીબદાર કહેવાય. મનમાં જ એટલો ઉત્પાત હોય કે જાતે આંખ ખુલી જતી હોય એનો સ્ટ્રેસ અલગ જ લેવલનો હોય. એલાર્મ વાગે છે. હાથ ફોન સુધી પહોંચે છે. ઈન્ટરનેટ ચાલુ થાય છે. નોટિફિકેશનનો વરસાદ વરસી પડે છે જાણે દિવસ આપણો બોસ બનીને આપણને ચેતવતો હોય. અનરીડ મેસેજ ફટાફટ રીડ થાય છે. જરૂરી રિપ્લાય અપાય છે.

બેડમાંથી બહાર નીકળાય છે. પ્રાતઃ ક્રિયાઓ તરફ દિવસ આગળ વધે છે. ચા કે દૂધ પેટમાં પધરાવી દેવાય છે. એ જ કબાટમાંથી વર્ષોથી પડેલી એ જ થપ્પીમાંથી પચાસ વખત પહેરેલા કપડાં હજુ એક વખત પહેરીને બહારના પ્રદૂષણમાં ખરડાઇ જવા માટે નીકળવું પડે છે. ટ્રાફિકના હોર્ન અને સૂરજની ગરમી અને શહેરનો બફારો પહોંચતા




પહેલા જ અડધા થકવી નાખે છે. કામોના ઢગલા, ડેડલાઈનોનો ડુંગર, ટાર્ગેટસનો ત્રાસ, પ્રેશરનો વાસ. રાત પડે એ પહેલાં જ ભીતર ઉછરી રહેલાં કેટલાંય સપનાઓ, ઇચ્છાઓ, ટુ-ડુ લિસ્ટના મુદ્દાઓ ટપોટપ ખરી પડે છે.

આ જ રીતે બીજો દિવસ શું, આખું વર્ષ નીકળી જાય છે. નવરાત્રિ પૂરી થઈ તો હમણાં દિવાળી આવી અને દિવાળી પછી ક્રિસ્મસ આવશે ને ત્યાં તો ઉત્તરાયણ ને આવતી જન્માષ્ટમી સાવ ઢૂકડી ઊભી હશે. બધું ચપટી વગાડતા થાય છે પણ એ જ થાય છે, એ જ થયા કરે છે, એ જ પથ્થર ટોચ ઉપર પહોંચે કે ન પહોંચે તરત ગબડી જાય છે ને ફરીથી એને ઉઠાવવો પડે છે.

સીસીફસની આ સજા એને શારીરિક દર્દ પહોંચાડવા માટે આપવામાં આવી હતી એવું માનનારા વિરાટવાચકો બાળકો કે સુખી હશે. દુનિયાની માર્કેટમાં પડેલા અનુભવી વિરાટ વાચકો સમજી ગયા હશે કે સીસીફસની આ સજા શારીરિક નહીં પણ માનસિક છે. અહીં તેના શરીરને નુકસાન પહોંચાડવાનો નાનો ધ્યેય નથી. આ તો મનોબળ તોડીને આત્માને ડંખવાનો પ્રયાસ છે. પણ જો સીસીફસની આ સ્થિતિ દયાજનક લાગતી હોય તો આ જ ઘટના વિશે જાણીતા ફ્રેન્ચ લેખક કામુની ટિપ્પણી સાંભળવા જેવી છે. એ કહે છે કે સીસીફસ નસીબદાર છે એટલું જ નહીં તે સૌથી સુખી માણસ છે. એના નસીબ વિચિત્ર છે પણ એનો પુરુષાર્થ અને એની દિશા નિશ્ચિત છે. એના જીવનનો દાયરો સીમિત છે માટે એને પોતાના વર્તુળ સિવાયની બીજી કોઈ બાબત દુઃખી કરી શકે નહીં.

જે માણસ રોજ આવડો પથ્થર ઊંચકતો હોય એને સંસારના બાકીના કાંકરા કેવા લાગે? બીજા કોઈ એને દુઃખ પહોંચાડી શકે? ના. જે ક્ષણે સીસીફસ આ પથ્થરને પોતાના પ્રારબ્ધ તરીકે સ્વીકારી લેશે એ દિવસથી એ પથ્થરના ભારમાંથી મુક્ત થઈ જશે. એની જિંદગીનો અર્થ પથ્થરને ટોચ ઉપર પહોંચાડવામાં નહીં પણ પથ્થરને સતત ધક્કો માર્યે રાખવામાં છે.

એ ભ્રમ છે આપણો કે પર્વતની ટોચ ઉપર પહોંચી જઈશું તો ખુશી મળશે. કોણે કહ્યું એવું? પર્વતની ટોચ ઉપર તો આમ પણ બહુ ખાસ જગ્યા હોતી નથી એટલે ત્યાં વધુ લોકો સમાઈ ન શકે. તો શું આખી જિંદગી પથ્થરને ધક્કા જ માર્યે રાખવાના? હા, જે ક્ષણે એ પથ્થરને સાઈકલનું પૈડું સમજીને લાકડીથી ધક્કો મારીને ગોળ ગોળ ગબડાવવા લાગશો ને એ દિવસથી તે પથ્થરનો ભાર લાગવાનું બંધ થઈ જશે.

ખુશ માણસો ને જોજો. એ લોકો ટોચ ઉપર ન પહોંચ્યા કે પહોંચ્યા પછી ગબડી પડવાના આંસુ નથી સારતા. એ બસ ચડાણ કે ઉતરાણનો લૂફ્ત ઉઠાવે છે. જે પણ મહાન લોકો અમર થયા છે એમણે બસ એક જ કામ કર્યું છે -પથ્થરને ધક્કો મારતા ગયા. આટલી સરળ વાત છે જિંદગીની અને એને કોમ્પ્લિકેટ કેમ કરવાની? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# રિટેલ તથા ઓનલાઇન છે એકમેકના પૂરક

**ઓનલાઇન** શોપિંગ આવ્યા પછી લોકોને લાગ્યુ કે હવે થોડા સમયમાં દુકાનો બંધ થઇ જશે. આની સામે જયારે આપણે જોઈએ કે મોલ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સ નવાં નવાં બની રહ્યા છે, રેસિડેન્સિયલ બિલ્ડિંગોમાં પણ દુકાનો માટે જગ્યા ફાળવવામાં આવે છે. આ સૂચવે છે કે ફિઝિકલ રિટેલ ક્યારેય બંધ નહિ થાય. આજે D2C (Directe to Consumer)ની બોલબાલા છે અર્થાત ઓનલાઇન શોપિંગ જબરું ચાલી રહ્યું છે, લોકો ઈ- કોમર્સ પ્લેટફોર્મ પરથી અને ડાયરેક્ટ બ્રાન્ડની વેબસાઈટ પરથી માલ ખરીદે છે.

આજે જેટલું બ્રાન્ડનું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ લોકો પોતાની ઈ-કોમ સાઈટ બનાવી વેચવાને આપે છે. ટૂંકમાં તેમની બ્રાન્ડનું વેચાણ સ્થાન તેમની વેબસાઈટ બને છે અને તે પણ બ્રાન્ડ તરીકે સ્થાપિત થાય છે. આજે લોકો પોતાનો માલ એમેઝોન કે મીશો કે ફ્લિપકાર્ટ જેવી વેબસાઈટ પરથી વેચે છે. એ લોકો પોતાનો માલ વેચવાનો મદાર બીજા પ્લેટફોર્મ પર રાખે છે. જયારે પોતાનો માલ પોતાની વેબસાઈટ પરથી વેચાય તેને આપણે D2C બ્રાન્ડ તરીકે ઓળખીયે છીએ. D2C, બિઝનેસ કમ માર્કેટિંગ સ્ટ્રેટેજી છે, જેમાં કંપની કે બ્રાન્ડ પોતાનો માલ બનાવી સીધો કસ્ટમરને વેચે છે. આનો અર્થ એ કે મેન્યુફેક્ચરર ઉત્પાદક અને કન્ઝ્યુમર ગ્રાહક વચ્ચે બીજુ કોઈ ના આવે. ના તો ડીલર, CNF એજન્ટ, ડિસ્ટ્રીબ્યુટર, સુપરમાર્કેટ રિટેલ સ્ટોર કે બીજી બધી ઈ-કોમ ચેનલો. અમુક બ્રાન્ડનાં ઉદાહરણ જોઈએ તો, મામા અર્થ, બોટ, લેન્સકાર્ટ, કન્ટ્રી ડિલાઇટ, વાવ સ્કીન કેર, લિસિયસ, વેઈકફિટ, હેલ્થ કાર્ટ વગેરે,,,. આ બધી ન્યુ એજ બ્રાન્ડ છે પછી તે ફૂડ કેટેગરી હોય, ફેશન, પર્સનલ કેર કે પછી ઇલેક્ટ્રોનિક એક્સેસરીઝ હોય. જ્વેલરી ઇન્ડસ્ટ્રીમાં પણ કેરટલેન નામની બ્રાન્ડ છે, જેણે હીરાના દાગીનાઓ પણ ઓનલાઇન વેચી શકાય તેની વાત કરી. મજાની વાત તે છે કે અમુક સમય પછી એમને સમજાયું કે ઓનલાઇનની સાથે ઓફલાઈન વેચાણ હોવું પણ જરૂરી છે અને તેથી એમણે ફિઝિકલ સ્ટોર પણ ચાલુ કર્યા.

આજે આપણે આની વાત કરવાની છે. હમણા એક રિપોર્ટ આવ્યો અને તેના મતે ધીરે ધીરે ઘણી બધી બ્રાન્ડ જયારે ઓનલાઇન પર જોઈતી સફળતા મેળવે છે ત્યારબાદ એ બધા ઓફલાઈન સ્ટોર ખોલવાનું વિચારે છે.




આ વિચારવાનું મહત્ત્વનું કારણ, વેચાણની બીજી ચેનલોને પણ અજમાવી માર્કેટને એક્સપાન્ડ કરવું.

માર્કેટિંગની ભાષામાં જેને ઑમ્નીચેનલ કહે છે, જ્યાં બ્રાન્ડ પોતાનો માલ વિવિધ ચેનલો પરથી વેચે છે.

બ્રાન્ડના ગ્રોથ માટે ઑમ્નીચેનલનો સહારો લેવો પડશે. બ્રાન્ડ ફક્ત ઓનલાઇન વેચી નહિ ચાલે. શરૂઆત તમે ભલે ઓનલાઇન સેલથી કરો પણ આગળ જતા જો વધુ સફળતા જોઈતી હશે તો બંનેનો સમન્વય કરવો પડશે.

આને બીજી રીતે સમજીએ તો આજે જે બ્રાન્ડ વર્ષોથી બજારમાં ઉપલબ્ધ છે એ ઓફલાઈન ચેનલ અર્થાત દુકાનો દ્વારા પોતાનો માલ વેચતી હતી. ઓનલાઇન આવતા એમણે પણ ઓનલાઇન ગયા આથી એમના માટે આ વાત સરળ થઇ ફક્ત એમણે નવા જમાનાની આ રીત સાથે ઍડ્જસ્ટ થવાનું હતું.

એમના માટે આ ફાયદાકારક છે, કારણ કે એ દુકાનોમાં, સુપર સ્ટોરમાં અને ઓનલાઇન બધી જગ્યાએ ઉપલબ્ધ છે. આ ઉપરાંત એમની નામી બ્રાન્ડ પણ છે. બસ, આજ રીતે નવા જમાનાની ઓનલાઇન બ્રાન્ડસે પોતાનું અસ્તિત્વ ઓફલાઈન અર્થાત રિટેલમાં આવી સાથે બરાબરી કરવી પડશે. આ કઠણ છે, કારણ આમાં રોકાણ પણ મોટું જોઈએ અને આની વેપાર કરવાની પદ્ધતિ પણ અલગ છે. ફાયદો તે છે કે બ્રાન્ડ જો ઓનલાઇન પર સફળ થઇ હશે તો તેનું નામ થઇ ગયું હશે તેથી માર્કેટમાં પોતાને સ્થાપિત કરવાની મથામણ નહિ કરવી પડે.

ઓફલાઇનના ફાયદા આપણે જાણીયે છીએ તો હવે પ્રશ્ન થાય કે ઓનલાઇનમાં વેપાર સારો થાય છે તો ઓફલાઇનમાં કેમ જવું? આપણે જાણ્યું તેમ એક, તો માર્કેટ એક્સપાન્શન અને બીજા ફાયદાઓમાં બ્રાન્ડ પરનો વિશ્વાસ વધે છે. આપણી માનસિકતા હજુ પણ તે છે કે આપણને અમુક કેટેગરી માટે દુકાનોમાંથી માલ ખરીદવો હિતકારક લાગે છે. નવા ઘરાકો આના થકી મેળવી શકાય છે. ઓનલાઇન પરના વેચાણની ઇન્સાઇટના આધારે તમે દુકાનોમાં ઇન્વેન્ટરી પ્લાન કરી શકો છો અને સેલ્સ પીચ તે મુજબ બની શકે છે.

લોકોને વ્યક્તિગત અનુભવો આપી શકો છો અને એમને જોઈએ તે રીતે કસ્ટમાઈઝડ પ્રોડક્ટ કે સર્વિસ પણ આપી શકાય, જે ઓનલાઇનમાં કદાચ મુશ્કેલ થઇ પડે. ઓનલાઇન અને ઓફલાઈન બંનેના વેચાણથી બ્રાન્ડ એક મોટી બ્રાન્ડ છે ની છાપ ઊભી કરી શકે.

આપણે જાણીયે છીએ કે માર્કેટિંગ કોમ્યૂનિકેશનમાં ઓનલાઇન અને ઓફલાઈનનો સમન્વય જરૂરી છે તેજ રીતે વેચાણ માટે પણ એનો સમનવય જરૂરી છે. ઓનલાઈન વેચાણ વ્યાપક બજાર અને વિવિધ સુવિધાઓ પ્રદાન કરે છે, જ્યારે ઓફલાઈન વેચાણ વ્યક્તિગત ગ્રાહક અનુભવો અને ઉત્પાદનોને જોવાની જેને અંગ્રેજીમાં ‘ટચ એન્ડ ફીલ’ કહે છે તે અનુભવ આપી શકે છે. આમ, ઓનલાઈન અને ઓફલાઈન વેચાણ બંને અનન્ય લાભો પ્રદાન કરે છે અને બ્રાન્ડોએ બંને અભિગમને સંતુલિત કરવાની જરૂર છે, કારણ કે બંને એકબીજાના પૂરક છે અને નહિં કે પ્રતિસ્પર્ધી. ■




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# શ્રદ્ધાનો અતિરેક એટલે...

દિવ્યાબહેનના પરાગને સહેજ ચક્કર આવ્યા અને પછી બેહોશ જેવો થયો ને ત્યાં તો એને આંચકી આવવાની ચાલુ થઈ. આસપાસ ઊભેલા કેટલાકે એના મોઢા પર પાણી છાટ્યું, કોઈએ મોજું સુંઘાડ્યું તો કોઈ શોધીને સડેલી ડુંગળી લાવ્યું ને એય સુંઘાડી પણ કંઈ ફેર ના પડ્યો. એક જણે માતાજીને આજીજી કરી, તો કોઈએ પરાગને ધૂણાવ્યો. અરે, એક વડીલે તો એને પ્રેતપ્રવેશ માની ઝાડુથી બરાબરનો ઝાટકી જ નાખ્યો. કોઈએ દીવા-અગરબત્તી-ધૂપ-કંકુ કર્યાં તો કોઈએ તો વળી એનું શરીર ધ્રુજે ત્યાં સુધી એને સજ્જડ રીતે પકડી રાખ્યો. ત્યાં હાજર સૌ કોઈએ પોતાની સમજ મુજબનાં ઉપાયો કરી જોયા, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. છેવટે કોઈએ પરાગને હૉસ્પિટલ લઈ જવાની સલાહ આપી અને એને હૉસ્પિટલ પહોંચાડવામાં આવ્યો....

આ કિસ્સામાં શ્રદ્ધા અને અંધશ્રદ્ધાની ટસલમાં અંધશ્રદ્ધા હાવી થઈ હતી આ બંને વચ્ચેની પાતળી ભેદરેખા પરિસ્થિતિ મુજબ મોટો ફાયદો કરાવે કે નહીં, પણ એ કોઈવાર મોટું નુકસાન જરૂર કરાવે છે... તો આ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા એટલે શું?

શ્રદ્ધા એટલે આસ્થા, ભરોસો, વિશ્વાસ. શ્રદ્ધા કોઈના કે કશાની ઉપર પણ હોઈ શકે છે.બાળકને એનાં માતા-પિતામાં શ્રદ્ધા હોય છે કે એમની સાથે પોતે સુરક્ષિત છે. મોટાભાગે બધાં માણસોને ઈશ્વર પર શ્રદ્ધા હોય છે કે ભગવાન એમનાં બધાં કામ પાર પાડશે તો વળી કોઈને ફક્ત પોતાની જાત અને મહેનતમાં શ્રદ્ધા હોય છે કે જેનાથી એને જીવનમાં સફળતા મળશે તો કોઈ કોઈ એવા પણ હોય કે જેમને અમુક ચોક્ક્સ વસ્તુમાં શ્રદ્ધા હોય છે કે જેને સાથે રાખવાથી કે તેનો સ્પર્શ કરવાથી એનો દિવસ સારો જશે ને ધારેલું કામ પાર પડશે.

જાણીતા શાયર જલન માતરીના શબ્દોમાં કહીએ તો 'શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?' વાત સાચી પણ છે. રામના નામે પથ્થરા તરે એમ શ્રદ્ધાનાં બળે મનુષ્ય કેટકેટલી મુશ્કેલીઓમાં ટકી જઈને આગળ વધે છે.

આ તો થઈ શ્રદ્ધાની વાત, પરંતુ ઘણીવાર જીવનમાં કેટલીક વાતમાં અતિરેક થઈ જતો હોય છે. ધારો કે જે માણસ કોઈ વીંટીંને શુકનિયાળ માની તેને પહેરી જ રાખે, આંગળી પાતળી થાય તો દોરો બાંધીને પહેરે ને આંગળી જાડી થાય ને વીંટી નાની પડે તો પણ તેને મોટી કરાવવા ન આપે... એને એવો વહેમ હોય છે કે જો એ આ વીંટી કાઢશે તો એની જરૂર કંઈક અનિચ્છનીય થશે...જે શ્રદ્ધા દાખવીને એણે એ વીંટી પહેરી હતી તે જ શ્રદ્ધા એક સમયે અતિરેકનાં કારણે અંધશ્રદ્ધામાં ફેરવાઈ જાય છે. અહીંયા ફાયદાની તો નથી ખબર પણ એ માણસની આંગળીને જરૂર નુકસાન પહોંચાડે છે. શ્રદ્ધાના આવા અતિરેકને જ કદાચ અંધશ્રદ્ધા કહી શકાય.

યોગાનું યોગ, આ બંને વચ્ચે એક ખૂબ પાતળી ભેદરેખા છે. નક્કી કરવું મુશ્કેલ છે કે શ્રદ્ધા કોને કહેવાય અને અંધશ્રદ્ધા કોને કહેવી?

આમ તો અંધશ્રદ્ધા શબ્દ પોતે જ ઘણો સૂચક છે. જ્યારે પણ જે વારમાં તમને વિશ્વાસ છે તેને અંધ થઈને માનવા માંડો એટલે કે તેનાં સારા- નરસા પાસા ન જોઈ શકો અને કોઈ એ તરફ આંગળી ચીંધે તો એ વાત આપણને ગમતી નથી. કોઈ વાર શ્રદ્ધામાં અહંકાર ભળે તો ખરી શ્રદ્ધાનાં દ્વાર સદંતર બંધ થઈ જાય ને આપણી અજાણતા જ અંધશ્રદ્ધાના દરવાજા ખૂલી જતા હોય છે. બીજા શબ્દોમાં કહો તો વધુ પડતી શ્રદ્ધા જ અંધશ્રદ્ધાનું ઉગમસ્થાન છે.

મનુષ્ય બુદ્ધિજીવી છે. એની શ્રદ્ધા પણ મહદ્અંશે એના જેવી જ છે. કોઈ વાર વિચાર આવે કે શ્રદ્ધાનાં સીમાડા ઓળખવા કેવી રીતે?

વેલ , આસ્થા વિકરાળ સ્વરૂપ લઈ સામી થાય તો સમજવું કે આ પ્રથમ ચેતવણી છે.

શ્રદ્ધા-અંધશ્રદ્ધા વચ્ચેનું અંતર

આ રીતે પણ માપી શકાય, જેમકે...

*શ્રદ્ધા શાંતિ આપે, અંધશ્રદ્ધા અજંપો આપે*

*શ્રદ્ધા કાર્ય સિદ્ધી આપે, અંધશ્રદ્ધા નિષ્ફળતા ...*

*શ્રદ્ધા નિષ્ઠા આપે, અંધશ્રદ્ધા નિષ્ઠુરતા...*

*શ્રદ્ધા પ્રેરણા આપે, અંધશ્રદ્ધા અહંકાર આપે....*

*શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વિશે બોલો, તમે શું કહો છો?* ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# વન્યજીવ - પ્રકૃતિ - જંગલ પ્રત્યે સંવેદનાની ઉજવણીનું અનોખું પર્વ

दशकूपसमा वापी, दशवापीसमो ह्रदः।
दशह्रदसमो पुत्रो, दशपुत्रसमो द्रुमः।। - મત્સ્ય પુરાણ

એક તળાવ દસ કૂવા સમાન છે, એક જળાશય દસ તળાવ સમાન છે, એક પુત્ર દસ જળાશય સમાન છે અને એક વૃક્ષ દસ પુત્રો સમાન છે.


વેદોની ઋચાઓ, પુરાણનાં શ્લોકો પ્રકૃતિનું મધુર ગાન સદીઓથી ગાઈ રહ્યા છે. આ પ્રકૃતિ અને એમાં વસવાટ કરતા તમામ વન્યજીવો થકી જ આ ધરા સમૃદ્ધ બની છે. ભારતની સંસ્કૃતિમાં જ કુટુંબ ભાવનાને મહત્વ અપાયું છે અને એ કુટુંબ ભાવ માત્ર માનવો માટે જ નહિ પણ સૃષ્ટિનાં કણ - કણ માટે છે અને એના થકી જ આપણે સહુ મળીને એક સંસ્કૃત સમાજનું નિર્માણ કરીએ છીએ.

દેશભરમાં વિવિધ પ્રકારનાં જંગલો છે જે કુદરતનું ભવ્ય રૂપ રજૂ કરે છે. ખાલી આપણા ગુજરાત રાજ્યની જ વાત લઈએ તો ગુજરાતમાં અવનવાં જંગલો, રણપ્રદેશ, ઘાસનાં મેદાનો, જળાશયો વગેરે વિવિધ વન્યજીવો અને પ્રજાતિઓને ઘર પૂરું પાડે છે અને ગુજરાતને કુદરતી માહોલ. ૧૯૫૨થી દર વર્ષે બીજી ઓક્ટોબરથી સતત એક અઠવાડિયા સુધી વન્યજીવ સપ્તાહની ઉજવણી થાય છે જેમાં વન્યજીવોનાં સંરક્ષણ તેમજ વન્યજીવોને કુદરતી વાતાવરણ પૂરું પાડતા જંગલોનાં સંરક્ષણ અને સંવર્ધનને લગતી પ્રવૃત્તિઓને વેગ મળે અને નિસર્ગ જેમનું તેમ જળવાઈ રહે ઉપરાંત જંગલોની જાળવણી માટે જાગૃતિ કેળવાય એવા આશયથી વિવિધ અભિયાન ચલાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યની ધરા તેના સમૃદ્ધ વૈવિધ્યનાં કારણે દેશ- વિદેશનાં અસંખ્ય પંખીઓનું માનીતું ઘર છે. કચ્છ અને બનાસકાંઠામાં વિસ્તરેલો અફાટ રણપ્રદેશ છેક રશિયાથી આવતા પંખીઓનું શિયાળું આવાસ બને છે. માધવપુરનો ઘૂઘવતો સાગર દરિયાઈ કાચબાઓનું સંવર્ધનનું કેન્દ્ર બન્યો છે. અહીં કુદરતી રીતે જ દરિયાઈ કાચબાઓ ઈંડા મૂકવા માટે આવે છે. કચ્છનાં અખાતમાં ચેરનાં વૃક્ષોનાં વિશાળ સમૂહે અસંખ્ય દરિયાઈ પ્રજાતિઓને મુક્ત જીવન આપ્યું છે અને ગુજરાત ભારત દેશમાં ચેરનાં વૃક્ષોનાં વાવેતરમાં બીજા ક્રમાંકે છે . ગીરનાં જંગલોમાં સિંહોની ત્રાડ હવે આખાયે સોરઠમાં ગુંજી રહી છે અને છેલ્લા પાંચ વર્ષમાં સિંહોની વસ્તીમાં ૩૨%નો અભૂતપૂર્વ વધારો થયો છે જે સંખ્યા ૮૯૧ સુધી પહોંચી ગઈ છે. અરવલ્લીનાં જંગલો સમેત સમગ્ર ગુજરાતમાં મુક્તપણે મહાલતા રીંછની સંખ્યામાં પણ ૫% જેટલો વધારા સાથે ૩૫૮ જેટલી રીંછની વસ્તી અંદાજવામાં આવી છે. ગુજરાતનાં ઘાસિયા મેદાનો અને બનાસકાંઠાનાં રણ વિસ્તાર આસપાસ આપણું અમૂલ્ય પ્રાણી એવા વરુનાં સંવર્ધનનાં પ્રયત્નો પાયાનાં ધોરણે આદરવામાં આવ્યા છે એ અંતર્ગત બનાસકાંઠા ખાતે વરુનું સોફ્ટ રિલીઝ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે.

આકાશ અને જમીન પર વસવાટ કરતા જીવોની સાથે સાથે દરિયાઈ સૃષ્ટિ પણ પર્યાવરણનો અવિભાજ્ય અંગ છે અને તેના સંરક્ષણમાં પણ રાજ્ય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. દેશનાં સૌ પ્રથમ મરીન નેશનલ પાર્ક, જામનગર હેઠળ અંદાજિત ૬૨૦.૮૧ ચો.કિમિ. વિસ્તારમાં અંદાજે ૨૮૧ ડોલ્ફિનની પ્રજાતિ નોંધાયેલ છે. ગોધરા ખાતે મગરનાં સંરક્ષણને ધ્યાનમાં લઈને મગર બચાવ કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું. કુદરતનાં સફાઈ કામદાર એવા ગીધનું સંરક્ષણ ખૂબ જ જરૂરી છે અને રાજ્ય સરકાર દ્વારા ગીધનાં સંરક્ષણનાં ઘણા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે એનાં ભાગ રૂપે આખાયે રાજ્યમાં વિવિધ પ્રજાતિનાં ગીધની કુલ વસ્તીનો આંકડો અંદાજે ૨૧૪૩ જેટલો થયો છે.

વિશ્વનાં દરેક ખૂણેથી પક્ષીઓ ગુજરાતની સમૃદ્ધ ધરાને થોડા સમય માટે પોતાનું આવાસ બનાવે છે તો વળી અમુક પ્રજાતિઓ ધરતીનાં એક ગોળાર્ધમાંથી બીજા ગોળાર્ધમાં







મુસાફરી આદરે છે ત્યારે મુસાફરી દરમ્યાન થોડા સમય માટે ગુજરાતનાં જળ પ્લાવિત ક્ષેત્રોને પોતાનું આવાસ બનાવે છે જેને પેસેજ સ્થળાંતર કહે છે. આ પેસેજ સ્થળાંતર - ૨૦૨૨ ની ગણતરી મુજબ ૮ પેસેજ સ્થળાંતર પક્ષીઓ સહીત ૧૯૪ જેટલી પ્રજાતિઓ નોંધવામાં આવી હતી. ચાલુ વર્ષે પણ આ પ્રકારની ગણતરી હાથ ધરવામાં આવી છે પણ એની આંકડાકીય માહિતી હજુ સુધી સાંપડી નથી.

ગુજરાતમાં અલગ અલગ સ્થળોએ વાઇલ્ડ લાઇફ ટુરિઝમ થાય છે પણ આપણે હજુ આ પ્રકારનાં ટુરિઝમ થી ખાસ પરિચિત નથી હોતા પરિણામે આપણે કુદરતી વૈભવથી વંચિત રહી જઈએ છીએ. ગુજરાતમાં વિવિધ પ્રકારની ઇકો સિસ્ટમ છે જે વિવિધ રાષ્ટ્રીય ઉદ્યાન, અભ્યારણ્ય વિસ્તાર, રણ વિસ્તાર અને સમુદ્રી વિસ્તારમાં વહેંચાયેલી છે જે વિવિધ પ્રજાતિઓને એક સુરક્ષિત આવાસ અને ખોરાક પૂરો પાડે છે. દેશભરનાં વિવિધ યાયાવર પક્ષીઓ માટે ગુજરાતમાં વિવિધ જળ પ્લાવિત વિસ્તાર એટલે કે વેટલેન્ડ જે ચાર રામસર સાઈટ તરીકે સુરક્ષિત કરવા માં આવ્યા છે. આ રામસર સાઇટ્સમાં ડભોઇ નજીક પક્ષીઓનું વિશાળ વિશ્વ - વઢવાણા પક્ષી અભ્યારણ્ય, અમદાવાદ નજીક આવેલ થોળ પક્ષી અભ્યારણ્ય, જામનગરમાં આવેલા ખીજડીયા પક્ષી અભ્યારણ્ય અને અમદાવાદ નજીક આવેલ નળ સરોવર પક્ષી અભ્યારણ્ય વગેરે આ પક્ષી વિશ્વ માટે સ્વર્ગ સમાન છે. આ બધી જ સાઇટ્સ પર મધ્ય ઓક્ટોબરથી વિવિધ જાતના વિદેશી પક્ષીઓનો મેળાવડો જામશે એ જોવાનું ક્યારેય ન ચૂકી શકાય. આ સિવાય કચ્છનું નાનું રણ જે ઘૂડખર - બહુમૂલ્ય પ્રજાતિ અને અનેક શિકારી પક્ષીઓનું સુરક્ષિત આવાસ છે. કચ્છનાં નખત્રાણા નજીક આવેલ છારીઢંઢ અનેક પક્ષીઓ, શિયાળ, રણ બિલ્લી, હેણોતરો જેવી દુર્લભ પ્રજાતિઓ નું સુરક્ષિત વિશ્વ છે. શિકારી પક્ષીઓને નિહાળવા માટે ઘાસનાં મેદાનોમાં અને રણવિસ્તાર, યાયાવર સમુદ્રી પક્ષીઓને નિહાળવા માટે સમુદ્ર કાંઠાના વિસ્તારો, પ્રાણીઓને નિહાળવા માટે જંગલ અને ઘાસનાં મેદાનો જેવી સઘળી કુદરતી સંપદા આપણે ધરાવીએ છીએ અને એને યોગ્ય રીતે માણીએ અને જાળવીએ તો આપણી આવનારી પેઢીનો નાતો કુદરત સાથે સરળ રીતે જોડી શકીશું. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# વિદેશી ગૂગલ માઈક્રોસોફ્ટ ઓફિસ સર્વિસ કરતાં પણ... ચડિયાતી છે આપણી દેશી 'ઝોહો'

## મેઈલ સર્વિસથી લઈ બિઝનેસ માર્કેટિંગ સુધી બધું જ એક જ પ્લેટફોર્મ પર...

ગૂગલ સર્ચ કંપનીએ હમણાં ૨૭ સપ્ટેમ્બરે પોતાનો ૨૭મો જન્મદિવસ ઉજવ્યો. કોઈ નવી જાહેરાત નહીં અને કોઈ નવી સર્વિસ નહીં. માત્ર ગૂગલના હોમપેજ પર જૂનો લોગો સેટ કરીને ૨૪ કલાક માટે જૂના દિવસો યાદ કર્યા.

આ દિવસે એવી અનેક લીંક પબ્લિશ કરી જે અગાઉ ક્યારેય જોવા ન મળી હોય. ગૂગલના ફેક્ટ, સર્વિસ લોંચનો ઈતિહાસ, એક્સેસથી લઈને એન્ડ્રોડ સુધીની તમામ વિગત માત્ર ગૂગલની ઓફિશિયલ લિંક પર જોવા મળી. એકદિવસીય ગૂગલ બ્લોગ અપડેટ કરીને જન્મદિવસ ઊજવી લીધો. હકીકતમાં તો ગૂગલ ૪ સપ્ટેમ્બરના રોજ અમેરિકામાં શરૂ થયું હતું. કંપની પોતાની ગૂગલ સર્ચ સર્વિસનો બર્થ- ડે તા. ૨૭ સપ્ટેમ્બરે સેલિબ્રેટ કરે છે.

વચ્ચેના દિવસોનું શું? એના જવાબ ઘણા છે. ટેક એક્સપર્ટ એને ટેસ્ટિંગ ટાઈમ ગણે છે. કોઈ સર્વિસનો વ્યાપ વધારવાનો એ પ્લાનિંગ પિરિયડ માને છે. એન્ડ્રોઈડથી મોબાઈલની દુનિયામાં દરિયા જેવડી વિશાળતા આપીને ગૂગલને સર્ચ સર્વિસ સિવાય આવકનો પ્રાઈમ સોર્સ ઊભો કરી લીધો. સામે માઈક્રોસોફટે પણ ઓફિસ ડોકની તમામ સર્વિસને પોર્ટેબલ કરી દીધી છે. ટેક જાયન્ટ કંપનીઓની હરીફાઈ વચ્ચે આપણને ઘણું મળ્યું. ઘણીવાર એની મોનોપોલી સામે નમતું જોખવું પણ પડ્યું. જેમ કે, એન્ડ્રોઈડમાં ગૂગલની મેઈલ સર્વિસ એક્ટિવ થાય પછી જ બધા ફીચર્સ એક્સેસ થાય. ગૂગલ પે માં ઈ-મેઈલ આઈડી બદલો એટલે બેંક વિગત સહિત બધુ ફરીથી નાખવું પડે.

આમ મેઈલ સર્વિસ સાથે મળતી તમામ સર્વિસનો દબદબો અત્યાર સુધી રહ્યો. આની સામે હવે ભારતીય બનાવટની ટેકનોલોજીએ સૌને મોહિત કર્યા છે. ગૂગલ અને માઈક્રોસોફ્ટની તમામ સવલત એ સિવાય બીજા ફીચર્સ સાથે દેશની ટેક માર્કેટમાં સ્થાન લઈ રહી છે આપણી દેશી કંપની 'ઝોહો'...

ઝોહો એક એપ્લિકેશન અને વેબસાઈટ છે. જે તમામ પ્રકારની ડિજિટલ સર્વિસ પૂરી પાડે છે. મોર્નિંગની શરૂઆત વોટ્સએપથી થાય, ઓફિસમાં આવી ટેક જાયન્ટ કંપનીઓની સર્વિસ પર કામ, ઈ-મેઉલથી લઈને જી-મેઈલ સુધી, વેબસાઈટથી લઈને વિવિધ AI મોડેલ સુધી ટેકનોલોજી ક્ષેત્રે વિદેશી કંપનીઓનું રાજ રહ્યું. ઝોહોએ આ તમામ મુદ્દાનું વિશ્લેષણ કરી એક એવી વેબસાઈટ બનાવી જે દૈનિક જરૂરિયાત પૂરી કરે, સ્વદેશી હોય, સરળ હોય અને કોઈ ખોટી માથાકૂટ ન હોય. સૌથી ખાસ વાત એ છે કે, આની પ્રીમિયમ




સર્વિસ માટે પે કરો એટલે તમામ પ્રકારનો ઓનલાઈન સપોર્ટ આપે છે. ચેટબોટથી લઈને નાના ઉદ્યોગો, દુકાન કે એકમને ડોમેન આપવા સુધીની સવલત છે. માઈક્રોસોફ્ટ ઓફિસ અને ગૂગલ વર્કસ્પેસ જેવી જ સ્પેસ આપે છે. એ પણ ભારતીય ટચના ફીચર્સ સાથે. હવે આટલું જાણ્યા બાદ સવાલ થવો સ્વાભાવિક છે કે એમાં નવું શું છે?

ઝોહો પાસે એટલી વસ્તુઓ નવી છે કે, યાદી બનાવીએ તો ગુડ્સ ટ્રેનના વેગન કરતાં પણ લાંબું લિસ્ટ બને. ઈ-મેઈલ સર્વિસ વીથ નોટબુક ફીચર- જે જીમેઈલમાં થાય છે એ સિવાય પણ ઘણું બધુ, જેમ કે ડોક્સ બનાવીને ડાયરેક્ટ એ ડોક્યુમેન્ટ જે તે ફોર્મેટ સેવ પણ થશે અને મેઈલ પણ થશે. નવા ઈ-મેઈલના આઈડી પાસવર્ડ યાદ ન રાખવા હોય તો ગૂગલ મેઈલથી સાઈનઈન કરી પેરોલ સોફ્ટવેર, બલ્ક મેઈલ, સેપરેટ સ્પેસ (મલ્ટીમીડિયાથી લઈને તમામ વસ્તુઓના સ્ટોરેજ માટે), કોઈ નાનો એવો ઉદ્યોગ, સ્ટાર્ટઅપ કે બેક ઓફિસ માટે જરૂરી વસ્તુઓનું ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ, ઓવરવ્યૂ, સમરી, રિપોર્ટ, ડ્રાફ્ટિંગ, એઆઈની મદદથી જરૂરી ડેટા, બ્લોગ, કોમ્યુનિટી, મીટિંગ, ફાઈલ શેરિંગ, શેરિંગ માટેના એક્સેસ, સિક્યુરિટી તો એવી કે આઈડી ન હોય તો ડોક્યુમેન્ટનું ટાઈટલ પણ વાંચી શકાય નહીં. વેબસાઈટ માટેનું ગાઈડન્સથી લઈને બ્લોગ સ્પેસ સુધીની તમામ વસ્તુઓ આપે છે. એનાથી પણ આગળ વેબ વોટ્સએપ જેવી એપ્લિકેશન બિઝનેસ કે પર્સનલ યુઝ માટે પણ બનાવી શકો એ પણ સાવ સરળ ફીચર સાથે.

આ જ રીતે, ઈન્વેન્ટરીથી લઈને ઈન્વોઈસ સુધી બધુ જ ઓનલાઈન જનરેટ કરી શકો. સૌથી મોટી વાત એ છે કે, એપ્લિકેશન અને વેબસાઈટ એમ બંન્ને પ્લેટફોર્મ પર એકસમાન ફીચર્સ આપતા મોબાઈલથી આખો પોર્ટફોલિયો સંભાળી શકાય છે.

નાનકડો બિઝનેસ હોય અને ઓનલાઈનમાંથી કમાવવાની પૂરી ઈચ્છા હોય તો એક વખત વેબસાઈટના લિસ્ટિંગ અને ઈ કોમર્સ પ્લેટફોર્મ પર જરૂરી વિગત ભર્યા બાદ ડાયરેક્ટ ફ્લિપકાર્ટ અને એમેઝોન સાથે લીંક આપે છે. એની રેસમાં ન ઊતરવું હોય અને પોતાનું સેપરેટ પોર્ટલ કરવું હોય તો પણ ઈ કોર્મસ માટે આખો વિભાગ છે. જેમાં જરૂરી સજેશન આપશે, શરૂઆત કેમ કરવી એ પણ બતાવી દેશે.

ચેન્નઈની આઈટી કંપનીએ તૈયાર કરેલું સર્વિસ પોર્ટલ અઢી લાખ પ્રાયમરી કસ્ટમર ધરાવે છે. આપણા દેશના આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ તમામ વિદેશી સર્વિસ છોડી આઈટી બેઝ સર્વિસ માટે ઝોહોનો ઉપયોગ કરે છે. આ વાત એમણે જાહેરમાં કહી છે.

આ બધામાં સૌથી અગત્યની વાત એ છે કે, આ બધુ જ ક્લાઉડ બેઝ સર્વિસ સર્વર પર છે એટલે જી-મેઈલમાં જે રીતે એક નિશ્ચિત સ્પેસથી વધારે ડોક્યુમેન્ટ જમા થાય તો નોટિફિકેશન આપે છે અથવા વધારાની સ્પેસ ગૂગલ પાસેથી લેવી પડે છે. આવી કોઈ જફા ઝોહોમાં નથી...! ■

**આઉટ ઓફ બોક્સ**

*વોટ્સએપ એપ્લિકેશનમાં સ્પેસની માથાકૂટથી કંટાળી ગયા હોવ તો મેસેજિંગ એપ્સમાં એને પણ ટક્કર મારે એવી એપ્સ 'અરાતાઈ' ટ્રાઈ કરો.*

હાસ્ય વિનોદ

# મંગળ કોના પિતાશ્રીનો?




વિનોદ ભટ્ટ feedback@bombaysamachar.com

આજની તારીખ સુધી તો મંગળને પૃથ્વી નામનો ગ્રહ નડી શક્યો નથી. અમેરિકાએ મોકલેલું 'પોલાર લેન્ડરયાન' મંગળના ગ્રહ પર પહોંચીને એની ખાનગી વાતો જાણવામાં નિષ્ફળ નીવડ્યું છે. શક્ય છે કે ત્યાં જો વસતિ જેવું હશે તો ત્યાંના લોકો પણ આપણી નિષ્ફળતાને (એને જ પોતાની સફળતા ગણી) સિદ્ધિ લેખી ત્યાં ઉજવણી કરતા હશે. અને તેમણે આ વર્ષે ઉજવણી કરેલી કે કેમ એની ખબર આપણને ઠેઠ આગામી વર્ષોમાં માનવ-અવકાશયાત્રીઓ મંગળ પર ત્રાટકવાના હશે ત્યારે જ મળશે.

મંગળ ગ્રહ પર યાન સાથે માનવીને પણ ઉતારવાની તડામાર તૈયારીઓ અમેરિકામાં અત્યારથી જ ચાલી રહી છે. આ યાનમાં એકલા પુરુષો જ નહીં હોય, સ્ત્રીઓ પણ સાથે જવાની છે. બનવાજોગ છે કે મંગળ પરની સ્ત્રીઓ, જેમને કદાચ ડાયવોર્સ શું એની ખબર નથી, તેમને છૂટાછેડા લેવાની પ્રેરણા આપણી આ સ્ત્રીઓમાંથી મળી રહેશે. ત્યાં પણ કોર્ટો ખૂલી જશે.

જેની પાછળ અમેરિકા અબજો રૂપિયા બરબાદ કરી રહ્યું છે એ મંગળ ગ્રહ કંઈ તેના પરમ પૂજ્ય પિતાશ્રીની માલિકીનો નથી. આ મંગળના અસલી માલિક હોવાનો દાવો યમનના વતની એવા મુસ્તફા ખલિલ અને અબદુલ્લાહ-અલ-અમરીએ કર્યો છે. તેમણે તો છેક ૧૯૯૭માં છાતી ઠોકીને દાવો કર્યો હતો કે મંગળ નામનો આ જે ગ્રહ છે તે અમારી માલિકીનો છે. અમારા પૂર્વજોએ અમને તે દસ્તાવેજ દ્વારા વારસામાં આપ્યો છે. ના, આ બેમાંથી એક પણ યુવાન ચંદ્રની અસર હેઠળ નથી, માનસિક રીતે બન્ને સ્વસ્થ છે. અમેરિકાને તેમણે ચેતવણી આપી છે કે અમારી લેખિત પરવાનગી વગર જો અમેરિકાવાળા મંગળના ગ્રહમાં પ્રવેશ કરશે તો તેને ગેરકાયદે પ્રવેશ ગણી તેની સામે અમે કાયદાકીય રીતે કામ ચલાવીશું. મંગળ તેમની એકલાની જ માલિકીનો ગ્રહ છે એ અંગેના દસ્તાવેજ પણ એ બે ભાઈએ કોર્ટમાં રજૂ કર્યા છે અને યુનાઈટેડ એજન્સીની સ્પેસ એજન્સી 'નાસા' ને પણ તેમણે નોટિસ ફટકારી છે. આ બે છોકરાની માલિકીના મંગળ પર અનુમતિ વગર કોઈ ઘૂસી જાય તો તેના પર કામ ચલાવી શકાય, પણ તેમની માલિકીનો આ મંગળ પૃથ્વી પરના કોઈ જાતકની કુંડળીમાં તેની રજા વગર પ્રવેશી તેનું અ-મંગળ કરે, તેને પજવે, આર્થિક રીતે પાયમાલ કરે તો એ બદલ તેના આ કહેવાતા માલિક એવા આ બન્ને યુવાનો પર કામ ચલાવી શકાય કે નહીં? કોઈનું ઢોર આપણા ખેતરમાં પેસીને પાકનું ભેલાણ કરે, પાકને નુકસાન કરે તો એ ઢોરના માલિક સામે કાયદેસર કામ ચલાવવાનું તો ભગવાન મનુએ 'મનુસ્મૃતિ'માં ય કહ્યું છે તો પછી મંગળના માલિક પર કેસ કેમ ન કરાય?

જોકે અમેરિકા કરતાં આપણે ઈન્ડિયાવાળા વધારે શાણા-ડાહ્યા કહેવાઈએ. આજથી લગભગ ૨૪-૨૫ વર્ષ પહેલાં, એક પાઈનો પણ ખર્ચ કર્યા વગર, માત્ર આધ્યાત્મિક શક્તિના જોરે આપણા મહારાષ્ટ્રના પૂનાનો એક માણસ સમાધિ દ્વારા ઠેઠ મંગળ ગ્રહ પર લટાર મારી આવ્યો હતો. પૂનાનો ડૉક્ટર વર્તક સમાધિ લગાવીને મંગળ પર પહોંચી ગયો હતો અને ત્યાંનો આંખે દેખ્યો હેવાલ પણ તેણે ત્યારે 'સંતકૃપા' મેગેઝિનમાં છપાવ્યો હતો. ના, માત્ર હેવાલ જ એ સામયિકમાં પ્રગટ થયો હતો, ફોટા છાપવામાં આવ્યા નથી. એનું કારણ કદાચ એ હોવું જોઈએ કે પેલા બે યમની યુવાનોના પરદાદાઓએ મંગળ પર ઠેરઠેર એવાં પાટિયાં માર્યાં હશે કે 'આ સંવેદનશીલ ગ્રહ છે જેના માલિક અમે છીએ, અહીંના ફોટોગ્રાફ્સ ખેંચવાની સખત મનાઈ છે.' અને એટલે તો ચોથી જુલાઈ, ૧૯૯૭ને શુક્રવારે (ના, મંગળવારે નહીં, શુક્રવારે) અમેરિકાએ મંગળ પર જે માનવરહિત યાન ઉતારેલું તેના રોબોએ મંગળ પર પગ મૂક્યા વગર, પોતાની પાસેના છૂપા કેમેરામાં મંગળની સપાટીનાં દૃશ્યો ઝડપીને, પેસાડોના શહેરમાં વાટ જોઈને બેઠેલા ત્રણ વિજ્ઞાનીઓને તે મોકલી આપ્યા હતા.

પણ જોવાની ખૂબી પાછી એ છે કે રોબોએ વિજ્ઞાનીઓને ફોટા સાથે જે માહિતી આપેલી એ જ માહિતી પૂનાના ડૉક્ટરે તેના એક વર્ષ પહેલાં આપેલી કે મંગળ પર કોઈ જીવનું અસ્તિત્વ નથી. ત્યાં નદી નથી, સાગર નથી કે ઝરણાં પણ નથી. જોકે તેને નદી હોવાનાં ચિહ્નો મળી આવ્યાં હતાં. (શક્ય છે કે પાણી માટે ત્યાંની પ્રજાએ અંદર અંદર, એકબીજા સામે પોતાનું પાણી બતાવવા પ્રયત્ન કર્યો હશે ને આથી નારાજ થઈને નદીઓ સુકાઈ ગઈ હશે અને પથ્થરો પર ચોંટેલી શેવાળ રોબોને નહોતી દેખાઈ તે આપણો ડૉક્ટર જોઈ શક્યો હતો. તેને ત્યાં માત્ર લાલ, લીલા અને પીળા રંગો જ જોવા મળ્યા હતાં- સફેદ રંગ જોવા નહોતો મળ્યો. આ જાણીને એક બહેને મને પૂછ્યું હતું કે તો પછી મંગળ પર કોઈ ગુજરી જાય ત્યારે ત્યાંનાં બૈરાં સફેદને બદલે કેવા રંગની સાડી પહેરીને બેસણામાં જતાં હશે?! આકાશ નો ડાઉટ-વાદળી હતું. પૂણેના ડૉક્ટર વર્તકના જણાવ્યા પ્રમાણે મંગળ પર જે હવા હતી એ ખૂબ જ ઠંડી હતી, પરંતુ ગમે એટલી ઠંડી હવા પણ આત્માને અસર કરી શકતી નથી એટલે આત્માને મંગળની હવાથી કોઈ હેરાનગતિ થઈ નહોતી. મંગળની ખરબચડી સપાટી પર તે થોડી ક્ષણો સ્થિર ઊભો પણ રહ્યો હતો. મારા મતે ડોક્ટર વર્તક એ રીતે 'વીર નર' ગણાય. જેમ ઘણાં અખબારોએ ચંદ્ર પર પગ મૂકનાર આર્મસ્ટ્રોંગની વિશિષ્ટ તસવીરો છાપી છે એ રીતે આપણા મંગળ-વીર ડોક્ટર વર્તકની છબિ શોધીનેય પ્રગટ કરવી જોઈએ. ધારો કે તેની કોઈ તસવીર મળી શકે તેમ ન્હોય તો તેના આત્માનો ફોટોગ્રાફ છાપવો, કેમ કે આર્મસ્ટ્રોંગની જેમ તે સદેહે મંગળ પર નહોતો ગયો. પોતાના આત્માને તેણે ત્યાં મોકલ્યો હતો. ધારો કે તેના આત્માનો ફોટોય ઉપલબ્ધ ન હોય તો પછી કોઈ પણ મિનિસ્ટરના આત્મા યા અંતરાત્માના અવાજનો ફોટોગ્રાફ શોધવો જોઈએ...

કરોડો ડૉલરનું આંધણ કર્યા પછી મંગળ વિશેની માહિતી અમેરિકન વિજ્ઞાનીઓ મેળવી શક્યા છે, જે આ મુજબની છે:

'માર્સ પાથફાઈન્ડર' જેને માટે ગુજરાતીમાં કહેવું હોય તો 'મંગળનો પથદર્શક' કહી શકાય, તે કલાકના ૬૦ હજાર માઈલની ઝડપે પ્રવાસી કરીને સાત મહિને ૩૧ કરોડ માઈલને અંતરે મંગળની સપાટી પર પહોંચી ગયું હતું. મંગળની સપાટી પર પહોંચી ગયું હતું. મંગળની માલિકીનો દાવો કરનારનેય કદાચ ખબર નહીં હોય કે પૃથ્વીથી તે કેટલા કરોડ માઈલ દૂર છે. જોકે વિજ્ઞાનીઓ પણ ત્યાં ગયા નથી, છતાં એના અંતર વિશે એ લોકોમાંય મતમતાંતર અર્થાત્ મતનું અંતર પ્રવર્તે છે. દૂરનું જોઈ શકનાર વિજ્ઞાનીઓના મતે આ અંતર ૨૨,૮૦,૦૦,૦૦૦ (બાવીસ કરોડ એંસી લાખ) કિલોમીટર દૂર છે તો અમુક વિજ્ઞાનીઓ તેને ૪૦ કરોડ કિલોમીટર દૂર માને છે. કારણ એ જ કે આ લોકોને કિલોમીટર દીઠ ટેક્સીભાડું ચૂકવવાનું નથી તો કેટલાક વિજ્ઞાનીઓને ૨૨, ૩૧ કે ૪૦ કરોડ માઈલ (કે કિલોમીટર)નું અંતર લગભગ સરખું જ લાગે છે.

મંગળ સૂકો ને વેરાન પ્રદેશ છે, ત્યાં વસતિ નથી, માત્ર ઢેખાળા જ છે. જો ત્યાં વસતિ હોત તો ત્યાં સરકાર પણ હોત ને પોલીસ પણ હોત. પોલીસ સાથેની અથડામણમાં ત્યાં મોટી અનુકૂળતા એ થાય કે પોલીસને મારવા લોકોને પથરા શોધવા જવું ના પડે. પથરા જ માણસને શોધતા આવે એટલા વિપુલ જથ્થામાં ત્યાં પથરા છે. કહે છે કે ત્યાં ત્રણ અબજ એંસી કરોડ કે એંસી અબજ ત્રણ કરોડ વર્ષ અગાઉ ગંગાનદી કરતાંય એક હજારગણા પાણીવાળી નદી હતી. જોકે એ નદી ગંગા જેટલી પવિત્ર હતી કે કેમ એ અંગેનું સંશોધન કરવાનું હજી બાકી છે. મંગળ પર જે ઢેખાળા દેખાયા છે તેને પૃથ્વી પર લાવવામાં આવશે ને આ ઢેખાળા પર સંશોધન કરી થોડાક જાણ પીએચ.ડીની ડિગ્રી પણ મેળવશે.

લાલચટ્ટક રંગનાં મંગળનાં ચિત્રો ટીવી પર દેખાડવામાં આવ્યાં ત્યારે તે લાલને બદલે લીલાં દેખાતાં હતાં - આને જ મંગળની લીલા કહી શકાય! આ મંગળ અંગેનું જ્ઞાન આપણને પહેલી વાર ઈસવી સન ૧૬૫૯માં ક્રિશ્ચિયન લૂઈ જેમ્સ નામના એક ખગોળશાસ્ત્રી પાસેથી પ્રાપ્ત થયું. આ જેમ્સનો ઉચ્ચાર કેટલાક જેન્સ પણ કરે છે. આથી જોકે જેમ્સ કે જેન્સને થોડો ફરક પડતો હશે, પણ મંગળને તો જરાય નથી પડતો.

જોકે આપણે ત્યાં વેદ જેવા પુરાણા ગ્રંથોમાં મંગળનાં રસપ્રદ વર્ણનો કરવામાં આવ્યાં છે, જે વાંચતાં થાય કે વિજ્ઞાનીઓ કરતાં આપણા ઋષિમુનિઓ મંગળ વિશે વધારે અને કેટલીક તો મૌલિક જાણકારી ધરાવતા હતા. મંગળનું વર્ણન કરતા સંસ્કૃત શ્લોકને ખરાબ ગુજરાતીમાં આ રીતે સમજાવી શકાયઃ (મંગળ) વીજળી જેવો ચમકદાર, શક્તિશાળી બાહુવાળો, પ્રજ્વલિત આભાયુક્ત, વાંકડિયા અને ભરાવદાર વાળવાળો છે. શક્ય છે કે આપણા એ ઋષિએ મંગળના માથા પરના વાંકડિયા વાળ પર હાથે ફેરવ્યા પછી આ શ્લોક લખ્યો હોય. ગ્રીસ અને રોમ જેવા દેશોમાં તેને યુદ્ધના પરાક્રમનો દેવતા કહ્યો છે.

૧૮૩૦માં વિલ્હેમ બિયર નામના (આપણે ત્યાં દારૂવાળા ને તાડીવાળા જેવી અટક છે તેમ વિલ્હેમની અટક બિયર છે.) એક ખગોળશાસ્ત્રીએ બિનકેફ હાલતમાં મંગળ વિશે થોડી વિગતો જાહેર કરી છે, પણ ૧૮૭૭ના ઑગસ્ટમાં આસફ હોલ નામના ખગોળશાસ્ત્રીએ તો માત્ર ટેલિસ્કોપની મદદથી મંગળ પર બે ચંદ્ર હોવાનું શોધી કાઢ્યું હતું. આપણી પૃથ્વી મંગળથી કદમાં બમણી હોવા છતાં આપણે ફક્ત એક જ ચંદ્રથી ચલાવી લઈએ છીએ અને તે પણ આપણને ફ્રી ઑફ ચાર્જ-સાવ મફતમાં મળ્યો છે એટલે ભલે એક તો એક એવું બબડીને મન વાળીએ છીએ. જ્યારે મંગળને બબ્બે ચંદ્રની જરૂર કેમ પડી હશે? એક પાછો આપી ના દેવાય?

પોતાની ધરી પર ચક્કર લગાવતાં તેને ૨૪ કલાક ને ૩૭ મિનિટ થાય છે અને સૂર્યની પ્રદક્ષિણા કરતાં તેને ૬૮૭ દિવસ લાગે છે. આપણું વર્ષ ૩૬૫ દિવસનું થાય છે. મંગળ પર ધારો કે કોઈને સો વર્ષ પૂરાં કરવાં હોય તો તેને ૬૮,૭૦૦ (અડસઠ હજાર સાતસો) દિવસ સુધી જીવવું પડે. આપણે ત્યાં ફેબ્રુઆરીના ૨૮ અને દર ચાર વર્ષે ૨૯ દિવસ હોય છે એ રીતે ત્યાં પણ આવી બધી ગરબડ થતી હશે ને! ત્યાંય પાછું અધિક માસ જેવુંય કંઈક હશે કે નહીં? ત્યાં ઋતુઓ જેવું કશું નથી એટલે શતમ્ જીવ શરદઃ એવા આશીર્વાદ પણ કોઈને નહીં મળે. ઉનાળો આપણા વિસ્તારમાં છે એ કરતાં ત્યાં બેગણો લાં...બો હોય છે એટલે ધારો કે આપણામાંના કેટલાક મંગળ પર વસવાટ કરવા જશે તો સ્કૂલમાં ભણતાં બાળકોને અને વકીલોનેય બેવડું વેકેશન આપવું પડશે. ત્યાં વકીલોની જરૂર નહીં પડે એવું માનવાનું કોઈ જ કારણ નથી. માણસો હશે એટલે ત્યાં અંદર અંદરની લડાઈ પણ થવાની અને આ લડાઈને ઘણાં વર્ષો સુધી ચાલુ રાખવા માટે કાળા ડગલાવાળા વકીલોની ખાસ જરૂર ઊભી થશે જ.

બાય ધ વે, કહેવાય છે કે ઈસવી સન ૧૮૬૫માં મંગળ પરથી કેટલાક પથરા બિહારમાં પડ્યા હતા... એ પથરા આજે પોલિટિશિયનો થઈ ગયા હોવાનો પણ એક મત છે.!

મંગળ પર ગુરુત્વાકર્ષણ બળ નથી. વિજ્ઞાની ન્યુટન ખરેખર સદ્ભાગી હતો, કેમ કે તે પૃથ્વી પર જન્મ્યો હતો. એના માથા પર સફરજન પડ્યું એટલે એણે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી શક્યો. બાકી મંગળ પર હોત તો તે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી શક્યો જ ન હોત. ત્યાં કશું જ પડતું નથી, સરકાર પણ નહીં પડતી હોય. ત્યાંની દરેક ચીજ વસ્તુઓનું વજન ત્રીજા ભાગનું થઈ જાય છે એવું વિજ્ઞાનીઓનું કહેવું છે. આથી ૧૦૦ કિલો વજન ધરાવતી સ્ત્રી વગર ડાયેટિંગે ૬૬ કે ૬૭ કિલોની થઈ જવાની. તો તો પછી હિન્દી ફિલ્મનો હીરો ત્યાં વજનદાર હીરોઈનને ઊંચકીને હાંફ્યા વગર સ્ફૂર્તિથી દોડી શકશે. આવું બધું ચોક્કસ થશે. આજે આપણે જોયું કે માણસ ચંદ્ર પર પહોંચી ગયો. તે આવતા મિલેનિયમમાં માનવી જીવ પર આવી જઈનેય મંગળ પર પહોંચી જશે અને એ જોવાનું સદ્ભાગ્ય મને એકલાને જ નહીં, મારા વહાલા વાચક દોસ્તોને પણ મળે એવી શુભેચ્છા આપું છું...! ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# શરદ પૂનમ, કૌમુદી પૂનમ તેમ જ માણેકઠારી પૂનમ!



**મંગળવારે** આસો સુદ પૂનમ. આસો સુદ એકમથી દશમ સુધી - દશેરાના દિવસ સુધી લોકો ભક્તિ અને શક્તિને સમર્પિત થઈ મસ્તીથી ઝૂમે છે. દસેદસ દિવસ 'રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી'ના મશહૂર ત્રણ તાળીના ગરબે કે પછી 'સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે'ના તાલે ઝૂમ્યા પછી દશેરાએ રાસ ગરબાની રમઝટ પૂરી થઈ એવી લાગણી થાય, પણ પૂનમનું સ્મરણ માત્રથી 'પાણી ગ્યાતા રે અમે તળાવના, પાળેથી લપસ્યો પગ કે બેડાં મારા નંદવાણાં રે' ચિત્તમાં રમવા લાગે અને મન આનંદિત થઈ જાય છે.

જ્ઞાનકોષમાં શરદ પૂનમની એવી સમજણ આપી છે કે **શરદ પૂનમની રાત એટલે ચાંદની રાત, ઠંડો પવન અને અમૃત વરસાવતું આકાશ.** ચારે તરફથી ગોળ ચંદ્રમાંનું સૌંદર્ય અને એમાંથી એટલો પ્રકાશ ફૂટે કે આખી પૃથ્વી આ પ્રકાશમાં નહાય છે એવું લાગે. ચારે બાજુ અજવાળું જ અજવાળું લાગે છે. શરદઋતુમાં ચારેબાજુ સ્વાસ્થ્યવર્ધક વાતાવરણ ઉત્સાહમાં વધારો કરે છે. દિવાળીના સ્વાગતની તૈયારી અને નવરાત્રીની રમઝટની વિદાય વચ્ચે આ રઢિયાળી રાત શરદ પૂર્ણિમા રંગરસિયાઓ માટે રાસ - ગરબા મજા માણવાનો પ્રસંગ બની રહે છે. આ રાતે **શરદ પૂનમની રાતડી રંગ ડોલરીયો, માતાજી રમવા ચાલો રે રંગ ડોલરીયો** ગરબો પણ ગાવામાં આવે છે. શરદ પૂનમની રાત્રે દૂધ-પૌઆ કે ખીર ખાવાનો રિવાજ છે.

આસો સુદ પૂનમ **કૌમુદી પૂનમ** પણ કહેવાય છે. કૌમુદી એટલે ચાંદની. આ પૂનમે ચંદ્ર સોળે કળાએ ખીલી ઉઠતો હોવાથી અને ચાંદની ચારેકોર રેલાઈ હોવાથી અને એ ચાંદનીના પ્રકાશને કારણે વાતાવરણમાં ગજબનાક સ્ફૂર્તિ અને ઊર્જાનો અનુભવ થતો હોવાથી એ કૌમુદી પૂનમ તરીકે પણ સંબોધવામાં આવે છે. શરદ પૂનમ **માણેકઠારી પૂનમ** તરીકે પણ કેમ ઓળખાય છે એની પાછળ કથા જોડાયેલી છે. વાયકા અનુસાર સ્વાતિ નક્ષત્રમાં પડતા વરસાદનું ટીપું જો સમુદ્રના ખુલ્લા રહેલા છીપમાં પડે તો એ બિંદુ સાચા મોતી બની જાય છે. મણિ માણેક પણ કહેવાતો હોવાથી શરદ પૂનમ માણેકઠારી પૂનમ પણ કહેવાય છે. પૂનમે ડાકોરમાં મેળો ભરાય છે જે **માણેકઠારી પૂનમનો મેળો** તરીકે પ્રસિદ્ધ છે. મેળામાં બે દિવસ સાંજથી મોડી રાત સુધી જિલ્લાના કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી ગુજરાતની લોકકળા રજૂ કરી ડાકોરના ઇતિહાસની ઝાંખી કરાવે છે.

## સગ્ગી બહિણ — सणांच्या म्हणी

તહેવાર માટે મરાઠી શબ્દ છે સણ. **सण हे केवळ धार्मिक विधि नसून सांस्कृतिक व सामजिक जीवनाचा अविभाज्य अंग आहेत आणि म्हणी त्या संस्कृतीची ओळख करुन देतात.** તહેવાર એટલે કેવળ ધાર્મિક વિધિ નહીં બલકે સાંસ્કૃતિક અને સામાજિક જીવનનું અવિભાજ્ય અંગ હોય છે અને કહેવતોના માધ્યમથી એ સંસ્કૃતિનો પરિચય થાય છે. એની સમજણ મળે છે.

**अकिती आणि सणांची निचिती** કહેવતથી આ ભાવના સમજીએ. અકિતી **'अक्षय तृतीया' या सणाचेच एक रुप आहे.'** અકિતી એ અક્ષય તૃતીયા - અખાત્રીજનું સંક્ષેપ સ્વરૂપ છે. કહેવતનો બીજો હિસ્સો છે **सणाची निचिती. याचा अर्थ सणांचा शेवट किंवा सणांचा निवाडा असा होतो.** સણાચી નિચિતી એટલે તહેવારોની સમાપ્તિ અથવા સમાપન. સંદર્ભ એમ છે કે અખાત્રીજનો તહેવાર વૈશાખ મહિનામાં આવે છે. ત્યારબાદ તરત ખેતીવાડીની મોસમ શરૂ થઈ જતી હોય છે. એટલે આ તહેવારને તહેવારના ચક્રનું સમાપન અને કામના બીજા ચક્રનો પ્રારંભ માનવામાં આવે છે. બીજી એક માણવા અને સમજવા જેવી કહેવત છે **दिवाळी साठी दारिद्य, सणवार कोणासाठी?** જીવનની ફિલસૂફી આ કહેવતમાં પ્રગટ થાય છે. દિવાળી જેવા મોટા તહેવારમાં આર્થિક મુશ્કેલી, ગરીબી અનુભવાતી હોય એવી માનસિક પરિસ્થિતિમાં તહેવાર - ઉત્સવની ઉજવણી કરવામાં દિલ ન લાગે અને મજા પણ ન આવે. તો પછી એવી પરિસ્થિતિમાં તહેવારની ઉજવણી શું કામ કરવી જોઈએ? ટૂંકમાં આનંદી અને સમૃદ્ધ વાતાવરણમાં જ તહેવાર ઉજવણીની મજા માણી શકાય એ અર્થ આ કહેવતમાં અભિપ્રેત છે.

## રાષ્ટ્ર ભાષા — त्योहारों की कहावतें

તહેવાર માટે હિન્દીમાં ત્યોહાર શબ્દ છે. આપણા દેશમાં હોળી, દિવાળી જેવા તહેવારોનું મહત્ત્વ સમગ્ર દેશમાં હોય છે અને સાગમટે એની ઉજવણી કરવામાં આવતી હોય છે. અલબત્ત, એવા કેટલાક તહેવાર પણ હોય છે જે હિન્દી ભાષી વિસ્તારમાં વિશેષ રૂપે ઉજવવામાં આવે છે. **तीज भारत में महिलाओं द्वारा मनाया जाने वाला एक महत्त्वपूर्ण त्योहार है, जो मुख्य रुप से उत्तर और पश्चिम भारत में मनाया जाता है, जिसमें हरियाली तीज, कजरी तीज और हरतालिका तीज जैसे त्योहार शामिल हैं।** તીજનો તહેવાર મુખ્યત્વે ઉત્તર અને પશ્ચિમ ભારતની મહિલાઓ ઉજવે છે. આ તહેવાર સંબંધિત કહેવત છે કે **तीज त्यौहार बावडी ले डूबी गणगौर.** આ કહેવત બે ભાગ કરી સમજવી જોઈએ. **तीज तींवारां बावडीः इसका मतलब है कि सावज की तीज एक बावडी (सीढियों वाली कुई) की तरह है, जो त्योहारों के लंबे सफर की शरुआत करती है। तीज के बाद अन्य कई प्रमुख त्योहार जैसे नाग पंचमी, रक्षाबंधन, जन्माष्टमी आदि आते है।** શ્રાવણ મહિનાની ત્રીજ પગથિયાંવાળી સીડી ધરાવતી વાવ જેવી હોય છે, જ્યાંથી તહેવારોની લાંબી સફરની શરૂઆત થાય છે. તીજના તહેવાર પછી નાગ પંચમી, રક્ષાબંધન, જન્માષ્ટમી વગેરે તહેવારોની હારમાળા શરૂ થાય છે. **ले डूबी गणगौरः गणगौर (शिव-पार्वती के मिलन का प्रतीक) के विसर्जन (जिसे 'ले डूबना' कहा जाता है) के साथ ही त्योहारों का यह क्रम समाप्त हो जाता है। यह त्योहारों का अंत या उन पर एक लंबा विराम दर्शाता है.** ગણગૌર શબ્દમાં ગણ શિવજીનું એક નામ છે અને ગૌર એટલે પાર્વતી. ગણગૌર વિસર્જન સાથે તહેવારોનો સિલસિલો પણ સમાપ્ત થાય છે.

## ENગ્લિશ વિંGLISH — FESTIVAL Proverbs

આપણા દેશમાં વિવિધ તહેવારો અને એની ઉજવણીની જે મજા છે એ બીજે ક્યાંય નથી. આપણે એ ઉજવણી અને એ આનંદ માણવાનું ધીરે ધીરે વિસરી રહ્યા છીએ એ વાત અલગ છે. વિદેશમાં ક્રિસમસ - નાતાલનું માહાત્મ્ય વધારે છે. ડિસેમ્બર મહિનાના છેલ્લાં અઠવાડિયામાં ઉજવણી કરવામાં આવે છે એ ક્રિસમસ સંબંધિત કેટલીક કહેવતો જાણીએ, સમજીએ. પહેલી કહેવત છે Christmas came early this year. આ વર્ષે ક્રિસમસ વહેલી આવી એ શબ્દાર્થ પરથી કશું સ્પષ્ટ નથી થતું, ઊલટાનું મૂંઝવણ પેદા કરે છે. નાતાલનો તહેવાર વહેલો કેવી રીતે આવી શકે? ગ્રેગોરિયન કેલેન્ડરમાં આપણા અધિક માસ જેવી કોઈ હાજરી નથી. હિન્દુ પંચાંગ અનુસાર બહુધા અષાઢ કે શ્રાવણ જ અધિક માસ હોય અને એને કારણે તહેવારો પાછળ ધકેલાઈ જતા હોય છે. Christmas came early this year means something good but surprising happens. કોઈ સારી ઘટના કે બાબત અણધારી - ઓચિંતી બને ત્યારે આ કહેવતનો ઉલ્લેખ થાય છે. Perhaps you received an unexpected gift from your friend, or got some really good news about a job you applied for it looks like Christmas came early this year! You can use this idiom all year round. મિત્ર કે સ્નેહી પાસેથી અનપેક્ષિત ભેટસોગાદ મળે કે નોકરી - કામ ધંધા અંગે સારા સમાચાર મળે ત્યારે આ વર્ષે નાતાલ વહેલી આવી એમ કહેવાય છે. ક્રિસમસનો ઉલ્લેખ આવતો હોવા છતાં આ કહેવતનો ઉલ્લેખ આખા વર્ષ દરમિયાન ગમે ત્યારે કરી શકાય છે. નાતાલ સંબંધિત બીજી કહેવત છે Lit up like a Christmas tree. ક્રિસમસ ટ્રીની જેમ ઝળહળ કરવું. પ્રકાશનો સીધો સંબંધ ઉમંગ, ઉત્સાહ, આનંદ અને સકારાત્મક ઊર્જા સાથે છે. વ્યક્તિના ચહેરા પર અનાયાસે સ્મિત ઝળકે કે આંખો ચમકી ઉઠે અને આવી પ્રતિક્રિયા વાતાવરણને મધુર બનાવી દે એની વાત છે. નાતાલના તહેવાર દરમિયાન ક્રિસમસ ટ્રી જેમ રંગબેરંગી પ્રકાશના તોરણ અને લટકણોથી શણગારવામાં આવતા વાતાવરણમાં કેવી ચમક આવી જાય છે. એ જ રીતે ચહેરા પર અચાનક આવી ગયેલી ચમક વાતાવરણને હર્યુંભર્યું બનાવી દે છે. A Christmas miracle means Something highly unlikely but wonderful. કોઈ બાબત અણધારી પણ અફલાતૂન બને ત્યારે આ પ્રયોગનો ઉલ્લેખ કરવામાં આવે છે. મિરેકલ શબ્દનો અર્થ છે ચમત્કાર. કોઈ એવી ઘટના કે પ્રસંગ બને જે ભાગ્યે જ ઘટતી હોય છે ત્યારે એ આપણને ચમત્કાર જેવી લાગતી હોય છે. ઉદાહરણ તરીકે ઓફિસમાં બોસ કાયમ ટીકા કરતા હોય અને વઢતા હોય અને એક દિવસ સ્ટાફની હાજરીમાં પ્રશંસા કરે ત્યારે એ ચમત્કાર જેવું જ લાગે ને. ક્રિસમસના સંદર્ભની હોવા છતાં આ કહેવત આખા વર્ષ દરમિયાન ગમે ત્યારે વાપરી શકાય છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ખાડા રેસ્ટોરેન્ટમેં નહીં ખાયા તો ક્યા ખાક ખાયા?




'સાહેબ તમને બંનેને બોલાવે છે.' ગણપત ગાંગડાએ અમને સૂચના આપી. આમ તો ગણપત ગાંગડો 'બખડજંતર 'ચેનલમાં સેવક એટલે પટાવાળા તરીકે કામ કરે છે, પરંતુ એ બખડજંતર ચેનલના આપખુદ માલિક બાબુલાલ બબુચકનો ગોલ્ડ પ્લેટેડ ચમચો છે. ગણપત પણ બાબુલાલનો ચમચો હોવાથી સ્ટાર્ચ કરેલ કપડાંની જેમ કડક વાયડાઈ કરતો હોય છે. સ્ટાફની વાત બાબુલાલ પાસે પહોંચાડે છે. બદલામાં બાબુલાલ અડધી પીધેલ સિગારેટ ગણપતને મુખબરી તરીકેના ઇનામ તરીકે અર્પણ કરે છે. હું અને રાજુ રદી બાબુલાલની બખોલ જેવી ચેમ્બરમાં પહોંચ્યા તો બાબુલાલ કહે છે એના કરતાં તો ફ્લેટના બાથરૂમ મોટા હોય છે. બાબુલાલ બેસે છે અમે છત પર ટાંગેલ હૂક કે હેન્ડલને પકડીને ઊભા ઊભા બાબુલાલ સાથે કોન્ફરન્સ કરીએ છીએ.

'ગિરધરલાલ, રવિવારે સાંજે તમે શું કરો છો?' બાબુલાલે અમને ઉંદર સમજી બિલાડી જેવી રમત આદરી.

'કેમ તમારે ઘરે ડિનર માટે ઇનવાઇટ કરવાના છો? એવું હોય તો હું રવિવારે સાંજે ફ્રી છું. મારા તમામ કાર્યક્રમ કેન્સલ કરી દઇશ.' મેં બાબુલાલને ટ્રેપ કરવા ચાલ ખેલી.

'પણ પણ પણ મારે ઘરે શા માટે?' બાબુલાલ થોથવાયા.

'તમારા ઘરે તમારું શ્રાદ્ધ ઝોંહટવા અમે આવવા માગીએ છીએ.' રાજુએ વાતમાં ડબકું મૂક્યું. બાબુલાલના મતે રાજુ મો ખોલે ત્યારે એસિડ ઓકે છે અને બાબુલાલ પર શાબ્દિક એસિડના હુમલા કરે છે.

'રાજુડા, તુ શું બકે છે તેનું ભાનબાન છે કે નહીં? ગિરધરલાલ, આ હરામીને કાંઇક સમજાવો. મારો પિત્તો જશે તો રાજુડાને છૂટું પેપર વેઇટ મારી દઇશ.' બાબુલાલ ભયંકર ગુસ્સે થઇ ગયા.

'બાબુલાલ, તમે આડાઅવળા સવાલ પૂછ્યા સિવાય સીધી વાત પર આવો ને. તમારે જે કામ સોંપવાનું હોય તે કહી દો. અમે રજાના દિવસે શું કરીએ તે જાણવાની તમને શું જરૂર છે?' મેં બાબુલાલને ઠપકાર્યા.

'ગિરધરલાલ, તમારે અને રાજુ રદીએ એક ઉદઘાટન સમારોહનું કવરેજ કરવા જવાનું છે. રાજુડાને કહેજો કે કેમેરાની બેટરી- ફેટરી અગાઉથી ચાર્જ કરી લે. આ ઉદઘાટન ડિનર સાથે છે. ગિરધરલાલ, તમે તમારી પત્નીને પણ લઇ જજો. તમારી પત્નીને સાંજે ચૂલા ચોકા કરવાની કડાકૂટમાંથી મુક્તિ મળી જશે.'

બાબુલાલે ઓબી વાન લઇને જવાની સૂચના આપી. જેથી સ્થળ પરથી લાઇવ ટેલિકાસ્ટ કરી શકાય. અમે બાબુલાલની બખોલમાંથી બહાર આવ્યા.

'ગિરધરલાલ, માનો કે ન માનો, કાંઇક ગરબડ છે. આ બાબુડિયો અકારણ આપણા પર વરસે નહીં. જ્યાં રૂપિયાના કવર કે ગિફ્ટ મળવાની હોય ત્યાં પચીસ વરસ જૂના કોટપેન્ટ ટાઇ પહેરીને કાર્યક્રમનું કવરેજ કરવા સ્ટેનોગ્રાફર કમ સેક્રેટરી સ્ટેલાને લઇને પહોંચી જાય છે. ત્યારે સમ ખાવા પણ આપણને યાદ કરતો નથી. અત્યારે આપણી રવિવારની રજાની પથારી ફેરવવા આપણને કવરેજ કરવા ધકેલી દે છે.' બાબુલાલ વિરુદ્ધની ભડાશ કાઢી. રાજુ અને બાબુલાલને ઊભા તો ઠીક બેઠા પણ બનતું નથી.

અમે અમદાવાદનાં ખાડા વચ્ચે રોડ કે રોડ વચ્ચે ખાડામાં બળદગાડાની જેમ ઉછાળા ખાતા રસ્તો કાપતા જતા હતા. અમારી કમરના કડાકા બોલતા જતા હતા. અમે તો અમદાવાદના રોડ પર પડતા ગુણવતાયુકત ખાડાથી અત્યંત પ્રભાવિત થઇને ખાડા સર્કિટ ટૂર ચલાવવા સૂચન કરેલ. ક્યાં સુધી સીદી સૈયદની જાળી અને રાણીના મકબરા જોવાના? પ્રાચીન, મધ્યકાલની અને આધુનિક ખાડા, તેનો વ્યાપ, માનવજીવન પર પડતી અને ખાડાત્મક અસરો વગેરેની ઝાંખી દર્શાવતી સર્કિટ ટૂરથી સહેલાણા- સહેલાણી ચોક્કસપણે આકર્ષાશે તેમાં બેમત નથી.

'ગિરધરલાલ, ગૂગલ મેપ લોકેશન તો અહીંનું જ દેખાડે છે. અહીં તો કોઇ મકાન ઉદઘાટન માટે શણગારેલ હોય કે ઉદઘાટનનો તામજામ દેખાતો નથી.' રાજુ એ આમતેમ ડાફોળિયા મારીને કહ્યું. બાબુલાલે અમને ભેરવી દીધા કે શું એમ પણ મનમાં સવાલ થયો.

'રાજુ, જે વ્યક્તિએ નિમંત્રણ આપેલ છે તેને જ સરનામું પૂછી લઇએ.' મેં રાજુને સજેશન કર્યું. આમ પણ ડૂબતો તરણું ન ઝાલે તો કંકોડા ઝાલે?

'મિ. ઝૂનઝૂનવાલા બોલી રહ્યા છો?' રાજુએ વિવેક પૂર્વક પૃચ્છા કરી.

'યેસ, ઝૂનઝૂનવાલા સ્પિકિંગ. વોટ કેન આઇ ડુ યુ ફોર.' ચાસણી જેવા મીઠા અવાજે ઝૂનઝૂનવાલાએ પ્રોફેશનલ પૃચ્છા કરી.

'હું ગિરધરલાલ ગરબડિયા, ચીફ રિપોર્ટર, બખડજંતર ચેનલ બોલું છું. અમે તમારા ઉદઘાટન સમારોહનું કવરેજ કરવા આવ્યા છીએ. પરંતુ અમને વેન્યુ એટલે કે સ્થળ મળતું નથી. કેન યુ હેલ્પ અસ?' મે વિનંતી કરી.

'ગિરધરલાલ, તમે લોકો અત્યારે ક્યાં છો?' ઝૂનઝૂનવાલાએ અમને પૂછ્યું.

'અમે ટાઇમ્સ ઓફ ઇન્ડિયાની ઓફિસની નજીક આશ્રમ રોડ પર ઊભા છીએ.' મેં કહ્યું.

'ત્યાંથી તમને બાટાની દુકાન દેખાય છે?' ઝૂનઝૂનવાલાનો સવાલ. 'હા દેખાય છે...;

'બસ, તેની અંદરના રસ્તે એક રોડ પર ભૂવો ન કહી શકાય અને ખાડો પણ ન કહી શકાય એવો ખાડા સમૂહ છે. રોડ પર વીસ બાય વીસનો ખાડો છે. એ ખાડામાં આપણી ફર્મનું ઉદઘાટન છે.' ઝૂનઝૂનવાલાએ નેવિગેટરની ભૂમિકા ભજવી. અમે એ ખાડા પાસે પહોંચ્યા. ખાડાની વચ્ચોવચ મંડપ લગાવેલ. એક શોપ જેવું કામચલાઉ સ્ટ્રકચર. ટેબલ ખુરશી મુકેલા. ત્રણ બાય ત્રણનું સ્ટેજ બનાવેલ. ખાડામાં એન્ટર થઈએ કે એક બોર્ડ લગાવેલું.

'મહાનગરપાલિકા, પરભવના વેરી વરસાદ અને કટકીબાજ ક્રૂર કોન્ટ્રેકટરોની (અ)સીમ કૃપાથી અમારે આંગણે શુભ પ્રસંગ આવેલ છે. આપ જેવા માનવંતા કસ્ટમરોને અંતરથી આવકારતાં ધન્યતા અનુભવીએ છીએ. ચોમાસામાં વરસાદના પ્રસાદથી પડતા ખાડા એ કિસ્મત કનેકશનનો કાર્યક્રમ છે. અમે ખાડામાં પણ અવસર પ્રાપ્ત થયેલ છે. જગતના સર્વ પ્રથમ : 'ધી યુનિક ખાડા રેસ્ટોરેન્ટ' ના ગ્રાંડ ઓપનિંગમાં આપને આવકારીએ છીએ. અમારે ત્યાં નાસ્તા -લંચ અને ડિનર માટે કોન્ટિનેન્ટલ, ચાઇનીઝ, મેકસિકન અને કાઠિયાવાડી વાનગીઓ મળશે. ખાડા ઉંધિયું અને ખાડા પિત્ઝામાં અમારી માસ્ટરી છે. 'ધી યુનિક ખાડા રેસ્ટોરેન્ટ'માં વગર વ્યાજની ઇએમઆઇ લોન પણ ઉપલબ્ધ છે, જેના માટે તમારે તમારું કિચન અમને મોર્ટગેજ કરવાનું રહેશે. જ્યાં સુધી લોન ભરપાઈ ન થાય ત્યાં સુધી તમે તમારા કિચનમાં રસોઇ કરી શકશો નહીં.'

'હાઇલા? અત્યાર સુધી ક્રૂઝ રેસ્ટોરેન્ટ, પતંગ રેસ્ટોરેન્ટ, એકવા રેસ્ટોરેન્ટ, બલૂન રેસ્ટોરેન્ટ, પહાડની ટોચ પર રેસ્ટોરેન્ટ જોઇ હશે. બીડી જલાઇ લે જિગર સે પિયા ગીતની જેમ કોઇ પિત્ઝા બનાવનાર શેફ વાલ્કેનો એટલે જ્વાલામુખીની આગમાં પિત્ઝા બનાવીને સર્વ કરે છે. આ જરા હટકે રેસ્ટોરેન્ટ બન્યું કહેવાય.

ત્યાંજ ખાડા રેસ્ટોરન્ટના માલિક ઝૂનઝૂનવાલા બોલ્યાંઃ

'તો અમદાવાદના ગૌરવ સમાન 'ધી યુનિક ખાડા રેસ્ટોરેન્ટ'માં ખાવા ક્યારે ગુડાવ છો? હમારે ખાડા રેસ્ટોરેન્ટમેં પધારો મેરે રાજ સા'બ!' ■

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૬. પરચુરણ

**R.K. ANTIQUE ARTS**
ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી જુનો માલ લઈએ. 8879388883, 9867814407. (૩૦૪)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૩૨૮-બી)

■ BE COMPUTER 1978 સ્માર્ટ વેલસેટને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

■ ચોપાટીમાં 1980 BE MBA બિઝનેસ ધરાવતાને શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં) (૩૪૩-ઈ)

■ વેલસેટ 1982 BE MBA સ્માર્ટ બ્રાહ્મણ ડાયવોર્સીને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

■ પાર્લામાં 1978 BE LLB સ્માર્ટ કપોળને શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

■ જુહુસ્કીમ 1984 MBA હેન્ડસમ કપોળને દેખાવડી શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

## ૯. લગ્ન સંબંધી

■ જુહુસ્કીમ 1978 બ્યુટીફૂલ એક્ટિવ ફેશન ડિઝાઈનરને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

■ બિઝનેસ ધરાવતી 1981 MBA દેખાવડીને વેલસેટ સ્માર્ટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

■ M.SC. ડાયટીશિયન 1993 5'6" ડાયવોર્સીને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

■ MBA MSc. 1983 એક્ટિવને અમેરિકા સ્થિત યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪૩-ઈ)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (303-A)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
લગ્ન પ્રસંગના બોરીવલી / કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ - બાપલી બંગલો. 9821112796. (૩૨૮-એ)

■ * જામનગરવાળા SUTARIA's મસાલા - અથાણા ફ્રી હોમ ડીલેવરી ₹999 મોબાઈલ 8200644970 / 9426239355 * (બી-૧૬૫૪૫)

**દિવાળી ગિફ્ટ**
દિવાળી તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે. 9930310057. (બી-૧૬૫૧૯)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**
જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દુબઈ, ચારધામ, આસામ મેઘાલય અરુણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદ રણ : 9819304112. (૩૪૬-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**PART TIME**
Female Part Time Computer Operator Required Near Charni Road 9029760000. (B-16589)

## ૧૭. જગ્યા આપવી છે

**નાનાચોક**
2 બેડરૂમ - 840' - કાર્પેટ - પાર્કિંગ - 5,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૨-એ)

**નાનાચોક**
2 બેડરૂમ - 1100' - કાર્પેટ -જૂનું ભાડું - 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૨-બી)

**કેમ્પ્સકોર્નર**
3 બેડરૂમ - 1350' - કાર્પેટ - સ્ટીલ ગેરેજ - 9,00,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૨-સી)

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરૂમ, ફ્લેટ, ભાડેથી-લેવા-વેંચવા. કેતન ગાલા-9892077714. (બી-૧૬૫૫૮)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૫-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
ઈર્લા - KLS હોસ્પિટલ પાસે એમિનિટિઝવાળા ટાવરમાં 2 અને 3 બેડરૂમના ફ્લેટો પઝેશન March 2026. ''નવકાર એસ્ટેટ'' 9819117722. (જેપી/૪૫૧૮-ડી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 4 - બેડરૂમ 1554' એમિનિટિઝવાળા ટાવરમાં 3 પાર્કિંગ સાથે રેડી પઝેશન. - 8356990950. (જેપી/૪૫૧૮-સી)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન 0.5 km, એસવી રોડ, 22 માળના નવા બંધાતા ટાવરમાં, 2 બેડરૂમ 1.45 કરોડ/ 1.83 કરોડ+, 3 બેડરૂમ 2.68 કરોડ+, 20+ અમેનિટીસ, પોડિયમ, Roof Top Garden marketed by: M. G. Realtors 9820964062 Radha estate agency 9821034272. (જેપી/૪૫૨૦-એ)

**ઘાટકોપર- વિદ્યાવિહાર- ચેમ્બુર- તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા- વેચવા- ''જીનલ વોરા''- 9320206906, 9321103249. (૩૪૨/એ)

**દાદર વેસ્ટ**
લીવ લાયસન્સ 1 બેડ અનફર્નિશ્ડ 65k, 2 બેડ 70/90 K, 3-4 બેડ 1700 ફૂટ (2.40), 2 - 3 બેડ 2.25 ફુલ્લી ફર્નિશ્ડ 1 બેડ આઉટરાઈટ 1.40 Cr to 2 Cr, 2 બેડ 2.25 to 3.5 Cr., 3 બેડ 4 Cr. લેવા/ વેચવા જયજીનેન્દ્ર લક્ષ્મીચંદ સાંગોઇ 9223222537. (બી-૧૬૫૭૨)

**કાંદિવલી (વેસ્ટ)**
લકઝરીયસ 2 - 3 BHK@1.85 Cr onwards, પઝેશન ટૂંક સમયમાં, સ્ટેશન મંદિર કોલેજ બેંક માર્કેટ 1 મિનિટ, Site: namo ananta, મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટ સંપર્ક 7353026969. (જેપી-૪૫૨૩-એ)

**દહિસર (ઈસ્ટ)**
ઠાકુર મોલની બાજુમાં, 2 બેડરૂમ 536' કાર્પેટ, 31માં માળે નેશનલ પાર્ક નયનરમ્ય દૃશ્ય, પાર્કિંગ સાથે 1.41 Cr. નેગોશીએબલ. 9820054365. (૩૩૮/સી)

**અંધેરી (વેસ્ટ)**
**જુહુલેન વેચાણથી, ફુલ્લી ફર્નિશ્ડ, 2 બીએચકે + 1 બીએચકેની જોડી ફ્લેટ, 1615 સ્કવેર ફીટ કારપેટ, 8th ફ્લોર, 1 ગેરેજ + 2 સ્ટીલ્ટ પાર્કિંગ, 3 લીફ્ટ્સ, 2 ગાર્ડન, ઈસ્ટ - વેસ્ટ ઓપન, જૈન દેરાસરની બાજુમાં. સંપર્ક:- 9821035179. (૩૪૦/એ)**

**વિલે-પાર્લા વેસ્ટ**
2 બેડરૂમ 650', 765', 786' કાર્પેટ, વેચાણથી 3 બેડરૂમ 1250', 950' વેચાણથી, એજન્ટ:- 8850666935. (બી-૧૬૫૬૮)

**પ્રભાદેવી**
સિદ્ધિવિનાયક મંદિર અને જૈન દેરાસર પાસે, સુંદર સોસાયટીમાં- ગાર્ડન સાથે, 2 BHK- રેડી પઝેશન, ઓનરશીપ. 9870042299-9819006163. (૩૩૭/એ)

■ (ગુજરાત) સાસણગીરમાં ફાર્મ હાઉસ રિસોર્ટ બને તેવી વેચવાની છે, રાજકોટમાં સારી રેન્ટલ ઈન્કમ આપતી પ્રોપર્ટી વેચવાની છે રાજકોટમાં પ્રોપર્ટી લેવા વેચવા મળો 9664633574. (બી-૧૬૪૮૦)

**શાંતાક્રુઝ વેસ્ટ**
અર્જન્ટ 2 બેડ 700 કાર્પેટ વેચાણ અથવા લીઝ, દેરાસર, પોદ્દાર સ્કૂલ નજીક અમીત - 7045622403. (બી-૧૬૫૬૯)

**માટુંગા (વેસ્ટ)**
**રેડી પઝેશનથી - વેચાણમાં - 1-2-3 બેડરૂમ હોલ કિચન વ્યાજબી ભાવે: સુનીતા એસ્ટેટ 9324849866. (૨૮૬-ઈ)**

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 બેડરૂમ, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. 9920445444. (બી-૧૬૫૪૮)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક: 9930333456. (P51800055546). (૩૩૩/એ)

**અંધેરી (વેસ્ટ)**
ભાડેથી ભરડા વાડી, નવું બિલ્ડીંગ, 2 બેડરૂમ 770' કારપેટ, ફર્નિશ્ડ, 2 AC સાથે, હાયર ફ્લોર 3,00,000/= ડિપોઝીટ, ભાડું - 90,000/= બંકીમ - 9322246219 હેમંત -9833720382. (૩૫૧-એ)

**સાયન**
૧ બેડરૂમ, હોલ, કિચન, 380', ફર્નીશ્ડ, ૧ કાર પાર્ક, ઓનરશીપ. 9136655744, 9638387574. (૩૫૧-સી)

**માટુંગા**
૩ બેડરૂમ, હોલ, કિચન - 933', 1050', 1100', નવું બિલ્ડિંગ, લીફ્ટ, કાર પાર્ક, OC છે. 9136655744. (૩૫૧-ડી)

**શિવાજી પાર્ક**
સ્પેશ્યસ ૨ બેડરૂમ, હોલ, કિચન, 860', નવું બિલ્ડિંગ, લીફ્ટ, કાર પાર્ક, સી.વ્યુ. 9136655744. (૩૫૧-ઈ)

**ઘાટકોપરમાં ગેરેંટી**
**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેંચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૨૮૯-એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**
**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લટો બુકીંગમાં લેવા મનીશ વોરા- 9324339343. (૩૨૫/એ)**

**ફ્લેટો 2-3 બેડરૂમ**
જુહુ વર્સોવા લીંક રોડ જુહુધારા કોમ્પલેક્ષ લીવલાયસંસથી તથા કાંદિવલી દહાનુકરવાડી 2/3 બેડરૂમ તથા દાદર (સેન્ટ્રલ) સ્વામી નારાયણ મંદીર સામે ૩ બેડરૂમ - 1300' ૪.૨૫ કરોડ ઓનરશીપથી - ૧ પાર્કિંગ ''બી નરેન્દ્ર જોષી'' 9820294922 / 9167309869 / 8080709030. (૩૨૩-બી)

**દહીંસર (પૂર્વ)**
3 BHK 1106' કાર્પેટ, હાયર ફ્લોર, સારી સોસાયટી- OC સાથે ઓનરશીપથી. સંપર્ક: બાબુભાઈ 9321722820. (૩૨૩/એ)

**સાઉથ મુંબઈ રાજસ્થાન એસ્ટેટ**
**2, 3, 4 બેડરૂમ આકર્ષક ફ્લેટ નેપયન્સી વાલકેશ્વર મરીન ડ્રાઈવ કફ પરેડ, તારદેવ, બ્રીજ કેન્ડી અલ્ટમાઉન્ટ ચર્ચગેટ, પેડર ગોવાલીયા ટેંક ખરીદ અને વેચાણ માટે નવા બિલ્ડીંગ નવા કન્સ્ટ્રકશનના ફ્લેટ Contact: Gopalbhai Jaipurvala 9322898994, Mukesh Mehta 9967502537. (૩૧૪)**

**ANDHERI EAST**
**સ્ટેશન નજીક 3 BHK નવી સોસાયટીમાં 1,10,000માં ભાડાથી લેવા સારી તક 9820601794. Bharat Mayani (એસડીબી-૨૯૦૪)**

**MATUNGA EAST EXCLUSIVE**
**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

**MULUND (E)**
90' Road Nr Kelkar College 2 BHK Read Ownership Flat Car Park 753' Carpet Contact Madhukar Thakkar 9820016348. (310)

**MAHALAXMI READY OC FLATS**
**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

**GHATKOPAR (EAST)**
MICL Luxurious Residential Project, 55 Amenities, 11 Towers, 1000' to 4500' Carpet. "SJ Real Estate" - 9022279684. (317/A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**■ મલાડ અથવા આજુ બાજુ ના વિસ્તારમાં રેડી ટુ મૂવ ફ્લેટ 5 થી 10 વર્ષ નવા- જૂના મકાનમાં 750-800 સ્કવેર ફૂટ (બે થી સવા બે રૂમ- કિચન), ૧૦૦% ચેક પેમેન્ટ ફર્નિચર સાથે ખરીદવામાં રસ છે. સંપર્ક: 8356993813, 9892697438. (બી-૧૬૫૮૮)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

■ પ્લોટ ફેક્ટરી વેચવાની છે. 31300 ચો.ફૂટ. જી આઈ ડી સી, વિઠ્ઠલ ઉદ્યોગનગર, આણંદ મહાનગર પાલિકા, ગુજરાત. 9925035126. (બી-૧૬૫૮૩)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન / મેટ્રો કનેક્ટિવિટીવાળા હાઈવે પર મોટા કોમર્શિયલ બિલ્ડિંગમાં ઓફિસો બુકિંગ / ઈન્વેસ્ટમેન્ટ કરવા. ભરત પારેખ: 9920675286. (એસડીબી-૨૮૭૧)**

**SANTACRUZ**
**Ideal for Bank Premises, Santacruz West, Main Road, Available on Rent, Prime Location, 1400 sq feet Carpet, Ground Floor. 9404611611, 7698526639. (B-16587)**

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**
લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, ડાયરો ANNIVERSARY. મનસુખભાઈ 9326801860, 8169552801. (૩૪૩-એફ)

**SHREENATHJI 9821795355**
લગ્નગીત, સંગીત સંધ્યા, ડાયરો + એનિવર્સરી + પ્રાર્થનાસભા + All Event. (બી-૧૬૫૭૬)

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૩૩૮/બી)

## ૩૧. નાણાંકીય

**LOAN**
Against Residential or Commercial Property / Unsecured Business Loan, Based on Banking or GST Turnover, Either Term Loan or OD, Compare Loan Eligibility, ROI and Tenure across 19+ Banks, with 28 + years of Experience, Partnered with Corporate DSA having PAN India, (T&C) Contact: Harish Shah on - 9226511191. (320/A)

## ૩૨. જમીન - મિલકત

**દેવલાલી**
5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઊજાસ પાણી તુરંત કબ્જો સુરેશભાઈ - 9869170308. (બી-૧૬૫૭૯)

**ફાર્મ હાઉસ બંગલો વેચવાનો છે.**
**એક એકર જમીન રોડ ટચ (40,000 + Sq. Fts.) એગ્રીકલ્ચરલ લેન્ડ કમ્પાઉન્ડ વોલ + 5 BHK ફાર્મ હાઉસ બંગલો (Approx. 3,200 + Sq. Fts. Carpet) સાથે.**
**વજેશ્વરી રોડ, મેઢેગાવ, વિરાર ઈસ્ટ. બોરીવલી સ્ટેશનથી માત્ર 45 KM.**
**3.75 CR.**
**ઓનર 9820568080**
(૩૪૯-સી)

FOR SALE INDUSTRIAL Shed 10,000 sq.mtr in Umargam GIDC M: 9 0 9 9 9 7 3 9 8 1 gopinathent@gmail.com (B-16566)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૪૦૪)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**ગાદીવાળા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ / સ્લીપર જેન્ટ્સ લેડીસો માટે બોરીવલી વેસ્ટ - 9869669633. (એસડીબી-૨૮૮૦)

■ ભારત સરકારની ઉદારતાનો લાભ લો. પેટ્રોલ પંપ, એરપોર્ટ, બેંક, વિમા કંપની, રેલ્વેમાં નિયમાનુસાર ભાગ લઈ શકો છો. TCA-9377992110, 9867510027. (બી-૧૬૫૬૦)

**ONEPLUS - MOTOROLA**
Authorised Service Center, Cell World, Dadar West. 9082289967 - 9987953247 - 8176864631. (B-16543)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

## ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA (only male) Speak perfect English have USA Visa Be able to drive Car Must be connected with the Diamond market. Position is to work 6-8 Months per year in USA selling Daimond Jewellery. (2-3 trips of 2-3 Months each) Contact Premal: +917977427785. (B-16565)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

**આજેજ બોલાવો**
**રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ**
(જુનું અને જાણીતું વિશ્વસનીય નામ)
અમારુ ઈન્જેક્સન પ્રોસેસથી સત્વરે ઉધઈનું નિયંત્રણ કરાવે છે.
વાંદા તેમજ માંકડ માટે સ્પ્રે ટ્રીટમેન્ટ.
ફોર્ટ 9869336650 / 9969871385 22626396 / 22622348
(બી-૧૬૪૯૮)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના આખરે સ્વીકારી લીધી હમાસે

તેલ અવિવ: બંધકોની મામલે થોડી ગૂંચવણ હોવા છતાં ગાઝા શાંતિ યોજનાને હમાસે સ્વીકારી હોવાના અહેવાલો છે અને એ વિશે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, હું માનું છું કે તેઓ કાયમી શાંતિ માટે તૈયાર છે.

બીજી તરફ ઈઝરાયલની સેનાએ શનિવારે કહ્યું હતું કે તે ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવા અને બાકીના તમામ બંધકોને પરત કરવાની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની યોજનાના પ્રથમ તબક્કાની તૈયારીઓ પ્રમાણે આગળ વધશે. હમાસે તેમની યોજનાના કેટલાક ઘટકો સ્વીકાર્યા પછી ટ્રમ્પે ઇઝરાયલને ગાઝા પર બોમ્બમારો બંધ કરવાનો આદેશ આપ્યાના કલાકો પછી આ જાહેરાત આવી છે.

સેનાએ કહ્યું કે ઈઝરાયલના નેતાઓ દ્વારા તેમને યોજનાના અમલ માટે અગાઉથી તૈયારી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

રેકોર્ડ પર મીડિયા સાથે વાત કરવા માટે અધિકૃત ન હોય તેવા એક અધિકારીએ કહ્યું કે ઈઝરાયલ હાલ ગાઝામાં ફક્ત રક્ષણાત્મક સ્થિતિમાં છે અને સક્રિય રીતે હુમલો કરશે નહીં. ■

# ઝુબિન ગર્ગને સિંગાપોરમાં ઝેર અપાયેલું: બૅન્ડના સાથીનો આક્ષેપ

ગુવાહાટી: ગાયક ઝુબિન ગર્ગને સિંગાપોરમાં ઝેર અપાયું હતું અને તેને કારણે જ તેનું મોત થયું હોવાનો આક્ષેપ બૅન્ડના સાથીદાર શેખર જ્યોતિ ગોસ્વામીએ કર્યો હતો, એમ પોલીસના સત્તાવાર દસ્તાવેજોમાં જણાવવામાં આવ્યું હતું. ૧૯ સપ્ટેમ્બરે ગર્ગનું સિંગાપોરમાં મૃત્યુ થયું હતું.

ગોસ્વામીએ આક્ષેપ કર્યો હતો કે મેનેજર સિદ્ધાર્થ શર્મા અને તહેવારના આયોજક શ્યામકનુ મહંતાએ સિંગાપોરમાં ગર્ગને ઝેર આપવામાં આવ્યું હતું.

કેસને મામલે આયોજક અને ગર્ગના મેનેજર તેમ જ બેન્ડના બે સભ્ય ગોસ્વામી અને અમૃતપ્રભા મહંતાની ધરપકડ કરી ૧૪ દિવસના પોલીસ રિમાન્ડમાં મોકલી આપવામાં આવ્યા હતા. દરિયામાં તરવા ગયેલા ગર્ગનું સિંગાપોરમાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. શ્યામકનુ મહંતા અને તેની કંપની દ્વારા યોજવામાં આવેલા નોર્થઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલની ચોથી સિઝનમાં ભાગ લેવા ગર્ગ સિંગોપોર ગયા હતા.

ઘટનાના સાક્ષીઓનું કહેવું છે કે ઝુબિન નિષ્ણાત તરવૈયો હોવાને કારણે ડૂબી જવાને કારણે તેનું મૃત્યુ થઈ શકે નહીં. ગોસ્વામીએ આક્ષેપ કર્યો હતો કે શર્મા અને શ્યામકનુએ ગર્ગને ઝેર આપ્યું હતું અને કાવતરું પકડાઈ ન જાય તે માટે જાણીજોઈને વિદેશનું સ્થળ પસંદ કર્યું હતું.

દરમિયાન આસામ સરકારે ઝુબિન ગર્ગના રહસ્યમય મૃત્યની તપાસ માટે ન્યાયિક પંચની રચના કરી છે.

ગુવાહાટી હાઈ કોર્ટના જસ્ટિસ સૌમિત્રા સાઈકિયાના વડપણ હેઠળનું પંચ છ મહિનાની અંદર આ અંગેને અહેવાલ સુપરત કરશે. (એજન્સી) ■

# ટ્રમ્પે અમેરિકામાં શટડાઉનના બહાના હેઠળ વિપક્ષ સામે બદલો લીધો?

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ શટડાઉનને બિનજરૂરી સરકારી ખર્ચ ઘટાડવાની 'ઉત્તમ તક' ગણાવી રહ્યા છે, પરંતુ વિપક્ષ (ડેમોક્રેટિક પાર્ટી) આક્ષેપ કરે છે કે ટ્રમ્પે શટડાઉનના બહાના હેઠળ વિપક્ષના ગઢ ગણાતા ૧૬ રાજ્યનું ૭.૬ અબજ ડૉલરનું ભંડોળ અટકાવી દીધું છે. આ એ જ ૧૬ રાજ્ય છે કે જેમણે ગયા વર્ષે પ્રમુખપદની ચૂંટણી વખતે ડેમોક્રેટ ઉમેદવાર કમલા હેરિસની તરફેણમાં વધારે મતદાન કર્યું હતું.

અમુક રિપબ્લિકન્સ શટડાઉન દરમિયાન 'રાજકીય રમત' રમીને વિપક્ષ (ડેમોક્રેટિક પાર્ટી)ના વર્ચસ્વવાળા (ન્યૂ યોર્ક, શિકાગો વગેરે) વિસ્તારો માટેનું ભંડોળ રોકવામાં શાસક પક્ષને સફળતા મળી હોવાનો દાવો કરે છે, પરંતુ અમુક રિપબ્લિકન્સને શટડાઉનની માઠી અસર પક્ષના રાજકીય ભાવિ પર પડવાનો ભય છે.

ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી (રિપબ્લિકન)ના અમુક નેતાએ એવી ભીતિ વ્યક્ત કરી હતી કે શટડાઉન દરમિયાન મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓને ફરજિયાત રજા પર ઉતારી દેવાયા હોવાથી તેઓ ભવિષ્યમાં શાસક પક્ષની વિરુદ્ધ મત આપશે.

ડેમોક્રેટ્સ સેનેટમાંના શટડાઉનને લગતા મતદાનમાં મક્કમ હોવાથી આ મડાગાંઠનો વહેલો ઉકેલ નથી દેખાતો.

કમલા હેરિસની તરફેણમાં વધુ મત આપનારા ૧૬ રાજ્યની ૭.૬ અબજ ડૉલરની ક્લીન એનર્જી ગ્રાન્ટ અટકાવી દેવાઇ છે. આ ઉપરાંત, શિકાગોના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રૉજેક્ટ્સ માટેની ૨.૧ અબજ ડૉલરની ફાળવણી અને ન્યૂ યોર્કના આંતરિક માળખાના વિકાસ માટેના ૧૮ અબજ ડૉલરની ફાળવણી અટકાવવાનો નિર્ણય ટ્રમ્પ સરકારે લીધો હતો. ટ્રમ્પના વહીવટીતંત્રે વિપક્ષ (ડેમોક્રેટિક પાર્ટી)ના ગઢ ગણાતા વિસ્તારોના પ્રકલ્પો માટેનું ભંડોળ અટકાવવાનું શરૂ કર્યું છે. ન્યૂ યોર્ક પછી શિકાગોના આંતરિક માળખાકીય પ્રૉજેક્ટ્સ માટેનું ભંડોળ રોકવાની જાહેરાત કરાઇ હતી. વાઇટ હાઉસના બજેટ ડિરેક્ટર રસેલ વૉટે જણાવ્યું હતું કે ટ્રમ્પના વહીવટીતંત્રે શિકાગોના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રૉજેક્ટ્સ માટેની ૨.૧ અબજ ડૉલરની ફાળવણી અટકાવવાનો નિર્ણય લીધો છે. શિકાગોના આંતરિક માળખાના વિકાસ માટેનું ભંડોળ રોકવાથી શહેરની રેડ લાઇન ટ્રેનના માર્ગને વિસ્તારવાની યોજના અટકી જશે.

(એજન્સી) ■

મુંબઈ સમાચાર
કલાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં કલાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ કલાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* કલાસિફાઇડ અને કલાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં
કલાસિફાઈડ રેટ કાર્ડ
ડેઈલી અને વીકલી

ખાસ નોંધ: તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| કલાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| કલાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

કલાસિક બોનાન્ઝા સ્કીમ કલાસિફાઈડ અને કલાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# જગદીશ પંચાલ ગુજરાત ભાજપના ૧૪મા પ્રદેશ પ્રમુખ બન્યા: ભૂપેન્દ્ર પટેલ અને પાટીલે મોઢું મીઠું કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખની વરણી અંગેની લાંબા સમયથી ચાલતી અટકળોનો શનિવારે અંત આવ્યો હતો. ચાર ઓક્ટોબરને શનિવારે પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે જગદીશ પંચાલના નામની સત્તાવાર જાહેરાત થઈ હતી. ગુજરાત રાજ્યના પ્રભારી ભૂપેન્દ્ર યાદવે ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે સત્તાવાર રીતે જગદીશ પંચાલને જાહેર કર્યા હતા. આ સાથે જ જગદીશ પંચાલે કમલમ ખાતે ચાર્જ પણ સંભાળ્યો હતો, જગદીશ પંચાલ ગુજરાત ભાજપના ૧૪મા પ્રદેશ પ્રમુખ બન્યા છે. તેમણે શુક્રવારે વિજયમુહૂર્તમાં કમલમમાં પ્રદેશ પ્રમુખની દાવેદારી માટે ફોર્મ ભરીને ચૂંટણી અધિકારી ઉદય કાનગડને સોંપ્યું હતું. પ્રદેશ પ્રમુખ માટે જગદીશ પંચાલ સિવાય એકપણ ફોર્મ ભરાયું ન હોવાથી તેઓ બિનહરીફ થયા હતા.

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત થતાં જ મુખ્ય પ્રધાને ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલને શ્રીફળનો પડો અને સી.આર.પાટીલે ભાજપનો ઝંડો આપ્યો હતો, સાથે જ નવનિયુક્ત પ્રદેશ પ્રમુખને ફૂલનો હાર પહેરાવી સ્વાગત કરાયું હતું. બાદમાં નવનિયુક્ત પ્રદેશ પ્રમુખને ભૂપેન્દ્ર પટેલ અને પાટીલે મોઢું મીઠું કરાવ્યું હતું.

ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલે (વિશ્વકર્મા) પદગ્રહણ સમારોહમાં ઉપસ્થિત નેતાઓ અને કાર્યકરોને સંબોધ્યા હતા. તેમણે પક્ષ દ્વારા સોંપાયેલી જવાબદારી બદલ સંગઠનનો આભાર વ્યક્ત કર્યો હતો અને બૂથ સ્તરના કાર્યકરને પ્રમુખ બનાવવાની પરંપરાને બિરદાવી હતી.



નવા પ્રમુખે પોતાના સંબોધનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, મને જે જવાબદારી આપી છે, તે બદલ તમામને હું વંદન કરું છું. તેમણે પૂર્વ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના વખાણ કરતાં કહ્યું હતું કે, સી આર પાટીલે સંગઠનને વધુ મજબૂત બનાવવાનું કામ કર્યું છે. પોતાની નિમણૂકને કાર્યકરની ઓળખ ગણાવતા જગદીશ પંચાલે કહ્યું હતું કે, મારા જેવા બૂથની જવાબદારી નિભાવતા કાર્યકરને આ જવાબદારી આપી છે. આ જવાબદારીની સાચી ઓળખ મારી સામે બેઠેલો કાર્યકર છે. મારી ઓળખ કેસરિયો ખેસ છે. નવા પ્રમુખે કાર્યકર્તાઓને સ્પષ્ટ સંદેશ આપતાં કહ્યું હતું કે, પ્રદેશ પ્રમુખ ઓળખ નથી, પરંતુ ભાજપનો કાર્યકર્તા ઓળખ છે. તેમણે કાર્યકર્તાઓને વિનંતી કરી હતી કે, ૨૫ વર્ષથી જનતાએ આપણા પર ભરોસો મૂક્યો છે જેથી આપણી જવાબદારી વધી છે.જગદીશ પંચાલ અમદાવાદના ઠક્કરબાપાનગર ખાતે આવેલી વિક્રમપાર્ક સોસાયટી ખાતેના તેમના નિવાસસ્થાને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે રેલી સ્વરૂપે નીકળી ગાંધીનગર કમલમ પહોંચ્યા હતા. આજના પદગ્રહણ કાર્યક્રમમાં સાંસદ તેમજ કેન્દ્રીય ચૂંટણી ઈન્ચાર્જ કે.લક્ષ્મણ, ગુજરાત પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને સંગઠન મહામંત્રી રત્નાકર સહિત મોટી સંખ્યામાં નેતાઓ-કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જયેશ રાદડિયાનું નામ લીધા વિના સી.આર. પાટીલની ટકોર, ચૂંટણી રાજકીય હોય કે સહકારી ક્ષેત્રની, પાર્ટીનું મેન્ડેટ જ અંતિમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલના પદગ્રહણ સમારોહમાં પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલનો આક્રમક અંદાજ જોવા મળ્યો હતો. કમલમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પાટીલે સૌરાષ્ટ્રના પ્રભાવશાળી સહકારી ચહેરા જયેશ રાદડિયાને નિશાન બનાવી ટકોર કરી હતી. પાટીલે જાહેર મંચ પરથી સહકારી ક્ષેત્રની ચૂંટણીને અંગે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ચૂંટણી રાજકીય હોય કે સહકારી ક્ષેત્રની ભારતીય જનતા પાર્ટીનું મેન્ડેટ જ અંતિમ રહેશે. પાર્ટીના નિયમોનો ભંગ કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. તેમણે ચેતવણી આપી હતી કે, સહકારી ક્ષેત્રમાં નેતાઓ મનમાની નહીં કરે અને પાર્ટીની શિસ્તનું પાલન અવશ્ય કરવું પડશે. સી.આર. પાટીલે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપે ફક્ત રાજકીય ક્ષેત્રમાં જ નહીં પરંતુ સહકારી ક્ષેત્રમાં પણ પોતાનું પ્રભુત્વ સાબિત કર્યું છે. તેમણે જણાવ્યું વધુમાં કહ્યું હતું કે, અમે સહકારી ક્ષેત્રની અંદર ૩૫૦ જેટલી ચૂંટણી લડી હતી, જેમાંથી ૩૪૯ જીત મેળવી હતી. ત્યાર બાદ મેન્ડેટ પ્રથા લાગુ પડી અને કેટલાકને એ ન ગમી. તેમણે આક્ષેપ કર્યો હતો કે વિરોધી પક્ષો તથા સહકારી ક્ષેત્રમાં ગોઠવાઈ ગયેલા કેટલાક લોકોએ એ પ્રથા સામે અપપ્રચાર કર્યો છે. પરંતુ ભાજપ એક શિસ્તબદ્ધ પાર્ટી છે, અને શિસ્તમાં કોઈ સમાધાન શક્ય નથી.

જાહેર મંચ પરથી સી.આર. પાટીલે કોઈનું નામ લીધા વિના જ તીખી ટિપ્પણી કરી હતી, પરંતુ રાજકીય વર્તુળોમાં માનવામાં આવે છે કે આ નિવેદન સૌરાષ્ટ્રના પ્રભાવશાળી સહકારી નેતા જયેશ રાદડિયાને નિશાન બનાવીને કરવામાં આવ્યું હતું. કારણ કે રાદડિયા સહકારી ક્ષેત્રના મોટા નેતા તરીકે ઓળખાય છે અને ભાજપના મેન્ડેટ વિરુદ્ધ જઈને તેઓ ચૂંટણી લડ્યા હતા. પાટીલના આ નિવેદનને ભાજપની અંદર એક મજબૂત સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે કે સહકારી ક્ષેત્રની અંદરની કોઈ પણ જાતની મનમાની હવે સહન કરવામાં આવશે નહીં.

## દાહોદના લીમખેડામાં પરિણીતાનો બે પુત્રો સાથે રેલવે ટ્રેક પર ઝંપલાવી આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દાહોદ જિલ્લાના લીમખેડા નજીક એક પરણિત મહિલાએ પોતાના બે નાના પુત્રો સાથે રેલવે ટ્રેક પર ઝંપલાવી આપઘાત કરતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો.

આ ઘટના લીમખેડા રેલવે સ્ટેશન નજીક બની હતી. મહિલાએ પાંચ વર્ષના અને ત્રણ વર્ષના પોતાના બે પુત્રો સાથે માલગાડી ટ્રેન આગળ ઝંપલાવ્યું હતું. આ ઘટનામાં માતા અને બંને બાળકોના કરુણ મોત થયા હતા. મૃતક મહિલાના પિયર પક્ષના લોકોએ ગંભીર આક્ષેપો કર્યા હતા.

## અરબ સાગરમાં ‘શક્તિ’ વાવાઝોડું વધુ તીવ્ર બન્યું: માછીમારોને પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અરબ સાગરમાં સર્જાયેલું ચક્રવાતી તોફાન ‘શક્તિ’ વધુ તીવ્ર બન્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૫ ઓક્ટોબર સુધી શક્તિ વાવાઝોડું ગતિ કરશે. ૬ ઓક્ટોબરે ગુજરાત તરફ શક્તિ વાવાઝોડું યુ-ટર્ન લેશે. ગુજરાત તરફ ફંટાયા બાદ વાવાઝોડું ધીમું પડવાની શક્યતા છે. આગામી ૫ દિવસ રાજ્યમાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ કેટલાક ભાગોમાં હળવા ઝાપટા પડી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ ચોમાસાની સિઝનનું ભારતીય ઉપમહાદ્વીપનું આ પ્રથમ વાવાઝોડું છે, જેને શ્રીલંકા દ્વારા ‘શક્તિ’ નામ આપવામાં આવ્યું છે. જે ભારતીય કિનારાઓથી દૂર જશે, પરંતુ ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિમાં વધારો થતાં માછીમારો અને દરિયાઈ ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જો કે શક્તિ વાવાઝોડાની ગુજરાત પર નહિવત્ અસર જોવા મળશે. તેમ છતાં, માછીમારોને આગામી ૫ દિવસ દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. ૬ ઓક્ટોબરે વાવાઝોડું ગુજરાત તરફ યુટર્ન લેશે. દરિયાકાંઠે ૪૦થી ૫૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. ૮ ઓક્ટોબર દ્વારકા, જામનગર, પોરબંદર, સુરત, નવસારી, વલસાડમાં મધ્યમથી ભારે વરસાદની શકયતા છે. અમદાવાદમાં છૂટાછવાયા સ્થળે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

શનિવારે સવારે ૮:૩૦ કલાકે તે ઉત્તર-પશ્ચિમ અને તેને અડીને આવેલા ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર પર કેન્દ્રિત હતું. ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાના દરિયામાં કરન્ટ જોવા મળ્યો હતો. ગંભીર ચક્રવાતી વાવાઝોડું ’શક્તિ’ છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ તરફ આગળ વધ્યું છે. જેને પગલે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

વાવાઝોડાના કેન્દ્રમાં પવનની ગતિ ૯૫-૧૦૫ કિલોમીટર પ્રતિ કલાકની છે, જે વધીને ૧૧૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી મુજબ પવનની ગતિ ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. આ મહત્તમ તીવ્રતા આગામી ૨૪ કલાક સુધી જળવાઈ રહેવાની સંભાવના છે.

૪થી ૭ ઓક્ટોબર દરમિયાન ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૫-૫૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે અને ઝાટકા સાથે ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. જોકે આ વાવાઝોડું દરિયામાં જ ગહન બનીને આગળ વધશે, પરંતુ એની અસર ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો પર અનુભવાશે.

હવામાન નિષ્ણાતોના મતે, આ સિસ્ટમ ફરી ગુજરાત તરફ આવશે અને ૬થી ૭ ઓક્ટોબરના રોજ દક્ષિણ સૌરાષ્ટ્રને વધારે અસર કરશે, જેના કારણે રાજ્યમાં વરસાદનો એક રાઉન્ડ આવશે. દરિયાકિનારા પર ૬ અને ૭ ઓક્ટોબરના રોજ ભારે પવન અને વરસાદની શક્યતા છે.

## જામનગરમાં ૨૦ પેઢીઓ પર સ્ટેટ જીએસટીના દરોડા: ૮૦ કરોડથી વધુની કરચોરી ઝડપાઈ

અમદાવાદ: જામનગરમાં જુદી જુદી ૨૦ જેટલી પેઢીઓના ધંધાના અને નિવાસસ્થાન મળીને ૨૨થી વધુ સ્થળોએ સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. સવારથી હાથ ધરાયેલા આ દરોડાના પગલે વેપારી આલમમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ દરોડામાં ૮૦ કરોડથી વધુની કરચોરી પકડાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું, એટલું જ નહીં પરંતુ આ દરોડામાં એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ની પણ સક્રિય ભૂમિકા હોવાનું જાણવા મળ્યું હતું. સ્ટેટ જીએસટી વિભાગને મળેલી માહિતીના આધારે વિભાગ દ્વારા રિસર્ચ કરવામાં આવ્યું હતું. રિસર્ચ બાદ પ્રાપ્ત થયેલી વિગતોને ધ્યાનમાં લઈને આજે સવારે અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને જામનગરના સ્ટેટ જીએસટી વિભાગના અધિકારીઓએ જુદા જુદા ધંધાઓ સાથે સંકળાયેલી જામનગરની ૨૦ જેટલી પેઢીઓ પર સાગમટે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન જામનગરના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ની સક્રિય ભૂમિકા હોવાનો પણ ખુલાસો થયો હતો. પ્રાથમિક તપાસમાં આ પેઢીઓ દ્વારા ૮૦ કરોડથી વધુની રકમની કરચોરી કરી હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી. આ દરોડામાં કબજે કરાયેલા દસ્તાવેજોની ચકાસણી દરમિયાન આ કરચોરીનો આંકડો વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.




કોર્પોરેટ વહીવટમાં શ્રેષ્ઠતા માટેનો સ્કૉપ એમિનન્સ અવૉર્ડ ૨૦૨૨-૨૩ એચપીસીએલના ચૅરમૅન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિકાસ કૌશલને રાષ્ટ્રપ્રમુખ શ્રીમતી દ્રૌપદી મુર્મૂને હસ્તે પ્રદાન કરવામાં આવ્યો હતો.


## ૧૦ ઑક્ટોબરે રાષ્ટ્રપતિના આગમનને પગલે ગીર જંગલ સફારીને ખોલવા નિર્ણય

અમદાવાદ: જૂનાગઢ જિલ્લામાં આવેલા ગીરના સિંહો જોવા આતુર રહેતા હજારો પ્રવાસીઓ માટે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી. દર વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન બંધ રહેતા સાસણગીર સહિતના અભયારણ્યો હવે નિર્ધારિત સમયગાળા કરતા વહેલો ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.જૂનાગઢના સાસણ ગીરમાં સિંહોનું વેકેશન એક અઠવાડિયું વહેલું પૂર્ણ થશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તારીખ ૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ મુલાકાત ગુજરાત મુલાકાતે આવવાના છે, ત્યારે તેઓ સાસણ ગીર અને સોમનાથની મુલાકાત કરે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જેને પગલે તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે જેના ભાગરૂપે સિંહ દર્શન એક અઠવાડિયા વહેલા શરૂ થશે. દર વર્ષે ચોમાસામાં ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ચાર મહિના સાસણ ગીર પ્રવાસીઓ માટે બંધ રહે છે. જોકે, ચાલુ વર્ષે રાષ્ટ્રપતિ ની મુલાકાત અને પ્રવાસીઓની ભીડને ધ્યાનમાં રાખીને એક અઠવાડિયા પહેલાં જ જંગલ સફારી શરૂ કરવામાં આવશે.ચોમાસામાં વન્ય પ્રાણીઓના પ્રજનન કાળ અને જંગલના રસ્તા પર જઈ શકાય તેમ ન હોવાથી પ્રવાસીઓ માટે પ્રતિબંધ રહે છે.

## સાબરકાંઠામાં બીઝેડ કૌભાંડ પછી વધુ એક પોન્ઝી સ્કીમનો પર્દાફાશ: ફરાર ત્રણ લોભિયા વિરુદ્ધ હિંમતનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરકાંઠા જિલ્લામાં બીઝેડ કૌભાંડ પછી એક બાદ એક પોન્ઝી સ્કીમોના કૌભાંડ પ્રકાશમાં આવી રહ્યા છે. હિંમતનગર ખાતે એ.આર કન્સલ્ટન્સી નામની પેઢીના ત્રણ સંચાલકો દ્વારા રોકાણના નામે લોકોને ૩ ટકાથી લઈ ૧૦ ટકા સુધીનું વળતર આપવાની લોભામણી જાહેરાતો કરી રોકાણકારો પાસે લાખો-કરોડો રૂપિયા પડાવ્યા છે.

પેઢીના સંચાલકોએ વળતર ના ચૂકવતા પુષ્પરાજસિંહ ભરતસિંહ પરમારે આ પોન્ઝી સ્કીમ મામલે ફરિયાદ નોંધાવી હતી. સાબરકાંઠા જિલ્લામાં કરોડોનું ફુલેકું ફેરવીને ફરાર થયેલા ત્રણ લોભિયાઓ વિરુદ્ધ હિંમતનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હિંમતનગરમાં પોન્ઝી સ્કીમ હેઠળ ૩.૪૨ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી હતી. એ.આર.કન્સલ્ટન્સી નામની પેઢી સામે રૂ. ૩ કરોડ ૪૨ લાખ ૯૧ હજારની ઠગાઈની ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયો હતો.પોલીસે અલગ અલગ ટીમો બનાવી છેતરપિંડી આચરનારા (૧) અજયસિંહ રજુસિંહ મકવાણા, રહે. ભાગ્યોદય સોસાયટી. મોદી ગ્રાઉન્ડની પાસે. બેરણા રોડ, મૂળ રહેવાસી. વરવાડા, તલોદ, હિંમતનગર, સાબરકાંઠા (૨) રજૂસિંહ લાલસિંહ મકવાણા, રહે. ભાગ્યોદય સોસાયટી. મોદી ગ્રાઉન્ડની પાસે, બેરણા રોડ, મૂળ રહેવાસી. વરવાડા, તલોદ, હિંમતનગર, સાબરકાંઠા (૩) વનરાજસિંહ દિલીપસિંહ ઝાલા, રહે. જૂના બળવંતપુરા, હિંમતનગર, સાબરકાંઠાને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. હિંમતનગરની એ.આર.કન્સલ્ટન્સી પેઢી દ્વારા બેંક કરતાં વધુ વ્યાજ આપવાની લાલચ આપીને પોન્ઝી સ્કીમ ચાલતી હતી. આ કંપનીએ બેંકના વ્યાજદર કરતાં ઘણું વધારે ૩ થી ૧૦ ટકા સુધીનું માસિક વ્યાજ આપવાની પોન્ઝી સ્કીમ ચલાવી હતી. જેના કારણે રોકાણકારો લલચાયા હતા અને ઊંચું વ્યાજ મેળવવાની લાલચે આ સ્કીમમાં રોકાણ કર્યું હતું. રોકાણકારોને ઊંચા વ્યાજની લાલચ આપી રોકાણ કરાવી, ઓફિસને તાળાબંધી કરી ટોળકી ફરાર થઈ ગઈ છે.

સાબરકાંઠામાં અનેક લોકોને એજન્ટ બનાવી કંપનીએ લોકોને ફસાવ્યા હતા. એજન્ટ મારફતે લાલચ આપીને અને સોશ્યલ મીડિયામાં લોભામણી જાહેરાત કરીને લોકોને રોકાણ કરાવવામાં આવ્યું હતું.

## સુરતમાં નકલી ઘી બનાવતી ત્રણ ફેક્ટરી ઝડપાઈ: ૯૦૦૦ કિલોથી વધુ ઘી કબજે કરાયું

અમદાવાદ: તહેવારોની સિઝન નજીક છે ત્યારે લેભાગુ તત્ત્વો ખાદ્ય ખોરાકમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. સુરતમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી)એ મોટી કાર્યવાહી કરીને નકલી ઘી બનાવતી ત્રણ ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. અમરોલી અને કોસાડ વિસ્તારમાં આવેલી ૩ જુદી-જુદી ડુપ્લિકેટ ઘી બનાવતી ફેક્ટરીઓ અને તેનાં ગોડાઉનો પર એસઓજીની ટીમે દરોડા પાડ્યા હતા. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પાર પાડેલા આ કૌભાંડમાં સુરત એસઓજીએ ૯૦૦૦ કિલોથી વધુ નકલી ઘી, મશીનરી, રો મટિરિયલ સહિત અંદાજે રૂ. ૧.૨૦ કરોડનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આ સાથે જ એસઓજીએ ચાર આરોપીને પણ ઝડપી પાડ્યાં હતા. જેમાં જયેશકુમાર રમેશચંદ્ર મહેસુરીયા, અંકિતભાઈ ટેકચંદભાઈ પંચીવાલા, સુમીતકુમાર જયેશભાઈ મૈસુરીયા, દિનેશકુમાર તેજાજી ગેહલોત છે. તમામ આરોપીઓનું મૂળ વતન બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેનું છે. આ મામલે અમરોલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## વડોદરામાં પાણી લાઈનની કામગીરી દરમિયાન ગેસ લાઈન તૂટી: ૪૦૦૦ ઘરોમાં ગેસ પુરવઠો ખોરવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં પાણીની કામગીરી દરમિયાન ગેસ લાઇન તૂટી ગઈ હતી. જેના કારણે ચાર દરવાજા વિસ્તારમાં આશરે ચાર હજાર લોકોના ઘરમાં ગેસ પુરવઠો ખોરવાયો હતો. મળતી વિગત પ્રમાણે, શહેરમાં ગાજરાવાડી પાણીની ટાંકી પાસે કોન્ટ્રાક્ટર દ્વારા પાણીની કામગીરીનું કામ કરવામાં આવતું હતું. આ સમયે મેઇન ગેસ લાઈન તૂટી ગઈ હતી. જેના કારણે ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો હતો.

ગાજરાવાડી પાણીની ટાંકી પાસે પાણીની લાઈન નાખવા માટેનું કામ ઈજારદાર દ્વારા ચાલી રહ્યું હતું. આ દરમિયાન ખોદકામ ટાણે ગાજરાવાડીથી શહેરના ચાર દરવાજા વિસ્તારમાં જતી મુખ્ય ૨૨૫ એમએમની ગેસ લાઇન ક્ષતિગ્રસ્ત થઈ હતી. ગેસ લાઇન તૂટતા ગેસના ફુવારા ઉડ્યા હતા. આના કારણે ચાર દરવાજા સુધી જતો ગેસનો પુરવઠો ખોવાયો હતો.

બનાવ અંગેની જાણ ગેસ વિભાગને કરવામાં આવતા અધિકારીઓ અને કર્મચારીઓનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સમારકામ હાથ ધર્યું હતું. કોન્ટ્રાક્ટરની ભૂલના કારણે હજારો લોકોને રસોઈ બનાવવામાં અગવડ પડી હતી.

## ‘પલ્પ ફિક્શન’ની યાદ અપાવતા ૨૦૦૧ના કેસમાં ગુજરાત હાઈ કોર્ટે ચાર આરોપીઓને પાંચ વર્ષ જેલની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હોલિવૂડની કલ્ટ ક્લાસિક ફિલ્મ ‘પલ્પ ફિક્શન’ના સોડોમી દ્રશ્યની યાદ અપાવતા એક કિસ્સામાં ગુજરાત હાઈ કોર્ટે ચાર આરોપીઓને દોષિત ઠેરવતા નીચલી અદાલતના ચુકાદાને જાળવી રાખ્યો હતો. આ ચાર વ્યક્તિઓ પર ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકર્તા હોવાના સ્વાંગમાં લોકોને ખંડણી માટે અપહરણ, ત્રાસ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવાના આરોપ હતા. ૨૦૦૧ના બહુચર્ચિત આ કેસમાંપાંચ વ્યક્તિઓ વિરુદ્ધ કારંજ પોલીસ સ્ટેશનમાં ત્રણ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે મુખ્ય આરોપી બિનેશ સથવારા ઓઢવના એક ઔદ્યોગિક શેડમાં મુખ્ય મથક ધરાવતી ‘એન્ટી-કરપ્શન મૂવમેન્ટ’ નામની રજિસ્ટર્ડ એનજીઓ ચલાવતો હતો. સથવારા અને તેના ચાર સાથીદારો તેમની મદદ લેવા આવતા પીડિતોને જ નિશાન બનાવતા હતા. તેઓ પીડિતોને શેડમાં લલચાવીને લઈ જતા, જ્યાં તેમને નગ્ન કરીને, ત્રાસ આપીને, જાતીય સતામણી કરીને અને કઢંગી સ્થિતિમાં ફોટા પાડતા હતા. જે બાદ બ્લેકમેઇલ કરવામાં આવતા હતા. આ ફોટોગ્રાફસનો ઉપયોગ બાદમાં પીડિતો પાસેથી મોટી રકમ પડાવવા માટે થતો હતો. સિટી સેશન્સ કોર્ટે ૨૦૦૩માં ત્રણ આરોપીઓ અનિલ દુબે, રાજીવ જોશી અને સથવારાને દોષિત ઠેરવ્યા હતા. તેમને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

નં.: W/૬૨૩/૫/૧/NIT "ઈ-ટેન્ડરીંગ નોટીસ" તારીખ: ૩૦-૦૯-૨૦૨૫

ડીવીઝનલ રેલવે મેનેજર/ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે "ઓપન ટેન્ડર" ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો આ પ્રમાણે છે-

| ક્રં. નં. | ઈ-ટેન્ડરીંગ નં. & કામનું નામ | અંદાજીત લાગત રૂ. | બાના રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | RTM-૨૦૨૫-૨૬-૧૨૪ | રૂ. ૨,૩૬,૯૦,૮૮૦.૦૦ | રૂ. ૨,૬૮,૫૦૦.૦૦ |
| | રતલામ ડિવિઝનઃ- પાંચ વર્ષની મુદત માટે તેમની જાળવણી સહિત ગ્રીઝની સપ્લાય સાથે કોન્ટ્રાક્ટર્સના પોતાના ટ્રેક માઉન્ટેડ ઓટોમેટીક ગેજ ફેઝ લૂબ્રીકેટર્સ દ્વારા કર્વેસની લૂબ્રિકેશન. | | |

અંદાજીત માત્રા: ટેન્ડર શેડયૂલ મુજબ. કામ સમાપન અવધિ: ૬૦ મહિના. કામનો સમાન પ્રકાર: ટ્રેક આધારિત ગેજ લ્યુબ્રિકેટર્સ માટે ફક્ત RDSO માન્ય/ડેવલોપ્મેન્ટલ વેન્ડર્સ જ આ ટેન્ડરમાં ભાગ લઈ શકે છે. માન્યતા તારીખ: સાથે મંજૂરી પ્રમાણપત્રની નકલ ટેન્ડર સાથે સુપ્રત કરવાની રહેશે. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૨૮.૦૯.૨૦૨૫, ટેન્ડર ખોલવાની તારીખ: ૨૪.૧૦.૨૦૨૫, વિગતવાર ટેન્ડર નોટીસ, અન્ય શર્તો અને નિયમો વેબસાઈટ: www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

5/1/272 ડીવીજનલ રેલવે મેનેજર (કાર્યલેખા), રતલામ

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન

નં. W/૬૨૩/૫/૧/NIT "ઈ-ટેન્ડરિંગ નોટિસ" તારીખ: ૦૨.૧૦.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર/ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે "ઓપન ટેન્ડર" ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો આ પ્રમાણે છે.

| ક્ર. નં. | ઈ-ટેન્ડરિંગ નં. & કામનું નામ | અંદાજિત લાગત રૂ. | બાના રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૧૨૫ | રૂ. ૨૩,૯૫,૩૫,૦૪૭.૯૨ | રૂ. ૧,૩૪,૭૭,૦૦.૦૦ |
| | RTM ડિવિઝન-નીચે પ્રમાણે કામનું વર્ણન-૧-ઉજ્જૈન RTM એન્ડ (સિંહસ્થ ૨૦૨૮) ખાતે સ્થિત PF ૦૧ અને PF ૦૮ વચ્ચે રેમ્પ કવર સાથે એક ૬ મીટર પહોળો FOBની જોગવાઈ. ૨. ઉજ્જૈન-BPL એન્ડ (સિંહસ્થ ૨૦૨૮) ખાતે સ્થિત PF ૦૧ અને PF ૦૮ વચ્ચે રેમ્પ કવર સાથે એક ૬ મીટર પહોળો FOBની જોગવાઈ. | | |

અંદાજિત માત્રા - ટેન્ડર શેડ્યૂલ મુજબ કામનો સમાપન અવધિ - ૧૨ મહિના, કામનો સમાન પ્રકાર: કામનું વર્ણન:- રેલવે શેડ બ્રિજો માટે FOB/સ્ટીલ ગર્ડર્સ/કમ્પોઝિટ ગર્ડરનું ફેબ્રિકેશન, ઈરેકશન અને લોન્ચિંગ સહિત કોઈપણ બ્રિજ કામ અથવા રેલવે રોડ બ્રિજો માટે FOB/સ્ટીલ ગર્ડર્સ/ કમ્પોઝિટ ગર્ડરની અસેમબ્લિંગ ઈરેકશન અને લોન્ચિંગ સહિત કોઈપણ બ્રિજ કામ વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૧.૧૦.૨૦૨૫, ટેન્ડર ખોલવાની તારીખ: ૨૭.૧૦.૨૦૨૫, વિગતવાર ટેન્ડર નોટિસ, અન્ય શર્તો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

5/1/273 ડિવિઝન રેલવે મેનેજર (કાર્યલેખા) રતલામ

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### શિંદે સાવધ, તલવાર મ્યાન

# ભાજપ પહેલી વાર યુતિમાં શિવસેનાનું સ્થાન લેશે

### મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ સામે બેઠકોની વહેંચણીને મુદ્દે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પીછેહઠ

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ બેઠકોની વહેંચણીને લઈને અત્યારે જે ચિત્ર તૈયાર થઈ રહ્યું છે તેને જોતાં એવું લાગી રહ્યું છે કે આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પહેલી વખત શિવસેના નાનો ભાઈ બનશે અને ભાજપ મોટો ભાઈ બનશે એટલે કે યુતિમાં અત્યાર સુધી શિવસેના જે સ્થાન ધરાવતું હતું તે સ્થાન હવે ભાજપ લેશે. અત્યાર સુધી બેઠકોની વહેંચણીમાં એકનાથ શિંદે જે તલવાર વીંઝી રહ્યા હતા તે તલવાર મ્યાન થઈ ગઈ છે.

નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના ટોચના નેતા એકનાથ શિંદેએ તાજેતરમાં એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભગવો જીતશે. તેમણે એવી પણ સ્પષ્ટતા કરી છે કે બેઠકોની વહેંચણી ગુણવત્તા પર આધારિત હશે. તેથી, એ સ્પષ્ટ છે કે શિંદેએ ભાજપ સામે બેઠકોની વહેંચણીમાં હવે નમતું જોખ્યું છે. ભાજપ દ્વારા લાદવામાં આવેલા 'ઉતરતો ક્રમ' અને ઠાકરે બંધુઓના સંભવિત જોડાણને ધ્યાનમાં રાખીને, શિંદે મુંબઈમાં બે પગલાં પાછળ હટી ગયા છે એવું માનવામાં આવી રહ્યું છે.

લોકસભાની ચૂંટણીમાં, એકનાથ શિંદેને બેઠકોની વહેંચણીમાં કેટલીક જગ્યાએ સમાધાન કરવું પડ્યું હતું. તેમણે રત્નાગિરી-સિંધુદુર્ગ બેઠક ભાજપના નેતા નારાયણ રાણેને સોંપવી પડી હતી. નાશિક અને થાણેની બેઠકો માટે સખત મહેનત કરવી પડી હતી. તેમને હિંગોલી, યવતમાળ-વાશીમમાં જાહેર કરેલા ઉમેદવારો પાછા ખેંચવા પડ્યા હતા. ઉમેદવારો બદલવા પડ્યા હતા. શિંદેએ તેમની પહેલી ચૂંટણીમાં જ ભાજપની દબાણયુક્ત રણનીતિનો અનુભવ કર્યો છે.

લોકસભાની ચૂંટણીમાં, શિંદેએ ગમે તે રીતે ભાજપ પાસેથી ૧૫ બેઠકો મેળવી હતી. વિધાનસભાની બેઠકોની

(જુઓ પાનું ૪) ▶▶

### વાહન ચાલકોને રાહત

# ફાસ્ટટેગ નહીં હોય તો પણ બમણો ટોલ નહીં ભરવો પડે

નાગપુરઃ ફાસ્ટટેગના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ૧૫ નવેમ્બરથી જો તમારા વાહનમાં માન્ય ફાસ્ટટેગ નહીં હોય અથવા ફાસ્ટટેગ ખરાબ થઈ ગયો હશે તો તમારે બમણો ટોલ નહીં ચૂકવવો પડે.

અગાઉ ફાસ્ટટેગ નહીં ધરાવતા ફોર વ્હીલર અને ભારે વાહનોના ડ્રાઇવરોને બમણો ટોલ ચૂકવવો પડતો હતો. ફાસ્ટટેગની મદદથી તમે સરળતાથી સવા ગણો ટોલ ચૂકવી શકો છો. સિવાય જો ટોલ પ્લાઝા મશીન બગડી ગયું હશે તો પાત્ર ફાસ્ટટેગવાળા વાહનોને હવે ટોલ ભર્યા મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે.

તમારી પાસે ફાસ્ટટેગ નહીં હોય તો રોકડમાં બમણી રકમ ચૂકવવાને બદલે, તમારે ફાસ્ટટેગનો ઉપયોગ કરીને ટોલ ફીની સવા ગણી રકમ ચૂકવવી પડશે. ઉદાહરણ તરીકે, જો ટોલ ચાર્જ ૧૦૦ રૂપિયા છે, તો હાલના નિયમો અનુસાર, ફાસ્ટેગ વિના, તમારે ૨૦૦ રૂપિયા રોકડા ચૂકવવા પડશે. જો કે, હવે કેશ કાર્ડથી ચૂકવણી કરવા માટે માત્ર ૧૨૫

(જુઓ પાનું ૪) ▶▶

## પ્રખ્યાત દિવંગત ફિલ્મ નિર્માતા વી. શાંતારામનાં પત્ની, પીઢ અભિનેત્રી સંધ્યાનું ૯૪ વર્ષની વયે નિધન



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પીઢ અભિનેત્રી અને પ્રખ્યાત ફિલ્મ નિર્માતા વી. શાંતારામના પત્ની, સંધ્યા શાંતારામનું ૯૪ વર્ષની જૈફ વયે નિધન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર મુંબઈના દાદર સ્થિત શિવાજી પાર્કમાં વૈકુંઠ ધામ ખાતે કરવામાં આવ્યા હતા. તેમના મૃત્યુનું કારણ શું હતું તે અંગે કોઈ સત્તાવાર નિવેદન નથી, પરંતુ એવું કહેવાય છે કે તેઓ ઉંમર સંબંધિત સમસ્યાઓથી પીડાતા હતા.

તેમણે વી. શાંતારામની ફિલ્મોમાં કામ કર્યું હતું અને ફિલ્મ 'પિંજરા'માં તેમના કામ માટે વ્યાપકપણે જાણીતી હતી. તેમની ફિલ્મ 'દો આંખે બરહ હાથ'માં પણ કામ કર્યું હતું. ફિલ્મોમાં તેમના અભિનય અને નૃત્યથી બધાને પ્રભાવિત કર્યા હતા. કારકીર્દિના શિખર પર હતા ત્યારે તેમણે ભારતીય સિનેમાના સુવર્ણ યુગને વ્યાખ્યાયિત કર્યો હતો. તેમણે 'ઝનક ઝનક પાયલ બાજે', 'નવરંગ' અને 'અમર ભૂપાલી' જેવી હિન્દી ફિલ્મમાં પણ અભિનય કર્યો હતો.

એક અહેવાલ મુજબ, શિવાજી પાર્ક સ્મશાનગૃહ ખાતે કરવામાં આવેલા તેમના અંતિમ (જુઓ પાનું ૪) ▶▶

## વર્સોવા-ભાયંદર કોસ્ટલ રોડનું કામ ઝડપી કરવાનો સુધરાઈ કમિશનરનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટ માટે આવશ્યક તમામ મંજૂરીઓ જેમાં પર્યાવરણ વિભાગથી લઈને અન્ય સરકારી વિભાગ પાસેથી નો-ઓબ્જેકશન સર્ટિફિકેટ મેળવવા સહિતની મંજૂરીઓ મેળવીને પ્રોજેક્ટનું કામ ઝડપી કરવાનો આદેશ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ શનિવાર સાઈટ વિઝિટ દરમ્યાન આપ્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગણાતા દક્ષિણ મુંબઈથી બાન્દ્રા સુધીના (દક્ષિણ) કોસ્ટલ રોડ પ્રોજેક્ટનું કામ પૂરું થઈને હવે તેને અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક માટે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યા છે. હવે પાલિકા પોતાની તમામ તાકાત મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટમાં લગાવી રહી છે. શનિવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ વેસાવેથી ભાયંદર પ્રોજેક્ટ અંતર્ગત ચારકોપ સ્થળ પર સાઈટ પર વિઝિટ કરી હતી. તેમ જ પેકેજ બી, સી, ડી અને ઈ એમ ચાર તબક્કામાં કરવામાં આવનારા કામ બાબતે વિગતવાર માહિતી મેળવી હતી. આ દરમ્યાન તેમણે રોડ અલાઈનમેન્ટ બાબતે જુદા જુદા મુદ્દા પર અધિકારીઓ સાથે ચર્ચા પણ કરી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગ પશ્ચિમ ઉપનગરમાં મલાડ મરિના એન્ક્લેવ, ચારકોપમાં સેક્ટર

(જુઓ પાનું ૪) ▶▶

# 'શક્તિ' વાવાઝોડુંઃ મુંબઈ, થાણેમાં છૂટોછવાયો વરસાદ રહેશે

### પાલઘરમાં આઠ ઑક્ટોબરના ભારે વરસાદ પડી શકે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અરબી સમુદ્રમાં 'શક્તિ' વાવાઝોડાનું નિર્માણ થયું હોવા છતાં મુંબઈ અને થાણે સહિત મહારાષ્ટ્રના કિનારપટ્ટી પર હાલ પૂરતું આ વાવાઝોડાથી કોઈ ખતરો ન હોવાનું ભારતીય હવામાન ખાતા (કોલાબા)ના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. જોકે આ સમય દરમ્યાન મુંબઈ સહિત થાણેમાં હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદના ઝાપટાં પડી શકે છે પણ ભારે વરસાદની હાલ કોઈ શક્યતા નથી.

બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણનો પટ્ટો ભારત ઉપરથી પ્રવાસ કરીને અરબી સમુદ્રમાં તરફ આવ્યું હતું અને ઈશાન તરફ લો પ્રેશરની તીવ્રતા વધીને ગુજરાત અને પાકિસ્તાનને કિનારા પાસે 'શક્તિ' વાવાઝોડાનું નિર્માણ થયું છે. આ વાવાઝોડું ભારતના પશ્ચિમ કિનારાથી દૂર દરિયામાં જઈ રહ્યું છે અને તે વધુ તીવ્ર સ્વરૂપ ધારણ કરે એવી શક્યતા છે. આ સિસ્ટમને કારણે અરબી સમુદ્રમાં કલાકના ૧૦૦થી ૧૨૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. આ સિસ્ટમ સોમવાર સુધી રહે એવી શક્યતા છે.

આ સમય દરમ્યાન ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના કિનારપટ્ટીના વિસ્તારમાં પાંચ ઑક્ટોબર, રવિવાર સુધી ૪૫થી ૬૫ કિલોમીટરની ઝડપને પવન ફૂંકાવાની સાથે જ દરિયામાં મોજાં

(જુઓ પાનું ૪) ▶▶

## જો સાયબર છેતરપિંડી થાય તો પણ તમારા પૈસા પાછા મળી શકે છે, પણ...

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજના ડિજિટલ વિશ્વમાં, વ્યવહારો એક ક્લિકથી થઈ રહ્યા છે, પરંતુ છેતરપિંડીનું જાળું પણ તે જ ગતિએ ફેલાઈ રહ્યું છે. ઓટીપી, ફિશિંગ, ડીપફેક, ક્લોન કરેલા અવાજો અને ચહેરા જેવી નવી તકનીકોનો ઉપયોગ કરીને સામાન્ય લોકો લૂંટાઈ રહ્યા છે. પરંતુ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના જણાવવા મુજબ આ પૈસા પાછા મેળવવાનો એક ચોક્કસ રસ્તો છે જો તમે સમયસર પગલાં લો છો!

આનો ઉલ્લેખ કરતા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં યોજાયેલા 'સાયબર જનજાગૃતિ' કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન પ્રસંગે એવી ચેતવણી આપી હતી. જેમ 'ગોલ્ડન અવર' માર્ગ અકસ્માતમાં જીવ બચાવે છે, તેવી જ રીતે 'ગોલ્ડન અવર' સાયબર છેતરપિંડીમાં પણ તમારા પૈસા બચાવી શકે છે.

ફડણવીસે કહ્યું કે છેતરપિંડી વિશેની જાણ થતાં જ હેલ્પલાઇન ૧૯૩૦ અથવા ૧૯૪૫ પર ફરિયાદ નોંધાવવી આવશ્યક છે, તો નુકસાન ટાળીને પૈસા પાછા મેળવવાની શક્યતા વધી જાય છે. જો તમે વિલંબ કરો, તો પૈસા પાછા મેળવવાનું અશક્ય બની જાય છે.

સાયબર ગુનાની છાપ હંમેશા પાછળ રહે છે, પરંતુ સમયસર ફરિયાદ નોંધાવવી એ ખરેખર 'સલામત લોગિન' છે તેના પર ભાર મૂકતા, મુખ્ય પ્રધાન ફડણવીસે નાગરિકોને સતર્ક રહેવાની અપીલ કરી હતી. ■

### ૨૦૨૬ - ભરતીનું વર્ષ

## રાજ્યમાં સેવા નિયમોમાં ઐતિહાસિક ફેરફાર થશે!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારના વહીવટી માળખામાં મોટા પરિવર્તનના સંકેતો દેખાઈ રહ્યા છે. લાંબા સમયથી પડતર સેવા પ્રવેશ નિયમોમાં હવે ફેરફાર કરવામાં આવશે, અને આગામી વર્ષ ૨૦૨૬ 'મોટા પાયે ભરતીનું વર્ષ' હશે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે, સમય સાથે રાજ્ય સરકારના દરેક કેડરમાં જવાબદારીઓ બદલાઈ ગઈ છે, પરંતુ નિયમો જૂના જ રહ્યા છે. આ નિયમો બદલ્યા વિના સરકાર ગતિશીલ બની શકતી નથી. આ પૃષ્ઠભૂમિમાં, સરકારે રાજ્યના તમામ પદો માટે સેવા પ્રવેશ નિયમોમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે.

મુંબઈના યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન ખાતે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં, કરુણાના ધોરણે (પીટી કેસ) અને કારકુની શ્રેણીમાં ૧૦,૩૦૯ ઉમેદવારોને નિમણૂંક પત્રો આપવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, કરુણાના ધોરણે નોકરી આપવી એ દયા નથી, તે સરકારની જવાબદારી છે. જો કોઈ કર્મચારીના પરિવાર પર કોઈ સંકટ આવે છે, તો તે પરિવારની સંભાળ રાખવી એ સરકારની ફરજ છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૮૦ ટકા કરુણાના ધોરણે થવા યોગ્ય નિમણૂંકો પૂર્ણ થઈ ગઈ છે અને બાકીની બધી ટૂંક સમયમાં પૂર્ણ થશે.

### કાર્યક્રમમાં ભાવનાત્મક ક્ષણનો પણ અનુભવ

૨૬/૧૧ના હુમલામાં શહીદ થયેલા સબ-ઇન્સ્પેક્ટર પ્રકાશ પાંડુરંગ મોરેની પુત્રી અનુષ્કા મોરેને નિયમોમાં ખાસ છૂટછાટ આપવામાં આવી હતી અને કરુણાના ધોરણે તેમની (જુઓ પાનું ૪) ▶▶

## આજે મધ્ય રેલવેમાં બ્લોક

મુંબઈઃ દર રવિવારની જેમ આજે પાંચમી ઓક્ટોબરના મધ્ય રેલવે દ્વારા રેલવે ટ્રેક, સિગ્નલ મેઈન્ટેનન્સ જેવા મહત્ત્વના કામકાજ માટે મેગા બ્લોક હાથ ધરવામાં આવ્યો છે. જો તમે પણ દિવાળીની ખરીદી માટે બહાર જવાનું વિચારી રહ્યા હોવ તો પહેલાં આ સમાચાર વાંચી લો, જેથી તમારે હાલાકી ના ભોગવવી પડે.

મળતી માહિતી પ્રમાણે મધ્ય રેલવે પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. જેને કારણે લોકલ ટ્રેનો પોતાના ગંતવ્ય સ્થળે ૧૦થી ૧૫ મિનિટ મોડી પડી શકે છે. હાર્બર

(જુઓ પાનું ૪) ▶▶

### વરસાદી આફતની અસર

## કાંદાના દરમાં ઘટાડો થવાથી ખેડૂતો ટેન્શનમાં

નવી મુંબઈઃ ભારે વરસાદને કારણે પાક ધોવાઈ ગયો હોવાથી તહેવારની મોસમમાં ડુંગળીના ખેડૂતો ચિંતામાં મુકાયા છે. બજારમાં પાકના ભાવમાં અપેક્ષિત વધારો ન થવાને કારણે ખેડૂતો પર આર્થિક દબાણ વધ્યું છે. સિવાય નિકાસ અંગેની અનિશ્ચિતતાને કારણે ડુંગળીના ઉનાળુ પાક સાચવીને બેઠેલા ખેડૂતોને મોટો ફટકો પડ્યો છે. સાથે સાથે વિદેશમાં આયાત પરના પ્રતિબંધને કારણે પણ ડુંગળીના ભાવમાં ઘટાડો થયો છે.

દશેરા-દિવાળીની સીઝન દરમિયાન ખેડૂતો સંઘરેલી ડુંગળી વેચીને નફો રળી લેતા હોય છે. દિવાળીની શરૂઆતમાં સોલાપુર જિલ્લામાંથી મુંબઈની એપીએમસીમાં નવી સીઝનની ડુંગળી આવવા લાગે છે. જોકે, આ વર્ષે સોલાપુર જિલ્લામાં ભારે વરસાદને કારણે ડુંગળીના પાકને ખરાબ નુકસાન થયું છે. તેથી મુંબઈ એપીએમસીના વેપારીઓનું કહેવું છે કે આ વર્ષની સીઝનમાં થોડો વિલંબ થયો છે. કૃષિ વિભાગના જણાવ્યા અનુસાર, ભારે વરસાદને કારણે નાસિક જિલ્લામાં લગભગ ૪૦ હજાર હેક્ટર ડુંગળીના પાકને અસર થઈ છે. પરિણામે ૮૦ ટકા ખરીફ અને મોડા ખરીફ પાકને નુકસાન થયું હોવાનો અંદાજ છે. પરિણામે નવેમ્બર સુધી બજારમાં ડુંગળીનું આગમન ઓછું રહેશે એવો અંદાજ વેપારીઓએ વ્યક્ત કર્યો છે.

આ વર્ષે આખી સીઝનમાં ડુંગળીના ભાવમાં વધારો ન થવાથી ગયા વર્ષે ૩૫ થી ૪૪ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાયેલી ડુંગળીનો ભાવ ૯ થી ૧૫ રૂપિયા પ્રતિ કિલો પર સ્થિર રહ્યો છે. ■

## ચાલતી લોકલમાં મોટરમૅનનું સ્વાસ્થ્ય બગડ્યુંઃ સમયસર ટ્રેન ઊભી રાખતાં દુર્ઘટના ટળી

નવી મુંબઈઃ સીએસએમટીથી પનવેલ તરફ જતી લોકલ ટ્રેનના મોટરમૅનનું અચાનક સ્વાસ્થ્ય લથડ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જોકે સમયસૂચકતા વાપરી મોટરમૅને બેલાપુર રેલવે સ્ટેશને ટ્રેન ઊભી રાખતાં મોટી દુર્ઘટના ટળી હતી.

મળતી માહિતી અનુસાર ઘટના શુક્રવારની રાતે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી છૂટેલી ટ્રેન પનવેલ જઈ રહી હતી. ટ્રેન બેલાપુર સ્ટેશન નજીક પહોંચી ત્યારે એકાએક મોટરમૅન સી. મોડકની તબિયત બગડી હતી. બેચેની થવા લાગ્યા પછી મોડકને ઊલટી થવા માંડી હતી. અસ્વસ્થતાને કારણે ટ્રેન પર નિયંત્રણ રાખવાનું મુશ્કેલ હોવાનું જણાતાં મોડકે તાત્કાલિક બ્રેક લગાવી ટ્રેન ઊભી રાખી હતી. મોટરમૅનની સાવચેતીને કારણે પ્રવાસીઓના જીવ બચ્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ મોડકને સ્ટેશન પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદમાં તેને નવી મુંબઈની એમજીએમ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. અત્યારે તે હૉસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું અને તેનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું જાણવા મળ્યું હતું.

દરમિયાન મોટરમૅનની નાદુરસ્ત તબિયતને કારણે લગભગ ૨૦ મિનિટ સુધી ટ્રેન બેલાપુર સ્ટેશને રોકાઈ હતી, જેની અસર હાર્બર લાઈનની અન્ય ટ્રેનો પર પડી હતી. રેલવે પ્રશાસને બીજા મોટરમૅનની નિયુક્તિ કરી ટ્રેન આગળ રવાના કરાઈ હતી. ■

### 'ભાજપ કરે તે અમર પ્રેમ અમે કરીએ તે લવ જેહાદ!!'

## ફડણવીસ લાચાર મુખ્ય પ્રધાન, ભ્રષ્ટાચારને કાબૂમાં નથી લઈ શકતાઃ ઉદ્ધવ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

પુણેઃ શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેએ શનિવારે દેવેન્દ્ર ફડણવીસને 'લાચાર' મુખ્ય પ્રધાન ગણાવ્યા હતા, જેઓ તેમના શાસનકાળમાં 'બેફામ ભ્રષ્ટાચાર' પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યા છે. ચૂંટણીવાળા બિહારમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાહેરાતોનો ઉલ્લેખ કરીને, તેમણે કેન્દ્રને મહારાષ્ટ્રમાં મહિલાઓને આર્થિક સહાય આપવાની અપીલ કરી હતી.

ઠાકરેએ પુણેમાં મહિલાઓ અને સેના (યુબીટી) ના કાર્યકરોના મેળાવડાને સંબોધિત કર્યા બાદ પુણે યુનિયન ઓફ વર્કિંગ જર્નાલિસ્ટ્સ દ્વારા આયોજિત એક વાર્તાલાપને સંબોધતા, કહ્યું હતું કે શિવસેના (યુબીટી)ને ભારતીય જનતા પાર્ટી તરફથી હિન્દુત્વના પ્રમાણપત્રની જરૂર નથી, જે 'દેશની અંદર દિવાલો બનાવી રહી છે.'

'ભારત એક સુંદર દેશ છે. તેની સંસ્કૃતિ

(જુઓ પાનું ૪) ▶▶


બાલી-સિંગાપુર
17 નવેમ્બર 8 દિવસ

| | | |
|---|---|---|
| બેંગકોક પટાયા ફુકેટ 25 નવેમ્બર,6 દિ. | | |
| શ્રીલંકા 2 ડિસે.,7 દિ. | વેઇટનામ 12 ડિસે.,8 દિ. | દુબઈ 7 દિ. 24 જાન્યુ. |
| હોંગકોંગ, મકાઉ, શેનઝેન 9 જાન્યુ. 7 દિ. | | |
| ન્યુઝીલેન્ડ 19 ફેબ્રુઆરી,10 દિવસ | | |
| મોરેશિયસ 24 ઓક્ટોબર, 6 દિવસ | | |
| Tour Costs are Dynamic. | | |

વૈષ્ણવી ટુર્સ દાદર
9820888203


# નવરાત્રિ બાદ બે દિવસમાં સાત હજારથી વધુ બૅનર અને હોર્ડિંગ્સ હટાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તહેવારો દરમ્યાન મુંબઈમાં ઠેર ઠેર ગેરકાયદે રીતે રાજકીય પક્ષો તથા નેતાઓ દ્વારા મોટા પ્રમાણમાં બૅનર, હૉર્ડિંગ્સ અને પોસ્ટરો લગાવી દેવામાં આવતા હોય છે. ગણેશોત્સવ બાદ હવે નવરાત્રી પૂરી થવાની સાથે જ સુધરાઈએ તેને હટાવવાની કામગીરી હાથ ધરી હતી, જે અંતર્ગત છેલ્લા બે દિવસમાં ૭,૭૮૯ બૅનર, હૉર્ડિંગ્સ અને પોસ્ટરો હટાવ્યા હતા. પાલિકાના લાઈસન્સ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ તહેવારો દરમ્યાન મોટા પ્રમાણમાં લોકો શુભેચ્છા આપતા હૉર્ડિંગ્સ અને બૅનરો લગાવતા હોય છે, જેમાં મોટાભાગના લોકો પાલિકા પાસેથી કાયદાકીય રીતે મંજૂરી લીધા વગર લગાડી દેતા હોય છે. તેથી નવરાત્રી પૂરી થવાની સાથે જ તેને હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં ત્રણ અને ચાર ઑક્ટોબર, ૨૦૨૫ના સાંજના છ વાગ્યા સુધીમાં મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ૭,૭૮૯ બૅનર, હૉર્ડિંગ્સ અને પોસ્ટરો ઊતારી દીધા હતા. પાલિકા પાસેથી લીધેલી મંજૂરી પૂરી થઈ ગયા પછી પણ જે બૅનર, હૉર્ડિંગ્સ અને પોસ્ટરો હટાવ્યા નહોતા, તેને પણ ઊતારી દેવામાં આવ્યા હતા.

લાઈસન્સ ડિપાર્ટમેન્ટના અધિકારીના જણાવ્યા મુજબ શનિવાર સાંજ સુધી ચાલેલી કાર્યવાહી દરમ્યાન ૫,૫૨૨ બૅનર, ૧,૨૬૬ બોર્ડ, ૫૦૮ પોસ્ટર તેમ જ ૪૯૩ ઝંડાઓને હટાવવામાં આવ્યા હતા. આગામી દિવસો દરમ્યાન આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. ■

### પગલાં નહીં લેવાય તો મહાપાલિકા અધિકારીઓની પૂછપરછ થશે

મુંબઈઃ ગેરકાયદેસર હોર્ડિંગ્સની ફરિયાદો મળ્યાના ૧૫ દિવસની અંદર કાર્યવાહી કરવામાં નહીં આવે તો તેમની સામે વિભાગીય તપાસના આદેશ આપવામાં આવશે એવી ચેતવણી બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પરિષદને આપી હતી.ગેરકાયદેસર હોર્ડિંગ્સને રોકવા માટે કરવામાં આવેલી ભલામણોમાં આ હોર્ડિંગ્સ પર કાર્યવાહી નહીં કરનારા અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવશે, તેમની પાસે ખાતાકીય તપાસ કરવામાં આવશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા નહોતી. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે-ડેરે અને ન્યાયમૂર્તિ સંદેશ પાટીલની ખંડપીઠે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી હતી. અદાલતે એમ પણ કહ્યું હતું કે ગેરકાયદેસર બોર્ડિંગ સામે કાર્યવાહી ન કરનારા અધિકારીઓ સામે ચારથી આઠ અઠવાડિયાની અંદર ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવશે. નોટિસમાં ભલામણ કરવામાં આવી છે કે સંબંધિત મહાપાલિકાની જરૂરી પરવાનગી વિના રાજકીય પક્ષો અથવા પક્ષના સભ્યો દ્વારા કોઈ હોર્ડિંગ નહીં મૂકવામાં આવે. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.